

પ્રકરણ : ૧૭

શ્રમણસંમેલનમાં...

ચરમ તીર્થપતિ પરમાત્મા શ્રી મહાવીરપ્રભુનું બેજોડ ધર્મશાસન.

હજારો નહિ, બલ્કે લાખો-ક્રોડો પુણ્યાત્માઓ આ ધર્મશાસનનાં આલંબને આત્મકલ્યાણની સફરમાં કદમ-બ-કદમ આગળ વધી રહ્યા છે.

એ ધર્મશાસનને અખંડ-અવિચ્છિન્ન ટકાવી રાખવામાં શ્રમણસંઘનું યોગદાન અગ્રિમ સ્તરનું છે અને સાંપ્રતના શ્રમણસંઘમાં સર્વાધિક મહત્ત્વપૂર્ણ સ્થાન સૌથી વધુ શ્રમણ-શ્રમણી સંખ્યા ધરાવતા તપાગચ્છનું છે એમ નિઃસંદેહ કહી શકાય.

તપાગચ્છ એટલે શ્રી વીરશાસનરૂપી ગગનમાં ચમકતો સહસ્રકિરણ સૂર્ય.

એક તરફ પ્રભુશાસનના તમામ સંપ્રદાયો-ગચ્છોની શ્રમણ-શ્રમણી સંખ્યા અને બીજી તરફ માત્ર તપાગચ્છની શ્રમણ-શ્રમણી સંખ્યા રાખીને તુલના કરાય તો તપાગચ્છની શ્રમણ-શ્રમણી સંખ્યા વિશેષાધિક રહે એટલો વિરાટ આ તપાગચ્છ છે. વળી એમાં હજારો જ્ઞાની-ધ્યાની-તપસ્વી-ક્રિયારુચિ-ભવભીરુ મહાત્માઓનો મેળો નિહાળવા મળે. વસ્તુતઃ તપાગચ્છ એ પ્રભુ મહાવીરદેવની

મૂળ પાટપરંપરાએ ચાલ્યો આવતો અને સમયે સમયે કુલ છ વાર માત્ર નામાંતર પામેલ ગચ્છ છે. એની મૌલિક પટ્ટપરંપરા અને ગુણવત્તાને વર્ણવતા પૂજ્યપાદ સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરે આ શબ્દો લખ્યા છે કે ''એહ ષટ્નામ ગુણઠામ તપગણતણા, શુદ્ધ સદ્દહણગુણરચણ એહમાં ઘણા...''

પ્રભુશાસનની વૈભવી વિરાસત સમા આ તપાગચ્છમાં વિક્રમની વીશમી સદીના ઉત્તરાર્ધમાં તિથિપ્રશ્ને જબરજસ્ત મતભેદ થયો અને વિ.સં. ૧૯૯૨ થી પૂ.આ.શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. આદિએ શરૂ કરેલ બારપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ લૌકિક પંચાગ પ્રમાણે યથાવત્ રાખવાની સાવ નવીન આચરણાનાં કારણે ભારતભરના તપાગચ્છીય સંઘોમાં વૈમનસ્યનું વાતાવરણ દિન-પ્રતિદિન મજબૂત થતું ગયું. અનેક બુઝૂર્ગ મહાપુરુષોએ તિથિવિવાદ મિટાવવાના પ્રયાસો કર્યા. પરંતુ ભવિતવ્યતાવશ એનું કોઇ પરિણામ ન આવ્યું અને ૧૯૯૨ની સંવત્ પછી બીજા બાવીશ વર્ષ એ જ સ્થિતિમાં પસાર થઇ ગયા. એવામાં વિ.સં. ૨૦૧૪નું વર્ષ આવ્યું અને એમાં તિથિવિવાદ સહિત અનેક સમસ્યાઓનાં નિરાકરણ માટે તપાગચ્છીય શ્રમણસંમેલનનું અમદાવાદનાં આંગણે આયોજન થયું.

આ શ્રમણસંમેલનના મુખ્ય આયોજક શ્રી કેશવલાલ લલ્લુભાઇ ઝવેરીએ અને અમદાવાદના અલગ અલગ ઉપાશ્રયોની ૭૧ સભ્યોની સમિતિએ એકતિથિપક્ષ-બેતિથિપક્ષના અનેક પૂ. આચાર્યદેવાદિનો રૂબરૂ તેમજ પત્રથી સંપર્ક કર્યો. એમનો આગ્રહ હતો કે તપાગચ્છના અગ્રણી પૂજ્યો શ્રમણસંમેલનમાં અવશ્ય પધારે જ. તો જ શ્રમણસંમેલનમાં યોગ્ય નિષ્કર્ષ આવવાની શક્યતા રહે. આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીના ગુરુદેવો પૂ.આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા તથા પૂ.આ.ભ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા. તપાગચ્છના ધુરંધર અગ્રણી પૂજ્યો હતા. એથી શ્રી કેશવલાલ ઝવેરીએ રૂબરૂ તેમજ ઉપરાઉપરી પત્રો-તારો દ્વારા સંમેલનમાં પધારવા અતિ આગ્રહ કર્યો. ગુરુદેવની ચાતુર્માસજય મુંબઇમાં બોલાઇ ચૂકી હતી અને કેટલાંક ધર્મકાર્યો નિશ્ચિત થઇ ચૂક્યા હતા. તેથી ભર ઉનાળે જવા-આવવાનો દીર્ઘ વિહાર ટાળવા ગુરુદેવે પ્રારંભે આનાકાની દર્શાવી. પરંતુ સંમેલનની સમિતિના તથા અન્ય અગ્રણી પૂ. આચાર્યદેવોના આગ્રહથી અંતે ગુરુદેવે શ્રમણસંમેલનમાં ઉપસ્થિત રહેવાનું નક્કી કર્યું.

મુંબઇના પૂર્વનિર્ધારત કાર્યો પૈકી ઘાટકોપર તપાગચ્છ સંઘમાં ગૃહજિનાલયપ્રતિષ્ઠા, ત્યાંના ભવ્ય વિશાલ ઉપાશ્રયની ખનન-શિલાન્યાસવિધિ અને સાયન જૈન સંઘમાં ગૃહજિનાલયપ્રતિષ્ઠા સંપન્ન કરાવી ફાગણ વદિ એકમે ગુરુદેવોએ મુંબઇ થી અમદાવાદ તરફનો દીર્ઘ વિહાર આરંભ્યો. આપણા પૂજ્યશ્રી પણ આ દીર્ઘ વિહારયાત્રામાં ગુરુદેવોની સાથે હતા. દીર્ઘ વિહારો કરતા કરતા તેઓ સંમેલનપ્રારંભ પૂર્વે અમદાવાદ પધારી ગયા. પૂ. શાસનસમ્રાટસમુદાયની સાથે ખૂબ આત્મીય સંબંધો હોવાથી ગુરુદેવોની સ્થિરતા અમદાવાદના પાંજરાપોળ ઉપાશ્રયે પૂ. સંઘનાયક આ.ભ.શ્રી વિજયનંદનસૂરીશ્વરજી મ.સા આદિની સાથે થઇ.

એકતિથિપક્ષમાં અલગ અલગ અનેક શ્રમણસમુદાયો અને ૯૦ ટકા શ્રમણ-શ્રમણી સંખ્યા હતી, તો બે તિથિપક્ષમાં અલ્પ સમુદાયો અને ૧૦ ટકા શ્રમણ-શ્રમણીસંખ્યા હતી. એકતિથિપક્ષમાં વડીલ પૂ. આચાર્યદેવો અનેક હોવા છતાં ચર્ચામાં મુખ્ય નેતૃત્વ પૂ.આ.ભ.શ્રી નંદનસૂરીશ્વરજી મ.નું રહેવાની વાત સ્પષ્ટ હતી, બેતિથિપક્ષમાં વડીલ પૂ. આચાર્યદેવો અનેક હોવા છતાં ચર્ચામાં મુખ્ય નેતૃત્વ પૂ.આ.ભ.શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ.નું રહેવાની વાત સ્પષ્ટ હતી. સંમેલનપ્રારંભના એ પૂર્વ દિવસો હતા. પૂ.આ.ભ.શ્રી નંદનસૂરીશ્વરજી મ.ની પરખશક્તિ ધરાવતી દૃષ્ટિએ આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની તેજસ્વિતાને-બૌદ્ધિક ક્ષમતાને બરાબર પરખી લીધી. તે પૂજ્યપ્રવરશ્રી રોજ રાત્રે એકાંતમાં આપણા પૂજ્યશ્રીને બેસાડી શ્રમણસંમેલનમાં પોતે રજૂ કરવા ધારેલ મુદ્દાઓ કહેતા. પછી એ સંઘનાયક આચાર્યશ્રી પૂજ્યશ્રીને કહેઃ'' આમાં તને જે વાત ન સમજાય એ પણ પૂછવાની અને જ્યાં પ્રતિદલીલ કરવા જેવું લાગે ત્યાં દલીલ પણ કરવાની. જરા ય સંકોચ રાખ્યા વિના ચર્ચા કરવાની.'' પ્રારંભમાં બે-ત્રણ દિવસ પૂજ્યશ્રીને આશ્ચર્ય થયું કે 'આવા મોટા શાસનસુકાની આચાર્યશ્રી મારા જેવા નાના-યુવાશ્રમણ સાથે શા માટે આ ચર્ચા કરતા હશે? તેઓ ધારે તો એમના સમકક્ષ આચાર્ય સાથે કે સમુદાયના વિદ્વાન શ્રમણ સાથે આ ચર્ચા અવશ્ય કરી શકે. જેમની સાથે ચર્ચા કરશે એમને ય ગૌરવની લાગણી થશે.'

બીજી-ત્રીજી રાત્રે જ પૂજ્યશ્રીએ પૂ. નંદનસૂરીશ્વરજી મ.ને પોતાનું કુતૂહલ દર્શાવી દીધું. પૂ. નંદનસૂરીશ્વરજી મ.સા.એ જે ઉત્તર આપ્યો એમાં એમની દીર્ઘદૃષ્ટિ વ્યક્ત થતી હતી. એમણે કહ્યુંઃ ''મારી રજૂઆત સંમેલનમાં એટલી સરલ-સ્પષ્ટ હોવી જોઇએ કે નાનામાં નાના સાધુને પણ સમજાય. એની મને પ્રતીતિ-ખાતરી થાય એ માટે તારી પાસે આ રજૂઆત-ચર્ચા કરું છું. બીજી વાત એ કે એમાં ક્યાં ક્યાં દલીલ આવી શકે એ ધ્યાનમાં રહે તે માટે તને તેવા મુદ્દાઓ પર પ્રતિદલીલ કરવાનું કહું છું.'' પૂજ્યશ્રી પ્રભાવિત થઇ ગયા પૂ. નંદનસૂરીશ્વરજી મ.ની આ દીર્ઘદૃષ્ટિ પર. વર્ષો બાદ પૂજ્યશ્રીનાં મુખેથી મેં આ વાત સાંભળી ત્યારે મને થયું કે 'મુદ્દાઓ ત્વરિત યથાવત્ સમજવાની અને એના પર જ્યાં જ્યાં પ્રતિદલીલ કરવા જેવી હોય ત્યાં દલીલ કરવાની સજજતા-પાત્રતા પૂજ્યશ્રીમાં એ શાસનધુરીણ આચાર્યશ્રીને બરાબર જણાઇ હશે. માટે જ એમણે સ્વ-પર

સમુદાયના અનેક મુનિવરોમાંથી પૂજ્યશ્રીને પસંદ કર્યા હશે.' એ દિવસોમાં જે કાંઇ લખાણ કરવા જેવું લાગે તે પૂ.આ.શ્રી નંદનસૂરીશ્વરજી મ. આપણા પૂજ્યશ્રી પાસે કરાવતા. તેઓશ્રી બોલતા જાય અને પૂજ્યશ્રી એ મુજબ લખતા જાય.

શ્રમણસંમેલનનો પ્રારંભ વૈશાખ શુદિ ત્રીજ, તા. ૨૨-૪-૧૯૫૮ના દિને શ્રી લાલભાઇ દલપતભાઇના વંડામાં પહેલી મંગલબેઠકરૂપે થયો. તેમાં ૨૫ પૂ. આચાર્યદેવો-૪૦૦ શ્રમણો-૭૦૦ શ્રમણીઓ અને આઠથી દશ હજારની જનમેદની હતી. સ્નાત્રવિધાન, શ્રી કેશુભાઇ ઝવેરી અને શ્રી કસ્તૂરભાઇ લાલભાઇનાં વકતવ્યો બાદ જાહેરસભાનું વિસર્જન થયું. તે પછી શ્રમણસંઘની બેઠક શરૂ થઇ. પ્રથમ દિવસની કાર્યવાહી એક સમિતિની નામનોંધણીમાં પૂર્ણ થઇ. એ સમિતિના નામાભિધાનમાં 'દેવસૂરિ' શબ્દ અંગે તીવ્ર વિચારભેદ રહ્યા. સામા પક્ષે આ શબ્દ સામે જોરદાર વિરોધ કર્યો. છેવટે બીજા દિવસે અન્ય રીતે નામાભિધાન થયું. જો કે એમાં પણ 'વિજયદેવસૂરિસંઘ' શબ્દ રહ્યો જ. આ બીજા દિવસે પૂ.આ.શ્રી નંદનસૂરીશ્વરજી મ.એ સમગ્ર સંમેલન પર દૂરગામી અસર પ્રસરાવતું દીર્ઘદૃષ્ટિભર્યું વકતવ્ય રજૂ કર્યું. તેઓશ્રીએ એ સંપૂર્ણ વકતવ્ય આપણા પૂજ્યશ્રીના હસ્તાક્ષરોમાં લખાવડાવ્યું હતું. એ સંપૂર્ણ નિવેદન અક્ષરશઃ આ પ્રમાણે હતું :

''તિથિવિષયક વિચારભેદોમાં–જેમાં બાર પર્વતિથિ, સંવત્સરી મહાપર્વની આરાધનાનો દિવસ, કલ્યાણક તિથિઓ તથા અન્ય તિથિઓ વગેરેનો સમાવેશ થાય છે તેમાં–બે બીજ, બે પાંચમ, બે આઠમ, બે અગિયારશ, બે ચૌદશ, પૂનમ અને અમાસ, આ બારે ય પર્વતિથિ બાબતની જે પ્રણાલિકા પ્રચલિત છે તેમાં–''લૌકિક પંચાગમાં જ્યારે જ્યારે આ બારે પર્વતતિથિની વધઘટ-ક્ષયવૃદ્ધિ આવે ત્યારે ત્યારે આરાધનામાં તે બારે પર્વતિથિમાંથી કોઇ પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ગણાતી નથી, પણ તેને બદલે અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ગણાય છે.''– આ રીતે ચાલી આવતી જે શાસ્ત્રાનુસારિણી શુદ્ધ પ્રણાલિકા, જે પૂ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજશ્રીની પરંપરાના નામે પ્રસિદ્ધિ પામેલી છે એટલું જ નહિ, પણ તેમના પહેલાંના સમયમાં પણ આ જ પ્રણાલિકા હોય એવી અમારી માન્યતા છે. કારણ કે પૂ. શ્રી વિજયહીરસૂરિજી મહારાજની પરંપરાથી જુદી પરંપરા પ્રવર્તાવવામાં પૂ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજનો કોઇ પણ હેતુ હોય તેવું માનવાને કંઇ પણ કારણ નથી.

વળી પૂ. શ્રી વિજયહીરસૂરિજી મહારાજના સમયમાં પણ આ જ રીતની પ્રણાલિકા માન્ય હતી અને તે જ પ્રણાલિકા પૂ. શ્રી વિજયદેવસૂરિજી મહારાજાએ અપનાવી હતી. જે અત્યાર સુધી આપણા વારસામાં અવિચ્છિન્ન રીતે ચાલી આવે છે અને તે જ પ્રણાલિકા સંવિગ્ન વિદ્વાન ગીતાર્થ મહાપુરુષોએ આદરેલી અને આચરેલી છે. જેમાં કોઇ પણ જાતના તર્કને કે શંકાને કે ચર્ચાને અમે અવકાશ માનતા નથી.

કોઇ વર્ગની એવી માન્યતા હોય કે આ પ્રણાલિકા યતિઓના ગાઢ અંધકારમય સમયમાં અસંવિગ્ન, અગીતાર્થ અને પરિગ્રહધારી શિથિલાચારીઓએ ચલાવી છે તો તે માન્યતા તે વર્ગને જ ભલે મુબારક રહે! યતિઓમાં ભલે શિથિલાચાર અને પરિગ્રહ કહીએ, છતાં એટલું તો ચોક્કસ છે કે તેઓ વીતરાગધર્મમાં પૂર્ણ શ્રદ્ધાવંત તો હતા જ.તેઓને તિથિ બાબતમાં ઇરાદાપૂર્વક અશુદ્ધ પ્રરૂપણા કરવાનું કાંઇ પણ કારણ માનવાની જરૂરત નથી. તેઓએ તો તે કાળમાં ધર્મને સાચવી રાખ્યો હતો.

છતાં એટલું પણ ચોક્કસ છે કે પૂર્વોક્ત બાર પર્વતિથિની આરાધનામાં ક્ષય-વૃદ્ધિ ન કરવી અને તેના બદલે અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કરવી આ અત્યાર સુધી ચાલી આવતી અવિચ્છિન્ન શુદ્ધ પ્રણાલિકા સેંકડો વર્ષોથી આખા ગચ્છમાં આપણા પૂજ્ય વડીલો અપનાવતા આવ્યા છે તે આપણે અનુભવીએ છીએ અને પૂ. પંન્યાસ શ્રી રૂપવિજયજી ગણિ મહારાજના ડહેલાના ઉપાશ્રયની સ્થાપનાથી અત્યારની ઘડી સુધી આપણે પણ તે રીતે જ આખા તપાગચ્છમાં વર્તીએ છીએ. ભલે એક વર્ગે લૌકિક પંચાંગમાં પર્વતિથિની ક્ષય-વૃદ્ધિમાં આરાધનામાં પણ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ કાયમ રાખવાની જુદી પ્રણાલિકા, તપાગચ્છના તમામ આચાર્યોને જણાવ્યા સિવાય, બાવીશ વર્ષથી આચરી. પણ વિ.સં. ૧૯૯૨ પહેલાં તો આખા તપાગચ્છમાંથી તેમજ તે વર્ગમાંથી પણ કોઇ પણ વ્યક્તિએ પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ આચરી નથી. પણ પૂ. શ્રી મણિવિજયજી દાદા, પૂ. શ્રી બૂટેરાયજી મહારાજ, શ્રી મૂળચંદજી મહારાજ, શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજ, શ્રી આત્મારામજી મહારાજ, પં. શ્રી પ્રતાપવિજયજી ગણિ, પં. શ્રી દયારામ મહારાજ, પં. શ્રી સૌભાગ્યવિમળજી મહારાજ, પં. શ્રી ગંભીરવિજયજી ગણિ, બંને ય કમળસૂરિજી મહારાજ, શ્રી નીતિસૂરિજી મહારાજ, ઉપાધ્યાય શ્રી વીરવિજયજી મહારાજ, પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ, મુનિશ્રી હંસવિજયજી મહારાજ, કાશીવાળા શ્રી ધર્મસૂરિજી મહારાજ, શ્રી નેમિસૂરિજી મહારાજ, શ્રી વલ્લભસૂરિજી મહારાજ, શ્રી દાનસૂરિજી મહારાજ, શ્રી ઝવેરસાગરજી મહારાજ, શ્રી સાગરાંનદસૂરિજી મહારાજ, શ્રી મોહનલાલજી મહારાજ, મુનિશ્રી કાંતિમુનિજી મહારાજ, શ્રી ખાંતિસૂરિજી મહારાજ વગેરે તમામ આપણા વડીલ પૂજ્ય મહાપુરુષોએ એ જ પ્રણાલિકા આચરી છે અને આદરી છે. ઉપરોક્ત તમામ મહાપુરુષો ગીતાર્થ હતા, અગીતાર્થ નહોતા; મહાત્યાગી હતા, શિથિલાચારી નહોતા; પરિગ્રહધારી નહોતા, પણ શુદ્ધ અપરિગ્રહવંત હતા; તેમ જ વિદ્વાન અને સમયજ્ઞ મહાપુરુષ હતા. તેમ જ તે સમય જરા પણ અંધકારનો નહોતો. એટલું જ નહિ, પણ તે

તમામ મહાપુરુષો ભવભીરુ હતા અને શાસ્ત્રને જ અનુસરીને પ્રવર્તનારા હતા. તેઓને શાસ્ત્રવિરુદ્ધ કે પરંપરાવિરુદ્ધ (આચરણા) કરવાને કંઈ કારણ ન હતું. અને આપણે એવું માનવું કે બોલવું એ પણ એ મહાપુરુષોની આશાતના કરવા બરાબર છે એમ અમારું ચોક્કસ માનવું છે.

એટલે હવે છેવટનું અમારું મન્તવ્ય અને અમારું કથન એ છે કે બારે પર્વતિથિની ક્ષય-વૃદ્ધિ ન કરવી. લૌકિક પંચાગમાં ઉપરોક્ત બારે પર્વતિથિની વધઘટ-ક્ષયવૃદ્ધિ હોય ત્યારે આરાધનામાં તેના બદલે અપર્વતિથિની ક્ષય-વૃદ્ધિની પ્રણાલિકામાં અમો જરા ય ફેરફાર કરવા માંગતા નથી. તેમજ આપણા આખા તપાગચ્છમાં તમામ ચતુર્વિધ શ્રી સંઘ એ જ પ્રણાલિકાને એકસરખી માન્ય રાખે, અને તેથી થોડા સમયથી આચરેલી જુદી પ્રણાલિકાને હૃદયની વિશાળતાથી છોડી દે એવી તપાગચ્છીય ચતુર્વિધ શ્રી સંઘને મારી નમ્ર વિનંતિ છે. અને આ ચર્ચાના વિષયમાં બાર પર્વતિથિની ચાલી આવતી ક્ષય-વૃદ્ધિ નહિ કરવાની પ્રણાલિકાને ચર્ચામાં લાવવી, તે અમો વ્યાજબી માનતા નથી. અમો તો જે રીતે ચાલી આવે છે તે રીતે જ કરવાની ઇચ્છાવાળા છીએ. બાકી, સંવત્સરી મહાપર્વની આરાધનાના દિવસની તેમ જ બીજી કલ્યાણક વગેરે તિથિઓની ચર્ચા કરી નિર્ણય લાવવામાં અમારી સંમતિ છે.

ઉપરોક્ત બાર પર્વતિથિમાં પણ વર્તમાન બંને પક્ષમાંથી જેઓ કોઇ અરસપરસ ચર્ચા કે વિચાર કરવાની ઇચ્છા ધરાવતા હોય, તેઓ બંને પક્ષવાળા ખુશીથી અરસપરસ ચર્ચા અને વિચાર કરી શકે છે. એટલું જ નહિ, પણ તેઓ અરસપરસ ચર્ચા-વિચાર કરી જે એક નિર્ણય સર્વાનુમતે લાવશે તેમાં અમારી સંમતિ છે. પણ આરાધનામાં બાર પર્વતિથિની ક્ષય-વૃદ્ધિને ચર્ચાનો વિષય નહિ કરવાની અમારી માન્યતા સચોટ છે. તે તો આપણા પૂજ્ય વડીલ મહાપુરુષો આ બાર પર્વતિથિની પ્રણાલિકા જે રીતે આચરી ગયા છે, તે રીતે જ રાખવી જોઇએ. એમાં જ આપણું શાસ્ત્રાનુસારિપણું, પરંપરાનુસારિપણું અને ગુર્વાજ્ઞાનુસારિપણું પૂરેપૂરું સચવાય છે એવી અમારી માન્યતા છે.''

આ મક્કમ નિવેદન બાદ તુર્ત પૂ.આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.એ આ નિવેદન સમગ્ર એક તિથિપક્ષને મંજૂર હોય તો તેને અનુમોદન આપવા જણાવ્યું. તમામ સમુદાયો તરફથી તેને અનુમોદન મળતાં આ નિવેદન સંમેલન અંગે સમગ્ર એક તિથિપક્ષના દૃષ્ટિબિંદુરૂપે પ્રસ્થાપિત થયું. બે તિથિપક્ષે આનો જોરદાર વિરોધ કર્યો. પરંતુ એક તિથિપક્ષે એ વિરોધના જડબેસલાખ ઉત્તરો આપી એમની મુરાદ સફળ ન થવા દીધી.

એક તિથિપક્ષનું મન્તવ્ય એ હતું કે 'બાર પર્વીની ક્ષય-વૃદ્ધિ નહિ કરવાની પ્રણાલિકા સંવિગ્ન વડીલોની પરંપરાથી અખંડ ચાલી આવતી અને શાસ્ત્રાનુસારિણી છે. ખુદ નવી પ્રણાલિકા શરુ કરનારના વડીલો અને તેઓ સ્વયં પણ એ જ આચરણા વિ.સં. ૧૯૯૨ પૂર્વે કરતા હતા. આથી* પ્રત્યક્ષ ચાલી આવતી પરંપરાની આચરણાને કોઇ તત્કાલીન વડીલ ગીતાર્થો સમક્ષ વિચારણાર્થે રજૂ કર્યા વિના જ મનસ્વીપણે બદલી નાંખે અને સમગ્ર સંઘમાં બે ભાગ સર્જી દે તો એ ચલાવી ન જ લેવાય. પહેલા એમને મનસ્વીપણે શરૂ કરેલ આચરણા છોડવી પડે, ચાલી આવતી પરંપરા અપનાવવી રહે અને પછી સમગ્ર તપાગચ્છીય શ્રમણસંઘ વચ્ચે એની ચર્ચા કરવી જોઇએ. જો આમ ન કરાય તો કાલે કોઇ વ્યક્તિ વિહારની શ્રમણાચારપરંપરા બદલી દઇ મનસ્વીપણે ગાડી-વિમાન વાપરવા માંડે અને પછી એની શાસ્ત્રચર્ચાદિની વાત કરશે . તો શું એ સ્વીકારાય? ન જ સ્વીકારાય. બસ એ જ રીતે મનસ્વી આચરણા ચાલુ રાખી ચર્ચા કરવાની વાતો ય ન સ્વીકારાય...' સંમેલનની બેઠક પૂર્વે રોજ એક તિથિપક્ષના સર્વ સમુદાયોનું મિલન થતું. એક સવારે એ મિલન ડહેલાના ઉપાશ્રયે હતું ત્યારે સૌની વચ્ચે આપણા પૂજ્યશ્રીએ ઉપરોક્ત વિચારોને પ્રતિબિંબિત કરતું આ વિધાન કહ્યું કે ''પાકિસ્તાન કાશ્મીરના હિસ્સા પર કબજો જમાવીને બેઠું છે એ ખાલી કર્યા વિના ભારત સાથે ચર્ચા-મંત્રણાની વાતો કરે તો એ ભારતને માન્ય ન બને. એમ સામો પક્ષ આપણા સમગ્ર સંઘની પ્રણાલિકાની મર્યાદા તોડીને એમાંથી પીછેહઠ કર્યા વિના ચર્ચાની વાત કરે એ આપણને કેમ માન્ય બને?''

સંમેલન દરમિયાન આ વિવાદનો ઉકેલ લાવવા એક સૂચન એવું પણ આવ્યું કે ''પૂ. ઉદયસૂરિ મ.-પૂ. માણેકસાગરસૂરિ મ.-પૂ. હર્ષસૂરિ મ.-પૂ. લબ્ધિસૂરિ મ.-પૂ. પ્રેમસૂરિ મ.: આ પાંચ બુઝુર્ગ મહાપુરુષો આ બાબતમાં વિચારણા કરે કે આપણે શું કરવું અને કેવી રીતે નિર્ણય લાવવો.તેઓ જ આ કાર્ય કરી લે.'' સામા પક્ષે એ સૂચન પણ માન્ય ન કર્યું. વાતાવરણ ઉગ્ર બનતું રહ્યું અને આખરે શ્રમણસંમેલનનો નિષ્ફલ અંત આવ્યો.

શ્રમણસંમેલન દરમિયાનની પૂજ્યશ્રીસંબંધી ઉપરોક્ત મહત્ત્વની ઘટનાઓ ઉપરાંત એક ઘટના બની જ્ઞાનચર્ચાસંબંધી. સંમેલનમાં વિવિધ સમુદાયોના અનેક મુનિવરો ઉપસ્થિત હતા. એમાં એક હતા આગમ-વિશારદ પૂ. મુનિરાજ શ્રી અભયસાગરજી

* વિ.સં. ૧૯૯૨ પૂર્વે સંવત્સરી અંગે જે ભેદ થયેલ તેમાં મુખ્ય કારણ એ હતું કે સંવત્સરી અંગે ક્વચિત જ તેવો પ્રસંગ આવતો હોઇ પૂર્વે શું થયેલ તે સ્પષ્ટ ન હતું. જ્યારે બાર પર્વી અંગે તો તેની ક્ષય-વૃદ્ધિ ન જ થાય તેવી પરંપરા અખંડ પ્રત્યક્ષ ચાલી આવતી હતી. આમ, સંવત્સરી અને બાર પર્વીના પ્રશ્ન અંગે આ બહુ મહત્ત્વનો તફાવત હતો.

મહારાજ. તેમણે પોતાના વડીલ મિત્ર પૂ. મુનિવર સૂર્યોદયસાગરજી મ. દ્વારા પૂજયશ્રીની પ્રશંસા સાંભળી હતી કે સંસ્કૃત વ્યાકરણમાં તેઓ ખાં છે-નિષ્ણાત છે. એ પ્રશંસાની સચ્ચાઇ પરખવા એક દિવસ પૂ. અભયસાગરજી મ. એ યુવા મુનિવરો વચ્ચે પૂજયશ્રીને પ્રશ્ન કર્યો કેઃ- ''नेत्रानन्दकरी०'' સ્તુતિમાં 'रागद्विषां जित्वरी' શબ્દપ્રયોગ છે. હવે રાગ અને દ્વેષ બેનો સમાસ કરતા 'रागद्विषोः' આવું દ્વિવચન થવું જોઇએ. એનાં સ્થાને 'रागद्विषां' આ બહુવચન કેમ કરાયું છે?'' પૂજયશ્રીએ આ અંગે અદ્યાવધિ કાંઇ વિચાર્યું ન હતું. પરંતુ જેવો પ્રશ્ન આવ્યો કે તુર્ત એમનો ક્ષયોપશમ ખીલી ઊઠ્યો. એમણે એકદમ સંતોષકારક સમાધાન આપ્યું કે ''ત્યાં 'द्विष्'નો અર્થ દ્વેષ નહિ, પણ શત્રુ છે. સમાસ ત્યાં દ્વન્દ્વ નો ન કરવો, પણ મધ્યમપદલોપી તત્પુરુષનો કરવો. એટલે વિગ્રહપૂર્વકનો સમાસ આવો થશે કે, ''रागप्रमुखा द्विषस्ते रागद्विषस्तेषां–रागद्विषाम्.'' પૂ. અભયસાગરજી મ. ખુશ થઇ ગયા પૂજયશ્રીના આ ત્વરિત અને સચોટ ઉત્તરથી. તેઓ બોલી ઊઠ્યા કે ''તમે વ્યાકરણના એકદમ વ્યુત્પન્ન વિદ્વાન છો. જેવી પ્રશંસા સાંભળી હતી એથી સવાયી વિદ્વત્તા તમારી છે.''

એકંદર આ સંમેલનમાં પૂજયશ્રીના વિદ્વત્તાનો-પ્રતિભાનો પરિચય યુવાશ્રમણોને થયો, તો પૂજયશ્રીને પૂ.આ.ભ.શ્રી નંદનસૂરીશ્વરજી મ.સા. જેવા સંઘનાયક મહાપુરુષની કાર્યશૈલીને નિકટથી માણવાની અને તેમાં સક્રિય સામેલ થવાની મહાન તક મળી...

સંમેલન દરમિયાન ગુરુદેવોના હસ્તે નાગજી ભૂધર પોળમાં બે મુમુક્ષુ બેનોની દીક્ષા થઇ. તો એ પછી વડોદરા કોઠીપોળ સંઘમાં દીક્ષા, સુરતમાં દીક્ષા, તેમ જ બામણગામસંઘમાં જિનાલય- પ્રતિષ્ઠાના પ્રસંગો થયા. સંમેલન પછીના વિહારો કાળઝાળ ગરમી વચ્ચે અને સવાર-સાંજના ઉગ્ર હતા. એમાં એક પ્રસંગ એવો બન્યો કે જે શ્રમણજીવનની કષ્ટમયતાનો દ્યોતક હતો અને પૂર્વે નિહાળેલ ઘટનાઓ કરતા જરા અલગ હતોઃ


બન્યું એવું કે નિત્યના વિહારોમાં એક સાંજે નડિયાદ પાસેનું ઉત્તરસંડા સ્ટેશન આવ્યું. વિહારો રેલ-વે લાઇનના રહેતા અને ગામ કયારેક ત્યાંથી દૂર રહેતું. એવા સમયે ઘણી વાર આ શ્રમણવૃંદ વૃક્ષો નીચે રાતવાસો કરી લેતુંઃ જાણે એ અલગારી ફકીરો ન હોય!! એમની સાથે ઉપધિ પણ જાતે ઉંચકાય તેટલી અત્યલ્પ રહેતી. આ પદ્ધતિ મુજબ ઉત્તરસંડા સ્ટેશને સૌએ રાત્રિનિવાસ વૃક્ષો નીચે કર્યો. આવશ્યકક્રિયાદિ કરીને સહુ સંથાર્યા હતા. કલાકેક થયો ત્યાં માલવાહક મોટી આગગાડી પસાર થઇ. એ સમયની ગાડી Electricity નહિ, કોલસાવાળા એન્જિનથી ચાલતી હતી. એવામાં એક સળગતો અંગારો ઉછળીને ઠેઠ પૂજયશ્રીના સંથારાના એક ખૂણા પર પડ્યો.પૂ.આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ. હજુ જાગતા હતા. એમણે તત્ક્ષણ સંથારો જરા ખેંચી લીધો અને પૂજયશ્રીને ઉઠાડી દીધા. જો કે, વર્ષોના રેલવે લાઇનના વિહારોમાં આવી ઘટના જવલ્લે જ બનતી હતી. જો એ સળગતો અંગારો થોડા વધુ જોશથી આવ્યો હોત કદાચ પૂજયશ્રીને શારીરિક ઇજા થાત. પરંતુ સદ્નસીબે એવું કાંઇ બન્યું નહિ. જાણે કાંઇ બન્યું નથી એમ પૂજયશ્રી સ્વસ્થભાવે પુનઃ સંથારી ગયા. જરા કલ્પના કરીએ કે આપણે એ સ્થાને હોઇએ, ઉપર આભ-નીચે જમીન પર સંથાર્યા હોઇએ અને આ રીતે અંગારો ચાર આંગળ જ દૂર આવ્યો હોય પછી ત્યાં અજંપો-ચિંતા રહે કે સ્વસ્થતા? પૂજયશ્રીની આ ગજબનાક વિશેષતા પૂરાં જીવન પર પથરાયેલી હતી કે વિકટમાં વિકટ પરિસ્થિતિ વચ્ચે તેઓ જરા પણ માનસિક Disturb થયા નથી. મેં સળંગ આડત્રીશ વર્ષ દરમિયાન કરેલ આ સ્વાનુભવ છે...

બીજા પણ અનેક ખટમીઠા વિહારયાત્રાના અનુભવો કરતાં પૂજયશ્રીએ ગુરુદેવ સાથે મુંબઇ કોટ જૈન સંઘમાં આષાઢ શુદિ અગિયારશે વિ.સં. ૨૦૧૪નો ચાતુર્માસપ્રવેશ કર્યો. ત્યાં આષાઢ વદિ ત્રીજથી પૂજયશ્રી સહિત કુલ છ મુનિવરોને ગુરુદેવે મહાનિશીથ સૂત્રના યોગમાં પ્રવેશ કરાવ્યો. સળંગ બાવન આયંબિલના આ આગાઢ યોગની સાધના પ્રમાણમાં કઠિન ગણાતી. ગુરુદેવે એમને માત્ર તપ-યોગ- ક્રિયા જ ન કરાવી. બલ્કે એની સાથે સાથે એ આગમની સૂત્રાર્થવાચના પણ આપી. એ માટે સંસ્કૃત છાયાયુક્ત મહાનિશીથ સૂત્ર અને મહાનિશીથ ટબોઃ આ બે જાતની પ્રતો ખંભાતથી મંગાવાઇ. મહાનિશીથઆગમની ગણના છેદસૂત્રોમાં થાય છે. છેદસૂત્રોમાં ઉત્સર્ગાપવાદની-પ્રાયશ્ચિત્તની ઘણી ગંભીર બાબતો નિરૂપાઇ હોવાથી એનું અધ્યયન પરિપક્વ-યોગ્ય-પાત્રતાસંપન્ન મુનિવરોને જ કરાવાય. પૂજયશ્રીએ ખૂબ રસપૂર્વક એનું અધ્યયન કર્યું.એમાંની ઘણી બાબતોની એ ઉત્તરવર્તી પ્રણાલિકાઓ સાથે તુલનાત્મક સમીક્ષાઓ ત્યારે કરતા અને તે પછી પણ અન્યાન્ય છેદસૂત્રોના વાંચન દરમિયાન કરતા. પાછલી વયે આમાંની જે તુલનાત્મક અનેક સમીક્ષાઓ તેઓ મને કહેતા હતા એમાંની એક ઝલક જોઇએઃ

''છેદસૂત્રોમાં અક્ષર લખવાનો નિષેધ છે અને લખે તેનું પ્રાયશ્ચિત્ત જણાવાયું છે. જે કાળે શ્રુત કંઠસ્થ જ રાખવાની પરંપરા હતી, ગ્રન્થસ્થ રાખવાની વાત ન હતી, ત્યારે એનો અમલ બરાબર હતો. પરંતુ ઉત્તરોત્તર પડતા કાળમાં મેધાશક્તિ-સ્મૃતિશક્તિ ક્ષીણ થવાથી શ્રુત ઝડપભેર નષ્ટ થવા માંડ્યું. ત્યારે પૂજયપ્રવર શ્રી દેવર્દ્ધિગણિ મહારાજે કાળસાપેક્ષ નિર્ણય કર્યો અને વિ.સં. ૯૮૦માં શ્રમણપરિષદ ભરીને ઉપલબ્ધ તમામ શ્રુત



શ્રેષ્ઠ સૂરિપદપ્રદાન :
શાસન–સમુદાય–સુવિહિતતાનું વિરાસતદાન











શ્રેષ્ઠ સૂરિપદપ્રદાન : શાસન-સમુદાય-સુવિહિતતાનું વિશ્વાસતદાન

વિ.સં. ૨૦૬૦ની ગંભીર અસ્વસ્થતા સમયે પૂજ્યશ્રીએ નિર્ધાર્યું હતું કે 'હવે મારે વહેલી તકે પં. શ્રી રાજરત્નવિજયજી ગણિવરને સૂરિપદારૂઢ કરવા છે.' એનો અમલ થયો વિ.સં. ૨૦૬૧ના પોષ શુદિ ચૌદશે. આચાર્યપદપ્રદાન સમારોહની આ ઝલકોમાં પૂજ્યશ્રી પંન્યાસશ્રીનાં શિરે જાણે વાસક્ષેપની નહિ, વાત્સલ્યની વર્ષા કરી રહ્યા છે અને પંન્યાસશ્રી એને અવિચલ આસ્થાથી ઝીલી રહ્યા છે. એમાં એક તરફ વિરાટ માનવમહેરામણ છલકાતો દેખાય છે, તો બીજી તરફ 'ગુજરાત સમાચાર'ના સૂકાની શ્રેયાંસભાઇ પૂજ્યશ્રીને 'યુગદિવાકર' મહાગ્રન્થની પ્રથમ પ્રત અર્પણ કરી રહ્યા દેખાય છે.





ગ્રન્થસ્થ કરાવ્યું. શ્રુતલેખનની પરંપરા ત્યારથી આરંભાઇ જે હવે મુદ્રણરૂપે પણ રૂપાંતર પામી છે. આ બન્ને ઘટનાની સમીક્ષા કરતા એમ જણાય છે કે દેશ-કાળ બદલાતા આચરણીય-અનાચરણીયની વ્યાખ્યા બદલાય છેઃ જેમ કાળ બદલાતા કલ્પ્ય-અકલ્પ્યની વ્યાખ્યા બદલાય છે તેમ. હા, એ નક્કી કરવાનું કાર્ય સંવિગ્ન ગીતાર્થ ભગવંતોનું હોય, ગમે તેનું નહિ. એ ગીતાર્થ ભગવંતોની વિચારસરણી શુદ્ધપણે લાભાલાભનો વિવેક કરનારી હોય. શાસ્ત્રમાં એક ગાથા મળે છે કે तम्हा सव्वाणुण्णा, सव्वनिसेहो य पवयणे नत्थि। आयं वयं तुलेज्जा, लभकंखी व वाणिओ। ભાવાર્થ કે શ્રી જિનપ્રવચનમાં કોઇ બાબતનો સર્વથા નિષેધ કે સર્વથા અનુજ્ઞા-સંમતિ નથી હોતી. અહીં લાભાકાંક્ષી વણિકની જેમ નફા-નુકસાનની તુલના કરવી જોઇએ.''

કેવી પ્રગલ્ભ અને સરસ સમીક્ષા છે આ. આવી આવી સમીક્ષાઓનાં મૂળમાં હતું આ વિ.સં. ૨૦૧૪નાં ચાતુર્માસનું મહાનિશીથ સૂત્રનું સૂક્ષ્મ અધ્યયન...

એ વર્ષના પર્યુષણા મહાપર્વના આઠે ય દિવસની આરાધના પૂજ્યશ્રીએ ચોપાટી સંઘમાં કરાવી. કોટ સંઘના ભવ્ય આરાધનામય ચાતુર્માસના અંતે માગશર શુદિ ત્રીજથી કોટ સંઘ દ્વારા ભાયખલાતીર્થે ૪૫૦ આરાધકોના ભવ્ય ઉપધાનતપ થયા. પૂજ્યશ્રી હવે ગુરુદેવની તમામ શાસનપ્રભાવનાઓનાં ચાવીરૂપ સંચાલનમાં સંલગ્ન થઇ ગયા હોવાથી આ ઉપધાનતપમાં તેઓનો ઘણો ભોગ-ઘણું યોગદાન રહ્યું. ઉપધાનતપ બાદ એક તરફ કોટના જિનાલયનો સાર્ધશતાબ્દી મહોત્સવ આવ્યો, બીજી તરફ મહારાષ્ટ્ર-ગુજરાતની સરહદના રાળપટ્ટી વિસ્તારના ફણસાગામે જિનાલયપ્રતિષ્ઠામહોત્સવ આવ્યો. કેટલાક શિષ્યોને કોટના સાર્ધશતાબ્દી મહોત્સવ માટે મૂકીને ગુરુદેવે ફણસાના શિખરબદ્ધ ભવ્ય શીતલનાથજિનાલયના પ્રતિષ્ઠામહોત્સવમાં પધારવાનો નિર્ણય કર્યો. પૂજ્યશ્રી તો ગુરુદેવ સાથે જ હોય. એથી તેઓએ ફણસા તરફ વિહાર કર્યો.

આ વિહારની કસોટીભરી વાત એ હતી કે મહા શુદિ એકમે કોટથી વિહાર હતો અને મહા શુદિ પાંચમે ફણસામાં પ્રવેશ હતો. કોટથી ફણસાનું અંતર હતું લભગ એકસો સિત્તેર કિલોમીટર. એટલે કે રોજના પાંત્રીશ કિલોમીટરનો વિહાર હતો. ખુદ પૂ. ગુરુદેવ ધર્મસૂરીશ્વરજી મ. પણ ત્યારે ડોલી વિના પગપાળા જ વિહાર કરતા હતા. તેઓ પણ આ સખત વિહારો પ્રસન્નતાસભર કરતા. ગુરુદેવ સાથેના ચાર શ્રમણોમાં મુખ્ય જવાબદારી પૂજ્યશ્રીની હતી. આવા ઉગ્ર વિહારો વચ્ચે ય ગોચરી-પાણી-કાપભક્તિ અને તે ઉપરાંત સ્વાધ્યાય-શાસનપ્રભાવક આયોજનમાં તેઓ અગ્રેસર રહેતા. ફણસાનગરના પંચ દિવસીય પ્રતિષ્ઠામહોત્સવમાં રાળપટ્ટીના અનેક ગામોના સંઘો ઊમટ્યા અને મહા શુદિ દશમે ધામધૂમથી શ્રી શીતલનાથપ્રભુ આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા થઇ. આ પ્રતિષ્ઠાના મહોત્સવમાં જ રાળપટ્ટીના વિવિધ ગામોમાં ગુરુદેવની પ્રેરણાથી જિનાલય-ઉપાશ્રયોના નિર્ણયો થયા. ફલસ્વરૂપે લગભગ વીશથી અધિક વર્ષો ગુરુદેવનું ગમનાગમન આ વિસ્તારમાં થતું રહ્યું અને ફણસા-બોરડી-ભીલાડ-સંજાણ-ઉમરગામ-ખતલવાડા-સરીગામ-સાંવટા-ઘોલવડ-દહાણુ વગેરે અનેક સંઘોમાં જિનાલય-ઉપાશ્રયો થયા. એ તમામમાં નિમિત્ત બની હતી ફણસાગામની આ ભવ્ય પ્રતિષ્ઠા...

ત્યાંથી ગુરુદેવ સાથે પૂજ્યશ્રી પુનઃ મુંબઇ પધાર્યા. મુંબઇ-માટુંગામાં ફાગણ વદિ આઠમે અચાનક જિનાલયમાં પ્રભુદર્શન સમયે અંતઃસ્ફુરણા થતા ગુરુદેવે કોઇને ય પૂર્વજાણકારી આપ્યા વિના વર્ષીતપનો પ્રારંભ કરી દીધો!! આપણા પૂજ્યશ્રી ગુરુદેવ પ્રત્યે અહોભાવથી તર-બ-તર થઇ ગયા કે કેવી જબરજસ્ત ગુરુદેવની ભાવુકતા-આરાધકતા. સ્વયં મહાનશાસનપ્રભાવનાઓ-પ્રવચનો-અધ્યાપન-સંઘકાર્યોમાં વ્યસ્ત છતાં વર્ષાધિક સમયનો વર્ષીતપ કરવાનો નિર્ણય એ ક્ષણાર્ધમાં કરી શકે છે. પૂજ્યશ્રીએ ગુરુભક્તિવશ સંકલ્પ કર્યો કે આ એક વર્ષ ગુરુદેવની ગોચરીભક્તિની સંપૂર્ણ તકેદારી પોતે રાખવી. આમ પણ ઉપકારી ગુરુદેવની ભક્તિ વિશિષ્ટ ફલદાયી બને જ છે. એમાં વળી એ ગુરુદેવ મહાજ્ઞાની-પરમ શાસનપ્રભાવક ઉપરાંત હવે તપસ્વી બન્યા હતા. એથી એમની વિશિષ્ટ ભક્તિ કલ્પનાતીત ફળદાયી બને જ બને. પૂજ્યશ્રીનાં જીવનમાં પાછળથી પુણ્યાઇના જે બહુવિધ ચમકારા થયા એનાં મૂળમાં આવી સંકલ્પબદ્ધ ગુરુભક્તિ જ હતી...

વિ.સં. ૨૦૧૫નાં એ ચાતુર્માસ માટે ગુરુદેવ સાથે પૂજ્યશ્રીનો વિહાર મુંબઇથી પૂના શહેર તરફ આરંભાયો. માર્ગમાં લોનાવલા-પાંચ બંગલામાં જિનાલયપ્રતિષ્ઠા કરી સૌએ પૂનામાં ઉલ્લાસસભર પ્રવેશ કર્યો. મહારાષ્ટ્રનું નવું-અણદીઠ શહેર હતું, નવી મહારાષ્ટ્રીયન પ્રજા હતી, તો પૂજ્યશ્રી આદિનો ઉલ્લાસ પણ નવો હતો. એથી નવું કાંઇક થવાનું હતું...

• • •



પ્રકરણ : ૧૮

ધન્ય ધારણાશક્તિ...

આત્માની શક્તિ અનંત હોવાનું પ્રતિપાદન તો જૈન દર્શન કરે જ છે. પરંતુ આજનું આધુનિક વિજ્ઞાન માનવીય શક્તિ પણ અજબ-આશ્ચર્યકારક હોવાનું પ્રતિપાદન કરે જ છે.

આધુનિક વિજ્ઞાન કહે છે કે હાલનું અદ્યતન Computer એક અબજથી વધુ સ્મૃતિ સંગૃહીત કરી શકે છે જ્યારે માનવીનું મગજ એક સેકન્ડમાં એકસો છન્નુ અબજ સ્મૃતિ સંગૃહીત કરી શકે છે. અલબત્ત, મગજની એ શક્તિ મહદંશ સુષુપ્ત હોય છે એ અલગ વાત છે. પરંતુ માનવીના મગજની ગ્રહણશક્તિ આશ્ચર્યકારી હોય છે એ ચોક્કસ. એમાં એટલે અંશે આત્મિક જ્ઞાનશક્તિનો ક્ષયોપશમ પણ કારણભૂત હોય છે.

જૈન ઇતિહાસમાં વિશિષ્ટ ગ્રહણશક્તિનાં અનેક વિસ્મયજનક ઉદાહરણો મળે છે. જેમ કે યક્ષા-યક્ષદિન્ના આદિ શ્રી સ્થૂલભદ્રભગવંતની સાત બેનો. એમની સ્મૃતિશક્તિ એવી અજબ હતી પહેલી બેન એક વાર-બીજી બેન બે વાર... એમ ક્રમશઃ સાતમી બેન સાત વાર જે પણ વાત સાંભળે એ વિના પ્રયત્ને અક્ષરશઃ યાદ રાખી શકે. તો પૂજ્યપ્રવર શ્રીમાન બપ્પભટ્ટીસૂરીશ્વરજી મહારાજ નામે આચાર્યદેવ એવા થઇ ગયા કે જેઓ પ્રતિદિન એક હજાર શ્લોક કંઠસ્થ કરતા હતા.

આ વિશિષ્ટ ગ્રહણશક્તિની કેટલેક અંશે ચમત્કૃતિભરી ઉપલબ્ધિ આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીમાં હતી. એનો એક વધુ પુરાવો મળ્યો વિ.સં. ૨૦૧૫ના પૂનાનાં ચાતુર્માસમાં. વાત એમ હતી કે પૂના શહેર મહારાષ્ટ્રનું એક સમયનું રાજધાનીનું શહેર હતું. મરાઠી પેશ્વાઓ અહીંથી મરાઠી સામ્રાજ્યનું સંચાલન કરતા હતા. આથી આ શહેરમાં મરાઠી ભાષા-મરાઠી રીતરીવાજનું જોર મુંબઇ કરતાં અનેકગણું પ્રબળ હતું. જો કે, શ્રાવકો ગુજરાતી ભાષા સમજી શકે એટલે વ્યાખ્યાનો ગુજરાતીમાં થતા હતા પરંતુ શ્રાવકોના પરિવારમાં પણ વાર્તાલાપમાં મરાઠીભાષાનું ચલણ વિશેષ રહેતું. ત્યારે ત્યાં આવતા પાઠશાળાના બાળકો સાધુ ભગવંતો સાથે વાતચીત ભલે ગુજરાતીમાં કરતા, પણ પરસ્પરની વાતચીત તો એ મરાઠીમાં જ કરતા. પૂજ્યશ્રીનાં મનમાં આનાથી એક નવો વિચાર આવ્યો કે મારે પણ મરાઠી ભાષા શીખી લેવી.

આના સરલ ઉપાયરૂપે પૂજ્યશ્રીએ ઉપાશ્રયે આવતા જૈન બાળકોનો પારસ્પરિક મરાઠી ભાષાનો વાર્તાલાપ ધ્યાનથી સાંભળવો શરૂ કર્યો. એમના શબ્દો સાંભળતા જાય અને વાક્યરચનામાંની વિભક્તિઓ આદિ સંસ્કૃત વ્યાકરણના આધારે પકડતા જાય. પૂજ્યશ્રી દૃઢપણે માનતા હતા કે જેનો સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ મજબૂત હોય એને અન્ય ભાષાઓનું જ્ઞાન સરલતાથી થઇ શકેઃ જો એ તે મુજબની મહેનત કરે તો. પૂજ્યશ્રીએ લક્ષ્યપૂર્વક એકાદ માસ બાળકોનો મરાઠી વાર્તાલાપ ધ્યાનથી સાંભળ્યો. પછી એ બાળકો સાથે પોતે જ મરાઠીભાષામાં બોલવાની-વાર્તાલાપની શરૂઆત કરી. એની સાથોસાથ મરાઠીભાષાનાં જ્ઞાન માટે ત્યાનું દૈનિક મરાઠી અખબાર નિયમિતપણે વાંચવાનું શરૂ કર્યું. જોતજોતામાં તો પૂજ્યશ્રીએ મરાઠીભાષામાં પૂર્ણ પ્રભુત્વ સાથે બોલવાની-લખવાની ક્ષમતા હાંસલ કરી લીધી. ન કોઇ પદ્ધતિસરનો અભ્યાસ કે ન કોઇ શિક્ષક પાસે અધ્યયનઃ **માત્ર સાંભળી સાંભળીને મરાઠીભાષા અલ્પ સમયમાં શીખી જવાની આ ઘટનાને પૂજ્યશ્રીની જબરજસ્ત સ્મૃતિશક્તિના ચમત્કાર સિવાય બીજું શું કહી શકાય?**

આ રીતે સહજતાથી શિક્ષક કે અભ્યાસ સિવાય શિખાયેલ મરાઠીભાષા પરનું પૂજ્યશ્રીનું પ્રભુત્વ એટલું સરસ હતું કે જ્યારે જ્યારે સમુદાયમાં પ્રસંગવિશેષે મરાઠીભાષામાં પ્રવચન-સંબોધન કરવાનું આવે ત્યારે પૂજ્યશ્રીને આગળ કરાતા. એક આવો મારી નજર સમક્ષનો પ્રસંગ યાદ આવે છે : વિ.સં. ૨૦૩૯માં અંધેરી-પૂર્વ નાગરદાસરોડના સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શિખરબદ્ધ જિનાલયનો ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો હતો. પૂ. યુગદિવાકર ગુરુદેવના સમુદાયના તમામ પૂજ્યોની ત્યાં નિશ્રા હતી. પ્રતિષ્ઠાદિને પ્રતિષ્ઠા બાદ અષ્ટોત્તર-શતમહાશાંતિસ્નાત્ર જારી હતું. એવામાં અચાનક શ્રાવકો મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમન્ત્રી વસંતદાદા પાટિલને જિનાલયમાં લઇ આવ્યા. મુખ્યમન્ત્રીનો કાફલો ત્યાંથી પસાર થવાનો હતો અને શ્રાવકોએ ઓળખાણનો ઉપયોગ કરતાં અચાનક આ ઘટના બની ગઇ. મુખ્યમન્ત્રીને ખ્યાલ આવે કે પ્રતિષ્ઠા એટલે શું? અને શાંતિસ્નાત્ર એટલે શું? તે માટે પૂ.આ.શ્રી જયાનંદસૂરીશ્વરજી મ. એ પૂજ્યશ્રીને સૂચન કર્યું અને પૂજ્યશ્રીએ તુર્ત મરાઠીભાષામાં પ્રતિષ્ઠા તથા શાંતિસ્નાત્રનું એવું સરસ સ્વરૂપ સમજાવ્યું કે મુખ્યમન્ત્રીના ચહેરા પર ખુશી છવાઇ ગઇ.

પૂજ્યશ્રીને કુલ છ ભાષાનું સુંદર જ્ઞાન હતું. એ પૈકી ગુજરાતી ભાષાનું જ્ઞાન માતૃભાષા હોવાનાં કારણે સહજ હતું, સંસ્કૃત-પ્રાકૃત અને ઇંગ્લીશ ભાષા તેઓ અભ્યાસપૂર્વક શીખ્યા હતા; જ્યારે મરાઠી અને હિંદી ભાષા પૂજ્યશ્રી માત્ર સાંભળીને શીખ્યા હતા. હિંદી ભાષાની વાત કરીએ તો પૂજ્યશ્રીનો ન્યાય-વ્યાકરણ-સાહિત્યનો અભ્યાસ જેમની પાસે થયો હતો તે મૂર્ધન્ય પંડિતજી શ્રી ઇશ્વરચન્દ્રજી શર્મા હિંદીભાષી હતા. અભ્યાસ દરમિયાન હિંદીમાં વાર્તાલાપ થતો હોવાનાં કારણે પૂજ્યશ્રીએ પદ્ધતિસરના હિંદીના અધ્યયન વિના જ હિંદી પર કેવું સરસ પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું એનો પણ એક પ્રસંગ નિહાળીએઃ મુંબઇ-મલાડમાં એક વાર અમારા સમુદાયના ગુરુભગવંતો હતા, ત્યારે ત્યાં બપોરે તેરાપંથ સંપ્રદાયના બે શ્રમણો મુલાકાત માટે આવ્યા હતા. તત્રસ્થિત વડીલે એમની સાથે બે-ચાર મિનિટ અંદાજિત હિંદીમાં વાત કરી. એવામાં પૂજ્યશ્રી ત્યાં પધાર્યા અને વાર્તાલાપનો દોર એમની સાથે આરંભાયો. લગભગ પોણો કલાક વિવિધ વિષયો પર ચર્ચા કરીને જ્યારે એ શ્રમણો જતા હતા ત્યારે એમણે પૂજ્યશ્રીને પૂછ્યું: **''આપ હિંદીભાષી વિસ્તારના વતની છો?''** પૂજ્યશ્રીએ કહ્યું: **''ના, અમે ગુજરાતના વતની છીએ.'' ''એમ ? તો પછી આપની હિંદી આટલી પરિશુદ્ધ કેમ છે? અમે તો આપની માતૃભાષા હિંદી હોવાનું સમજ્યા હતા.''** તેઓ વિસ્મયથી બોલ્યા.

પૂજ્યશ્રી છ પૈકી મરાઠીભાષા આ પૂનાનાં ચાતુર્માસમાં ઉપરોક્ત રીતે શીખ્યા...

પૂનાના આ ચાતુર્માસમાં ગુરુદેવ દ્વારા સવાર-બપોર બે વાર ભગવતીસૂત્ર પર પ્રવચનો, વહેલી સવારે પંચમકર્મગ્રન્થટીકા પર વાચના અને રાત્રે તત્ત્વજ્ઞાનવર્ગ એમ ચાર-ચાર વાર નિયમિત જ્ઞાનગંગા વહાવાતા સંઘમાં ધર્મભાવનાની અદ્‌ભુત લહેરો ઊઠી. તમામ આરાધનાઓ ચડતે રંગે થઇ. એમાં ગૌતમસ્વામીના છટ્ઠ સાતસોની સંખ્યામાં થયા, તો ચોટદાર સંવાદો-મેરુગિરિરચના-દિક્કુમારી મહોત્સવ સહિત ભવ્ય સ્નાત્રમહોત્સવ સર્વ પ્રથમવાર યોજાયો. ચાતુર્માસ બાદ ત્રણસો પચીશ આરાધકોનાં ભવ્ય ઉપધાનતપ-તેના માળમહોત્સવ પર મુમુક્ષુ ભાઇની દીક્ષા-પોરવાડ સંઘમાં શિખરબદ્ધ આદિનાથ જિનાલય-પ્રતિષ્ઠા વગેરે પ્રસંગો હજારોની મેદની વચ્ચે ભવ્યતાપૂર્વક ઉજવાયા. તે પછી પૂજ્યશ્રી ગુરુદેવ સાથે પાબલતીર્થે પધાર્યા. પૂજ્યશ્રીની ગુરુપરંપરાના પૂર્વજ મહાપુરુષ પૂજ્યપ્રવર આ.ભ.શ્રી કમલસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે પ્રતિષ્ઠિત પદ્મપ્રભસ્વામીનાં આ તીર્થમાં તપાગચ્છાધિષ્ઠાયક શ્રી મણિભદ્રવીરનો પ્રભાવ અત્યંત વિસ્તરેલ છે. પૂજ્યશ્રીએ પ્રભુની નિત્ય દોઢ દોઢ કલાક

ભક્તિ કરી તથા મણિભદ્રવીરને ધર્મલાભ આપ્યા. ત્યાં અષ્ટાહ્નિક મહોત્સવ ઉજવાયા બાદ સહુ વિહાર કરી ક્રમશઃ મુંબઈ-વાલકેશ્વર પધાર્યા.

મુંબઈ મહાનગરના સૌથી સુખી-સમૃદ્ધ વિસ્તાર ગણાતા આ વાલકેશ્વરમાં સમ્રાટ સંપ્રતિકાલીન શ્રી આદીશ્વર પ્રભુથી મંડિત ભવ્ય શિખરબદ્ધ જિનાલય હતું. પરંતુ શ્રમણોનાં ચાતુર્માસ અને ધર્મપ્રવૃત્તિઓનો ઝળહળાટ હજુ સુધી આરંભાયો ન હતો. એને ટોચ પર લઇ જઇને ભારતભરમાં ગાજતું કરવાનું કાર્ય તો પૂજ્યશ્રીના ગુરુદેવ દ્વારા થનાર હતું અને એમાં પૂજ્યશ્રીનો મુખ્ય સહયોગ રહેનાર હતો. જાણે એ કાર્ય માટે જ તો તેઓનું આગમન ત્યાં થઇ રહ્યું હતું. આ વાલકેશ્વરમાં સર્વપ્રથમ ધર્મકાર્ય હતું પૂ. ગુરુદેવના વર્ષીતપપારણાનું. પૂજ્યશ્રી માટે ગુરુભક્તિનો આ શ્રેષ્ઠ પ્રસંગ હતો. કેમ કે આટલો દીર્ઘ તપ હવે ગુરુદેવનાં જીવનમાં થવાની પ્રાયઃ સંભાવના ન હતી. વાલકેશ્વરમાં બધી જ બાબતે નવેસરથી એકડો ઘૂંટવાનો હતો. છતાં પૂજ્યશ્રીની અભિલાષા હતી કે વિશાલ ફલક પર છોડઉદ્યાપન થાય તો ગુરુદેવના વર્ષીતપની દીર્ઘકાલીન સ્મૃતિ રહે. એ અભિલાષા વધાવાઇ અને મહોત્સવની અનેક વિશેષતાઓ સાથે એકાવન છોડનાં ભવ્ય ઉદ્યાપનનો નિર્ણય થયો.

ચૈત્ર શુદિ તેરશે પ્રભુવીરજન્મકલ્યાણકની ભવ્ય ઉજવણી માટે વાલકેશ્વર પ્રવેશ થયો અને પંદર દિવસ પછી તો ગુરુદેવના વર્ષીતપનો પારણામહોત્સવ શરુ થતો હતો. સમય અતિ અલ્પ અને સંપર્કસ્રોત આજના જેવા નહિ. છતાં પૂજ્યશ્રીએ રાત-દિવસ જહેમત કરીને એ આયોજનને સવાયું સાર્થક કર્યું. એમાં નૂતન કલાત્મક એકાવન છોડ-રત્નત્રયીના અનેકવિધ ઉપકરણો અને અતિ આકર્ષક સજાવટ તો હતી જ, ઉપરાંત ગોડીજી સંઘમાંથી ખાસ લવાયેલ સાચા નંગોથી જડેલ લાખો ₹. નાં મૂલ્યનો છોડ-સાચા મોતીના પાઠાં-સોના ચાંદીનાં ઉપકરણો પણ હતા. વાલકેશ્વર ઉપરાંત મુંબઇના દૂર દૂરના ઉપનગરોમાંથી હજારો ભાવિકો એનાં દર્શને ઊમટ્યા. એટલું જ નહિ, મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમન્ત્રી યશવંતરાવ ચવાણ પણ આ ઉદ્યાપનનાં દર્શનાર્થે આવ્યા. એક જોરદાર ઉમંગના માહોલ વચ્ચે ગુરુદેવના વર્ષીતપપારણા મુંબઇના નામાંકિત અગ્રણીઓ-શ્રેષ્ઠીઓની ઉપસ્થિતિ વચ્ચે થયા.

શેષકાળમાં ઘાટકોપરમાં ગુરુદેવપ્રેરિત ભવ્ય આલીશાન ઉપાશ્રયનું ઉદ્ઘાટન-ત્યાં જ જિનાલય માટે વિશાલ ભૂમિખંડની સંઘ દ્વારા ખરીદી વગેરે શાસનકાર્યો થયાં અને તે પછી વિ.સં. ૨૦૧૬નો ચાતુર્માસપ્રવેશ વાલકેશ્વરમાં ભવ્ય રૂપે થયો. ચાતુર્માસમાં મુંબઇના મુખ્ય ધર્મકેન્દ્ર ગોડીજી વિજય દેવસૂરિસંઘમાં ગુરુદેવની પ્રેરણાથી નવનિર્મિત પંચમજલી ભવ્ય આલીશાન ઉપાશ્રયનો ઉદ્ઘાટનસમારોહ તેઓશ્રીની નિશ્રામાં પ્રભાવકરૂપે થયો, તો વાલકેશ્વરમાં ચડતે રંગે ધર્મારાધનાઓ અને પ્રવચનો-વાચનાઓ-રાત્રિતત્ત્વજ્ઞાનવર્ગ વગેરે થયા. આ ચાતુર્માસમાં આપણા પૂજ્યશ્રી સંબંધી બે ઘટનાઓ વિશેષ ઉલ્લેખનીય છે. એમાંની પ્રથમ બાબત એટલે વસતિગણતરીસંબધી પૂજ્યશ્રીનું જાહેર નિવેદન.

બન્યું હતું એવું કે એ વર્ષે સરકાર દ્વારા વસતિગણતરી થનાર હતી. ભૂતકાળમાં આવી વસતિ-ગણતરીમાં ઘણો જૈન વર્ગ 'આપણે હિંદુ છીએ' એમ સમજીને ધર્મના ખાનામાં હિંદુ લખાવતો હતો. આનાથી જૈનોની કુલ સંખ્યા વાસ્તવિક કરતા ઘણી ઓછી નોંધાઈ હતી. આ અંગે જૈનોમાં જાગૃતિ આવે તે માટે પૂજ્યશ્રીએ ગુરુદેવની ભાવના સમજી લઇને એક જાહેર નિવેદન પ્રસારિત કર્યું. એ નિવેદન વિવિધ સામયિકોમાં પ્રકાશિત થવા ઉપરાંત મુંબઇના વિવિધ સંઘોમાં હજારો પરિપત્રોરૂપે પણ પ્રસારિત થયું. એ નિવેદન અક્ષરશઃ આ મુજબ હતું :

જૈનો અને વસતિગણતરી

ભારતમાં થનારી વસતિગણતરીમાં ધર્મનાં ખાનામાં જૈનોએ પોતાને 'જૈન' લખાવવા કે 'હિંદુ' તે અંગે નીચેનું સ્પષ્ટીકરણ ધ્યાનમાં રાખોઃ જૈન એ ધર્મવાચક શબ્દ છે, પણ તે જાતિવાચક શબ્દ નથી. જ્યારે હિન્દુ એ જાતિવાચક શબ્દ છે, પણ ધર્મવાચક શબ્દ નથી....

સિન્ધુ નદીના કાંઠા ઉપર તેમજ તે નદીના દક્ષિણ પ્રદેશમાં વસનારી ભારતીય આર્ય મહાપ્રજા તે હિન્દુપ્રજા છે. તેનું નિવાસસ્થાન હિન્દુસ્તાન...'હિન્દુ' એ રશિયન, જાપાનીસ, ચાઇનીઝ વગેરે શબ્દોની જેમ દેશવાસીઓનો સંજ્ઞાવાચક શબ્દ છે. મુસ્લિમો, પારસીઓ, ખ્રિસ્તીઓ વગેરે પછીના કાળમાં ભારત આવ્યા છે...

ઉપર જણાવ્યા મુજબ 'હિન્દુ' એ પ્રજાવાચક શબ્દ છે. આ મહાપ્રજામાં ત્રણ ધર્મ પાળતા ત્રણ વિભાગો છે (૧) જૈન (૨) બૌદ્ધ (૩) વૈદિક. તેમાં ભગવાન શ્રી મહાવીરાદિ ૨૪ તીર્થંકરોએ પ્રર્વતાવેલ ધર્મને પાળનાર વર્ગ તે જૈન. મહાત્મા ગૌતમબુદ્ધે ઉપદેશેલ ધર્મ પાળનાર વર્ગ તે બૌદ્ધ અને વેદોને માનનાર વર્ગ તે વૈદિક. આ રીતે હિન્દુપ્રજામાં મુખ્યત્વે ત્રણ ધર્મો જૈન ધર્મ-બૌદ્ધ ધર્મ અને વૈદિક ધર્મ છે. વૈદિક ધર્મમાં શૈવ-વૈષ્ણવ આદિ અનેક વિભાગો છે. આથી એ સિદ્ધ છે કે 'હિન્દુ' એ નામનો કોઇ ધર્મ નથી. છતાં 'હિન્દુ ધર્મ' એવું જે કેટલાક લોકો બોલે છે તે ખોટી ગેરસમજથી બોલાય છે.

વાસ્તવિક રીતે ઉપર જણાવ્યા મુજબ હિન્દુસ્તાનમાં વસનારી બધી આર્યપ્રજા હિન્દુ છે. આમ છતાં કેટલાક લોકો વૈદિક ધર્મ પાળતા વર્ગને રૂઢિગત રીતે હિન્દુ કહે છે. આ રીતના હિન્દુઓથી જૈનો એક ભારતીય-હિન્દુ પ્રજા તરીકે અલગ નથી, પણ ધર્મે તો તેઓ જરૂર અલગ છે. તેથી 'જૈનો' એ વૈદિકો નથી, પણ જૈન ધર્મી છે. વૈદિકો ભલે ગેરસમજને વશ થઇ 'હિન્દુધર્મ' એવું લખાવે. પણ જૈનોએ પોતાનો ધર્મ હિન્દુ અગર વૈદિક લખાવવો તે તદ્દન ખોટું (Quite Wrong) છે. વસતિગણતરી કરનારાઓ

(Enumerators) તમારે ત્યાં આવે અને તમને પૂછે કે તમારો ધર્મ કયો? તો અચૂક, બેધડક અને મક્કમપણે જૈન ધર્મ લખાવજો અને તેમ લખાયાની ખાતરી કરી લેજો.

વાલકેશ્વર-મુંબઇ } પૂ.આ.શ્રી વિજયધર્મસૂરીશ્વર પ્રશિષ્ય
તા. ૭-૨-૬૧ } મુનિ સૂર્યોદયવિજય. (વ્યા.સા.તીર્થ)

પૂજયશ્રી અભ્યાસ-શાસનકાર્યો ગુરુભક્તિ ઉપરાંત હવે સંઘને-સમાજને સ્પર્શતી બાબતો અંગે દૃષ્ટિ ધરાવતા બની ગયા હતા એનો ખ્યાલ ઉપરોક્ત નિવેદનમાંથી પ્રગટે છે...

બીજી બાબત હતી સાધર્મિક બંધુઓ અંગે ભૂલેશ્વર-લાલબાગમાં નિર્મિત આલીશાન પંચમજલી ધર્મશાળાની. આ ચાતુર્માસમાં ગુરુદેવે તીવ્ર અભિલાષા રાખી હતી કે દેશનું આર્થિક પાટનગર ગણાતાં મુંબઇ મહાનગરમાં આજીવિકા માટે-રોગાદિની સારવાર માટે આવતા મધ્યમવર્ગીય જૈનો માટે નક્કર કાર્યવાહી થાય. કેમ કે મુંબઇમાં 'રોટલો મળે પણ ઓટલો ન મળે' આવી સ્થિતિ હતી. એમાં રાહત મળે અને સાધર્મિક બંધુઓ નિશ્ચિંત ભાવે થોડા દિવસ આવાસ-ભોજન-સારવારની પણ સુવિધા પામે એ કાજે ગુરુદેવે ધર્મશાળા-ભોજનશાળા-જૈન ક્લીનીક અને જ્ઞાન ભંડારની સુવિધા સાથે પાંચ મજલા-આઠ વિશાલ હૉલ અને છપ્પન ખંડો ધરાવતી ધર્મશાળાનું આયોજન હાથ ધર્યું. સતત ચાર વર્ષની જહેમતથી તૈયાર થયેલ ઉત્કૃષ્ટ સાધર્મિકભક્તિસ્વરૂપ એ ધર્મશાળાભવનનાં નિર્માણમાં જેમ ગુરુદેવની અજોડ ઉપદેશલબ્ધિ પ્રધાન કારણ હતી, તેમ આપણા પૂજયશ્રીની જબરજસ્ત જહેમત પણ મુખ્ય સહકારી કારણ હતી. એના માટે ટ્રસ્ટીઓ-મુંબઇના અગ્રણીઓ સાથે મીટીંગો હોય કે ભૂમિદાન માટેની વાટાઘાટો હોય, તે કાળના જૈન સામયિકો 'જૈન'-'સેવા સમાજ' વગેરેમાં સાતત્યસભર પ્રોત્સાહક પ્રચાર હોય કે કાર્ય સમયબદ્ધ થાય તે માટેની તકેદારી હોયઃ પૂજયશ્રીએ શ્રમણજીવનની મર્યાદામાં રહીને આ તમામ જવાબદારીઓ એવી સજજતાથી ઉઠાવી કે ગુરુદેવ પૂ. ધર્મસૂરીશ્વરજી મ. ને તે અંગે કોઇ ચિંતા જ ન રહે. એક બાબત નોંધીએ તો, તે કાળે ગુરુદેવ હસ્તક એક સાથેના સમયમાં આરંભાયેલ આ જૈન ધર્મશાળા-ચેમ્બુરતીર્થ-નિર્માણ-ઘાટકોપરમાં ચતુર્મજલી જિનાલયનિર્માણાદિ કાર્યોનાં સુરેખ આયોજનો-સમયબદ્ધ કાર્યવાહી ઉપરાંત સુવ્યવસ્થિત પ્રચાર-જૈન પત્રોમાં એના નિયમિત માહિતી અહેવાલો એટલા પદ્ધતિસર આવતા કે ગુરુદેવના સમકક્ષ અને વડીલ પૂજયો રસપૂર્વક ગુરુદેવને પૂછતા કે આ બધી કાર્યવાહી કયા સાધુ સંભાળે છે? એમાં પૂજયશ્રીનું નામ જાણે ત્યારે તેઓ પૂજયશ્રીની ક્ષમતા પ્રત્યે આદર અનુભવે-ક્વચિત્ પત્રમાં પૂજયશ્રીને બિરદાવે ય ખરા.

વાલકેશ્વરના એ યશસ્વી ચાતુર્માસાંતે 'રૂપસાગર' બિલ્ડીંગમાં ચારસો તપસ્વીઓના ઉપધાન તપ-તેના માળમહોત્સવમાં ૭૭ છોડનું ઉદ્યાપન-મુમુક્ષુદીક્ષા-પદપ્રદાનાદિ ધર્મકાર્યો થયા. શેષકાળમાં મુંબઇના વિવિધ સંઘોમાં ગુરુદેવ હસ્તક થઇ રહેલ શાસનકાર્યો અંગે થોડી થોડી સ્થિરતા કરી પૂજયશ્રીએ ગુરુદેવ સાથે પેન-પનવેલ તરફ વિહાર કર્યો. ત્યાં ભવ્ય આદિનાથજિનાલયપ્રતિષ્ઠામહોત્સવ બાદ ગુરુદેવની નિશ્રામાં પૂના નગરે પદાર્પણ થયું. ત્યાં ઉપાશ્રયનિર્માણફંડ અને ત્યાંથી મુંબઇ આવીને સાયન સંઘમાં ઉપાશ્રયનું ખનન-શિલાસ્થાપનાદિ કરાવી વિ.સં. ૨૦૧૭નાં ચાતુર્માસ માટે પાયધુની-ગોડીજી સંઘમાં ગુરુદેવ સાથે પૂજયશ્રીએ પ્રવેશ કર્યો. ગુરુદેવની પુણ્યવંતી નિશ્રામાં ગોડીજી સંઘમાં પ્રવચનો અને તપશ્ચર્યાનો સરસ માહોલ સર્જાયો. એ સમયે ગોડીજીની જાહોજલાલી એવી ટોચ પર હતી કે ત્યાંની પ્રવચનસભાઓ અભ્યાસી-બહુશ્રુત શ્રાવકોથી શોભતી અને આરાધકોથી ભરાઇ જતી. ત્યાંની પ્રવચનપાટ પર આચાર્ય સિવાય સામાન્ય મુનિવરો લગભગ ન હોય. પરંતુ આ ચાતુર્માસમાં અવસર આવ્યો ત્યારે આપણા પૂજયશ્રીએ એ જવાબદારી પણ સરસ વહન કરી. બન્યું એવું કે માટુંગા સંઘના શ્રી વાસુપૂજયજિનાલયના શિખરભાગે શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનબિંબોની અંજન -પ્રતિષ્ઠા અને ઘંટાકર્ણવીર આદિની પ્રતિષ્ઠા ચાતુર્માસમાં યોજાતા ગુરુદેવને ત્યાં પધારવાનું બન્યું. ગોડીજી જેવું સ્થાન હોવાથી એ દિવસોની પ્રવચનની જવાબદારી પૂજયશ્રીને સુપરત કરાઇ. પૂજયશ્રીએ ગુરુદેવની શૈલીથી જ પ્રવચનો આપી સભાને બરાબર જકડી રાખી.

આ ચાતુર્માસમાં એક મહત્ત્વની ઘટના પૂજયશ્રીસંબંધી બની બુકલેટ જૈન પંચાગોનાં પ્રકાશનની. એ સમયે શ્રમણસમુદાયોમાં બુકલેટ પંચાંગોની શરૂઆત ક્યાંય થઇ ન હતી. માત્ર દાયકાઓથી ચાલ્યા આવતા ભીંતીયા પંચાંગોનું જ બધે ચલણ હતું. સુવાશ્રક શ્રી વીરેન્દ્રભાઇ મૂળજીભાઇ ખારવાળાએ બુકપંચાંગ માટેની વાત પૂજયશ્રી સમક્ષ કરતા પૂજયશ્રીને વિચાર સ્ફુર્યો કે જો બુક પંચાંગ શરુ કરાય તો એનો લાભ લાખો લોકો પ્રચુર પ્રમાણમાં લઇ શકે. પૂ. સાધુ-સાધ્વીભગંતોને પણ એ પંચાગો રાખવાની સરલતા રહે. ગુરુદેવની અનુજ્ઞા લઇને આ ચાતુર્માસમાં એમણે સર્વપ્રથમવાર બુક પંચાંગનું માળખું તૈયાર કર્યું. પૂજયશ્રીએ આરંભેલ કેટલી ય પદ્ધતિ આજે ૫૭ વર્ષો પછી ય લગભગ તમામ સમુદાયોના બુક જૈન પંચાંગોમાં યથાવત્ મળે છે. જેમ કે કલ્યાણકોનું કોષ્ઠક અને એના પર કલ્યાણકોનું મહત્ત્વ દર્શાવતો વીતરાગસ્તોત્રનો 'નારકા અપિ મોદન્તે૦' શ્લોક. આજે પણ લાખો પંચાંગોમાં એ પૂજયશ્રીએ પ્રથમ વર્ષે અપનાવેલ રીતે પ્રકાશિત થાય છે. પૂજયશ્રીએ એનું માળખું સર્વાંગીણ તૈયાર કરીને તે વર્ષે સંપાદિત કરેલ પંચાંગ એવા લોકપ્રિય બન્યા કે માત્ર બે જ વર્ષમાં પૂજયશ્રી હસ્તક પ્રકાશિત થતા પંચાંગની નકલ દોઢ લાખથી વધુ આંબી ગઇ. આ એ કાળ હતો કે જયાં આજના જેવી સાધનોની સુવિધા ન હતી. એ સમયે આટલી વિપુલ સંખ્યામાં પંચાંગોનું પ્રકાશન બહુ મોટી બાબત હતી. સતત ઘણા વર્ષો સુધી બુક જૈન પંચાંગો પૂજયશ્રીનાં સંપાદન તળે લાખોની સંખ્યામાં પ્રગટ થતા રહ્યા. આજે બુક પંચાંગ ક્ષેત્રે મોટા ફલક પર વ્યવસાયીકરણ થઇ જવાથી પંચાંગો ખૂબ સરલતાથી તૈયાર થઇ જાય છે અને દરેક સમુદાયો દ્વારા એ પ્રગટ થાય છે.

એથી એ પ્રવૃત્તિ ભલે સામાન્ય લાગતી હોય. પરંતુ એ કાળે બુક જૈન પંચાંગ પ્રકાશનની પ્રવૃત્તિએ સમગ્ર સમાજનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. સાધુ સમુદાયોમાં એના સર્વ પ્રથમ પ્રારંભનું શ્રેય પૂજ્યશ્રીને ગયું હતું.


ગોડીજી સંઘનાં એ ચાતુર્માસના અંતે ગુરુદેવની નિશ્રામાં એક જબરજસ્ત આયોજન થયું 'વિશ્વશાંતિઆરાધનાસત્ર'નું. બન્યું હતું એવું કે વિ.સં. ૨૦૧૮ના પોષમાસમાં આકાશમાં આઠ ગ્રહોની યુતિ થવાની હતી. અખબારોમાં એના ઘણા સમય પૂર્વથી જયોતિષીઓની આગાહીઓ આવતી હતી કે આ ભયાનક યુતિથી મોટી મોટી આફતો સર્જાશે વગેરે વગેરે. મુંબઈની પ્રજામાં ફફડાટ વ્યાપી ગયો હતો. ભયભીત લોકો ગમે ત્યાં દોરા-ધાગા કરાવવા ન માંડે અને જૈનશાસનપ્રણીત વિશુદ્ધ તપ-જપ-આરાધના કરે એ માટે વિરાટ આરાધનાસત્ર યોજાયું હતું. આનો પ્રાથમિક વિચાર હતો પૂ. મુનિવર શ્રી યશોવિજયજી મ.નો. ગુરુદેવે આ આયોજન નિર્ધાર્યું એટલે આપણા પૂજ્યશ્રીએ તુર્ત એની તમામ કાર્યવાહી સંભાળી લીધી. મુંબઈમાં ઠેર ઠેર એ નવ દિવસીય મહોત્સવ દરમિયાન સમૂહ આયંબિલતપ-અટ્ઠમ તપ-નવકારમન્ત્રજાપ-ઉવસગ્ગહરસ્તોત્રજાપ-લોગસ્સ સૂત્રજાપના એલાન થયા. આ જાપ વગેરે આયોજનો મુખ્યતઃ ગોડીજી ઉપાશ્રયે રખાયા, તો તે સમયના મુંબઈના વિવિધ સંઘોમાં આયંબિલખાતાની સુવિધા ન હોવાથી દરેક સ્થળે સામૂહિક આયંબિલની વ્યવસ્થા કરાઇ.

મુખ્ય ઉજવણી જ્યાં હતી તે મુંબાદેવી ચોકના 'શાંતિનગર'માં 'મહાવીરમંડપ'માં એવું ચિત્રપ્રદર્શન હતું કે જેમાં કેન્દ્રસ્થાને પ્રભુ તીર્થંકર ભગવંતોના વિરાટકાય ચિત્રો અને એની ચોતરફ ત્રણ-ત્રણ કુટના નવે ય ગ્રહો હોય. એ એમ સંદેશ આપતા હતા કે નવ ગ્રહો પણ પરમાત્માના સેવકો છે. ત્યાં મહોત્સવના નવે ય દિવસ શાસ્ત્રીય અનુષ્ઠાનો-વિવિધ નામાંકિત વક્તાઓનાં પ્રવચનો-પ્રદર્શનો-રાત્રિભાવનાઓ થઇ. અંતિમ ત્રણ દિવસોમાં અરિહંતમહાપૂજન અને શાંતિકળશવિધાનમાં પચીશ હજારથી વધુ મેદની ઊમટી. મહોત્સવના અંતિમ કાર્યક્રમમાં શાંતિયાત્રાનો ઐતિહાસિક વરઘોડો યોજાતાં તેમાં એક લાખથી વધુ લોકો સામેલ થયા. આ 'આરાધનાસત્ર'માં ચાલીશ હજાર આયંબિલ-હજારો અટ્ઠમ-અઢી ક્રોડ નવકારમન્ત્રજાપ અને અન્ય સ્તોત્રપાઠ પણ લક્ષ્યાંકથી ખૂબ વિશેષ થયા. આ તપ-જપનો પ્રભાવ કહો કે ગમે તે, અષ્ટગ્રહયુતિની કોઇ વિપરીત અસરો થઇ નહિ. આ સમગ્ર આયોજનમાં આપણા પૂજ્યશ્રીનું બુદ્ધિકૌશલ્ય - આયોજનકૌશલ્ય દરેક સ્તરે ઝળહળતું હતું. પૂજ્યશ્રીની લગન એ જ હતી કે ગુરુદેવની ભાવનાને સવાયી સફળ કરવી.

આ જ પોષ માસમાં વાલકેશ્વરમાં ગુરુદેવની નિશ્રામાં ૨૫૭ આરાધકોના ઉપધાનતપ શરૂ થયા અને ચૈત્રી ઓળી બાદ મુંબઈના લાખો જૈનોના અનન્ય આસ્થાકેન્દ્ર દાદા ગોડીજી પાર્શ્વનાથનો ભવ્યાતિભવ્ય સાર્ધશતાબ્દીમહોત્સવ ગુરુદેવની નિશ્રામાં યોજાયો. એમાં ૧૦૮ છોડનું વિરાટ ઉદ્યાપન-સાર્ધશતાબ્દીગ્રન્થપ્રકાશન-સાધર્મિકભક્તિનાં વિશિષ્ટ કાર્યો અને એ સર્વથી શ્રેષ્ઠ બાબત જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળાની કાયમી સ્થાપનાનો નિર્ણય થયો. સમગ્ર મુંબઈમાં ગાજી ઊઠેલ આ ગોડીજીસાર્ધશતાબ્દી મહોત્સવ બાદ તુર્ત જ વાલકેશ્વરમાં ૩૫૦ જિનબિંબોનો ભવ્યાતિભવ્ય અંજનશલાકાપ્રતિષ્ઠામહોત્સવ યોજાયો. આ બન્ને મહાન શાસનપ્રભાવક કાર્યોમાં પૂજ્યશ્રીએ હાર્દનાં સ્થાને રહી આયોજન-માર્ગદર્શનાદિ સ્તરે ખૂબ આત્મભોગ આપ્યો. વિ.સં. ૨૦૧૮નાં આ વર્ષનાં ચાતુર્માસ માટે ગુરુદેવ સાથે પૂજ્યશ્રી વાલકેશ્વરમાં પધાર્યા. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીસંબંધી બે ઘટના ઉલ્લેખનીય છેઃ

પહેલી બાબત એટલે ચેમ્બુરતીર્થનાં નિર્માણકાર્ય માટે વિહારો. પાછળથી ગુરુદેવનાં જીવન સાથે અમીટપણે સંલગ્ન થઇ ગયેલ ચેમ્બુરનો ભૂતકાલીન ઇતિહાસ એ હતો કે ત્યાં જિનાલયશિલાન્યાસ પછી અગિયાર વર્ષો સુધી જરા પણ કાર્ય થયું ન હતું. આ વર્ષે ગુરુદેવે એ તીર્થનિર્માણકાર્ય હાથ પર લઇ ત્વરિત પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખ્યું હતું. તે માટે આ ચાતુર્માસમાં ગુરુદેવ લગભગ દર પંદર દિવસે વાલકેશ્વરથી ચેમ્બુર પધારતા. વાલકેશ્વરમાં પ્રવચન ફરમાવીને ગુરુદેવ વિહાર કરે ત્યારે દર વખતે એમની સાથે એક મુનિવર હોય. એ મુનિવર એટલે આપણા પૂજ્યશ્રી. બન્ને દીર્ઘ વિહાર કરી સાંજે ચેમ્બુર પહોંચે, નિર્માણકાર્યનું નિરીક્ષણ કરે અને રાત્રે ત્યાંના ત્રણે ય ગચ્છોના અગ્રણીઓ સાથે મિટીંગ કરી જરૂરી ચર્ચા-વિચારણા કરે. વળતી પ્રભાતે ચેમ્બુરથી સીધા વાલકેશ્વર પધારે. ચેમ્બુરતીર્થનું સમગ્ર કાર્ય પૂજ્યશ્રી એ હદે સંભાળતા હતા કે ત્યાંના અગ્રણીઓ દરેક કાર્યો માટે ગુરુદેવ પછી પૂજ્યશ્રીનો જ સંપર્ક કરે-પૂજ્યશ્રી સાથે જ તમામ ચર્ચા-વિચારણા કરે. આસો માસ સુધી લગભગ દર પંદર દિવસે આ ગમનાગમન જારી રહ્યું. અનેક શિષ્ય-પ્રશિષ્યો ગુરુદેવ સાથે હોવા છતાં પૂજ્યશ્રીએ આ ગુરુભક્તિ સ્વતઃ ભાવનાથી સ્વયં સંભાળી.

બીજી મહત્ત્વની ઘટના બની વૈયાવચ્ચસંબંધી. ગુરુદેવના એક શિષ્ય પૂ. મુનિ શ્રી પદ્માનંદવિજયજી મ.ને બાળવયથી હૃદયના વાલ્વની મોટી ખામી હતી. એનાં કારણે ન એ ખાસ વિહાર કરી શકે, ન ખાસ કાર્ય કરી શકે. વાલ્વ બદલવામાં આવે તો જ એમનું ભાવિ જીવન સુરક્ષિત બને એમ હતું. તકલીફ મોટી એ હતી કે એ યુગમાં વાલ્વ બદલવાનાં ઓપરેશન જવલ્લે જ થતા હતા. ગુરુદેવે બધા પાસા વિચારી એ જોખમી Operation Bombay Hospital માં કરાવવાનો નિર્ણય લીધો અને એ ગ્લાન મુનિની સેવા માટે પૂજ્યશ્રીને હોસ્પિટલમાં રહેવા સૂચવ્યું. પૂજ્યશ્રીને મન તો ગુરુદેવની ભાવનાને અનુસરવું એ જ શ્રેષ્ઠ ગુરુભક્તિ હતી. એથી એમણે વિના વિલંબે હા કહી. વળી પૂજ્યશ્રીનાં અંતરમાં શ્રી ઉત્તરાધ્યયનસૂત્રની વાચનાસમયનું પેલું વીરપ્રભુનું વચન પણ





સિદ્ધાચલ શિખરે દીવો રે... ઃ















સિદ્ધાચલ શિખરે દીવો રે... :



ત્રિભુવનતાજ સૃષ્ટિશિરતાજ
સિદ્ધગિરિરાજની છાયામાં
પાલિતાણામાં પૂજ્યશ્રીની નિશ્રામાં
થયેલ ૫૫૫ આરાધકોના યશસ્વી
ચાતુર્માસની આ ઝલકોમાં
પૂ. યુગદિવાકર ગુરુદેવની
ગુણાંજલિસભામાં અને પૂ.આ.શ્રી
રાજરત્નસૂરિજી મ.ની સૂરિમન્ત્ર
પ્રથમ પીઠિકા સમાપન સભામાં
સર્વ સમુદાયોના
ગુરુભગવંતો દૃશ્યમાન થાય છે







તરવરતું હતું કે 'वेयावच्चेण तित्थयरनामगुत्तं जणयइ' ભાવાર્થ કે વેયાવચ્ચથી તો તીર્થંકરનામકર્મનો બંધ થાય છે. એથી અધ્યયન-શાસનકાર્યો બધું જ ગૌણ કરીને પૂજયશ્રી એ બિમાર બાલમુનિની સેવાર્થે હોસ્પિટલમાં રહ્યા. ગ્લાનમુનિનું સ્વાસ્થ્ય બેહદ નબળું હતું. એથી આરોગ્યમાં વારંવાર આરોહ-અવરોહ આવ્યા કરે. એ મુનિવરનું દ્રવ્ય-ભાવ આરોગ્ય ટકી રહે એ રીતે પૂજયશ્રીએ એમની સેવા કેટલા દિવસ કરી? બે-ચાર-સાત દિવસ? ના, પૂરા પંચાવન દિવસ ગુરુદેવથી-શ્રમણવૃંદથી-સમાજથી અળગા રહીને પૂજયશ્રીએ ઉલ્લસિતભાવે હોસ્પિટલવાસ સ્વીકાર્યો અને ગ્લાન મુનિને હોસ્પિટલમાંથી રજા અપાઇ ત્યારે તેમને લઇને પૂજયશ્રી ઉપાશ્રયે પધાર્યા.

એક આગમિક ગાથામાં બહુ માર્મિક વાત કહેવાઇ છે કે ''હે મુનિ, તારાં દ્વારા થતાં કાર્યો બે પ્રકારના હોઇ શકે : (૧) તું કરે અને બીજા ય કરી શકે. (૨) તું કરે અને બીજા (પ્રાયઃ) ન કરી શકે. તારે બીજા પ્રકારના કાર્યમાં ઉદ્યમ રાખવો.'' આપણે ઉપરોક્ત વૈયાવચ્ચની ઘટનાના સંદર્ભમાં આ ગાથાનું અર્થઘટન આમ કરી શકીએ કે વિદ્વત્તા-શાસનકાર્યકૌશલ્ય-પ્રવચનશક્તિ અન્ય મહાત્માઓ પણ ધરાવી શકે, તેઓ પણ તે તે બાબતો આસાનીથી કરી શકે. પરંતુ એ વિદ્વત્તાદિ વિશિષ્ટ શક્તિઓ હોવા છતાં અવસર આવ્યે એ તમામને ગૌણ કરી આવી સાતત્યસભર વૈયાવચ્ચ કરવી એ શક્તિસંપન્ન મહાત્મા માટે લગભગ મુશ્કેલ-અશક્યપ્રાયઃ છે. પૂજયશ્રીએ તે મુશ્કેલ કાર્ય ઉલ્લસિતભાવે કરીને પૂરવાર કરી દીધુ કે તેઓ પૂર્વોક્ત ગાથાપદાર્થ મુજબ બીજા પ્રકારના ઉત્તમ શ્રમણ છે....

ચાતુર્માસ બાદ વિ.સં. ૨૦૧૯ના માગશર શુદિ પંચમીએ વાલકેશ્વરમાં ૨૨૧ આરાધકોના ઉપધાનતપ યોજાયા. તે પછી મહામાસમાં જગદ્‌ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી સંસ્કૃત-પ્રાકૃત પાઠશાળાની સ્થાપના બાદ પૂજયશ્રીનો વિહાર ગુરુદેવની સાથે મહારાષ્ટ્ર ના વિવિધ તીર્થો-શહેરો-નગરોમાં થયો. થાણાના સુપ્રસિદ્ધ મુનિસુવ્રતસ્વામીતીર્થની યાત્રા બાદ કલ્યાણ-મુરબાડ-ધસઇ થઇને મુનિવૃંદનો વિહાર નાનેઘાટ તરફ થયો. પૂજયશ્રી પાછલી વયે આ નાનેઘાટનો વિહાર ખાસ યાદ કરતા. કારણ કે મહારાષ્ટ્રમાં આગળ જવા માટે ખંડાલા કે કસારા ઘાટ પ્રમાણમાં આસાન હતા. જ્યારે આ નાનેઘાટ સૌથી જોખમી હતો. ત્યાં વાહનો જાય એવો કોઇ માર્ગ હતો જ નહિ. માત્ર માનવો જઇ શકે એવો ખડકાળ-પથરાળ માર્ગ હતો. નાનકડા માર્ગ પર ઊંચે ઊંચે ચડવાનું. જો ચૂકી ગયા તો ઊંડી ખીણમાં ફેંકાઇ જવાય. ત્યાંની આદિવાસી પ્રજામાં એ જંગલીઘાટ તરીકે ઓળખાય. આ પડકારરૂપ ઘાટ ચડીને સહુ ઉપર પહોંચ્યા. ત્યાં માત્ર બિહામણું જંગલ હતું. સવારે ત્યાં ઘાટઘર અને સાંજે જલવંડી ગામો આવ્યા. જો કે, એ ગામ પણ ન કહેવાય. ત્યાં માત્ર છુટાછવાયાં ઝૂપડાં હતાં.

ત્યાં ગોચરીસંબંધી એક યાદગાર અનુભવ શ્રમણોને થયો. એ દિવસે કઠિન ઘાટ ચડીને સૌ પરિશ્રાંત થયા હતા. આદિવાસીનાં ઝૂંપડામાં મહારાષ્ટ્રના શ્રાવકોએ ખપપૂરતી ગોચરીવ્યવસ્થા કરી હતી. પૂજયશ્રી વહોરીને આવ્યા. માત્ર ચાર દ્રવ્યો ગોચરીમાં હતા. પરંતુ ગમે તે કારણે દાળ એવી તીખી-તમતમતી હતી કે વાપરનારની જીભ રીતસરની તતડાઇ જાય. પૂજયશ્રી કહેતા કે આવી તીખી-વાપરતા જીભ તતડી ઉઠે તેવી દાળ જીવનમાં પૂર્વે કે પછી ક્યારેય વાપરવાનો યોગ આવ્યો ન હતો. દાળ પરઠવવી એ પણ શ્રમણાચારને ઉચિત ન હતું. શું કરવું? એની વિસામણમાં હતા ત્યાં ગુરુદેવનું અનુભવજ્ઞાન વહારે આવ્યું. ગુરુદેવે આજ્ઞા કરીઃ ''દરેકે દાળ વાપરી તો લેવાની જ છે. પરંતુ એની સાથે થોડો ઘીનો ઉપયોગ કરવો. એનાથી દાળની તીખાશ ઓસરી જશે.'' એ રીતે કરવામાં આવ્યું. પણ દાળનું એક બુંદ પરઠવવામાં આવ્યું નહિ. શારીરિક નુકસાન ન થાય અને દ્રવ્ય પરઠવવું ન પડે એ માટે ઉપાય ભલે ગુરુદેવનો અપનાવાયો. પણ પૂજયશ્રીને એ સમયે યાદ આવી ગઇ દશવૈકાલિક આગમગ્રન્થની ગાથા કેઃ

तित्तगं व कडुअं व कसायं, अंबिलं व महुरं व लवणं वा।
एयलद्धमन्नत्थपउत्तं, महु-घयं व भुंजिज्ज संजए।।

ભાવાર્થ કે કડવું-તીખું-તુરું-ખાટું-મધુર કે ખારું જે ભોજન મળ્યું હોય તે મધ-ઘી જેવા મિષ્ટ સ્વાદવાળું સમજીને શ્રમણ વાપરે. અર્થાત્ અનિષ્ટ સ્વાદ પર અરતિ કે ઇષ્ટ સ્વાદ પર રતિ કર્યા વિના પ્રસન્નભાવે વાપરે.

ત્યાંથી ક્રમશઃ જુન્નર-સંગમનેર-સિન્નેર-નાસિક-દેવલાલી-ઇગતપુરી-ઘોટી-કસારા ઘાટ-શાહપુર-ભીવંડી-થાણા-મુલુંડ-ઘાટકોપર-ચેમ્બુર-માટુંગા થઇ વાલકેશ્વર આગમન થયું. ત્યાં ગુરુદેવની નિશ્રામાં શ્રી સીમંધરસ્વામી આદિ અનેક જિનબિંબોની તથા શાસનાધિષ્ઠાયિકા શ્રી પદ્માવતીદેવી આદિની પ્રાણપ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. હંમેશની જેમ આમાં પણ પૂજયશ્રીની જહેમત અથાગ રહી. ત્યાંથી ઘાટકોપરના તપાગચ્છ જૈન સંઘમાં વિ.સં. ૨૦૧૯ના ચાતુર્માસ માટે ગુરુદેવની સાથે પૂજયશ્રીનો ચાતુર્માસપ્રવેશ થયો...

• • •



પ્રકરણ : ૧૯

વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યુત્પન્ન વિદ્વત્તા...

'પંચવસ્તુ' ગ્રન્થમાં ગુરુભક્તિનું ફળ દર્શાવતા મજાની વાત કરાઇ છે કે 'गुरुभक्ति–बहुमानभावत एव चारित्रे श्रद्धा स्थैर्यं च भवति, नान्यथा।' મતલબ કે ઉચ્ચ ભાવનાથી સંયમ અંગીકાર કરનાર પુણ્યાત્માએ પણ જો ચારિત્રધર્મમાં શ્રદ્ધા અને સ્થિરતા પ્રાપ્ત કરવી હોય તો એણે હૈયામાં ગુરુભક્તિભાવ-ગુરુબહુમાનભાવ પ્રગટાવવો જ જોઇએ. જેનાં અંતઃકરણમાં ગુરુતત્ત્વ પ્રત્યે ભક્તિ-બહુમાન પ્રગટ્યા નથી એ આત્મા ચારિત્રધર્મનાં ક્ષેત્રે સાચો વિકાસ સાધી શકે એ વાત શક્ય જ નથી. પૂર્વોક્ત 'નાન્યથા' શબ્દ દ્વારા આ નિર્દેશ કરાયો છે.

અને હા. ફક્ત ચારિત્રધર્મમાં શ્રદ્ધા-સ્થિરતા-વિકાસ જ નહિ, એથી આગળનું ધર્મક્ષેત્રીય સર્વોત્કૃષ્ટ ફળ પણ ગુરુભક્તિજન્ય કૃપાને આધીન છે. એથી જ લખાયું છે કે 'मोक्षमूलं गुरोः कृपा' અર્થાત્ ગુરુકૃપા તો મોક્ષપ્રાપ્તિનું મૂળ કારણ છે.

માટે સાચો શિષ્ય ગુરુભક્તિના અવસરે જરા ય પ્રમાદી ન રહે, બલ્કે ગુરુભક્તિના નવા નવા અવસરોની શોધ-ખોજ કરતો રહે. આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ વિ.સં. ૨૦૧૯ના ઘાટકોપરના ચાતુર્માસમાં આ જ કાર્ય કર્યું. બન્યું હતું એવું કે એ વર્ષે પૂ. ગુરુદેવશ્રી જીવનયાત્રાના સાઠમા વર્ષમાં મંગલ પ્રવેશ કરતા હતા. ગુરુદેવના એક સમયના સહાધ્યાયી અને સંસારપક્ષે દૂરના

સંબંધી શ્રી ધીરજલાલ ટોકરશી શાહે આ પ્રસંગની ઉજવણી કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. કિંતુ ગુરુદેવે એમ કહીને ઇન્કાર કરી દીધો કે ''મેં કાંઇ એવા મહાન કાર્યો કર્યા નથી કે આવી ઉજવણી કરાય.'' વસ્તુતઃ આ ગુરુદેવની નમ્રતા હતી. બાકી છેલ્લા બે-ત્રણ વર્ષોમાં પણ એમણે એવાં મહાન શાસનકાર્યો કર્યા હતા કે જે સુવર્ણાક્ષરે આલેખાય. પૂજ્યશ્રીએ આ વાર્તાલાપમાંથી ગુરુભક્તિનો અવસર બરાબર ઝડપી લીધો. એમણે શ્રી ધીરજલાલને એમની રીતે આયોજન કરવા દૃઢ કર્યા અને બીજી તરફ પોતે સંઘને પ્રેરણા કરી અભિનંદન-ગુણાનુવાદસમારોહ-જીવદયા-સાધર્મિકકાર્યો સાથે ભવ્ય ષષ્ટિપ્રવેશમહોત્સવ યોજાવ્યો. ગુરુદેવને ખ્યાલ પણ ન આવે એવી ત્વરાથી અને ચૂપકીદીથી સર્વ આયોજનો થયા. એવી ધન્ય પળે-મંગલ હૃદયભાવોથી આ પ્રથમ ઉજવણી થઇ કે તે પછી પ્રતિવર્ષ ગુરુદેવના જન્મદિનની ભવ્ય ઉજવણીનો નિત્યક્રમ થઇ ગયો. ગુરુદેવની હયાતિ પર્યંત તો આ ઉજવણી થઇ જ. એ પછી પણ અદ્યાવધિ પ્રતિવર્ષ આ ઉજવણી જારી જ છે. એમાં પુણ્ય નિમિત્ત બન્યો ઘાટકોપરના આ ચાતુર્માસનો ષષ્ટિવર્ષપ્રવેશ.

ઘાટકોપરના આ ચાતુર્માસમાં પ્રવચનોની ધોધમાર વર્ષા-આરાધનાઓ ઉપરાંત મહત્ત્વની બાબતોરૂપે બે કાર્યો થયાઃ (૧) ગુરુદેવની પ્રેરણાથી જિનાલયનો વિશાલ ભૂમિખંડ પૂર્ણતઃ સાધારણની રકમમાંથી લેવાયો. તેના માટે ₹. સવા લાખનું સાધારણફંડ પણ ગુરુદેવની પ્રેરણાથી એ જ ચાતુર્માસમાં થયું. (૨) વિરાટ જિનપ્રાસાદનું હજુ તો ખનનવિધાન પણ થયું ન હતું. છતાં ચાતુર્માસ બાદની સભામાં મૂલનાયક પ્રભુની પ્રતિષ્ઠાનો આદેશ ₹. ૧,૧૧,૧૧૧/- માં અપાયો જે શિખરજીતીર્થની ઉછામણી બાદ કરતા સમગ્ર ભારતભરમાં સૌથી મોટી ઉછામણીરૂપ હતો. બન્ને રકમો તે કાળની અપેક્ષાએ ઘણી મોટી હતી. ચાતુર્માસ બાદ વાલકેશ્વરમાં ગુરુદેવની નિશ્રામાં ૨૭૯ આરાધકોના ભવ્ય ઉપધાનતપ થયા. આ ઉપધાનતપના માળમહોત્સવ દરમિયાન મહા શુદિ ત્રીજે મુંબઇના અગ્રણી સંઘોની ઉપસ્થિતિમાં હજારોની મેદની વચ્ચે ગુરુદેવને 'યુગદિવાકર' બિરુદ જાહોજલાલીપૂર્વક અર્પણ કરાયું. મુંબઇના સંઘોની-અગ્રણીઓની ખાસ ભાવનાથી ગુરુદેવને બિરુદસમર્પણની વાતો ચાલી ત્યારે પંડિતો અનેકવિધ બિરુદો સૂચિત કરતા હતા. એમાં પંડિત શ્રી ધીરજલાલ ટોકરશીએ આ 'યુગદિવાકર' બિરુદ સૂચિત કર્યું હતું અને એને સર્વપ્રથમ અને મજબૂત ટેકો પૂજ્યશ્રીએ આપ્યો. કેમ કે આ બિરુદ ગુરુદેવની કારકીર્દિને સર્વથા સંગત હતું.

ત્યાંથી પૂજ્યશ્રી ગુરુદેવ સાથે ચેમ્બુરતીર્થના વિરાટ અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ માટે ચેમ્બુર પધાર્યા. મુંબઇના મધ્યવર્તી તીર્થરૂપે પંકાયેલ ચેમ્બુરનું કાર્ય ગુરુદેવે વિ.સં. ૨૦૧૮માં હાથ પર લીધું. તે પછી માત્ર નવમાસમાં એનું પ્રભુપ્રવેશ-યોગ્ય નિર્માણકાર્ય થઇ જતાં ગત વર્ષે ત્યાં એકાવન ઇંચના દેદીપ્યમાન મૂલનાયક શ્રી આદિનાથદાદાનો ગર્ભગૃહપ્રવેશ થઇ ચૂક્યો હતો. હવે અન્ય એક સો જિનબિંબોની અંજનવિધિ અને ચેમ્બુરતીર્થના તમામ પ્રભુજીઓની પ્રતિષ્ઠાનો આ મહોત્સવ હતો. સો-સો મૂર્તિઓનાં અંજનના સંસ્કૃત લેખો લખાવવાથી લઇને મહોત્સવની નાનામાં નાની જવાબદારી પૂજ્યશ્રી વહન કરતા હતા. કેવી હતી એમની સમર્પિત જવાબદારી? એ જાણવા એક ઉલ્લેખ કરીએઃ ત્યારે ચેમ્બુરતીર્થ પરિસરમાં ઉપાશ્રય ન હતો. જિનાલય સિવાય આસપાસ ક્યાંય મકાનો પણ ન હતા. એથી બે સિવાય તમામ શ્રમણોને હાલની આદિનાથ સોસાયટીના ખુલ્લા ભૂખંડ પર મંડપમાં સ્થિરતા કરાવાઇ હતી. જે બે શ્રમણો બાકી રહ્યા એ હતા પૂ. યુગદિવાકરશ્રી અને આપણા પૂજ્યશ્રી. સતત કાર્યોમાં હાજરી જરૂરી રહે તે માટે ફક્ત આ બે શ્રમણોની જ સ્થિરતા તીર્થપરિસરના એક ભાગે પતરાના ખંડમાં કરાવાઇ હતી. પૂજ્યશ્રી યુગદિવાકર ગુરુદેવની શાસનકાર્યવાહીમાં કેવા ઓતપ્રોત હતા એનો આ પ્રસંગથી અંદાજ મળી શકે છે. ઉત્તમ વિધિવિધાનો-દર્શનીય કલ્યાણક ઉજવણી-પાંચ પાંચ વરઘોડા-મહોત્સવના નવે ય દિવસ હજારો સાધર્મિકોની ટેબલ-ખુરશી પર ભોજનભક્તિ અને ચડતે ઉમંગે મુંબઇના ટોચના દાનવીર શ્રેષ્ઠીવર્ય માણેકલાલ ચુનીલાલ શાહ વગેરેના હસ્તે પ્રભુપ્રતિષ્ઠા બાદ અલ્પ સમયમાં ચેમ્બુરતીર્થ 'મુંબઇના શત્રુંજય'ની ખ્યાતિ વર્યું. જેમ પૂ. યુગદિવાકરશ્રીની શ્રદ્ધા ચેમ્બુરતીર્થ સાથે ઉત્કૃષ્ટપણે સંલગ્ન હતી, તેમ પૂજ્યશ્રીની શ્રદ્ધા પણ ચેમ્બુરતીર્થ સાથે ઉત્કૃષ્ટપણે સંલગ્ન હતી. ત્યાંના મૂલનાયક પ્રભુની ભક્તિમાં તેઓ ખૂબ તલ્લીનતા અનુભવતા. એથી નજીકના ઉપનગરોમાં વિચરણ હોય ત્યારે દર્શન-ચૈત્યવંદનાદિ ભક્તિ માટે પૂજ્યશ્રી ખાસ ચેમ્બુરતીર્થે પધારતા.

વૈશાખ માસમાં વાલકેશ્વર-બાબુ અમીચંદ જિનાલયે શ્રીદેવીપ્રતિષ્ઠાદિ મંગલ કાર્યો થયા અને વિ.સં. ૨૦૨૦નું એ ચાતુર્માસ ગુરુદેવ સાથે વાલકેશ્વર થયું. ચાતુર્માસ બાદ વિ.સં. ૨૦૨૧માં ચેમ્બુરતીર્થે સેંકડો ભાવિકોના સર્વપ્રથમ ઉપધાનતપ-તેના માળારોપણમહોત્સવ પ્રસંગે અનેક નૂતન જિનબિંબોની અંજનશલાકા પ્રતિષ્ઠા-સાયન જૈન સંઘમાં ગુરુદેવની નિશ્રામાં મહા શુદિ બીજે ભવ્ય શિખરબદ્ધ જિનાલયનું શિલાસ્થાપન-અગાશીતીર્થે સામૂહિક ચૈત્રી ઓળી આરાધનાદિ ધર્મકાર્યોની પરંપરા રચાઇ. એના અંતે વિ.સં. ૨૦૨૧નાં ચાતુર્માસનો પ્રવેશ પાયધુનીના નમિનાથ જૈન સંઘમાં થયો. આ ચાતુર્માસનો ઝાકઝમાળ પ્રારંભ થયાના થોડા દિવસોમાં પૂ. યુગદિવાકર ગુરુદેવને હૃદયરોગનો હુમલો (Heart Attack) આવતા ગુરુદેવને

ફરજિયાત આરામ અપાયો. આપણા પૂજયશ્રીએ ગુરુદેવની છત્રછાયામાં પર્યુષણામહાપર્વની આરાધના ખૂબ સરસ ઉલ્લાસસભર કરાવી. આ ચાતુર્માસની પૂજયશ્રી સંબંધી વિશિષ્ટ ઘટના એટલે ન્યાયશાસ્ત્રોની અંતિમ ઉત્તમા પરીક્ષા.

પૂર્વ પ્રકરણોમાં નિહાળ્યું તેમ વિ.સં. ૨૦૧૨ સુધીમાં પૂજયશ્રીએ સંસ્કૃત વ્યાકરણ અને સાહિત્યની ત્રણ-ત્રણ પરીક્ષાઓ **First Class First** ઉત્તીર્ણ કરી હતી. ઉપરાંત ન્યાયશાસ્ત્રની બે પરીક્ષાઓ પણ એ જ રીતે ઉત્તીર્ણ કરી. પરંતુ ન્યાયની અંતિમ પરીક્ષા પૂજયશ્રી આપી ન શક્યા. કેમ કે એનું કેન્દ્ર માત્ર કલકત્તા હતું. છેલ્લા વર્ષમાં પ્રયત્ન થતા મુંબઈના ભારતીયવિદ્યાભવનમાં તેનું કેન્દ્ર મળી જતા પૂજયશ્રીએ ન્યાય-ઉત્તમા પરીક્ષા આપવાનો નિર્ણય કરી આ ચાતુર્માસમાં એની તૈયારી આરંભી. એક વિશેષતા આમાં પૂજયશ્રીની એ નિહાળાય છે કે તેઓ છેલ્લા પાંચ વર્ષમાં યુગદિવાકરશ્રીની શાસનપ્રવૃત્તિઓમાં-ધર્મપ્રભાવનાઓમાં એવા ગળાડૂબ જોડાઇ ગયા હતા કે એમાં અભ્યાસનો અવકાશ નહિવત્ રહ્યો હતો. હવે એ **Track** બદલીને અભ્યાસમાં જોડાવું અને એ પણ ઉચ્ચતર કઠિન ગ્રન્થોના પરીક્ષાલક્ષી અભ્યાસમાં જોડાવું સામાન્યપણે મુશ્કેલ બની રહે. પૂજયશ્રીને એમના સહવર્તી મુનિવરો કહેતા:''નાના હતા ત્યારે તમે એક ખૂણો પકડીને સતત અભ્યાસ કરી શકતા હતા. પરંતુ હવે તમે તમામ જવાબદારીઓમાં આવી ગયા હોવાથી ખૂણો પકડવો તમારા માટે શક્ય નથી. વળી આ ન્યાયની અંતિમ પરીક્ષા છે. એટલે વિષય પણ કઠિન અને પરીક્ષા પણ વધુ કઠિન છે. **Rank** બદલાઇ જાય એના કરતાં પરીક્ષા ન આપવી સારી. માત્ર અભ્યાસ કરી લેવો.''

પૂજયશ્રી ત્યારે માત્ર સ્મિત વેરી વાત પૂર્ણ કરી દેતા. પરંતુ ગુરુકૃપા પરની એમની શ્રદ્ધા અને ઉછળતો આત્મવિશ્વાસ એમને એ પ્રતીતિ કરાવતો હતો કે પરીક્ષા નિર્ધારિત સમયે જ અપાશે અને પરિણામ પણ અગાઉની જેમ શ્રેષ્ઠ કક્ષાનું જ આવશે. વિષયનું તલસ્પર્શી ખેડાણ અને એકાગ્રચિત્તતા, આ બે એમની અભ્યાસ વિષયક વિશેષતા હતી. 'દર્શવૈકાલિક' આગમગ્રન્થમાં શ્રુતસમાધિનાં નિરૂપણમાં અધ્યયનના ચાર હેતુઓ પૈકી બીજો હેતુ દર્શાવ્યો છે એકાગ્રચિત્તતા. નાની વયના સતતાભ્યાસથી પૂજયશ્રીને આ હેતુ આત્મસાત્ થઇ ગયો હતો તે આ વર્ષે પુનઃ ઉપયોગી બન્યો. તમામ જવાબદારી અને વિશેષતઃ હૃદયરોગની બિમારીથી ગ્રસ્ત ગુરુદેવની સેવા-પરિચર્યા વચ્ચે ય પૂજયશ્રીએ અભ્યાસમાં એકાગ્રચિત્તતા દાખવી. એ ચાતુર્માસ તથા શેષકાળમાં તમામ અભ્યાસ એમણે નિર્ધારિત સમયે પૂર્ણ કર્યો, ભારતીયવિદ્યાભવનમાં સંસ્કૃત ભાષાના માધ્યમથી ન્યાયતીર્થની પરીક્ષા આપી અને પરિણામ આવ્યું ત્યારે એ જ **Rank** હતી **First Class First !!** પરીક્ષાની તૈયારી કરાઇ વિ.સં. ૨૦૨૧ના આ નમિનાથ સંઘનાં ચાતુર્માસમાં અને પરીક્ષા અપાઇ વિ.સં. ૨૦૨૨માં. પરીક્ષાના પરિણામ બાદ તત્કાલીન પ્રસિદ્ધ સાપ્તાહિક 'જૈન'માં પૂજયશ્રીની આ જ્ઞાનસાધનાનાં અનુસંધાનમાં શ્રી રતિલાલ દીપચંદ દેસાઇનો અગ્રલેખ પ્રગટ થયો. તેમાં પ્રારંભે પૂજયશ્રીની જ્ઞાનસાધનાને બિરદાવવા સાથે પરીક્ષાપદ્ધતિનું મહત્ત્વ દર્શાવતી સરસ વિચારણા કરાઇ હતી. આપણે એના એક-બે અંશો નિહાળીએ. તેઓ લખે છે કે ''અમૂક પરીક્ષાને ધ્યાનમાં રાખીને કરાતું અધ્યયન નિયમિત તેમજ વ્યવસ્થિત થાય છે. એની સમયમર્યાદા નિયત થઇ જાય છે એ એનો ઘણો મોટો લાભ છે. આવી પરીક્ષાનું ધ્યેય ન હોય તો પણ અધ્યયન તો ચાલતું રહે છે. પણ ન તો એ વ્યવસ્થિત થઇ શકે છે, કે ન તો પૂર્ણાહુતિના ખીલે બંધાઇ શકે છે. એટલે ત્યાગી હોય કે ગૃહસ્થ, એમને વિદ્યા-અધ્યયનમાં સરખી રીતે આગળ વધવાનો રાજમાર્ગ પરીક્ષાપદ્ધતિનો સ્વીકાર કરવો એ જ છે. પદવી તો એનું આનુષંગિક ફળ છે. **XXX** આપણો ત્યાગીવર્ગ અત્યારના સમયને અનુરૂપ ઊંડા વિદ્યા-અધ્યયનમાં આગળ વધે અને એમાંથી જુદા જુદા વિષયોની નિષ્ણાત વ્યક્તિઓ પાકે એમ આપણે ઇચ્છતા હોઇએ તો પરીક્ષાપદ્ધતિનો સ્વીકાર કરવો જોઇએ અને આપણા વડીલ ગુરુવર્ગે એમની આજ્ઞામાં રહેતા મુનિવરો તથા સાધ્વીજીઓને એમની યોગ્યતા અને રુચિ પ્રમાણે તે તે વિષયની પરીક્ષાની તૈયારી માટે પ્રોત્સાહન આપવું જોઇએ.''

મુખ્યત્વે આ પરીક્ષાપદ્ધતિએ પૂજયશ્રીને કેવા વૈવિધ્યસભર ગ્રન્થોનું અભ્યાસપૂર્ણ ખેડાણ કરાવ્યું એ જાણવું છે ? તો વાંચો પૂજયશ્રીએ અભ્યસ્ત કરેલ ગ્રન્થોની-શાસ્ત્રોની આ સૂચિ:

-પ્રકરણાદિક્ષેત્રે પ્રકરણો-ભાષ્યો-કર્મગ્રન્થો-ક્ષેત્રસમાસ-બૃહત્ સંગ્રહણી, તત્ત્વાર્થ શાસ્ત્ર તેની હારિભદ્રી-સિદ્ધસેનીય તેમજ યશોવિજયજીકૃત ટીકા શ્લોકવાર્તિક-રાજવાર્તિક, જ્ઞાનસાર-યોગ શાસ્ત્ર-અધ્યાત્મોપનિષદ્-અધ્યાત્મસાર-પ્રશમરતિ આદિ તમામનું સટીક સાર્થ અધ્યયન.

વ્યાકરણક્ષેત્રે સિદ્ધહેમલઘુપ્રક્રિયા-લઘુવૃત્તિ-બૃહદ્વૃત્તિ-હૈમપ્રકાશ-લઘુવૃત્તિ અવચૂરિ-ચન્દ્રપ્રભા-સિદ્ધપ્રભા-હેમપ્રભા-લઘુન્યાસ-બૃહન્ન્યાસ-બૃહન્ન્યાસાનુસંધાન-લિંગાનુશાસન-ધાતુપારાયણ-ન્યાયસંગ્રહ-ક્રિયારત્નસમુચ્ચય આદિ. આ ઉપરાંત શાકટાયન-જૈનેન્દ્ર અને પાણિનિ વ્યાકરણના ગ્રન્થોનું અવલોકન.

- સાહિત્યક્ષેત્રે હિતોપદેશ-પંચતંત્ર-રઘુવંશ-કુમારસંભવ-મેઘદૂત-ઇંદુદૂત -કિરાતાર્જુનીય-શિશુપાલવધ-નૈષધીયચરિત્ર-ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર

-द्धयाश्रयमहाकाव्य-सप्तसंधानमहाकाव्य-दशकुमारचरित्र-तिलकमंजरी-कादंबरी -हर्षचरित्र-साहित्यदर्पण-अलंकारचूडामणिविवेक-काव्यप्रकाश-प्रबुद्धरौहिणेय -स्वप्नवासवदत्त-मुद्राराक्षस-मृच्छकटिक-अभिज्ञानशाकुंतल-अमर मंगल -हनुमन्नाटक-उपमितिभवप्रपंचकथा आदि.

- न्यायक्षेत्रे तर्कसंग्रह-न्यायसिद्धांतमुक्तावलि-व्याप्तिपंचक-सिद्धांतलक्षण -जैन तर्कभाषा-अनेकांतव्यवस्था-नयप्रदीप-नयरहस्य-नयोपदेश -अन्ययोगव्यवच्छेदद्धात्रिंशिका-अयोगव्यवच्छेदद्धात्रिंशिका-प्रमाणमीमांसा -प्रमाणनयतत्त्वालोक-रत्नाकरावतारिका-स्याद्धादरत्नाकर-न्यायसमुच्चय -सन्मतितर्क-षड्दर्शनसमुच्चय-सर्वदर्शनसंग्रह-आप्तमीमांसा-अष्टशती - परीक्षामुख आदि. આ ઉપરાંત પ્રમેયકમલમાર્તંડ-ન્યાયકુમુદચન્દ્રોદય આદિ ગ્રન્થોનું અવલોકન.

- છંદક્ષેત્રે છંદોમંજરી-છંદોનુશાસન-ભરતનાટ્યમ્.

-કોશક્ષેત્રે ધનંજય નામમાલા-અભિધાનચિંતામણિ-અમરકોશ અને તેની ટીકાઓ.

આ સિલસિલાબદ્ધ ગ્રન્થયાદી વાંચતા નથી લાગતું કે પૂજ્યશ્રી વિવિધ વિદ્યાશાખાના અદ્‌ભુત વ્યુત્પન્ન વિદ્વાન હતા ??

ગ્રન્થોનું અધ્યયન હોય કે માત્ર વાંચન, પૂજ્યશ્રી એમાં ઊંડાણપૂર્વક જઈને વિચારી શકતા હતા અને ચાલી આવતી ક્ષતિ પણ તુર્ત પકડી શકતા હતા. આપણે એની ઝલકરૂપ એક-બે પ્રસંગ જોઈએઃ સામાન્યપણે પરંપરાથી જે બાબત ચાલી આવતી હોય એમાં વ્યક્તિની બુદ્ધિ જલપ્રવાહમાં તણાતા તણખલાની જેમ તણાતી હોય. એ એમાં ઝાઝો વિચાર ન કરી શકે. આપણા પૂજ્યશ્રીની બુદ્ધિ એ રીતે તણાયા વિના સ્વસ્થ રહી વિવેક કરી શકતી હતી. તેની પ્રતીતિ થાય છે કલ્પસુબોધિકા ટીકાના એક પાઠમાં. કલ્પસૂત્રના બીજા વ્યાખ્યાનમાં દશ અચ્છેરાના નિર્દેશ પ્રસંગે ટીકાકારે લખ્યું છે કે 'गर्भस्य हरणं–उदरान्तरमोचनं तत् कस्याऽपि जिनस्य न भूतपूर्वं.' આનો અર્થ એ થતો હતો કે ભૂતકાળમાં કોઇ પણ જિનેશ્વરપ્રભુનું ગર્ભાપહરણ થયું નથી. મારા જેવા પણ પરંપરાથી બોલાતી આ વાત આ રીતે કહેતા હતા. કિંતુ પૂજ્યશ્રીના વપરાશની પ્રત વાંચી ત્યારે નવો ખ્યાલ આવ્યો. પૂજ્યશ્રીએ ટીકાગત પંક્તિના 'कस्याऽपि' અને 'न भूतपूर्वं' શબ્દો નીચે પેન્સિલથી લાઇન કરીને બાજુમાં લખ્યું કે ''કલ્પસૂત્ર મૂળમાં 'आयाइंसु वा' પાઠ છે. એનાથી સ્પષ્ટ નક્કી થાય છે કે અનંતકાળ પૂર્વે પણ આવા બનાવ બન્યા હશે. માટે 'कस्यापि जिनस्य न भूतपूर्वं' શબ્દો વિચારણીય છે.'' આ થઇ ઊંડાણપૂર્વક વિચારવાની પૂજ્યશ્રીની ઝલક. આ જ પ્રસ્તુતિમાં પૂજ્યશ્રી ટીકાના શબ્દો માટે 'ખોટા છે' એમ નથી લખતા. બલ્કે 'વિચારણીય છે' એમ લખે છે. જે તેઓની વિવેકદૃષ્ટિનાદ્યોતક છે.

હવે વિચારીએ વ્યાકરણસંબંધી ઝલક. કલ્પસુબોધિકા-ટીકામાં પ્રભુનો ત્રિપૃષ્ઠ વાસુદેવનો ભવ વર્ણવતા આ શબ્દો લખાયા છે કે 'प्रतिबुद्धेण वासुदेवेन XX इत्युक्त्वा तत्कर्णयोस्तप्तं त्रपु क्षिप्तवान् तेन च कर्णयोः कीलकप्रक्षेपकारणं कर्मोपार्जितवान्।' આ પાઠમાં જે 'क्षिप्तवान्' અને 'उपार्जितवान्' શબ્દપ્રયોગો છે તે કર્તરિભૂતકૃદન્તના છે અને વાક્યરચના કર્મણિપ્રયોગની છે. તેથી એ બન્ને શબ્દો નીચે લાઇન કરીને પૂજ્યશ્રીએ કર્મણિભૂતકૃદન્તના ક્રમશઃ શબ્દપ્રયોગો લખ્યા 'क्षिप्तं' અને 'उपार्जितम्'. સંસ્કૃત વ્યાકરણના નિયમ અનુસાર પૂજ્યશ્રીએ દર્શાવેલ સુધારો એકદમ બરાબર છે...આ વ્યાકરણસંબંધી સુધારો કે પૂર્વોક્ત વિગતસંબંધી સુધારો, બન્નેમાં ધ્યાનાકર્ષક બાબત એ હતી કે પૂજ્યશ્રીએ બેમાંથી એક પણ સ્થળે ટીકાગત પાઠમાં છેકછાક કરી નથી. માત્ર એની બાજુમાં સુધારો દર્શાવ્યો છે. એમાં ય વ્યાકરણસંબંધી સુધારો પોતે પ્રશ્નાર્થરૂપે મૂક્યો છે. આ દ્વારા એમણે પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી વિનયવિજયજી ગણિવર જેવા વિદ્વાન સર્જક અને સમર્થ વૈયાકરણનો સમાદર કર્યો. બીજી ધ્યાનાકર્ષક વાત આમાં એ હતી કે આ 'કલ્પસુબોધિકા' ગ્રન્થ એમનો અધ્યયનવિષય ન હતો, માત્ર વાંચનવિષય હતો. છતાં એ એમાં આવી દૃષ્ટિસંપન્નતા દાખવી શક્યા હતા.

હજુ એક-બે નાની શી ઝલક પૂજ્યશ્રીના સંસ્કૃત વ્યાકરણપ્રભુત્વની. પૂજ્યશ્રી વારંવાર કહેતા કે સંસ્કૃત વ્યાકરણ એવો અગાધ સમુદ્ર છે કે એનું જેટલું અવગાહન કરીએ એટલું ઓછું છે. જો કોઇ વ્યક્તિ પોતાને નિષ્ણાત માને તો વ્યાકરણમાં કેટલા ય સ્થાનો એવાં છે કે જેથી એવી વ્યક્તિઓ ય ભુલભુલામણી અનુભવે. પૂજ્યશ્રી એવા ઘણાં ઉદાહરણો જણાવતા. એમાં એક ઉદાહરણ તેઓ દર્શાવતા હતા प्रज्ञः. સામાન્યપણે प्रज्ञः નો અર્થ મેધાવી-હોંશિયાર થાય. પરંતુ 'संप्राज्ज्ञानोर्ज्ञुज्ञौ ૭/૩/૧૫૫ આ સૂત્રથી જે प्रज्ञः શબ્દ બને છે એનો અર્થ થાય છે જેના જાનુ (ઘૂંટણ) પ્રવૃદ્ધ-મોટા છે તેવી વ્યક્તિ. બીજું ઉદાહરણ જણાવતા હતા 'शून्यम्.' સામાન્યપણે 'शून्यम्'નો અર્થ રિક્ત=ખાલી થાય. પરંતુ शुनो वश्चोदूत् ૭/૧/૩૨ આ સૂત્ર દ્વારા જે 'शून्यम्' શબ્દ બને તેનો એક અર્થ થાય છે શ્વાનના હિત માટે. प्रज्ञः અને 'शून्यम्' શબ્દના આવા પણ અર્થ થઇ શકે એવો ખ્યાલ સામાન્યપણે ન આવી શકે. જેમને વ્યાકરણના તદ્ધિત જેવા કઠિન વિભાગો પણ નવકારમન્ત્રની જેમ ઉપસ્થિત હોય એમને આ ખ્યાલ આવી શકે કદાચ.

આ થઇ નમિનાથસંઘના ચાતુર્માસમાં પૂજયશ્રીએ પુનઃ એક વાર માંડેલ અધ્યયનયજ્ઞની અને એના અનુસંધાનમાં પૂજયશ્રીની અભ્યાસસંબંધી-વિદ્વત્તાસંબંધી અનુમોદનીય વાતો...

નમિનાથસંઘનાં ચાતુર્માસ બાદ ગુરુદેવની સ્થિરતા ચેમ્બુરતીર્થે થઇ. Heart Attackનાં કારણે સર્જાયેલ નાદુરસ્તીનાં કારણે ડૉક્ટરોની સલાહ આરામ માટે હતી. આથી ઉપધાન તપ જેવા કોઇ મોટા અનુષ્ઠાન આ ચાતુર્માસાંતે યોજાયા ન હતા. પૂજયશ્રી ગુરુદેવની સેવામાં એમની સાથે ચેમ્બુરતીર્થે રહ્યા. ત્યાં માત્ર બે કાર્ય હતાઃ એક તરફ ગુરુદેવની સેવા અને બીજી તરફ સ્વાધ્યાય. ન્યાયશાસ્ત્રોની અંતિમ પરીક્ષાનાં અનુસંધાનમાં અહીં પૂજયશ્રીએ ઘણા ગ્રન્થોનું અવલોકન-અધ્યયન કર્યું. સ્વાસ્થ્ય સાનુકૂળ થયા બાદ ગુરુદેવનો વિહાર થતાં શેષકાળમાં મુંબઇના વિવિધ સંઘોના ધર્મકાર્યો થયા. તેમાં મુખ્ય કાર્ય થયું કાંદિવલી (વેસ્ટ)માં વિશાલ ઉપાશ્રયનાં ખનન-શિલાન્યાસનું. ત્યારે સમગ્ર કાંદિવલી ઇસ્ટ-વેસ્ટમાં આ એક જ ઉપાશ્રય થઇ રહ્યો હતો. સંઘ પણ સંપૂર્ણ કાંદિવલીનો એક જ હતો. એથી ઉપાશ્રય પણ એવો જ ભવ્ય-વિશાલ નક્કી કરાયો હતો. મુંબઇ બહાર વાસદના સંઘનું ય ઉપાશ્રયકાર્ય આ શેષકાળમાં થયું. તે પછી ગુરુદેવ તથા પૂ. મુનિવર્ય શ્રી યશોવિજયજી મ. આદિ સાથે પૂજયશ્રીનું વિ.સં. ૨૦૨૨નું ચાતુર્માસ વાલકેશ્વરમાં થયું. ડૉક્ટરોની સલાહ અનુસાર આ ચાતુર્માસમાં પણ પર્યુષણા સુધી પ્રવચનોની જવાબદારીમાંથી ગુરુદેવને મુક્ત રખાયા. એથી પ્રવચનપીઠ સંભાળવાની જવાબદારીનો કળશ ઢોળાયો આપણા પૂજયશ્રી પર. અન્ય શક્તિસંપન્ન શ્રમણો ચાતુર્માસમાં ત્યાં સાથે જ હોવા છતાં પૂજયશ્રીને જે વિશ્વાસથી પ્રવચનની જવાબદારી સુપરત કરાઇ એને પૂજયશ્રીએ સવાયી સાર્થક કરી. ચાતુર્માસપ્રવેશથી પર્યુષણા સુધીનો સમયખંડ એવો હોય છે કે એના પર જ ચાતુર્માસની સફલતા અવલંબે. પૂજયશ્રીએ ગુરુદેવની પ્રવચનસભાઓને અનુરૂપ તત્ત્વજ્ઞાનમંડિત પ્રવચનધારા વહાવી શ્રોતાઓને-સંઘને બરાબર જકડી રાખ્યો. પૂજયશ્રી માટે સળંગ પચાસ દિવસનાં પ્રવચનોનો પ્રસંગ આ પ્રથમ જ હતો. કિંતુ એમણે એ સુપેરે શોભાવ્યો.


પ્રવચન અંગે પૂજયશ્રીની બે બાબતો ઊડીને આંખે વળગે તેવી હતી. એક, એમણે ક્યારે ય જીવનમાં વ્યાખ્યાનની નોટો લખી નથી કે પદાર્થો-દૃષ્ટાંતો નોંધ્યા નથી. ગુરુદેવનાં પ્રવચનો કાયમ શ્રવણ કરતી વેળાએ દાખવેલી એકાગ્રતા-તન્મયતા એ જ એમની નોટ કે નોંધ હતી. કાગળ પર કાંઇ નહિ, બધું જ એકાગ્ર ચિત્તમાં. બે, જીવનના અંત સુધી મેં એમનામાં એ જોયું છે કે તેઓ વ્યાખ્યાન પૂર્વે કોઇ પણ વાંચન કે નોંધ કરતા ન હતા. સહજતાથી જ એમના પ્રવચનો અંદરથી વહ્યા કરે. એમાં ગુરુદેવ પૂ. ધર્મસૂરીશ્વરજી મ.નાં પ્રવચનોની ઘણી અસર ઝિલાય. વાલકેશ્વરનાં આ ચાતુર્માસની એમની સર્વ પ્રથમ પચાસ દિવસીય પ્રવચનધારામાં પણ આમ જ બન્યું. તત્ત્વાર્થસૂત્ર પર એમની પ્રવચનધારા ચાલી. વિષય તત્ત્વનો અને રજૂઆત એકદમ મજબૂત. એની એક ઝલક જોઇએ તો, એક વાર પ્રવચનમાં વિષય ચાલ્યો શબ્દની પૌદ્ગલિકતાનો. પૂજયશ્રીએ ત્યાં જણાવ્યું:

''ન્યાયદર્શન-વૈશેષિક મત શબ્દને આકાશનો ગુણ માને છે. 'શબ્દગુણકમાકાશમ્' આ એમની માન્યતા છે. જ્યારે જૈન દર્શન શબ્દને પુદ્ગલરૂપ-મૂર્ત માને છે. એ મૂર્ત હોવાથી બોલાયેલ શબ્દને યથાવત્ ઝીલીને અન્યત્ર અવતારી શકાય છે. શાસ્ત્રમાં 'સુઘોષા' ઘંટાનો ઉલ્લેખ આવે છે કે તે સુઘોષા ઘંટા દ્વારા હરિણૈગમેષી દેવ એક સ્થળેથી બોલાયેલ પોતાના શબ્દો લાખો વિમાનોમાં યથાવત્ પહોંચાડે છે. થોડા વર્ષો પૂર્વે કેટલાય ને આ વાતમાં સંદેહ થતો હતો. પરંતુ આજના રેડિયો-ટેલિફોન વગેરે સાધનોએ પ્રત્યક્ષ પૂરવાર કરી દીધું છે કે યાન્ત્રિક સાધનોનાં માધ્યમથી એક સ્થળે બોલાયેલ શબ્દો હજારો માઇલ દૂર યથાવત્ ઝીલી શકાય છે. હજારો વર્ષો પૂર્વે કોઇપણ પ્રકારના વૈજ્ઞાનિક પ્રયોગો વિના શાસ્ત્રોએ કહેલ શબ્દની મૂર્તતા અને સુઘોષા ઘંટા દ્વારા સંદેશપ્રસારણ જેવી વાતોને આજનું વિજ્ઞાન પ્રત્યક્ષ પૂરવાર કરી આપે છે. એ જ દર્શાવે છે કે જૈન શાસન કેવું સર્વજ્ઞતામૂલક છે.''

વિ.સં. ૨૦૨૨નાં એ ચાતુર્માસ બાદ મુંબઇમાં એક સાથે બે સ્થળે ઉપધાનતપનો પ્રસંગ આવ્યો. તેમાં મલાડ-દેવચંદનગર સંઘના ઉપધાન પૂ.આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં હતા, તો ચેમ્બુરતીર્થના ઉપધાન ગુરુદેવની નિશ્રામાં હતા. ચેમ્બુરના ઉપધાનમાં ૩૩૫ આરાધકો હતા. તેની માળની સાથે આરસના-ધાતુના મળી બસો પ્રતિમાની અંજનશલાકા, પ્રતિષ્ઠા, સાંતાક્રુઝ-ઇસ્ટ-વેસ્ટના સંઘોમાં પ્રભુપ્રતિષ્ઠા, દાદરમાં પ્રભુપ્રતિષ્ઠા વગેરે ધર્મકાર્યો મહામાસ સુધીમાં હતા અને આ તરફ પૂજયશ્રીને ધર્મસંકટ થાય-દ્વિધા થાય તેવો બીજો પ્રસંગ એમની સાંસારિક જન્મભૂમિ ડભોઇ તીર્થે ઉપસ્થિત થયો હતો. બન્યું એવું કે પૂજયશ્રીના સાંસારિક વડીલ ભગિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજીએ સળંગ ૨૦૦+૫૨૫ આયંબિલનો તપ વચ્ચે એક પણ બિયાસણા વિના આરાધ્યો હતો. એનાં પારણાનો ઉત્સવ ડભોઇ તીર્થે હોવાથી પૂજયશ્રીના સાંસારિક સ્વજનોની આગ્રહભરી વિનંતિ હતી કે ભાઇમહારાજ તરીકે



જય
ગિરિરાજ
....
જય
ગુરુરાજ



જય ગિરિરાજ....
જય ગુરુરાજ














જય ગિરિરાજ.... જય ગુરુરાજ



પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં
શ્રી સમરથમલજી ચેલાજી પરિવાર
દ્વારા અયોધ્યાપુરમથી
શ્રી સિદ્ધગિરિરાજનો સાતસો
યાત્રિકોનો યશસ્વી પદયાત્રા
સંઘ યોજાયો તેની આ તસવીરોમાં
એક તરફ શત્રુંજય તીર્થાધિપતિ દાદા
આદિનાથના શિખરની ધ્વજા આપણને
જાણે 'જય ગિરિરાજ'ની ઘોષણા કરાવે છે,
તો પૂજ્યશ્રીની પ્રસન્ન પ્રવચન મુદ્રા
આપણને જાણે 'જય ગુરુરાજ'ની
ઘોષણા કરાવે છે. તસવીરોમાં પૂ.સા.શ્રી
મયૂરકળાશ્રીજી મ. આદિ શ્રમણીવૃંદ પણ
દેખાય છે.









પૂજ્યશ્રી તો અવશ્ય ડભોઇ પધારે. જો ડભોઇનો વિહાર થાય તો ઉપરોક્ત સર્વ શાસન કાર્યોમાં પૂજ્યશ્રીની ગેરહાજરી રહે અને ગુરુદેવની જવાબદારી વધી જાય.

વિનંતિ અને આગ્રહ વધ્યો ત્યારે પૂજ્યશ્રીએ 'બેનમહારાજનાં પારણામાં મારે ઉપસ્થિત થવું છે' એવી કોઇ તમન્ના-મનોરથ દર્શાવ્યા વિના એક સમર્પિત શિષ્યને છાજે એ રીતે આ બાબત ગુરુદેવ પર મૂકી દીધી અને કહ્યું: ''ગુરુદેવની જે ભાવના હશે એ પ્રમાણે કરીશ.'' શાસનકાર્યોની જવાબદારીનું વૈવિધ્ય અને પૂજ્યશ્રીનાં કૌશલ્યને લક્ષ્યમાં રાખી ગુરુદેવે કહ્યું: ''મારું સ્વાસ્થ્ય હજુ હમણાં જ જવાબદારી સંભાળે તેવું થયું છે અને સામે ધર્મકાર્યો ઘણાં છે. માટે ડભોઇનો પારણાપ્રસંગ ગૌણ કરી અહીંનાં કાર્યોને પ્રાધાન્ય આપવાનું છે.'' એક જ ક્ષણ... અને પૂજ્યશ્રીએ તહત્તિ કરીને સ્વજનોને-બેન સાધ્વીજીને 'પોતે નહિ આવી શકે' એ જણાવી દીધું. ગુરુદેવ સાથે ન કોઇ કિંતુ-પરંતુ, કે ન કોઇ ચર્ચા-દલીલ.

યાદ આવે શ્રી દશવૈકાલિક આગમની પેલી ગાથા-પંક્તિ કે 'निद्देसवित्ती पुण जे गुरूणं.' ત્યાં એમ જણાવ્યું છે કે જેઓ ગુરુના નિર્દેશ મુજબ વર્ત્યા એ શિષ્યો સંસાર સાગર તરીને ઉત્તમ ગતિ-મોક્ષ પામી ગયા છે.

પૂજ્યશ્રીએ આ વિનયસંપન્નતા દ્વારા જાણે પોતાના સમુજ્જવલ ભાવિનો નિર્દેશ કર્યો હતો.

• • •



પ્રકરણ : ૨૦

જેવી અધ્યયનયાત્રા... એવી અધ્યાપનયાત્રા...

સંપત્તિનો પૂજારી વર્ગ ભલે રૂપિયા-સુવર્ણ-હીરા-મકાન-દુકાન વગેરેને જ ધનરૂપે ગણે. પરંતુ સંસ્કૃત સુભાષિતકારો બહુ જ વાસ્તવિકપણે આ તમામથી ચડિયાતા એક સર્વશ્રેષ્ઠ ધનનો નિર્દેશ કરે છે. એ ધન એટલે જ્ઞાન-વિદ્યા. આ વિદ્યાધનની મહત્તા દર્શાવતા સંસ્કૃત સાહિત્યકારો જાણે કે ડંકાની ચોટ પર ઘોષણા કરે છે કે 'વિદ્યાધનં સર્વધનપ્રધાનમ્.'મતલબ કે વિદ્યાધન સર્વ ધનમાં શ્રેષ્ઠ છે.

માત્ર આવો દાવો કરીને જ તેઓ વિરમી નથી ગયા. બલ્કે એ પંક્તિ પૂર્વે ત્રણ સરસ પંક્તિ રચીને એમાં વિદ્યાધન શ્રેષ્ઠ કેમ છે એના એકેકથી ચડિયાતા કારણો સુભાષિતકારે આપ્યા છે. એ પૈકી એક મજાનું કારણ ત્યાં આવું અપાયું છે કે 'વ્યયે કૃતે વર્ધત એવ નિત્યમ્.'એટલે કે વિદ્યા એવું ધન છે કે એને જેમ જેમ આપો તેમ તેમ એ વધતું જ રહે. સુવર્ણ-રૂપિયા વગેરેનાં દાનમાં એવું બને છે કે જ્યારે આપો ત્યારે તત્કાલ પૂરતા એ ઘટે છે. જ્યારે વિદ્યામાં એથી વિપરીત છે. એ આપતાં જાવ-ભણાવવારૂપે અન્યોમાં એનો વિનિયોગ કરતાં જાવ તેમ તેમ એ જ્ઞાન-વિદ્યા તમારામાં વિશિષ્ટરૂપે ખીલતી જાય. એટલે જ સારા અભ્યાસી વિદ્વાનો માત્ર અભ્યાસ કરીને જ વિરમી ન જાય, બલ્કે અન્યોને અધ્યયન કરાવતાં રહીને સ્વ-પર ઉભયને લાભ કરનાર નીવડે. એ અન્ય પક્ષે જ્ઞાન-પ્રાપ્તિનો લાભ કરાવે અને સ્વપક્ષે જ્ઞાનવૃદ્ધિનો લાભ પામે.

પ્રથમ કર્મગ્રન્થમાં ઉચ્ચ ગોત્રકર્મના બંધહેતુઓનો એક હેતુ દર્શાવતા આ પંક્તિ લખાઇ છે કે 'अज्झयणज्झावणारुइ निच्चं' મતલબ કે શાસ્ત્રનાં અધ્યયન-અધ્યાપનમાં રુચિ ધરાવનાર આત્મા સામાન્યતઃ ઉચ્ચ ગોત્રકર્મ બાંધે. આપણા ચરિત્રનાયક પૂજયશ્રી અધ્યયન અને અધ્યાપન ઉભયમાં રુચિ ધરાવનાર પુણ્યાત્મા હતા. એથી પૂર્વપ્રકરણોમાં નિહાળ્યા મુજબ તેઓ જેમ અધ્યયનમાં પુરુષાર્થી હતા, તેમ અધ્યાપનમાં પણ પ્રબળ પુરુષાર્થી હતા. પૂજયશ્રીની જીવનકથામાં આપણે સાંપ્રતમાં જે સમયખંડમાંથી પસાર થઇ રહ્યા છે તે વિ.સં. ૨૦૨૩ના ઉપધાનતપ દરમિયાન પણ તેમની પાસે શ્રમણો અધ્યયન કરતા હતા.

એમાંના એક શ્રમણ હતા પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રસેનવિજયજી મહારાજ. તેઓ બાલદીક્ષિત અને પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના શિષ્ય હતા. બાવીશ-ત્રેવીશ વર્ષના એ યુવાશ્રમણને પૂજયશ્રી ખૂબ આત્મીયભાવે અધ્યયન કરાવતા હતા. અધ્યયન કરનાર નાના મોટા કોઇ પણ સાધુ-સાધ્વીજી કે ગૃહસ્થ હોય, પૂજયશ્રી એમને વાત્સલ્યથી અધ્યયન કરાવતા. એમાં વળી આ શ્રમણ પૂ. યુગદિવાકર ગુરુદેવના શિષ્ય હતા. એથી પૂજયશ્રીની આત્મીયતા સ્વાભાવિકપણે વિશેષ હતી. અધ્યયન કરનાર મુનિવર પણ ખંતીલા અને ઉદ્યમશીલ હતા. એમણે પૂજયશ્રી પાસે સંસ્કૃત બુક-હૈમલઘુપ્રક્રિયા વ્યાકરણ-હિતોપદેશ વગેરે ગ્રન્થોનું અધ્યયન કર્યું. છેલ્લા વર્ષોમાં જયારે જયારે પૂજયશ્રીને પત્ર લખવાનો પ્રસંગ આવે ત્યારે ત્યારે તેઓ પૂજયશ્રી માટે ગૌરવભેર સંબોધન લખતા કે 'મારા વિદ્યાગુરુદેવ.' આ મુનિવર એટલે હાલના અમારા ગચ્છનાયક પૂ.આ.શ્રી ચન્દ્રસેનસૂરીશ્વરજી મહારાજ... તે સમયે પૂજયશ્રી પાસે અધ્યયન કરનાર અન્ય એક શ્રમણ હતા પૂ. મુનિરાજ શ્રી કીર્તિપ્રભવિજયજી મહારાજ. તેઓ પણ યુગદિવાકર ગુરુદેવના શિષ્ય હતા. પ્રવચનશ્રવણના ખાસ શોખીન આ મુનિવર પ્રૌઢ વયના હતા. એમને કંઠસ્થીકરણ કરતા અર્થમાં-ચર્ચામાં વધુ રસ હતો. તેઓ પૂજયશ્રી પાસે કર્મગ્રન્થો-તત્ત્વાર્થશાસ્ત્ર વગેરેના પદાર્થોનો અભ્યાસ કરતા અને રસપ્રદ ચર્ચા પૂજયશ્રી સાથે કરતા.

અધ્યાપનનો વિષય ચાલ્યો છે તો આપણે એને હજુ સર્વાંગીણરૂપે સ્પર્શીએઃ વિ.સં. ૨૦૩૩-૩૪નાં પાલિતાણા-સાહિત્યમંદિરનાં ચાતુર્માસોમાં મેં લગભગ નિત્ય એ દૃશ્ય નિહાળ્યું છે કે બપોરે પૂજયશ્રીની આસપાસ શ્રમણમંડલી અભ્યાસ-વાચના માટે વિરાજી હોય. અધ્યયન માટેની એ શ્રમણમંડલીમાં પૂ. મુનિરાજ શ્રી મહાબલવિજયજી મ. પૂ. મુનિરાજ શ્રી પદ્માનંદવિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રસેનવિજયજી મ. પૂ. મુનિરાજ શ્રી કીર્તિપ્રભવિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી જયશેખરવિજયજી મ., પૂ. મુનિરાજ શ્રી લલિતસેનવિજયજી મ. તથા પૂ. વલ્લભ સૂ. સમુદાયના પૂ. મુનિરાજ શ્રી વિદ્યુતરત્નવિજયજી મ. હોય. પૂજયશ્રી આ શ્રમણોને તત્ત્વાર્થ શાસ્ત્રની સિદ્ધસેનીયટીકાનો અભ્યાસ કરાવતા. એના પાંચમા અધ્યાયના પંચાસ્તિકાય, કાળદ્રવ્ય, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની ત્રિસૂત્રી , દ્રવ્ય -ગુણ-પર્યાયની ઘટના વગેરે પદાર્થો ઊંડાણથી સમજાવતા સમજાવતા પૂજયશ્રી સમયભાન ભૂલી તલ્લીન થઇ જતા. એ મોટા પાઠ પછી તુર્ત પૂ. મુનિશ્રી જયશેખરવિજયજી મ. તથા પૂ. મુનિશ્રી લલિતસેન વિજયજી મ.નો પૂજયશ્રી સમક્ષ સંસ્કૃત ચરિત્રવાંચનનો પાઠ ચાલતો.

અન્ય સમુદાયો પૈકી શાસનસમ્રાટસમુદાયના પૂ.આ.શ્રી કુંદકુંદસૂરિજી મ. વ્યાકરણ વિષયક શંકાઓના સમાધાનો માટે પૂજયશ્રી પાસે મુંબઇમાં આવતા, તો સ્થાનકમાર્ગી સંપ્રદાયના શ્રી મૃગેન્દ્રમુનિ વડોદરાના ચાતુર્માસમાં પૂજયશ્રી પાસે અધ્યયનાર્થે આવતા. સ્વસમુદાયમાં સા. શ્રી કુસુમશ્રીજી ખેડાવાળા-સા. શ્રી વસંતપ્રભાશ્રીજી-સા.શ્રી કલ્પલતાશ્રીજી-સા. શ્રી જયલતાશ્રીજીના શિષ્યાપરિવારે પૂજયશ્રી પાસે અધ્યયન કર્યું, તો પરસમુદાયોમાં સા. શ્રી વસંતશ્રીજી (પૂ. નીતિ સૂ. સમુદાય)-સા. શ્રી સૂર્યકાંતાશ્રીજી (પૂ. સાગરજી સમુદાય)-સા. શ્રી રાજપ્રજ્ઞાશ્રીજી (શાસનસમ્રાટ સમુદાય) વગેરે સાધ્વીવૃંદોએ અભ્યાસ કર્યો. જિજ્ઞાસુ શ્રાવક હોય કે મુમુક્ષુ પુણ્યાત્માઓ હોય : પૂજયશ્રીએ સૌને સમાનભાવે વાત્સલ્યપૂર્વક વિવિધ વિષયોનું અધ્યયન કરાવ્યું. અરે! એવું પણ નિહાળ્યું છે કે ક્યારેક એક જ જિજ્ઞાસુ શ્રાવક પૂજયશ્રી પાસે કોઇ પદાર્થો સમજવા આવે તો પૂજયશ્રી એને પણ એકેક કલાક સમજાવેઃ ન એ સમય સામું જુએ કે ન થાક સામું જુએ.

અને... છેલ્લે અધ્યયનક્ષેત્રે મારી વાત. પૂજયશ્રી પાસે સૌથી વધુ વર્ષ અને સૌથી વધુ અભ્યાસ કરવાનો લાભ મળ્યો મને. મૂળ સૂત્રો-પ્રકરણો-સંસ્કૃત બે બુક-હૈમલઘુ-પ્રક્રિયા-સિદ્ધહેમલઘુવૃત્તિ-ક્રિયારત્નસમુચ્ચય-ન્યાયસંગ્રહ-દ્વયાશ્રયમહાકાવ્ય-હીરસૌભાગ્યમહાકાવ્ય-કર્મગ્રન્થો સટીક-તત્ત્વાર્થસિદ્ધસેનીયમહાટીકા-બૃહત્સંગ્રહણી સાર્થ-ક્ષેત્રસમાસસાર્થ-છંદોમંજરી વગેરે તમામ અભ્યાસ પૂજયશ્રીએ કરાવ્યો છે. મારો અનુભવ સદા ય નો એ રહ્યો છે કે વિષય સરલ હો કે ગહન હોઃ પૂજયશ્રીએ એનો અભ્યાસ દિલચશ્પીથી જ કરાવ્યો છે. ક્યારે ય પૂરું કરવાની ઉતાવળ નહિ. વળી જે વિષય ભણાવાતો હોય એના અનેક સંદર્ભગ્રન્થો સાથે રાખીને નાની નાની બાબતોનું પણ તેઓ

સમાધાન કરે. સૂત્રોનું એક ઉદાહરણ જતું નહિ કરવાનું કે રૂપસિદ્ધિ માટે સાધનિકામાં એક સૂત્ર જતું નહિ કરવાનું...

અધ્યયનની જેમ અધ્યાપનમાં રત પૂજયશ્રીએ વિ.સં. ૨૦૨૩નાં ચેમ્બુરતીર્થના ઉપધાનતપમાં એક તરફ પૂર્વોક્ત શ્રમણોને અધ્યયન કરાવ્યું, તો બીજી તરફ ગુરુદેવની ભાવનાનુસાર ચેમ્બુરની મોટી અંજનશલાકાની તમામ જવાબદારી સુપેરે વહન કરી. ઉપરાંત શાંતાક્રુઝ-દાદર વગેરે સંઘોની પ્રતિષ્ઠાઓ ય ગુરુદેવની નિશ્રામાં ઉલ્લાસભેર સંપન્ન કરાવી.

હવે એક નવો પ્રસંગ ઉપસ્થિત થયો કે જેમાં પૂજયશ્રીનું પ્રબળ ગુરુસમર્પણ નજરે તરી આવ્યું. બન્યું એવું કે પૂજયશ્રીની સાંસારિક જન્મભૂમિ ડભોઇતીર્થથી વીશેક કિ.મી. દૂરના કારવણ (કાયાવરોહણ) ગામમાં ભવ્ય શિખરબદ્ધ જિનાલય નિર્મિત થયું હતું. આ જિનાલય માટે વર્ષો પૂર્વે યુગદિવાકર ગુરુદેવે તથા આપણા પૂજયશ્રીએ પ્રેરણા કરી હતી અને આર્થિક સહયોગ પણ અપાવ્યો હતો. આથી તે સંઘ શિખરબદ્ધ જિનાલયની પ્રતિષ્ઠા માટે ગુરુદેવને તેમજ પૂજયશ્રીને વિનંતિ કરવા આવ્યો હતો. ગુરુદેવનું સ્વાસ્થ્ય હમણાં જ સાનુકૂળ થયું હતું. એથી તેઓ ગુજરાતમાં જવા-આવવાનો વિહાર કરવાના મતમાં ન હતા. એમણે આપણા પૂજયશ્રીને કારવણના પ્રતિષ્ઠામહોત્સવ માટે ગુજરાતમાં જવાનો નિર્દેશ કર્યો.

નોંધપાત્ર બાબત એ હતી કે હજુ ચાર માસ પૂર્વે જ બેન સાધ્વીજી શ્રી વસંતપ્રભાશ્રીજીના સળંગ ૨૦૦+૫૨૫ આયંબિલતપના પારણાઉત્સવમાં પધારવાની વિનંતિ સ્વજનોએ કરી ત્યારે ગુરુદેવે મુંબઇની શાસનકાર્ય-જવાબદારીવશ પૂજયશ્રીને પાઠવવાની ના કહી હતી. હવે એ જ ગુરુદેવ સંઘની જિનાલયપ્રતિષ્ઠા માટે પૂજયશ્રીને સામેથી પાઠવી રહ્યા હતા. સાથે સૂચના હતી કે ઝડપી જવા-આવવાનો વિહાર કરી ચેમ્બુરતીર્થની જેઠ માસની અંજનશલાકા પૂર્વે ઉપસ્થિત થઇ જવાનું. હજુ એક મહત્ત્વનો મુદ્દો એ હતો કે જે અરસામાં કારવણની પ્રતિષ્ઠા હતી એ જ અરસામાં ચોપાટી જૈન સંઘના જિનાલયમાં ઉપરના ભાગે પ્રતિષ્ઠા હતી. ચોપાટી એ સંઘ હતો કે જ્યાં પૂજયશ્રીએ પાંચ-પાંચ વાર પર્યુષણાારાધના કરાવી હતી અને એમની પ્રેરણાથી જ ઉપાશ્રય તથા જિનાલયના ઉપરિતનભાગે ગર્ભગૃહનિર્માણ-આરસના ત્રણ પ્રતિમાજીની પ્રતિષ્ઠાનું આયોજન થયું હતું.

જેની ગુરુભક્તિમાં અલ્પ પણ ખામી હોય એ શિષ્ય આવા અવસરે એવી દલીલ કરી બેસે કે ''આ પ્રતિષ્ઠા મારી પ્રેરણાથી યોજાઇ છે -સંઘ પૂર્ણ પરિચિત છે. એથી મારે અહીં રહેવું છે.'' અથવા એવો અજંપો વ્યક્ત કરી બેસે કે 'હવે ગરમીમાં ગુજરાત મોકલો છો. એના બદલે પહેલા મોકલ્યા હોત તો વિહાર ઠંડકમાં થાત અને બેન મ.નું પારણું સચવાઇ જાત.'' પરંતુ પૂજયશ્રીએ આવી કોઇ દલીલ કે વિચારણા સુદ્ધાં ન કરતા ગુરુવચન 'તહત્તિ' કરી લીધું. જાણે અહીં દશવૈકાલિક આગમની પેલી પંક્તિ ચરિતાર્થ થતી હતી કે 'आयरिया जं वए भिक्खु, तम्हा तं नाइवत्तए.' ભાવાર્થ કે આચાર્ય જે કહે તેનું શ્રમણ ઉલ્લંઘન ન કરે. બલ્કે એનો 'તહત્તિ' રૂપે સ્વીકાર કરે.

ગરમીના દિવસોમાં પૂજયશ્રી તથા અન્ય મળી ત્રણ મુનિવરોનો વિહાર કારવણ તરફ થયો. કારવણમાં સ્વાગત સહ પૂજયશ્રીના પ્રવેશ બાદ ચૈત્ર વદિ તેરશથી વૈશાખ શુદિ ત્રીજ સુધી શાનદાર અષ્ટાહ્નિક મહોત્સવ યોજાયો. પૂજયશ્રીનાં સુરેખ માર્ગદર્શન અને સુવ્યવસ્થિત આયોજનનાં કારણે કારવણનો પ્રતિષ્ઠાપ્રસંગ સવાયો દીપી ઊઠ્યો. પૂજયશ્રીનું સાંસારિક વતન ડભોઇતીર્થ બાજુમાં જ હોવાથી ત્યાંના ભાવિકો મોટી સંખ્યામાં આ મહોત્સવમાં સામેલ થયા. પ્રભુપાર્શ્વનાથ તથા કમઠતાપસનો પ્રસંગ-ગજસુકુમાલમુનિનો ઉપસર્ગ-સનત્કુમાર ચક્રવર્તીની જીવનઘટનાની હાલતી ચાલતી જીવંત રચનાઓએ જૈન-અજૈન પ્રજામાં આકર્ષણ જમાવ્યું. જિનાલય તથા રાજમાર્ગો પર રંગબેરંગી રોશની-વૈશાખ શુદિ બીજે ગજરાજ સાથે ભવ્ય વરઘોડો-આઠે ય દિવસ સવાર-સાંજ સાધર્મિકવાત્સલ્યો યોજાયા અને વૈશાખ શુદિ ત્રીજે શ્રી નમિનાથપ્રભુ-મુનિસુવ્રતપ્રભુ-પાર્શ્વનાથપ્રભુ-ચક્ષ-ચક્ષિણી-મણિભદ્રવીર-ઘંટાકર્ણવીરની પ્રતિષ્ઠા ભારે હર્ષોલ્લાસપૂર્વક થઇ. ત્રણે ય પ્રભુજીની પ્રતિષ્ઠાના ચડાવા ડભોઇતીર્થના શ્રેષ્ઠિવર્ય નગીનદાસ ત્રિભુવનદાસે લીધા હતા. આ ભવ્ય પ્રતિષ્ઠા બાદ ડભોઇ સંઘની વિનંતિથી પૂજયશ્રી ડભોઇતીર્થે પધાર્યા. ત્યાં પાંચ દિવસની સ્થિરતામાં મહોત્સવનો માહોલ રહ્યો. પાંચે ય દિવસ શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના ચતુરંગી અધ્યયનની પ્રથમ ગાથા 'चत्तारि परमंगाणि' પર પૂજયશ્રી આદિના પ્રવચનોમાં ડભોઇના સંઘની ચિક્કાર ઉપસ્થિતિ રહી. સંઘે ચાતુર્માસની વિનંતિ કરી. કિંતુ ગુરુદેવનો નિર્દેશ હતો એથી તરત મુંબઇ પહોંચવાનાં લક્ષ્યથી પૂજયશ્રીએ વિનંતિનો અસ્વીકાર કર્યો... આ તરફ વૈશાખ શુદિ દશમે ચોપાટી સંઘમાં ગુરુદેવની નિશ્રામાં શ્રી ધર્મનાથપ્રભુ-મનમોહનપાર્શ્વપ્રભુ-શ્રી ચિંતામણિપાર્શ્વપ્રભુની તથા નૂતન ધ્વજદંડ-કળશની પ્રતિષ્ઠા ભવ્યતાથી થઇ. પૂજયશ્રીએ પ્રતિષ્ઠાની સફળતાની કામના કરતો અને ગુરુદેવની નિશ્રામાં ઐતિહાસિકરૂપે પ્રતિષ્ઠા ઉજવવાનો અનુરોધ કરતો પત્ર પાઠવીને સંઘને પ્રોત્સાહિત કર્યો.

વૈશાખી ગરમીમાં સવાર-સાંજ વિહારો કરી પૂજયશ્રી વગેરે માત્ર પંદર દિવસમાં ગુરુદેવની સેવામાં મુંબઇ ઉપસ્થિત થઇ ગયા અને આવતાની સાથે ચેમ્બુરતીર્થની અંજનશલાકા-પ્રતિષ્ઠાના મહોત્સવમાં જોડાઇ ગયા. ત્યાં જેઠ માસના પ્રારંભમાં ભવ્ય

અંજનશલાકા-પ્રતિષ્ઠાનો પ્રસંગ થયો. તે પછી જેઠ વદિ છઠે ગુરુદેવની નિશ્રામાં વિ.સં. ૨૦૨૩નાં ચાતુર્માસનો ભવ્ય પ્રવેશ ગોડીજી-વિજયદેવસૂરિસંઘમાં થયો. આ ચાતુર્માસમાં પ્રતિવર્ષની જેમ ભવ્ય આરાધનાઓ-પ્રવચનો ઉપરાંત મુખ્ય ઉલ્લેખનીય ઘટનાઓ ત્રણ સર્જાઇ. પહેલી ઘટનામાં ચાતુર્માસ પ્રારંભે સામૂહિક વર્ધમાનતપઓળીના પ્રારંભની પ્રેરણા કરાતા સવાસો ભાગ્યવાનોએ વર્ધમાનતપનો પાયો રચ્યો. એ માટે ખાસ ગોડીજી ઉપાશ્રયે ચાતુર્માસિક આયંબિલખાતાનું સર્વપ્રથમ આયોજન થયું. બીજી ઘટનામાં સંઘના આલીશાન ઉપાશ્રયમાં દેવદ્રવ્યનું ઋણ રહી ગયાની જાણ ગુરુદેવને થતા તેઓએ સ્વયં પ્રતિજ્ઞા કરીને ટ્રસ્ટીઓને પ્રતિજ્ઞા આપી કે જ્યાં સુધી આ ઋણ ચુકવાય નહિ ત્યાં સુધી ઘીનો ત્યાગ કરવો. આ કડક નિયમથી અને ગુરુદેવના પુણ્યપ્રભાવથી એ ચાતુર્માસમાં માતબર સાધારણ ફંડ થવા સાથે તમામ દેવદ્રવ્ય-ઋણ ચૂકતે થઇ ગયું. ત્રીજી ઘટનામાં બૃહદ્ મુંબઇના ૧૧૦૦ થી વધુ તપસ્વીઓનો ભવ્ય બહુમાનસમારોહ થયો.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીનું ઉલ્લેખનીય સંભારણું એટલે 'શ્રમણ ભગવાન મહાવીર' ગ્રન્થનું પ્રૂફસંશોધન. તત્કાલીન જૈન સામયિકો 'જૈન યુગ' અને 'સુઘોષા'માં યુગદિવાકર ગુરુદેવે પ્રભુ મહાવીરદેવના પૂર્વભવોની તત્ત્વસભર ગૂંથણી કરતી લેખમાળા છેલ્લા વર્ષોથી આરંભી હતી. 'સુઘોષા'માં સરસ મજાના શીર્ષકચિત્ર સાથે એ લેખો પ્રકાશિત કરાવવાની તકેદારી પૂજ્યશ્રી રાખતા હતા. આ લેખમાળા પચીશમા ભવ સુધી પહોંચ્યા બાદ સતત શાસનકાર્યો અને Heart Attack વશ ગુરુદેવ આલેખી ન શક્યા. આપણા પૂજ્યશ્રીએ ગુરુદેવને વિનંતિ કરી કે સત્તાવીશમો ભવ ખૂબ વિસ્તૃત રહેશે. એથી એને ભાવિમાં આલેખવાનું રાખી હાલ તુરત છવીશમાં ભવપર્યંતનું લેખન કરી દેવાય તો તેનું સ્વતંત્ર પુસ્તક પ્રગટ થઇ શકે. આ વાતનો અમલ થયો અને ગુરુદેવે આ ચાતુર્માસમાં છવીશ ભવ સુધીનું આલેખન પૂર્ણ કરતાં એને પુસ્તકનું રૂપ આપવા માટેનું કાર્ય આરંભાયું. વિ.સં. ૨૦૨૩નાં આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ એ ગ્રન્થનું સાદ્યંત પ્રૂફ વગેરે સંશોધન ચીવટ-ખંતપૂર્વક કરી શ્રુતભક્તિ સાથે ઉત્તમ ગુરુભક્તિ પણ કરી. પૂજ્યશ્રીની ગુરુભક્તિ માત્ર ગુરુદેવની શારીરિક પરિચર્યારૂપ જ નહિ, બલ્કે એથી આગળ શાસનકાર્યોમાં સંગીન સહાય-પ્રવચનાદિમાં સહાય અને હવે સાહિત્યિક પ્રવૃત્તિમાં સહાયરૂપે વિસ્તરતી હતી. જે ગુરુદેવની માનસિક પ્રસન્નતામાં નિમિત્ત બનતી હતી. આ જ રીતે ગુરુદેવનાં 'ભગવતી સૂત્રનાં પ્રવચનો' ગ્રન્થની પુનરાવૃત્તિઓમાં પણ પૂજ્યશ્રીની પ્રૂફસંશોધનાદિ સહાય પ્રધાન હતી.

ચાતુર્માસ બાદ વિ.સં. ૨૦૨૪ના કાર્તિક વદિ છઠ્ઠે ચેમ્બુરતીર્થમાં ચારસો એકતાલીશ આરાધકોના ભવ્ય ઉપધાનતપ થયા. એમાં બી.એ.,એમ.એ. વગેરે ડીગ્રીધારી યુવાનો ય હતા, તો છ છ-સાત-સાત વર્ષના બાળકો ય હતા. આ ઉપધાનતપ દરમિયાન 'શ્રમણ ભગવાન મહાવીર' ગ્રન્થ પ્રકાશિત થયો, તો ઉપધાનના અંતે ૩૫ છોડનાં ઉદ્યાપનસહિત તીર્થના શિખરભાગે શ્રી મહાવીરસ્વામી આદિનો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ પણ થયો. તે પછીના શેષકાળમાં કાંદિવલીના વિશાલ ઉપાશ્રયના ભૂમિતલ-વિભાગનું ઉદ્ઘાટન, અંધેરી-શાંતાવાડી જૈન સંઘમાં ભવ્ય ઉપાશ્રયઉદ્ઘાટન, મુંબઇના સૌથી વિરાટ ઉપાશ્રયોની સૂચિમાં જેનું નામ આગળ આવે તે શાંતાકુઝ-કુંથુનાથજિનાલયસંઘના ઉપાશ્રયનું ઉદ્ઘાટન, ઘાટકોપર-સાંઘાણી એસ્ટેટ સંઘમાં જિનાલય-ઉપાશ્રય માટે વિશાલ ભૂમિખંડ સંપાદન તથા ઉપાશ્રયખનન-શિલાસ્થાપનાદિ ધર્મકાર્યો ગુરુદેવની નિશ્રામાં થયા. તે પૈકી પૂજ્યશ્રીને જવાબદારી સોંપાઇ અંધેરી-શાંતાવાડી સંઘના ઉપાશ્રયની. કેમ કે તે રાજસ્થાની સંઘે દેવદ્રવ્યનો ઘણો હિસ્સો તાત્કાલિક ધોરણે આ ઉપાશ્રયનિર્માણમાં વાપર્યો હતો. સંઘ આ દોષમાંથી જલ્દી મુક્ત થઇ જાય તે માટે ગુરુદેવે પૂજ્યશ્રીને આ જવાબદારી સુપરત કરી. ગુરુદેવને વિશ્વાસ હતો કે 'સૂર્યોદયવિજયજીએ જેમ ચોપાટીમાં ઉપાશ્રયનું કાર્ય સરસ કરાવ્યું તેમ અહીં પણ સરસ કરાવશે.' પૂજ્યશ્રીએ ગુરુઇચ્છા 'તહત્તિ' કરીને એ જવાબદારી શિરોધાર્ય કરી.

વિ.સં. ૨૦૨૪ના આષાઢ શુદિ દશમે ગરુદેવ સાથે પૂજ્યશ્રીનો ચાતુર્માસપ્રવેશ શાંતાકુઝ-કુંથુનાથ જિનાલય સંઘમાં થયો. અંધેરી-શાંતાવાડી સંઘનું સ્થાન અહીંથી નિકટ હોવાથી પૂજ્યશ્રી ચાતુર્માસિક ચૌદશ-પર્યુષણામહાપર્વ-શાશ્વતી ઓળી-જ્ઞાનપંચમી વગેરે પર્વારાધના માટે ત્યાં પધાર્યા. તે દરમિયાન પ્રવચનોમાં સતત પ્રેરણા કરીને ચતુર્ભજલી ઉપાશ્રય સંપૂર્ણપણે સાધારણ દ્રવ્યમાંથી પરિપૂર્ણ કરાવ્યો. પચાસ વર્ષ પૂર્વેના તે કાળે ₹. અઢી લાખનું ફંડ આ ઉપાશ્રય માટે પૂજ્યશ્રીની પ્રેરણાથી થયું. અલબત્ત, પૂજ્યશ્રીની સ્વતન્ત્ર પ્રેરણાથી થયેલ પ્રથમ ઉપાશ્રય ચોપાટી સંઘનો હતો. પરંતુ પ્રમાણમાં એ નાનો હતો. સ્વતન્ત્ર ભવ્ય ભવનરૂપ ઉપાશ્રયનું નિર્માણ પૂજ્યશ્રીનાં જીવનનું આ સર્વપ્રથમ હતું.

ત્યાંના રાજસ્થાની સંઘની ધાર્મિક મર્યાદાઓ પ્રત્યેની ઉપેક્ષાનું ઉદાહરણ આપતાં પૂજ્યશ્રી કહેતા કે ''એ કાળે પર્યુષણાપર્વમાં સુપનની ઉછામણી બપોરે થતી. રાજસ્થાની શ્રાવકો ચડાવાની રંગતમાં એટલો વિલંબ કરે કે કેટલીક વાર સાધુભગવંતને ચોવિહાર પણ વ્યાખ્યાનની પાટ પર કરવો પડે. ચોવિહારની ક્ષણે ય ચડાવા ચાલુ રહે!! મને આ દુર્ભાગ્યની ખબર પડી એથી મેં જાણી-બૂઝીને કડકાઇ કરી કે સાડા પાંચે જન્મવાંચન હું કરી જ લઇને પાટ પરથી ઊતરી જઇશ. આવા મહાપર્વમાં ધર્મના નામે રાત્રિભોજનનો અધર્મ નહિ જ ચાલે. શ્રાવકો ગભરાયા અને ઉતાવળ કરી. છેવટે પોણા છએ જન્મવાંચન સાથે કાર્યક્રમ સમાપ્ત થયો. એક તરફ આવી કડકાઇ હતી, તો બીજી તરફ સંઘકાર્ય માટે પ્રેમાળતા ય હતી. એથી જ ચાતુર્માસની છૂટક છૂટક લગભગ બે માસ જેવી

જરૂરિયાતલક્ષી સ્થિરતામાં ઉપાશ્રયનું ચિરસ્થાયી કાર્ય પૂજ્યશ્રી દ્વારા થઇ શક્યું . રે ! ત્યારે કોઇને કલ્પના ન હતી કે ૪૭ વર્ષો બાદ આ જ ઉપાશ્રયેથી પૂજ્યશ્રીની ૨૯ કિ.મી. દીર્ઘ પગપાળા અંતિમયાત્રા-પાલખીયાત્રાનો પ્રારંભ થવાનો હતો. ભાવિના ભેદ તો જ્ઞાનીભગવંત સિવાય કોઇ ન જ જાણી શકે ને ?

શાંતાક્રુઝ સંઘનાં એ ચાતુર્માસ દરમિયાન ઘાટકોપર-નવરોજીલેનસંઘમાં દેવવિમાન સમાન ચતુર્મજલી ભવ્ય જિનાલયનો ખનન-શિલાન્યાસવિધિ, મલાડ-મણિભવન, મલાડ-વેલાણી એસ્ટેટ સંઘ તથા જુહૂસ્કીમમાં જિનાલયપ્રતિષ્ઠા, પર્યુષણા બાદ બૃહદ્ મુંબઇના પંદરસોથી વધુ તપસ્વીઓનો બહુમાનસમારોહ, ૫૫ કલાત્મક છોડઉદ્યાપન તથા ચાતુર્માસાંતે શાંતાક્રુઝથી ચેમ્બુરતીર્થનો છ'રીપાલક સંઘ યોજાયો. તો ચાતુર્માસ બાદ ખાર જૈન સંઘ, ભાંડુપ જૈન સંઘ અને ડોંબીવલી જૈન સંઘમાં જિનાલયપ્રતિષ્ઠાઓ તથા એમાં ક્યાંક ઉપાશ્રયસ્થાપનાના પ્રસંગો ગુરુદેવની નિશ્રામાં માગશર માસ સુધીમાં યોજાયા. હવે ગુરુદેવ સાથે પૂજ્યશ્રીનો વિહાર ગુજરાત તરફ થયો. આ ૨૦૨૫નાં વર્ષે ગુજરાતનાં ધર્મકાર્યો પરિપૂર્ણ કરીને મુંબઇના વિશાલ જિનાલયકાર્યો અંગે પુનઃ મુંબઇ આવવાનું હોવાથી કુલ વિહાર છસો માઇલનો હતો. આપણા પૂજ્યશ્રી દરેક કાર્યોમાં ગુરુદેવનો જમણો હાથ બનીને સંલગ્ન રહેતા હતા. એથી તેઓ વિહારયાત્રામાં સાથે જોડાયા હતા. જ્યારે મુંબઇ પરત આવવાનું હોવાથી કેટલાક શ્રમણોને મુંબઇમાં રખાયા હતા.

આ વિહારક્રમમાં સર્વપ્રથમ સફાલાગામમાં શ્રી વાસુપૂજ્યજિનાલયની પ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવપૂર્વક મહાશુદિ બીજે થઇ. ત્યાં ઉપાશ્રયનું ઉદ્ઘાટન પણ થયું. તે પછી રાળપટ્ટીના બોરડીનગરે શ્રી મુનિસુવ્રતસ્વામી શિખરબદ્ધ જિનાલયની પ્રતિષ્ઠા મહા શુદિ તેરશે ખૂબ જાહોજલાલીપૂર્વક થઇ. આ બોરડી નગરમાં ઉલ્લેખનીય ઘટના બની સંઘમાં સંપનું સર્જન. પ્રતિષ્ઠા પૂર્વે સંઘના અગ્રણીઓમાં ત્યાં એટલા મતભેદ હતા કે રીતસર પક્ષ પડી ગયા હતા. એક પક્ષ હાજર હોય ત્યાં બીજો પક્ષ ગેરહાજર રહે. તો વળી એક અગ્રણી એવા હતા કે એ ઉપાશ્રયે આવવા જ તૈયાર ન થાય. ગુરુદેવે સૌને એક કરીને પ્રતિષ્ઠા કરવાનું Mission લીધું. અલ્પ દિવસો હતા. એથી દિવસે જ નહિ, રાત્રે ય મોડે સુધી મીટીંગો ચાલે. પૂજ્યશ્રીએ પણ આ સંપનાં Missionમાં અગ્રેસર ભાગ લીધો. દરેક અગ્રણીઓને ગુરુદેવના ભાવો-સંપની મહત્તા સમજાવી. પૂજ્યશ્રી ખાસ એક શ્લોક ટાંકીને કહેતા કે 'તૃણૈરાવેષ્ટ્યતે રજ્જુ–ર્યેન નાગોઽપિ બધ્યતે' અર્થાત્ નાના નાના તણખલાઓ પણ દોરડારૂપે એક થઇ જાય તો એ જોરાવર હાથીને ય બાંધી શકે છે. ગુરુદેવનો પુણ્યપ્રભાવ અને પૂજ્યશ્રીની મહેનતઃ આ બન્નેએ રંગ રાખ્યો અને સંઘમાં સંપ-એકતા થઇ. ગુરુદેવે સંઘના સંપ-સુવ્યવસ્થા માટે દશ કલમની માર્ગદર્શિકા કરી આપી. જેને સકલ સંઘે વધાવી લીધી. તે પછી ભારે હર્ષોલ્લાસ અને સુમેળભર્યા માહોલમાં ત્યાંની પ્રતિષ્ઠા થઇ.

આ બોરડીનગરથી નિકટના ઘોલવડનગરે આ જ વિહારયાત્રામાં ત્રણ ગર્ભગૃહ-ભૂગર્ભગૃહ-ગગનચુંબી શિખરયુક્ત મહાજિનાલય માટે ખનન-શિલાન્યાસ, સંજાણમાં જિનાલયનિર્માણનિર્ણય , ખતલવાડામાં શ્રી મુનિસુવ્રતજિનાલયપ્રતિષ્ઠા, ફણસા-સરીગામ-અચ્છાવરીમાં મહોત્સવો, નવસારીમાં ભવ્ય શાશ્વતી ઓળીઆરાધના બાદ ક્રમશઃ ગુરુદેવ સાથે દહેજતીર્થે આગમન થયું. ત્યાં ગુરુદેવની પ્રેરણાથી નિર્મિત ભવ્ય શિખરબદ્ધ જિનાલયમાં એકત્રીશ જિનબિંબોનો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ નવ દિવસના વિવિધ કાર્યક્રમો તથા દીક્ષાસહિત ઉજવાયો. ત્યાંથી ક્રમશઃ વડોદરા-કોઠીપોળ સંઘમાં આગમન થતાં પુરાતન ઉપાશ્રયના સંપૂર્ણ પુનરુદ્ધારનું ફંડ, ડભોઇ તીર્થે ભવ્ય સ્વાગત-ધર્મશાળા નિર્માણ ફંડ વગેરે થયા. ડભોઇતીર્થની આ વેળાની અલ્પદિવસીય સ્થિરતામાં પૂજ્યશ્રીએ શ્રી લોઢણપાર્શ્વપ્રભુની ભક્તિ ઉપરાંત યશોવાટિકા તરફ વિશેષ ધ્યાન કેન્દ્રિત કર્યું. કારણ કે આ સ્થાન પૂજ્યપાદ મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરનું અંતિમ સમાધિસ્થાન હોવાથી શ્રુતોપાર્જનમાં પરમ આલંબનરૂપ હતું. પાંચદિવસીય સ્થિરતામાં એ સમાધિભૂમિમાં પૂજ્યશ્રીએ 'ઐં નમઃ' આ સરસ્વતીબીજમન્ત્રનો તથા 'નમો ઉવજ્ઝાયાણં' પદનો સાડા બાર-સાડા બાર હજારનો જાપ કર્યો. આ ઘટના પૂજ્યશ્રીની શ્રુત પ્રત્યેની અને પૂ. મહોપાધ્યાયજી પ્રત્યેની ભક્તિની દ્યોતક છે.

પ્રથમ જેઠ વદિના પ્રારંભે ડભોઇતીર્થથી મુંબઇ તરફ મુનિવૃંદનો વિહાર થયો અને વિ.સં. ૨૦૨૫નો ચાતુર્માસપ્રવેશ ઘાટકોપર-નવરોજીલેન સંઘમાં ભવ્ય સ્વાગતપૂર્વક થયો. આ ચાતુર્માસ ગુરુદેવના ભગવતીસૂત્રનાં પ્રવચનોમાં વિશાલ મેદનીની ઉપસ્થિતિ, બપોરની મુનિવૃંદવાચના, રાત્રિના તત્ત્વજ્ઞાનવર્ગમાં સ્થાનિક તેમજ તળમુંબઇના કપૂરચંદભાઇ વગેરે જિજ્ઞાસુઓની ઉપસ્થિતિ, તપશ્ચર્યાઓ આદિથી ગાજી ઊઠ્યું .

ચાતુર્માસ તથા તે પછીના તરતના સમયખંડમાં ભાંડુપ-ભટ્ઠીપાડામાં જિનાલયસ્થાપના, મજગામ-પ્રેમસાગર સંઘ તથા મજગામ-ડૉકયાર્ડ સંઘમાં ક્રમશઃ ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ અને જિનાલયાદિ માટે ભૂમિખંડસંપાદનાદિ થયા. તે પછી ઘાટકોપરમાં ચારસો ચાલીશ આરાધકોની ભવ્ય ઉપધાનતપઆરાધના થઇ. ઉપધાનની ભવ્યાતિભવ્ય આરાધના-પાંત્રીશ છોડ ઉદ્યાપન સહ અષ્ટાહ્નિક માળમહોત્સવ બાદ પાર્લામાં ઉપાશ્રયઉદ્ઘાટન-ઘાટકોપર પંતનગરમાં શ્રી ચિંતામણિ જિનાલયપ્રતિષ્ઠા-



પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની જન્મશતાબ્દી પ્રસંગે પૂજ્યશ્રીની પ્રેરણાથી ભાયંદર–બાવનજિનાલયતીર્થે નિર્મિત
આલીશાન 'ધર્મ' આરાધનાભવનના ઉદ્‌ઘાટનસમારોહનાં રમણીય દૃશ્યો



પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની જન્મ શતાબ્દીના પ્રારંભે પૂજ્યશ્રીનું ચાતુર્માસ ઠાકોરદ્વાર જૈન સંઘમાં થતાં
ત્રિમજલી ચતુર્વિંશતિકુલિકામય ભવ્ય શાંતિનાથ મહાજિનાલયનું
નિર્માણ થયું. તેના અંજનશલાકા– પ્રતિષ્ઠા મહોત્સવની
આ છે તસવીરો









જન્મ શતાબ્દીનું
નજરાણું :



કાંદિવલીમાં ઉપાશ્રયફંડ વગેરે બાદ વિ.સં. ૨૦૨૬નો સૌથી મોટો શાસનપ્રભાવક પ્રસંગ યોજાયો ઘાટકોપર-સાંઘાણી એસ્ટેટ સંઘના અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવનો.

બે વર્ષ પૂર્વે જે સંઘની કુલ સંપત્તિ ₹. ૧૪૮ની હતી એ સાંઘાણી સંઘે ગુરુદેવની પુણ્ય પ્રતાપી નિશ્રામાં હરણફાળ ભરીને માત્ર બે વર્ષમાં શિખરબદ્ધ જિનાલય-ઉપાશ્રય તૈયાર કરી દીધા અને નવો ભૂમિખંડ પણ સંપાદિત કર્યો. વિ.સં. ૨૦૨૬ના વૈશાખ વદિ-૧૧ થી જેઠ શુદિ-૩ સુધી ત્યાં શાનદાર કલ્યાણકઉજવણી અને વિધિવિધાનો સાથે અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો. મૂલનાયક શ્રી ચિંતામણિપાર્શ્વનાથપ્રભુ એવી પ્રસન્ન અને પ્રભાવસંપન્ન મુખમુદ્રા ધરાવતા હતા કે એમની પાસેથી ખસવાનું મન ન થાય. સમગ્ર મહોત્સવનો માહોલ ભક્તિના મૂર્તિમંત સ્વરૂપ સમો હતો અને એનું સંપૂર્ણ આયોજન-માર્ગદર્શન આપણા પૂજયશ્રી હસ્તક હતું. પૂજયશ્રી આ અંજનશલાકામહોત્સવનો એક પ્રસંગ ખાસ યાદ કરતા:


''એ મહોત્સવમાં કલ્યાણકોની સ્ટેજઉજવણીનો પ્રારંભ થઇ ગયો હતો. તે સમયના કલ્યાણકઉજવણીના ખ્યાતનામ સંગીતકાર ગજાનન ઠાકુરે પહેલે દિવસે ભારે રંગત જમાવી અને ત્યાં સાંજે રંગમાં ભંગ પાડે તેવા સમાચાર આવ્યા કે ગજાનનભાઇનો વહાલસોયો યુવાન પુત્ર અચાનક મૃત્યુ પામ્યો છે!! ગૃહસ્થ વ્યક્તિ માટે, એમાં પણ એક પિતા માટે આવી ઘટના અત્યંત આઘાતજનક નીવડે. એ કાર્યક્રમ છોડીને અવશ્ય ઘરે જાય. અને... એ આમ કરે એમાં કાંઇ વાંધાજનક પણ ન ગણાય. પરંતુ ગજાનનભાઇએ અકલ્પનીય સ્વસ્થતા રાખીને કહ્યું: ''મારે તો દુઃખ આવવાનું હતું એ આવી ગયું. ઘરે જવાથી એમાં ફર્ક થવાનો નથી. પરંતુ સંઘનાં આંગણે જિનાલયપ્રતિષ્ઠાનો પ્રસંગ આ એક જ છે. હું જો એ છોડીને જઉં તો સંઘના રંગમાં ભંગ પડશે જ. મારે એવું કાંઇ કરવું નથી. ગુરુદેવ ! આપ એવા આશીર્વાદ આપો કે હું મારું ભક્તિકાર્ય બરાબર સંભાળી શકું.'' ગજાનનભાઇએ આ શબ્દો સવાયા સાચા ઠેરવ્યા. એમણે એ અંજનશલાકામાં જનતાને એવી ભક્તિતરબોળ કરી કે એ અંજનશલાકા અમને પણ કાયમ યાદ રહી ગઇ.''

આ ઘટના કહીને પૂજયશ્રી ખાસ ઉમેરતા કે''સ્થિતપ્રજ્ઞ વ્યક્તિનું એક લક્ષણ ભગવદ્ગીતામાં આવું દર્શાવ્યું છે કે 'દુ:ખેષ્વનુદ્વિગ્નમના:, સુખેષુ વિગતસ્પૃહ:' ભાવાર્થ કે જે વ્યક્તિ દુઃખની સ્થિતિમાં ઉદ્વેગરહિત રહે અને સુખમાં સ્પૃહામુક્ત રહે એ સ્થિતપ્રજ્ઞ છે.'' જો કે, પૂજયશ્રીનું જીવન જોતાં મને સ્થિતપ્રજ્ઞ વ્યક્તિ કેવી હોય એનું સ્પષ્ટ દર્શન થતું. કેમ કે જીવનની મોટામાં મોટી કસોટીમાં પણ મેં પૂજયશ્રીને કદાપિ મુંઝાયેલ કે ઉદ્વિગ્ન જોયા નથી. પૂજયશ્રી કાયમ એકસરખા પ્રસન્ન રહેતા.

ઘાટકોપર-નવરોજીલેન સંઘમાં વિરાટ જિનાલયનિર્માણનું કાર્ય જારી હોવાથી વિ.સં. ૨૦૨૬નું ચાતુર્માસ ત્યાં જ થયું. ગત વર્ષની જેમ જ આ વર્ષે આરાધનાઓ થઇ. એમાં સૌથી મોટી વાત એ બની કે સંઘમાં નિર્માણાધીન સમગ્ર મહારાષ્ટ્રમાં બેનમૂન ચતુર્મજલી જિનાલયનું ફંડ ખૂટતા ગુરુદેવની પ્રેરણાથી સંઘના ભાવિકોએ વહીવટીદારોની દાનઝોળી છલકાવી દીધી. સંઘનો એક પ્રશસ્ય સંકલ્પ હતો કે બહારના સંઘો-ટ્રસ્ટો કે દાતાનો એક રૂપિયો એ જિનાલય માટે ન સ્વીકારવો. તમામ ફંડ સંઘમાંથી જ કરવું. ગુરુદેવની ધર્મપ્રેરણાએ આ સંકલ્પને અખંડ-અણિશુદ્ધ રાખ્યો. જિનાલય માટેનાં આ કાર્યમાં ગુરુદેવની સાથે પૂજયશ્રી પડછાયાની જેમ સાથે ને સાથે રહેતા.

આ ચાતુર્માસ બાદ ગુરુદેવની નિશ્રામાં બોરીવલી-જામલીગલી સંઘમાં ચારસો એકતાલીશ આરાધકોના ઉપધાનતપ અને તેના બસો ત્રીશ માળતપસ્વીઓના માળારોપણમહોત્સવપ્રસંગે શ્રી સીમંધરસ્વામી આદિ જિનબિંબોની તથા અધિષ્ઠાયકોની અંજનશલાકાનો શાનદાર ઐતિહાસિક મહોત્સવ ઉજવાયો. એનું તમામ આયોજન આપણા પૂજયશ્રીનું હતું. બોરીવલીના સંઘને પૂજયશ્રીની આયોજનશક્તિનો ત્યારે અવિસ્મરણીય પરિચય થયો...

• • •



પ્રકરણ : ૨૧

ગુરુદેવની શાસનપ્રભાવનાઓમાં ઓતપ્રોતતા...

વિષમ કાળના વિલાસી વાતાવરણમાં સંસારસાગર તરવા કાજેના સબળ આલંબન બે છેઃ જિનમૂર્તિ અને જિનાગમ. એથી જ પૂજામાં લખાયું છે કે 'વિષમકાળ જિનબિંબ જિનાગમ, ભવિયણકું આધારા.'

આ બે આલંબનોમાં ય સાંપ્રતકાલીન શ્રાવક-શ્રાવિકા વર્ગ માટે સરલ-સરસ-શ્રેષ્ઠ આલંબન છે જિનમૂર્તિ. તીવ્ર જ્ઞાનરુચિ-જિજ્ઞાસા-પ્રજ્ઞા-પુરુષાર્થ આદિની ખામીનાં કારણે ગૃહસ્થવર્ગ જિનાગમને એટલા આત્મસાત્ હજુ નહિ કરી શકે. જ્યારે એની અપેક્ષાએ દર્શન-પૂજા-અંગરચના-સ્તવના-ભાવના આદિનાં માધ્યમે એ જિનમૂર્તિને અર્થાત્ પ્રભુભક્તિને સરલતાથી આત્મસાત્ કરી શકે.

એથી જ સમયજ્ઞ અને વિચક્ષણ ગુરુભગવંતો અવસરે ભક્તિની એવી પ્રેરણા કરે કે શ્રાવક-શ્રાવિકાવર્ગ આસાનીથી ભાવોર્મિમાં જોડાઇને ભક્તિ દ્વારા ભવસાગર તરવા અગ્રેસર થાય. આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીએ આવું એક પ્રેરણાકાર્ય કર્યું ઘાટકોપરમાં અને એનું પરિણામ આવ્યું બોરીવલી-જામલી ગલી સંઘના ઉપધાનતપ દરમિયાન. વાત એ બની હતી કે ઘાટકોપરના ગત ચાતુર્માસ દરમિયાન ગુરુદેવે એક વાર પ્રવચનમાં ભાવના દર્શાવી હતી કે ''આ સંઘમાં જિનાલય મહારાષ્ટ્રભરમાં અદ્‌ભુત ગણાય તેવું બની રહ્યું

છે તો મૂલનાયક પ્રભુજી પણ અદ્‌ભુત ભાવોલ્લાસ પ્રગટાવનાર બનવા જોઇએ. આ માટે આપણે જયપુરથી તૈયાર પ્રતિમાજી લાવવા કરતા પ્રભુપ્રતિમાનું નિર્માણ અહીં સંઘમાં જ કરાવવું જોઇએ. શિલ્પકાર પૂજાવસ્ત્રોમાં રહીને શિલાને આકાર આપે, ધૂપ-દીપ ત્યાં રખાયા હોય અને વાતાવરણ પવિત્ર હોય.'' પૂજ્યશ્રીએ આ ભાવના આગળ ધપાવીને સંઘના ટ્રસ્ટીઓ-કાર્યકરોને મજબૂત પ્રેરણા કરી કે ''ગુરુદેવ કહે છે એ જ રીતે આપણે જયપુરથી ઉત્તમ શિલ્પકાર બોલાવીને મૂર્તિનિર્માણ સંઘમાં જ કરાવવાનું છે. એટલું નહિ, એ માટે જે પાષાણશિલા મકરાણાથી લવાય એનું પણ ભવ્ય સ્વાગત-સામૈયું કરીને આપણે તેનો સંઘપ્રવેશ કરાવવો. કારણ કે એ શિલા પણ શાસ્ત્રીય પરિભાષામાં દ્રવ્યમૂર્તિ ગણાય. આજ સુધી પ્રભુપ્રતિમાના સ્વાગત ઘણા સંઘોમાં થયા છે. આપણે શિલાનું સ્વાગત કરીને ભક્તિની એક નવી કેડી કંડારીએ.'' પ્રેરણા બરાબર ઝિલાઇ અને એ રીતે જ આયોજનનો નિર્ણય થયો.

એ શિલાનું મુંબઇમાં આગમન થયું ત્યારે ગુરુદેવ સાથે પૂજ્યશ્રી બોરીવલી-જામલીગલી સંઘના પૂર્વોક્ત ઉપધાનતપ-અંજનશલાકાદિ શાસનકાર્યોમાં ગુંથાયેલ હતા. ઘાટકોપરના ઉત્સાહી સંઘે બોરીવલી જઇને વિનંતિ કરી કે ''આપની પ્રેરણા અનુસાર અમે સર્વ આયોજન કર્યું છે. પરંતુ શિલાનાં સામૈયામાં સંઘનો ઉલ્લાસ વધે એ માટે આપે અને સૂર્યોદયવિજયજી મહારાજે તો ખાસ પધારવું જ પડશે. તે વિના આ નવતર પ્રયોગ દેદીપ્યમાન નહિ બને.'' સંઘનો પ્રેમાળ આગ્રહ સ્વીકારીને માત્ર એક દિવસ માટે ગુરુદેવ તથા પૂજ્યશ્રી બોરીવલીથી ખાસ વિહાર કરી ઘાટકોપર પધાર્યા. સંઘનો ઉલ્લાસ ચરમસીમાએ પહોંચી ગયો. શિલાનાં સામૈયામાં જબરજસ્ત ભીડ ઊમટી, ઠેર ઠેર ગહુંલીઓ થઇ, અક્ષતનાં-પુષ્પોનાં-સાચા મોતીનાં વધામણાં થયાં અને મુંબઇગરા જૈનોને ભક્તિનું એક નવું માર્ગદર્શન મળે એ રીતે શિલાપ્રવેશ થયો. તે પછી જયપુરના વિખ્યાત મૂર્તિશિલ્પકાર નારાયણ રામધન દ્વારા સ્નાન-પૂજાવસ્ત્રપરિધાનાદિ મર્યાદાપૂર્વક મૂર્તિનિર્માણ શરુ થયું. એકસરખી બે પ્રતિમા ઘડવાનો નિર્ણય કરાયો. બેમાંથી સંસ્થાન-મુખાકૃતિ આદિની દૃષ્ટિએ જે પ્રતિમા શ્રેષ્ઠ હોય એને મૂલનાયકરૂપે સ્થાપવા અને બીજી પ્રતિમા જિનાલયમાં અન્યત્ર સ્થાપવાનું વિચારાયું. એ જ રીતે કાર્ય આગળ વધ્યું. આ ઘટનામાં ભક્તિનાં નવાં નવાં આલંબનો આપવાની અને સંઘને એમાં જોડવાની પૂજ્યશ્રીની ક્ષમતાનાં સરસ દર્શન થાય છે.

બોરીવલીના ઐતિહાસિક ઉપધાન-અંજનશલાકા બાદ વિક્રોલી-ટાગોરનગર સંઘમાં જિનાલય-ઉપાશ્રય માટે વિશાલ ભૂમિખંડસંપાદન તેમજ શ્રી સંભવનાથગૃહજિનાલયસ્થાપના, ચેમ્બુરતીર્થે દીક્ષાદિ ધર્મકાર્યો સંપન્ન થયા બાદ આ વિ.સં. ૨૦૨૭ના સૌથી મહાન ધર્મકાર્યરૂપ ઘાટકોપર-નવરોજીલેન સંઘના જિનાલયના અંજનશલાકા-પ્રતિષ્ઠામહામહોત્સવ માટે ગુરુદેવ સાથે પૂજ્યશ્રીનું આગમન ઘાટકોપરમાં થયું. વિશાલ ભૂગર્ભગૃહ-વિરાટ રંગમંડપભૂમિ-પ્રથમ મજલો-દ્વિતીય મજલોઃ એમ ચતુર્મજલી અને સંપૂર્ણ શિલ્પશાસ્ત્રાનુસારી આ ત્રિશિખરીય મહાજિનાલયમાં એક સાથે આરસના કુલ ઓગણપચાસ પ્રતિમાજીઓની પ્રતિષ્ઠા હતી. એમાં ૬૧ ઇંચના શ્રી કેશરિયા આદિનાથ, ૪૧ ઇંચના સીમંધરપ્રભુ - સુમતિનાથપ્રભુ, ૩૭ ઇંચના મૂલનાયક શ્રી મુનિસુવ્રતદાદા વગેરે એકેકથી ચડિયાતા પ્રભુજી હતા. આ સર્વે પ્રભુજી, અનેક ધાતુપ્રતિમાઓ અને બહારના સંઘોમાંથી આવેલ આરસના-ધાતુના પ્રતિમાઓ માટે મૂર્તિલેખ-અંજનવેદિકાદિ વ્યવસ્થાઓ, ક્રિયામંડપો, ઉજવણીની રાજગૃહીનગરી, દીક્ષા-વડી દીક્ષા પ્રસંગો વગેરે માટે પૂજ્યશ્રીનું સતત માર્ગદર્શન મળતું રહ્યું. વૈશાખ વદિ-૮ થી જેઠ શુદિ બીજ દરમિયાન ભવ્યાતિભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ દબદબાભેર ઉજવાયો.

આ મહોત્સવના પૂર્વ દિવસોમાં એક ઘટના બની પૂજ્યશ્રીની ખુમારીભરી ગુરુભક્તિ સંબંધી. બન્યું એવું કે ઘાટકોપરમાં તપાગચ્છ સંઘનું આ સર્વપ્રથમ અને સૌથી મોટું મહાજિનાલય થયું હોવાથી એની પ્રતિષ્ઠાનો ઉમંગ સમગ્ર સંઘમાં જબરજસ્ત હતો. પરંતુ એક નજીવી સંખ્યાના વર્ગને ગમે તે રીતે આ પ્રતિષ્ઠા અટકાવવી હતી. ૯૯.૯૯ ટકા વર્ગ પ્રતિષ્ઠા નિર્ધારિત સમયે કરવા માટે થનગનતો હતો. માત્ર ૧ પોઇંટ જેટલો વર્ગ અવરોધ કરવામાં રાચતો હતો. અંજન-પ્રતિષ્ઠામહોત્સવની પત્રિકાઓ પ્રગટ થઇ ગઇ, મંડપો થઇ ગયા, અરે ! એકાદ દિવસમાં મહોત્સવનો પ્રારંભ હતો ત્યારે પણ આ રાજરમત જારી રહી. કમનસીબે એમાં સંઘના એક અગ્રણી ખેંચાયા અને પરિસ્થિતિ ડામાડોળ બની. એ અગ્રણી જાહેર સમારોહમાં પ્રતિષ્ઠા અટકે એ માટે બોલવા જતા ગુરુદેવ માટે એકાદ વાક્ય નારાજગીભર્યું બોલ્યા.

તુર્ત જ આપણા પૂજ્યશ્રી સભા વચ્ચે ઊભા થઇ ગયા. એમનો પુણ્યપ્રકોપ પેલા અગ્રણી પર વરસી પડ્યો. પૂજ્યશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું કે ''આટલાં વર્ષોથી ગુરુદેવનો બોલ ઝીલતા આવ્યા છો એમ અત્યારે પણ તમારું કર્તવ્ય એ જ હોવું જોઇએ, કોઇની વાતમાં આવવાનું નહિ. અને યાદ રાખજો સકલ સંઘ ઇચ્છે છે કે પ્રતિષ્ઠા આ જ મુહૂર્તે થાય. એથી પ્રતિષ્ઠા આ જ મુહૂર્તે થશે. એમાં કોઇ મીનમેખ નહિ થાય.'' એ પછી માહોલ એવો જુસ્સાભર્યો બન્યો કે સંઘની Emergency General Meeting થઇ અને તેમાં એક પણ વિરોધ મત વિના સર્વાનુમતે પ્રતિષ્ઠા આ જ મુહૂર્તે કરવાનો ઠરાવ થયો. વિરોધી વર્ગના હાથ હેઠા પડ્યા. પેલા અગ્રણીને પણ પોતે ખોટા Track પર જતા રહ્યાનું ભાન થતાં એમણે ગુરુદેવની ક્ષમાયાચના કરી. પૂજ્યશ્રી આ ઘટના કહીને ઊમેરતા કે ''બે-ત્રણ દિવસની આ કસોટીમાં ગુરુદેવનાં મુખમાંથી નારાજગીનો એક શબ્દ પણ ન હતો નીકળ્યો કે પેલા અગ્રણી સાથેના વ્યવહારમાં કોઇ ફર્ક ન હતો. અપાર સમતાથી તેઓ કસોટી પાર કરી ગયા...''

ઘાટકોપરના યશસ્વી અંજન-પ્રતિષ્ઠામહોત્સવ બાદ બોરીવલી-કાર્ટર રોડ જૈન સંઘમાં શ્રી સંભવનાથ ગૃહજિનાલયપ્રતિષ્ઠા તથા ઉપાશ્રયનિર્માણફંડ કરાવી ગુરુદેવ વિ.સં. ૨૦૨૭નું ચાતુર્માસ ચેમ્બુરતીર્થે પધારતા પૂજ્યશ્રીનું પણ ચાતુર્માસ ચેમ્બુરતીર્થે થયું. ચાતુર્માસ બાદ માગશર શુદિ છઠથી બસો પચાસથી વધુ આરાધકોના ઉપધાનતપ અને અંતે દીક્ષા-૨૭ છોડ ઉદ્યાપનસહિત ભવ્ય માળમહોત્સવ યોજાયો. તે પછી વિ.સં. ૨૦૨૮ના શેષકાળમાં ગુરુદેવની નિશ્રામાં માહિમના ૧૬૬ વર્ષ પ્રાચીન નાના જિનાલયનો જીર્ણોદ્ધાર કરી ત્યાં સંપૂર્ણ સંગેમરમરીય શિખરબદ્ધ જિનાલય નિર્માણનો નિર્ણય તથા ફંડ, બાન્દ્રાના પ્રાચીન ચન્દ્રપ્રભજિનાલયનો જીર્ણોદ્ધાર કરી ભવ્ય શિખરબદ્ધ જિનાલયનિર્માણનિર્ણય તથા તેનું ખનન-શિલાસ્થાપન અને તે પછી દહિંસરમાં શિખરબદ્ધ શ્રી શાંતિનાથજિનાલયનો ભવ્યપ્રતિષ્ઠામહોત્સવ યોજાયો. સમગ્ર મુંબઇમાં તે કાળે સૌથી મોટો રંગમંડપ ધરાવતા આ જિનાલયમાં ૪૧ ઇંચના મૂલનાયક શાંતિનાથ દાદા વગેરે બિંબોની પ્રતિષ્ઠા મહા શુદિ ૧૧ ના થઇ. ત્યાં ઉપાશ્રય, મુક્તિ-કમલ-મોહન જૈન જ્ઞાનમંદિરાદિની પણ સ્થાપના થઇ. આ જિનાલયનું-ઉપાશ્રયાદિનું તમામ કાર્ય પૂજ્યશ્રીનાં માર્ગદર્શન મુજબ થયું. તે પછી જોગેશ્વરી-પારસનગરમાં શિખરબદ્ધ મહાવીરસ્વામીજિનાલયનો ખનન-શિલાન્યાસ કરાવી ચેમ્બુરતીર્થે પૂજ્યશ્રી પધાર્યા.

ત્યાં ફાગણ શુદિ પાંચમે પૂજ્યશ્રીના સાંસારિક પિતાશ્રી ચીમનભાઇ અવસાન પામ્યાના સમાચાર આવ્યા. લગભગ સદા ય આયંબિલતપ કરતા એ ઉપકારી પુણ્યાત્માના અવસાન નિમિત્તે પૂજ્યશ્રીએ ૫૦ હજાર ગાથાના સ્વાધ્યાયનો સંકલ્પ કર્યો અને પરિવારને-માતુશ્રીને સાંત્વન આપતો પ્રેરક પત્ર લખ્યો. ચેમ્બુરતીર્થે વદિ ત્રીજે ૫૧ ઇંચના કાયોત્સર્ગમુદ્રાના બે પ્રભુજીઓની પ્રતિષ્ઠા થયા બાદ તે વર્ષનું મહત્ત્વનું ધર્મકાર્ય થયું ગોવાલીયાટેંક સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજિનાલયપ્રતિષ્ઠાનું. આજના મુંબઇના જૈન જગતમાં જે સંઘ અગ્રગણ્ય છે અને જ્યાં પંચશિખરીય જિનાલય-પંચમજલી ઉપાશ્રયાદિ છે તે સમગ્ર સંકુલ ગુરુદેવની પ્રેરણા અને દીર્ઘદૃષ્ટિને આભારી છે. આ ગોવાલીયાટેંક સંઘમાં ગુરુદેવની પ્રેરણાથી સમગ્ર પંચમજલી બિલ્ડીંગ ખરીદી એના ભૂમિતલમાં ઉપાશ્રય તથા ગૃહજિનાલય રચાયું. જિનાલયપ્રતિષ્ઠા ભવ્ય મહોત્સવપૂર્વક વૈશાખ વદિ દશમે થઇ. એ સમયે આ રીતની વ્યવસ્થા સામે કેટલાક નજીવા વિરોધપ્રિય વર્ગે ચર્ચાપત્રોરૂપે ગણગણાટ કર્યો હતો. ત્યારે આપણા પૂજ્યશ્રીએ મક્કમતાથી આ નિર્ણયના લાભ સમજાવી સંઘમાં એની કોઇ અસર થવા ન દીધી.

તે પછી વિ. સં. ૨૦૨૮નાં ચાતુર્માસ માટે ગોડીજી-વિજયદેવસૂરિ સંઘમાં ગુરુદેવ સાથે પૂજ્યશ્રીનો પ્રવેશ થયો. આ વર્ષે એક તિથિ-બે તિથિ પક્ષના સંવત્સરી મહાપર્વો અલગ હોવાથી સમાજમાં થોડું ઘર્ષણનું વાતાવરણ રહ્યું. જો કે, ગુરુદેવની નિશ્રામાં ગોડીજી સંઘમાં સુંદર આરાધનાઓ થઇ. આપણા પૂજ્યશ્રીએ એ વર્ષના પર્યુષણામાં ગુરુદેવની સાથે ગોડીજી સંઘમાં રહી પ્રવચનાદિ દ્વારા સૌને આરાધનામાં જોડ્યા. પર્યુષણા બાદ મુંબઇમાં રેકર્ડરૂપ સાત હજાર તપસ્વીઓનો પારણાસમારોહ યોજાયો. સૌથી મહત્ત્વની ઉપલબ્ધિરૂપે ગુરુદેવની પ્રેરણાથી ગોડીજી જિનાલયના આમૂલચૂલ જીર્ણોદ્ધારનો નિર્ણય થયો. ચાતુર્માસ બાદ પ્રાર્થનાસમાજમાં શ્રી શાંતિનાથાદિ જિનબિંબોનો પ્રતિષ્ઠામહોત્સવ-બોરીવલીમાં દીક્ષામહોત્સવ બાદ વાલકેશ્વર બાબુના જિનાલયે શ્રી વિઘ્નહરપાર્શ્વપ્રભુ-શ્રી મહાવીરસ્વામી-ચાર શાશ્વતા જિન-સંકુલમાં ઘંટાકર્ણવીરદેવ વગેરેની પ્રતિષ્ઠા નિમિત્તે શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો. પૂજ્યશ્રી કહેતા કે ''આ અંજનશલાકા-પ્રતિષ્ઠામાં સો આરસપ્રતિમા અને સો ધાતુ પ્રતિમા મળી બસો પ્રતિમાઓનું અંજનવિધાન થયું.'' તે પછી પવઇ-અંધેરી કાંતિનગર વગેરે સંઘોમાં શિખરબદ્ધ જિનાલયના ખનન-શિલાન્યાસાદિ કાર્યો બાદ પૂજ્યશ્રીનું વિ.સં. ૨૦૨૯નું ચાતુર્માસ ગુરુદેવની નિશ્રામાં વાલકેશ્વર થયું. આ ચાતુર્માસમાં આચારાંગ સૂત્ર પર પ્રવચનો ઉપરાંત સાધુ-સાધ્વીજી માટે બે વાચના અને રાત્રે ભાઇઓ માટે તત્ત્વજ્ઞાનવર્ગ રહેતો. સાધુ-સાધ્વીજીની વાચનામાં પૂજ્યશ્રી કાયમ મુખ્ય શ્રોતારૂપે ગુરુદેવ સમક્ષ વિરાજતા. આ ચાતુર્માસમાં પર્યુષણા દરમિયાન પૂજ્યશ્રી સંબધી એક રસપ્રદ ઘટના બની:

લગભગ પ્રતિવર્ષ પર્યુષણા માટે ગુરુદેવ મુંબઇના અલગ અલગ સંઘોમાં શ્રમણોને પાઠવે. એ પ્રમાણે આ વર્ષે પર્યુષણામાં ગુરુદેવે પૂજ્યશ્રીને મરીનડ્રાઇવ જૈન સંઘમાં આરાધના કરાવવા કહ્યું. પરંતુ પૂજ્યશ્રીને એ દિવસોમાં પથરીનો ભયાનક દુઃખાવો શરૂ થયો હતો. 'એ જો સતત રહે તો પ્રવચનાદિ કેમ કરી શકાશે?' આ વિચારથી પૂજ્યશ્રીનું મન જરા શિથિલ થયું. ગુરુદેવે કહ્યું: ''જાવ, બધું સારું થશે.'' અને... ગુરુવચન તહત્તિ કરી પૂજ્યશ્રી પર્યુષણાના પૂર્વદિને મરીનડ્રાઇવ સંઘમાં પધાર્યા. શકુંતલાહાઇસ્કૂલમાં મુકામ હતો. સમગ્ર દિવસ અને રાત્રિ પથરીની પીડા ચાલુ રહી. આ પીડા એવી સખત હોય કે જે અનુભવે એને જ સમજાય. જરા ય ચેન ન પડે. પર્યુષણાનો પ્રથમ દિવસ આવ્યો. વહેલી પ્રભાતે પ્રતિક્રમણ કરતાં પૂજ્યશ્રીએ તે સંઘના મૂલનાયક શ્રી શંખેશ્વરપાર્શ્વપ્રભુને માનસપટ સમક્ષ લાવી પ્રાર્થના કરી કે ''પ્રભુ, હું અહીં મારી અને સંઘની આરાધના માટે આવ્યો છું. એથી કમ સે કમ પ્રવચનના ત્રણ કલાક અને પ્રતિક્રમણનો એક કલાક રોગોપશાંતિ રહે તો સ્વસ્થભાવે આરાધના કરી-કરાવી શકાય. પીડાથી છૂટકારાનાં લક્ષ્યથી મારી પ્રાર્થના નથી, સંઘની આરાધનાનાં લક્ષ્યથી મારી પ્રાર્થના છે.'' જાણે એ પ્રાર્થનાએ પ્રભાવ પાથર્યો હોય એમ પ્રથમ બે દિવસ એવું બન્યું કે પ્રવચન-પ્રતિક્રમણની દશ-પંદર મિનિટ પૂર્વે પીડા બંધ થઇ જાય અને એ પછી અર્ધા-પોણા કલાકમાં પીડા શરૂ થઇ જાય. બે દિવસ તો આમ બરાબર ગયા. ત્રીજા દિવસની પ્રભાતે પૂજ્યશ્રીએ નવી પ્રાર્થના કરી: ''આવતી કાલથી કલ્પસૂત્રનાં બબ્બે પ્રવચનો આવશે. માત્ર પાંચ દિવસ

પીડામાં રાહત હોય તો સંઘમાં સારી રીતે આરાધના કરાય-કરાવાય. હું અશાતા વેદનીયથી છૂટવા નથી માંગતો. ભલે પાંચમથી આ દર્દ શરુ થાય. પરંતુ આ પાંચ દિવસ શાતા-સમાધિ જરૂરી છે.''

પૂજ્યશ્રીની આંખ બંધ હતી. છતાં એમને એવો ભાસ થયો કે સ્કૂલખંડના Blackboard પર 'આજે ૧૨.૦૦ ક. પરિણામ' આ શબ્દો લખાયા છે. આંખ ખૂલતા Blackboard પર એવું કાંઇ દેખાયું નહિ. કદાચ ભ્રમ હશે એમ સમજી પૂજ્યશ્રી આવશ્યક ક્રિયામાં પરોવાયા. પ્રવચન પૂર્ણ થયા બાદ બરાબર બાર કલાકે પૂજ્યશ્રી માત્રુ પધાર્યા અને એમાં આઠ દિવસથી પીડા આપતી પથરી નીકળી ગઇ. પૂજ્યશ્રીને 'આજે ૧૨.૦૦ ક. પરિણામ' શબ્દોનો મર્મ સમજાઇ ગયો. પૂજ્યશ્રીએ સ્વયં પ્રવચનોમાં પણ વારંવાર ફરમાવેલ આ ઘટના અહીં ટાંકતી વેળાએ એને ચમત્કારની દિશામાં લઇ જવાનો ઉદ્દેશ નથી. બલ્કે એમાંની ત્રણ બાબતોને ઉજાગર કરવાનો ઉદ્દેશ છેઃ (૧) પૂજ્યશ્રીની ગુરુસમર્પણશીલતા. સતત રાત-દિવસની પીડા હોય, આઠે ય દિવસ પ્રવચનની જવાબદારીમાં કોઇ વિકલ્પ ન હોય ત્યારે ભલભલી વ્યક્તિ જવાબદારી લેતાં પૂર્વે બહુ વિચાર કરે. કિંતુ પૂજ્યશ્રીએ ગુરુદેવનો નિર્દેશ થતાંવેંત કોઇ સંકલ્પ-વિકલ્પ વિના એ સ્વીકારી લીધો તે પૂજ્યશ્રીની સમર્પણશીલતાની દ્યોતક બાબત હતી (૨) પૂજ્યશ્રીની સંઘહિતવત્સલતા. સંઘ માટે આરાધનાઓ-સંઘકાર્યોની દૃષ્ટિએ પર્યુષણામહાપર્વ સૌથી અગત્યનો સમયખંડ હોય. એમાં વિક્ષેપ ન આવે તેની ચિંતા-કાળજી પૂજ્યશ્રીની પ્રાર્થનામાં પ્રતિબિંબિત થતી નિહાળાય છે. (૩) પ્રાર્થનાની શૈલી. પ્રભુશાસનને સમ્યક્‌રૂપણે સમજનાર સત્ત્વશીલ પુણ્યાત્મા દેહપીડાની વધુ પડતી ચિંતા કરીને આર્તધ્યાન ન કરે. બલ્કે એને યથાશક્તિ સહન કરવાનું કૌવત પણ દાખવે. કેમ કે રોગ પ્રત્યે સમતાપૂર્વકની સહિષ્ણુતા તો સકામ કર્મનિર્જરાનું કારણ છે. એથી જ પૂજ્યશ્રીએ પ્રાર્થનામાં રોગનાશની વિચારણા ન કરતા 'ભલે પાંચમથી આ દર્દ શરૂ થાય' એવી વિવેકમઢી વિચારણા કરી...

આ ચાતુર્માસમાં પ્રારંભથી અંત સુધી પૂજ્યશ્રીએ સળંગ એકાસણા કરી વિધિપૂર્વક વીશસ્થાનકતપ શરૂ કર્યો. ઉપરાંત શેષકાળમાં પણ દીર્ઘ સમય એ તપ જારી રાખ્યો.વિ.સં. ૨૦૨૯-૩૦-૩૧ નાં વર્ષો મળી પૂજ્યશ્રીએ વીશસ્થાનકની વીશ ઓળી કરી, ચોવીશ-તીર્થંકર ભગવંતોનો કલ્યાણકતપ એકાસણાં-આયંબિલ-ઉપવાસાદિ યથોક્તપણે વિધિપૂર્વક કર્યો; તો શ્રી ચોવીશ તીર્થંકર ભગવંતો પૈકી ૧ થી ૨૦ ભગવંતોનો એકાસણાતપ પણ કર્યો. ચાતુર્માસ બાદ ગુરુદેવની નિશ્રામાં મલાડ-કુરારવિલેજ સંઘમાં જિનાલયપ્રતિષ્ઠા, મલાડ-ભાદરણ નગર સંઘમાં જિનાલયનિર્ણય તથા ફંડ, બોરીવલીમાં દીક્ષા, ગોવાલીયાટેંક તથા પ્રાર્થનાસમાજ સંઘમાં અધિષ્ઠાયક પ્રતિષ્ઠાદિ કાર્યો થતાં પૂજ્યશ્રીએ પ્રત્યેક પ્રસંગો સફળતાથી વહન કર્યા. તે પછી તુર્ત વાલકેશ્વરમાં બસો આરાધકોના ઉપધાનતપ થયા. હવે આપણે વિ.સં. ૨૦૩૦નાં આ વર્ષની મુખ્ય બાબતોરૂપે ઉલ્લેખ કરીશું મહામાસની એક ઘટનાનો તથા તે વર્ષની પ્રતિષ્ઠાઓનો.

એ સમયે પૂજ્યશ્રી વાલકેશ્વરના ઉપધાનતપના માળમહોત્સવમાં પરોવાયેલ હતા. ત્યાં અમદાવાદથી સમાચાર આવ્યા કે 'માતુશ્રી મણિબેન ચિરવિદાય પામ્યા છે.' પૂજ્યશ્રીનું હૈયું સંવેદનાથી આર્દ્ર થઇ ગયું. કેમ કે એમનાં જીવનમાં બાલવયથી સંસ્કરણ-ધર્માભિમુખતા-દીક્ષા પ્રત્યે આદર વગેરે જગાવનાર એ જ હતા. પૂજ્યશ્રીના માનસપટમાં એ ઉપકારી પુણ્યાત્માના બાલવયના ઉપકારો તરવરી રહ્યા. મહા વદિ ચોથે સમાધિપૂર્વક અવસાન પામેલ એ સાંસારિક માતાજી અંગે પૂજ્યશ્રીએ પરિવારજનોને સાંત્વન આપતો એક મનનીય પત્ર લખ્યો. આ રહ્યો એ પત્રઃ

''- સૂર્યોદયવિજય નું મહા વદિ-૫ વિ.સં. ૨૦૩૦
વાલકેશ્વર-મુંબઇ.

ધર્માનુરાગી સુશ્રાવક શ્રી સુંદરભાઇ-હીરાભાઇ-હસમુખ-ભરત વગેરે પરિવાર...

- ધર્મલાભ પૂર્વક જણાવવાનું કે અહીં અમો દેવ-ગુરુ કૃપાથી શાતામાં છીએ. ત્યાં તમો સહુ પણ કુશલ હશો.

- વિ.વિ. જણાવવાનું કે ગઇ કાલે ધર્માત્મા મણિબેનના અવસાનના સમાચાર મળ્યા. બે વર્ષના અલ્પ સમયમાં પિતાજી પછી માતાજીની છત્રછાયા ગુમાવવાની સ્થિતિમાં તમને સૌને આઘાત થાય એ સ્વાભાવિક છે. એમાં પણ ખાસ માંદગી વિના માત્ર ત્રણ દિવસની બિમારીમાં એકાએક એ આત્માએ વિદાય લીધી એનાથી તમને સૌને ઘણું દુઃખ થયું તે સમજાય છે. પરંતુ આસન્ન ઉપકારી ચરમતીર્થપતિ ભગવાન મહાવીર પ્રભુએ તો જીવનની ક્ષણભંગુરતા શ્રી ઉત્તરાધ્યનસૂત્રમાં બતાવી જ છે કે :-

कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए।
एवं मणुआण जीवियं, समयं गोयम! मा पमायए।।

(અર્થ : વહેલી સવારે ઘાસ પર પડેલું ઝાકળબિંદુ જેમ થોડી જ વાર ત્યાં ટકે છે એમ માનવજીવન પણ બહુ અલ્પ સમય ટકનારું છે. માટે હે ગૌતમ! ક્ષણનો પણ પ્રમાદ ન કરીશ.)

જે આત્મા જેટલું આયુષ્ય બાંધીને આવ્યો હોય તે આત્મા તેટલો જ સમય આ જન્મમાં રહી પછી ચાલી નીકળતો હોય છે. સંસારનો આ અફર નિયમ છે. આપણને તેમની આયુષ્યાવધિની ખબર ન હોય અને એમાં એકાએક મૃત્યુ થાય એટલે આઘાત થાય. બાકી આ કર્મસત્તાધીન ક્રમ જ છે. બાલપણમાં ઊંડા ધર્મસંસ્કારોનું સિંચન-

શિસ્તપાલન વગેરે અનેક ઉપકારો તેમણે અમારા પર કર્યા છે. એથી અમે પણ ઉપકારમૂલક તીવ્ર સંવેદનાઓ અત્યારે અનુભવી રહ્યા છીએ.

એમણે જીવનમાં નિત્ય પૂજા-સામાયિક-પ્રતિક્રમણ-ચોવિહાર અને તપસ્યાદિ ઉપરાંત બાર વ્રત સ્વીકાર અને ત્રણે ય ઉપધાનતપની આરાધના કરી જીવનને ધર્મમંડિત કર્યું હતું. એના જ પ્રભાવે એમને મરણમાં અનુમોદનીય સમાધિ મળી. ગઇ કાલે સમાચારમાં જાણ્યું કે ફક્ત ત્રણ દિવસની માંદગીમાં છેલ્લે અભાન હતા ત્યારે ય એમની રોજની ચૌદ નિયમ ધારવાની ટેવનાં કારણે તે સમયે 'સચિત્ત ત્યાગ, છરી-ચપ્પુત્યાગ' વગેરે બોલતા હતા અને નવકાર યાદ કરતા હતા. આ એમનામાં ઊંડે સુધી ઊતરેલ ધર્મનો પ્રભાવ હતો. એથી તેઓ સદ્‌ગતિમાં ગયા હોય તેવો અંદાજ માંડી શકાય. પૂ. ગુરુદેવે પણ આ સમાચાર મળતા આવું કહ્યું હતું.

- એમના મૃત્યુ પર શોક ન કરવો-પણ વધુ ને વધુ ધર્મઆરાધનાનું શરણ લેવું. કહ્યું છે કેઃ-

अबन्धूनामसौ बन्धु–रसखीनामसौ सखा।
अनाथानामसौ नाथो, धर्मो विश्वैकवत्सलः।।

(અર્થઃ ધર્મ બંધુરહિત જીવોનો બંધુ છે, મિત્રરહિત જીવોનો મિત્ર છે, અનાથ જીવોનો નાથ છે. ધર્મ તો ખરેખર વિશ્વવત્સલ છે.)

- એમનાં નિમિત્તે ધર્મઆરાધનામાં વૃદ્ધિ કરજો. પરિવારના નાના-મોટા બાળકો વગેરે સૌને ધર્મલાભ જણાવશો.

લિ. મુનિ સૂર્યોદયવિજય. ધર્મલાભ...''

કેવું પરિપકવ અને સાધુત્વને છાજે તેવું સરસ માર્ગદર્શન આ પત્રમાં પ્રતિબિંબિત થાય છે!! આ ઉપકારી માતુશ્રીની સ્મૃતિમાં પૂજ્યશ્રીએ ૫૦ હજાર ગાથાના સ્વાધ્યાય ઉપરાંત શ્રી લોઢણપાર્શ્વપ્રભુના સાડા બાર હજાર જાપનો સંકલ્પ કર્યો...

વાલકેશ્વરના ઉપધાનતપ બાદ ગુરુદેવ સાથેની પૂજ્યશ્રીની વિહારયાત્રામાં સફાલાસંઘમાં તથા દહાણુસ્ટેશનસંઘમાં આરસના જિનબિંબોનો પ્રતિષ્ઠાનિર્ણય અને તે પછી ઘોલવડ નગરે તીર્થસ્વરૂપ ભવ્ય શિખરબદ્ધ જિનાલયનો અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો. નાના-મોટા ૨૫૦ પ્રતિમાની અંજનશલાકા, અદ્‌ભુત કલ્યાણકઉજવણી, અનેક અનુષ્ઠાનો, બારે ય દિવસ સવાર-સાંજ સાધર્મિકવાત્સલ્યો આદિ અઢળક વિશેષતાભર્યા આ મહોત્સવમાં પૂજ્યશ્રીસંબધી બાબત એ બની કે મૂળ રાજસ્થાની સમાજની વસતિ ધરાવતા આ સંઘમાં પરસ્પર કુસંપ ભયંકર હતો. એવી હુંસાતુંસી હતી કે અંજન-પ્રતિષ્ઠા અટકી જાય. એ અવસરે પૂજ્યશ્રીએ એવો કુનેહભર્યો માર્ગ અખત્યાર કર્યો કે ખેંચતાણ સદંતર બંધ થઇ ગઇ. પછી ઉલ્લાસ પણ એવો જામ્યો કે નાનકડા ગામમાં તે કાળે ₹. સાડા છ લાખની ઉપજ થઇ. આજે પણ એ ગામનો સંઘ પૂ. ધર્મસૂરિદાદા પછી પૂજ્યશ્રીને જ સૌથી વધુ ઉપકારી ગણે છે. ત્યાંથી ઉમરગામ સ્ટેશન-સાંવટા-દહાણુ-વસઇરોડસંઘમાં પ્રતિષ્ઠાઓ તથા નાલાસોપારા-અંચલગચ્છ સંઘમાં જિનાલયસ્થાપના કરાવાઇ. અંતે વિ.સં. ૨૦૩૦નું એ ચાતુર્માસ વાલકેશ્વરમાં થયું.

આ ચાતુર્માસમાં ગુરુદેવની આજ્ઞાથી પૂજ્યશ્રી પર્યુષણાપર્વની આરાધનાર્થે મરીનડ્રાઇવ સંઘમાં પધાર્યા. આ સંઘમાં પાટણ સમાજની વસતિ વિશેષ હતી. એ સમાજના Buildingના વ્યવસ્થાનિયમો એવા હતા કે ત્યાં ઉપાશ્રયઆયોજન અશક્યપ્રાયઃ હતું. કેમ કે એ Buildingમાં વસતી વ્યક્તિ Block વેચી ન શકે. પાટણ મંડળને જ બ્લોક પરત આપવો પડે તેવો નિયમ એમાં સૌથી વધુ નડતરરૂપ હતો. સંઘવત્સલ આપણા પૂજ્યશ્રીએ જિનાલયની બિલકુલ બાજુના ભૂમિતલના એક Blockના માલિક શ્રી પ્રેમચંદ જીવાભાઇ નામે જૈન બંધુને પ્રેરણા આપી Block આપવા તૈયાર કર્યા.. બીજી તરફ પાટણ મંડળને પણ સહયોગ આપવા સમજૂતીપૂર્વક તત્પર કર્યું. તો ત્રીજી તરફ સંઘમાં ત્રણ ત્રણ ચાર ચાર મીટિંગો કરી અમૂક શરતો સ્વીકારીને ય ઉપાશ્રય માટે સંઘને તૈયાર કર્યો. તત્કાલ તેનું ફંડ કરાયું. પરિણામરૂપે આજે સતત સાડા ચાર દાયકાથી સંઘને આરાધનાની અનુકૂળતાભર્યું સ્થાન મળી રહ્યું છે.

આ ચાતુર્માસથી વર્ષાવધિની વિરાટ પ્રભુવીરની પચીશમી નિર્વાણશતાબ્દી-ઉજવણીનું શકવર્તી આયોજન શરુ થવાનું હતું. એની નાનકડી અસર ઝીલાઇ 'કણ અને ક્ષણ' નામની એક કથા પુસ્તિકામાં. સમુદાયના જ એક યુવામુનિવર પૂ. શ્રી મહાબલવિજયજી મ.એ તૈયાર કરેલ એ પુસ્તિકાનાં મુખપૃષ્ઠ પર પ્રભુ મહાવીરદેવનું નિર્વાણસમયનું સરસ ચિત્ર અંકિત થનાર હતું. એ મુનિવરે પૂજ્યશ્રીને વિનંતિ કરી કે ''આપ આ ચિત્રનો સુંદર પરિચય પુસ્તિકામાં લખી આપો અને પુસ્તિકાનું લખાણ સંસ્કારિત-પરિવર્ધિત કરી પ્રૂફસંશોધનાદિ પણ કરી આપો તો સારું.'' પરોપકારરત પૂજ્યશ્રીએ સંમતિ આપી તે તમામ કાર્ય ત્વરિત કરી આપ્યું. પૂજ્યશ્રીનું મુખ્ય જીવનકાર્ય લેખનનું ન હતું. ત્યારે તેઓનું મુખ્ય કાર્ય ગુરુદેવનાં શાસનકાર્યોનું હતું. આમ છતાં પૂજ્યશ્રીએ આલેખેલ એ ચિત્રપરિચય ખૂબ સરસ-સચોટ હતો. આ રહ્યો એ પરિચયઃ

મુખપૃષ્ઠ ચિત્રપરિચય

૨૫૦૦ વર્ષો પહેલાં આસો વદિ અમાસની રાતે પાવાપુરીમાં ભગવાન મહાવીરદેવ નિર્વાણ પામ્યા અને સર્વે કર્મોથી મુક્ત બની સિદ્ધ થયા. અનંતાનંત જ્ઞાનકિરણોથી ઝળહળતો એ ભાવદીપક બુઝાયો. એટલે ભગવંતની અખંડ ધારાએ વરસતી ૧૬





નિવાસ અમેરિકામાં... પણ ભક્તિસુવાસ શંખેશ્વર તીર્થમાં


પૂજ્યશ્રીની પ્રભાવવંતી નિશ્રામાં હાલ અમેરિકામાં સ્થાયી થયેલ મૂળ ભારતીય પરિવારોએ યોજેલ અમદાવાદથી શંખેશ્વર તીર્થના ભવ્ય છ'રી'પાલક પદયાત્રા સંઘની આ તસવીરોમાં લાભાર્થી પરિવારો તથા સા. શ્રી વસંતપ્રભાશ્રીજી-સા. શ્રી કલ્પલતાશ્રીજી આદિ પણ દૃશ્યમાન થાય છે.





















નિવાસ અમેરિકામાં...
પણ ભક્તિસુવાસ
શંખેશ્વર તીર્થમાં

પહોરની ધર્મદેશના શ્રવણ કરતાં કાશી-કૌશલદેશના ૧૮ ગણતંત્ર રાજાઓએ દ્રવ્ય દીપકો પ્રગટાવ્યા અને દીપાવલિ-દીવાળીની શરુઆત થઈ.

ચિત્રમાં આ મહાન ઘટનાનું નિદર્શન કરાવવામાં આવ્યું છે. એમાં ભાવજ્યોત-સ્વરૂપ ભગવાનનું નિર્વાણ-મોક્ષપ્રાપ્તિ અને ૧૮ ગણરાજાઓ દ્વારા પ્રકાશિત ૧૮ દીપકો દર્શાવવામાં આવ્યા છે.

પચીશ સો વર્ષ વીત્યા તો પણ, જ્યોત હજુ ઝગમગતી;
જુગ જુગ સુધી રહેશે દુનિયા, દીવાળી ઉજવતી...

૨૫૦૦ વર્ષ પહેલાંની આ ઘટના કણ અને ક્ષણનું મહત્ત્વ દર્શાવતી હોવાથી આ બુકનું નામ 'કણ અને ક્ષણ' રખાયેલ છે. એ આપણા જીવનની સુષુપ્ત દશાનું ભાન કરાવી જાગૃતિ આપે છે કે મહાન પુણ્યોદયે મળેલી કણ જેવી આ ક્ષણ જો ગુમાવશો તો જીવનમાંથી સર્વસ્વ ચાલ્યું જશે. ચિત્રમાં 'ક્ષણ' શબ્દમાં બતાવેલ 'ઘડી' સમજાવે છે કે કણ કણ રૂપે સરકી રહેલ ક્ષણો એકત્રિત થઈને બે ઘડી (૪૮ મીનીટ) બને છે. આ એક એક કણ અને એક એક ક્ષણ અનમોલ છે. 'खणं जानाहि पंडिए' 'चतुर! अवसरने ओळख.' આ પ્રભુવચન દ્વારા એની મહત્તા સમજીને દ્રવ્ય અને ભાવજ્યોતમાંથી પ્રેરણા પામી આપણે પણ અખંડ જ્યોત પ્રગટાવીએ.

ભગવાન મહાવીરદેવ આ વિશ્વમાં ભરત - ઐરવત - મહાવિદેહ ક્ષેત્રોમાં અવસરે અવસરે પ્રગટ થતાં અનંતાનંત તીર્થંકરોરૂપી ભાવદીપકોની પરંપરામાં પ્રગટેલા એક લોકોત્તર ભાવદીપક હતા. આ ભાવદીપકનું સ્વરૂપ આપણે ભક્તામરસ્તોત્રના ૧૬મા પદ્ય દ્વારા સમજીએ.

निर्धूमवर्तिरपवर्जिततैलपूरः,
कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि।
गम्यो न जातु मरुतां चलिताचलानां,
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ।।१६।।

ચરાચર લોકાલોકમાં પ્રકાશ પાથરનારા ભગવાન શ્રી તીર્થંકરદેવો આ વિશ્વમાં એક લોકોત્તર દીપક છે. આ દીપકની લોકોત્તરતા સમજાવવા માટે ભક્તામરસ્તોત્રના રચયિતા સ્તુતિકાર પૂ. આચાર્ય શ્રી માનતુંગસૂરીશ્વરજી મહારાજ પાંચ કારણો - વિલક્ષણતાઓ દર્શાવે છે.

(૧-૨) નિર્ધૂમવર્તિ: જગતના લૌકિક દીવડાઓ જલે છે ત્યારે એમાંથી ધૂમ અર્થાત્ ધૂમાડો નીકળે છે. જ્યારે આ અલૌકિક દીપકમાંથી એવો કોઈ ધૂમાડો નીકળતો નથી. પણ એમાંથી જ્ઞાનના ઝળહળતા અનંતાનંત કિરણો પ્રગટે છે. જગતના દશ્ય દીવડાઓને જલવા માટે વર્તિ એટલે કે વાટ-દીવેટની જરૂર પડે છે. જ્યારે આ દિવ્ય દીપકને એવી કોઈ વાટની જરૂર નથી. એ તો વગર વાટે જ અનંત પ્રકાશ પાથર્યા કરે છે.

(૩) अपवर्जिततैलपूर : જગતના બાહ્ય દીવડાઓને તેલ પૂરવું પડે છે. એના વિના એ દીવડાઓ બુઝાઈ જાય છે. જ્યારે આ અદ્‌ભુત દીપકને તેલ પૂરવાની કોઈ જરૂર નથી. વગર તેલે જ એ સદા ઝગમગતો રહે છે.

(૪) कृत्स्नं जगत्० જગતના દ્રવ્ય દીવડાઓ મર્યાદિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. જ્યારે આ ભાવદીપક તો સમસ્ત લોકાલોકના અમર્યાદિત ક્ષેત્રને સદાકાળ પ્રકાશિત કરે છે.

(૫) गम्यो न जातु० જગતના ભૌતિક દીવડાઓ પવનના સપાટામાં ક્ષણવારમાં બુઝાઈ જાય છે. જ્યારે આ આધ્યાત્મિક દીપક તો ગમે તેવા પર્વતોને પણ કંપાવી મૂકે એવા પ્રચંડ પવનોના ઝંઝાવાતમાં પણ અડોલ, અખંડ અને નિશ્ચલ રહે છે. એ વાયરાઓના સપાટાઓની એના ઉપર કોઈ અસર થતી નથી.

આવી આશ્ચર્યજનક વિલક્ષણતાઓના કારણે હે પરમાત્મા, આ વિશ્વમાં આપ અજોડ લોકોત્તર દીપક છે.

– સૂર્યોદયવિજય

નાનકડા ચિત્રના પરિચયનું કેવું સરસ શબ્દચિત્ર પૂજ્યશ્રીએ આલેખ્યું છે !! પરોપકારપરાયણ પૂજ્યશ્રી માટે એ પુસ્તિકાના પ્રકાશકીય નિવેદનમાં આ શબ્દો લખાયા છે કે ''કથાઓ વગેરેનાં મૂળ લખાણને સંસ્કારિત અને પરિવર્ધિત કરવા સાથે આ પુસ્તકનું પ્રુફ સંશોધનાદિ તમામ સંપાદન કાર્ય પૂ.વ્યા.સા.ન્યા. તીર્થ મુનિરાજ શ્રી સૂર્યોદયવિજયજી મહારાજે સુંદર રીતે કરેલ છે. તે માટે તેઓશ્રીનો અમે ખૂબ જ આભાર માનીએ છીએ.''

હવે આપણે નિહાળીએ આ ચાતુર્માસાંતે આરંભાયેલ ચરમતીર્થપતિ પરમાત્મા મહાવીરદેવની પચીશમી નિર્વાણશતાબ્દીની શકવર્તી ઉજવણીનું સંક્ષિપ્ત બયાન. વિ.સં. ૨૦૩૦ ((ઇ.સ. ૧૯૭૪) નાં દીવાળી પર્વે પરમાત્મા મહાવીરદેવનાં નિર્વાણને પચીસસો વર્ષ પૂર્ણ થતાં હોવાથી તત્કાલીન ભારતસરકારે તેમની નિર્વાણશતાબ્દીની રાષ્ટ્રીય સ્તરે ઉજવણી સરકારના સહયોગ સાથે કરવાની વિચારણા ત્રણેક વર્ષ પૂર્વે વહેતી કરી હતી. ખરી રીતે જૈન સંઘ માટે આ એક સુવર્ણ તક હતી કે જેમાં અનાયાસે લાખો-ક્રોડો લોકો સુધી પ્રભુનું જીવન-પ્રભુનો સંદેશ પહોંચે. એથી જૈન સંઘના ચાર વિભાગો પૈકી દિગંબર-સ્થાનકમાર્ગી-તેરાપંથી વિભાગો આમાં પૂરા ઉલ્લાસથી જોડાઇ રહ્યા હતા. આજ રીતે આપણા શ્વે. મૂ. જૈન સંઘે પણ આમાં સામેલ થવાની વાત સુયોગ્ય હોય. પરંતુ, એમાંના કેટલાક વર્ગને આમાં ક્રીશ્ચિયાનીટીનું ભેદી કાવતરું-જૈન શાસનમાં સરકારી હસ્તક્ષેપ જેવી કલ્પનાઓ આવવા માંડી. એમણે જોરશોરથી ઉજવણીનો વિરોધ આદર્યો.

આ તરફ સરકારે જે કાર્યક્રમની રૂપરેખા જાહેર કરી તેમાં સરકારી નીતિ સ્પષ્ટ થતી હતી કે ભારતભૂમિની આવી મહાન વિભૂતિઓની તિથિઉજવણી દ્વારા પ્રજાજીવનનું નૈતિક સ્તર-અહિંસાદિ સદ્‌ગુણો વિકસાવવા. સાથે જ તે તે સંપ્રદાયની સાંપ્રદાયિક

બાબતોમાં ચંચુપાત ન કરવો. આમ છતાં કોઇ ક્ષતિ ન રહે તે માટે સરકારે જૈનોના ચારે ય વિભાગોના બબ્બે શ્રમણોને અતિથિવિશેષરૂપે સમિતિમાં લીધા. એથી હવે વિરોધ વ્યર્થ જ ગણાય. છતાં પેલા વર્ગનો વિરોધ ચાલુ રહ્યો ત્યારે શ્વે.મૂ. જૈન સંઘમાં મુખ્યત્વે અમદાવાદમાં પૂ.આ.ભ.શ્રી નંદનસૂરીશ્વરજી મહારાજે અને મુંબઇમાં પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજે શતાબ્દીઉજવણીનું નેતૃત્વ લીધું. તો શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રી કસ્તૂરભાઇ લાલભાઇએ સમગ્ર શ્રાવક-શ્રાવિકા વર્ગનું નેતૃત્વ લીધું. ભારતવ્યાપી એ ઉજવણીનાં વર્ષમાં લાખો મુંબઇગરા જૈનોએ ગુરુદેવના નેતૃત્વ નીચે સમગ્ર ભારતમાં અગ્રક્રમે આવે એવી શાનદાર શતાબ્દીઉજવણી સરકાર સાથે સહયોગપૂર્વક કરી. ગુરુદેવનું પુણ્યપ્રભાવશાળી નેતૃત્વ અને આપણાં પૂજ્યશ્રીનું અત્યંત ગણતરીબદ્ધ સુવ્યવસ્થિત આયોજન-માર્ગદર્શન : આનાં કારણે મુંબઇમાં વિરોધીવર્ગની કોઇ કારી ન ફાવી.

એ ઉજવણીની માત્ર મુખ્ય ઝલકો જોઇએ તો, (૧) દીવાળી પર્વના ઉજવણીપ્રારંભદિને સમગ્ર મુંબઇમાં સમૂહ છટ્ઠ-અટ્ઠમ-આયંબિલ અને લોગસ્સજાપનાં ધાર્મિક આયોજનો થયાં. અખબારોમાં સંપૂર્ણ પેજની પૂર્તિ પ્રગટ થઇ. (૨) તે પછી તુર્ત ભાઇબીજે પ્રભુવીરની વિરાટ નિર્વાણકલ્યાણકરથયાત્રા યોજાઇ. તેમાં પચીશ હજારની મેદની જોડાઇ. બે લાખ લોકોએ સમગ્ર **Route** પર દર્શનનો લાભ લીધો. રથયાત્રા બાદ ઓવેલ મેદાનમાં ચાલીશ હજારની મેદની વચ્ચે મહારાષ્ટ્રના ગવર્નર-મુખ્યમન્ત્રી-વિધાનસભાસ્પીકર-મુંબઇના શેરીફ તેમજ જૈન અગ્રણીઓએ સાથે મળી નિર્વાણકલ્યાણકની મહાસભા યોજી. તેમાં મુખ્યમન્ત્રી શ્રી વસંતરાવ નાઇકે પૂરા નિર્વાણવર્ષ સુધી મહારાષ્ટ્રમાં શિકાર પર પ્રતિબંધ, પ્રભુના જન્મ-દીક્ષા-કેવલજ્ઞાન તથા પ્રારંભ-પૂર્ણાહુતિનાં બે નિર્વાણના મળી કુલ પાંચ કલ્યાણકદિને સંપૂર્ણ મહારાષ્ટ્રમાં કતલખાના પર પ્રતિબંધ, નિર્વાણમહોત્સવમાં સરકાર તરફથી માતબર ફંડની ફાળવણી, સરકારી મુખપત્ર 'લોકરાજ્ય'ના પ્રભુમહાવીરવિશેષાંક વગેરે ઘોષણા કરી.

(૩) નિર્વાણશતાબ્દીઉજવણીનું સૌથી મોટું આયોજન ચૈત્ર માસમાં ઓગષ્ટક્રાંતિમેદાન-ગોવાલીયાટેંકમાં થયું. ત્યાં એક સાથે પચીશ-ત્રીશ હજાર ભાવિકો બેસે તેવા વિશાલ 'મહાવીરનગર'ની રચના થઇ. તેમાં પાંચ દિવસ એકેકથી ચડિયાતાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમોમાં હજારો લોકોએ ભાગ લીધો. ચૈત્ર શુદિ તેરશના જન્મ-કલ્યાણકપર્વે મુંબઇના ઇતિહાસની અજોડ ઐતિહાસિક રથયાત્રા યોજાતા એક લાખ ભાવિકો તેમાં જોડાયા હતા, તો કુલ અઢી લાખ ભાવિકોએ તેનાં દર્શનાદિ કર્યા હતા. તેના દર્શને ભારતના પૂર્વ નાયબ વડાપ્રધાન વગેરે આવ્યા હતા. તે જ સાંજે ચોપાટીના સાગરતટે પૂ. પ્રતાપસૂરીશ્વરજી મ.-પૂ. ધર્મસૂરીશ્વરજી મ.ની અધ્યક્ષતામાં ચારેય ફિરકાના સાધુ-સાધ્વીગણની ઉપસ્થિતિ સાથે પચાસ હજારની મેદનીની જંગી સભા યોજાઇ હતી. તેમાં મુખ્યમન્ત્રી-શિક્ષામન્ત્રી વગેરે સરકારી વર્ગ પણ જોડાયો હતો. (૪) નિર્વાણશતાબ્દીની પૂર્ણાહુતિએ વાલકેશ્વરમાં ભવ્ય મહોત્સવ, ૫૪ ફુટ દીર્ઘ-૩૦ ફુટ પહોળી-૨૦ ફુટ ઊંચી પાવાપુરીની અદ્‌ભુત જલમંદિરરચના, મુખ્યમન્ત્રી દ્વારા તેનું ઉદ્‌ઘાટન, તેના દર્શનાર્થે બે લાખ ભાવિકોનું આગમન વગેરે ઘટનાઓ સર્જાઇ હતી. અંતે ભાઇબીજે પ્રારંભના જેવી જ પૂર્ણાહુતિની વિરાટ રથયાત્રા યોજાઇ હતી.

આ નિર્વાણશતાબ્દીની પૂર્ણાહુતિએ અખબારી પૂર્તિમાં પ્રકાશિત લેખમાં ગુરુદેવે તેની ફલશ્રુતિનો એક ઉલ્લેખ આ કર્યો કે ''કલ્યાણકોના દિવસોમાં કેન્દ્ર સરકારના ફરમાન મુજબ નાના-મોટા તમામ શહેરો અને ગામડાઓમાં સંપૂર્ણપણે કતલખાનાઓ બંધ રાખવામાં આવ્યા છે અને લાખો-કરોડો મૂંગા પ્રાણીઓને અભયદાન પ્રાપ્ત થયું છે. અમૂક શહેરો કે પ્રાંતોમાં આ નિર્વાણવર્ષ દરમિયાન હોટલોમાં માંસ પીરસવા પર પ્રતિબંધ મુકાયો છે તેમજ મદિરાપાનના નિષેધ માટે સરકાર તરફથી ફરમાન (Bill) રજૂ કરવામાં આવેલ છે. ઉપરાંત દરેક પ્રાંતોમાં ફાંસીની શિક્ષા રદ થવા સાથે કેટલાક કેદીઓની કેદની મુદતમાં પણ ઘટાડો કરવામાં આવેલ છે...''

એકંદર, આ ઉજવણીથી રાષ્ટ્રીયસ્તરે પ્રભુ મહાવીરદેવ-એમના ઉપદેશ-અહિંસાના આદર્શ વગેરેનો વ્યાપક ખ્યાલ ભારતીય પ્રજામાં પ્રગટવાથી સરવાળે જૈનશાસનને લાભ જ થયો. આ ઉજવણીમાં વિરોધથી દોરવાયા વિના મુંબઇના જૈનો વિરાટ સંખ્યામાં સામેલ થયા તેમાં એક તરફ ગુરુદેવનો પ્રબળ પુણ્યપ્રભાવ કારણભૂત હતો, તો બીજી તરફ આપણા પૂજ્યશ્રીની અથાક જહેમત પણ સહાયક હતી. ત્યારના જૈન પત્રોમાં પણ તેવો ઉલ્લેખ પણ મળે છે. પૂજ્યશ્રી પ્રત્યેના ગુણાનુરાગી પૂ. મુનિરાજ શ્રી પૂર્ણાનંદવિજયજી મ. 'આત્મબંધુ' (પછીથી આચાર્ય) મને કહેતા કે ''નિર્વાણ શતાબ્દી અને પદયાત્રાસંઘોમાં તમારા ગુરુદેવે રાત-દિવસ જોયા વિના અથાક જહેમત કરી છે, હજારો લોકોને સતત દોરવણી આપી છે એ મેં નજરોનજર જોયું છે-માણ્યું છે. એમની જહેમતે ઉજવણીને મુંબઇમાં સવાયી સફળ બનાવી દીધી હતી.''

આપણે એ સફળતાના એક મહત્ત્વના સૂત્રધાર પૂજ્યશ્રીના શાસનરાગને અંતરથી અભિવંદન કરીએ...



પ્રકરણ :
૨૨

પાલિતાણાની પુણ્યભૂમિમાં...

સંસ્કૃતમાં એક મજાની ઉક્તિ છે કે 'જ્ઞાનેન હીના: પશુભિ: સમાના:'' ભાવાર્થ કે જ્ઞાનરહિત માનવી વાસ્તવમાં પશુતુલ્ય છે. આ ઉક્તિનું મહત્ત્વ માનવી ભૌતિક ક્ષેત્રે ખૂબ સમજ્યો છે. માટે જ બાહ્ય શિક્ષણ માટે એ સ્કૂલ-કોલેજમાં જાય છે અને ત્યાં મોટી રકમ ખર્ચીને પણ વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કરે છે.

પણ... આ ભૌતિક ક્ષેત્ર કરતાં ય આધ્યાત્મિક-ધાર્મિક ક્ષેત્રે જ્ઞાનનું મહત્ત્વ અધિક છે. એથી જ ત્યાં 'પઢમં નાણં તઓ દયા' જેવાં સૂત્રો અપાયા છે. સંસ્થાકીય સ્તરે આ ધાર્મિક જ્ઞાનનું દાન કરવાનું કાર્ય કરે છે પાઠશાળા. ભલે ત્યાં ઉચ્ચ અધ્યાત્મસ્તરનું જ્ઞાન ન અપાતું હોય એટલે કે ફક્ત આવશ્યકાદિ ક્રિયોપયોગી સૂત્રાર્થનું જ્ઞાન અપાતું હોય, તો પણ એ જ્ઞાન આત્મકલ્યાણની દૃષ્ટિએ અતિ મહત્ત્વનું છે. કેમ કે જે બાળકે-વ્યક્તિએ પાઠશાળાનાં માધ્યમે સૂત્રજ્ઞાન પ્રાપ્ત કર્યું છે એ બાળક બહુ આસાનીથી આગળ જતાં ધર્મારાધનાઓ અને સદ્‌ગુરુ સાથે સંબદ્ધ થઇ શકે છે. એ સંબંધ એનાં જીવનમાં ઉચ્ચસ્તરીય ધર્મનો-અધ્યાત્મનો લાભ કરાવી શકે છે. આથી પાઠશાળા વ્યક્તિગતરૂપે અને સમષ્ટિગતરૂપે ખૂબ ઉપકારક બાબત છે. પૂ. યુગદિવાકર ગુરુદેવના શબ્દોમાં કહીએ તો 'પાઠશાળા જૈન સંઘની કલ્પવેલડી છે.'

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીનાં જીવનમાં પણ ડભોઇતીર્થની પાઠશાળાએ પૂર્વે નિહાળ્યું તેમ સૂત્રજ્ઞાનાદિરૂપે મહત્ત્વનો પ્રાથમિક ઉપકાર કર્યો હતો. મુખ્યત્વે ત્યાંથી મળેલ સૂત્રજ્ઞાન અને પ્રતિક્રમણાદિના સંસ્કારોએ એમને આગળ જતાં સદ્‌ગુરુની અને સર્વવિરતિની પ્રાપ્તિ કરાવી હતી. ડભોઇતીર્થની એ આત્માનંદ જૈન પાઠશાળાએ પંચોતેર વર્ષ પરિપૂર્ણ કરતા સંઘે તેનો ભવ્ય અમૃતમહોત્સવ યોજ્યો. એટલું જ નહિ, એ અમૃતમહોત્સવનો સરસ સ્મૃતિગ્રન્થ પણ પ્રકાશિત કર્યો. પાઠશાળા પ્રત્યે કૃતજ્ઞભાવ ધરાવતા પૂજ્યશ્રીએ એ અમૃતમહોત્સવ માટે સુંદર આર્થિક યોગદાન અપાવ્યું, તો મહોત્સવના શુભેચ્છાસંદેશમાં એ પાઠશાળાએ પોતાનાં જીવન પર કરેલ પાયાના પ્રાથમિક ઉપકારોનો અધ્યાપકોના નામજોગ ઉલ્લેખ કર્યો. આ ઉપરાંત પાઠશાળાના સ્મૃતિઅંકપ્રકાશન-પ્રસંગની શુભેચ્છારૂપે એક સંસ્કૃત અષ્ટક પૂજ્યશ્રીએ રચીને પાઠવ્યું. સ્મૃતિઅંકના પ્રારંભે પ્રસ્તુત કરાયેલ એ અષ્ટકની મુખ્ય વિશેષતાઓ બે હતી: એક કે એના દરેક શ્લોકની પ્રથમ-તૃતીય પંક્તિના પ્રથમાક્ષરો મેળવતાં અષ્ટકનું શીર્ષક તૈયાર થતું હતું અને અંતે એમનું નામ આવતું હતું, તો બીજી વાત એ કે એમાં મુખ્યતા દર્ભાવતીતીર્થાધિનાયક શ્રી લોઢણપાર્શ્વપ્રભુને અપાવા સાથે દર્ભાવતીતીર્થનો લગભગ મુખ્ય ઇતિહાસ ગૂંથી લેવાયો હતો. આ રહ્યું એ શીર્ષક સહિતનું મજાનું સંસ્કૃત અષ્ટક:

श्री आत्मानन्द जैन पाठशाला दर्भावती-अमृतमहोत्सव-
स्मृतिअङ्कप्रकाशन-प्रसङ्गे शुभेच्छा:प्रेषयामि

(संस्कृत-अष्टकम्)

रचयिता:- व्याकरण-साहित्य-न्यायतीर्थ-मुनिसूर्योदयविजय:

श्रीमल्लोढणपार्श्वेश-श्चञ्चन्नीलमणिप्रभ:।
आत्मानुभूतिसंलीन:, पद्मावत्या समाश्रित: ।।१।।
नन्दन: सर्व लोकाना-मर्धपद्मासनस्थित:।
जैनशासनरक्तेन, धरणेन्द्रेण सेवित:।।२।।
पाठकेन्द्रयशोयुक्त-विजयेन पवित्रिते।
शालाभिर्बहुभिर्युक्ते, मुनिचन्द्रर्षिराजिते।।३।।
दर्भावतीपुरे सूरि-मोहनेनोपमण्डिते।
अमृतत्वं प्रपित्सुना, सागरेण विनिर्मित:।।४।।
महोत्सवस्वरूप: सद्-योगिनां ध्यायतां मत:।
स्मृतिमात्रोपनीत:सन्, विघ्नवृन्दनिवारक:।।५।।
अङ्कमितस्य सर्पस्य, दग्धस्य कमठेन य:।
प्रकाशनस्य मन्त्रस्य, नमस्कारस्य सेवकै:।।६।।
प्रसङ्गेन चमत्कृत्या, धरणेन्द्रत्वदायक:।
शुभेच्छा: पूरयन्तं तं, प्रणिपत्य जिनेश्वरम्।।७।।
प्रेषयामि प्रमोदेन, ता अमृतमहोत्सवे।
सूर्योदयस्य वेलायां, नवम्यां कार्तिके शुचौ।।८।।

કેવી વ્યાકરણશુદ્ધ અને પ્રાંજલ રચના છે આ.

વિ.સં. ૨૦૩૧નાં આ વર્ષે જેમ એક તરફ પ્રભુવીરનિર્વાણશતાબ્દીઉજવણીની જોરદાર કાર્યવાહી હતી, તો બીજી તરફ શાસનપ્રભાવનાઓની પણ પરંપરા હતી. પ્રથમનાં કાર્યોમાં પ્રાર્થનાસમાજ સંઘમાં પરિકરો-ગણધર ભગવંતો-અધિષ્ઠાયકોની પ્રતિષ્ઠા, ઠાકુરદ્વારસંઘમાં ભૂમિખંડ સંપાદિત કરાવવા સાથે જિનાલય-ઉપાશ્રયનો ખનન-શિલાન્યાસવિધિ અને ભાંડુપ-મહારાષ્ટ્રનગરમાં વાસુપૂજ્યજિનાલય-સ્થાપના થઇ. તે પછી માગશર શુદિ ચૌદશથી વાલકેશ્વર-પૂરવ એપાર્ટમેન્ટમાં બસોથી વધુ આરાધકોની ભવ્ય ઉપધાનતપઆરાધના થઇ. તેના અંતે ઘાટકોપર-સર્વોદય હોસ્પિટલના પરિસરના એક વિશાલ ભાગમાં ૨૭ ફુટ ઉત્તુંગ આરસના શિરોમણિ પાર્શ્વનાથપ્રભુની ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠા આવી. આ ભગવંત માટે બસો ત્રીશ ફુટ દીર્ઘ, એકસો ત્રીશ ફુટ પહોળા અને પીસ્તાળીશ ફુટ ઉત્તુંગ દેવદર્શનહૉલનું નિર્માણ થયું હતું. ત્યાં તમામ વિધિ સાચવવાપૂર્વક ફક્ત શ્રી જિનબિંબો પધરાવવાની ભાવના એ સંકુલના માલિક શ્રી કાંતિભાઇએ વ્યક્ત કરી હોવાથી આ અંજનશલાકા યોજાઇ હતી. મહા વદિ પાંચમે ત્યાંની અંજન-પ્રતિષ્ઠાવિધિ થઇ અને એ જ દિને મરોલ સંઘમાં વાસુપૂજ્યજિનાલયપ્રતિષ્ઠા થઇ.

તે પછી મલાડ અને ઘાટકોપર સંઘમાં દીક્ષાઓ, કાંદિવલીમાં ભવ્ય ઉપાશ્રયના પ્રથમ મજલાનું ઉદ્‌ઘાટન તથા ૨૪ કુલિકાઓ-ત્રણ શિખર-ભવ્યરંગમંડપાદિથી મંડિત શ્રી મુનિસુવ્રતમહાજિનાલયનું ખનન-શિલાસ્થાપન, અંધેરી-કાંતિનગર સંઘમાં ભવ્ય શિખરબદ્ધ જિનાલયપ્રતિષ્ઠા તથા ઉપાશ્રયનિર્માણાદિ ધર્મકાર્યોની પરંપરામાં ગુરુદેવની સાથે સતત સામેલ રહી અંતે પૂજ્યશ્રી વિ.સં. ૨૦૩૧ના ચાતુર્માસ માટે ગુરુદેવની નિશ્રામાં વાલકેશ્વર પધાર્યા. આ ચાતુર્માસમાં મહાવીરપ્રભુનિર્વાણશતાબ્દી-ઉજવણીનાં કાર્યો છવાયેલા રહ્યા. તો ચાતુર્માસમાં ગુરુદેવની પ્રેરણાથી ભાંડુપ-ભઠ્ઠીપાડા સંઘમાં શ્રી શંખેશ્વરપાર્શ્વજિનાલય-સ્થાપના થઇ.

ચાતુર્માસ બાદ સૌથી મોટો પ્રસંગ યોજાયો બોરીવલી-જામલીગલી સંઘમાં. ત્યાં ગુરુદેવની પ્રેરણાથી નાનું જિનાલય પરિવર્ધિત કરી દેવવિમાન સમ રમણીય કરાયું હતું અને તેમાં ચાર શાશ્વતા પ્રભુ-ગૌતમસ્વામીજી-પદ્માવતીદેવી આદિની પ્રતિષ્ઠા હોવાથી

ભવ્યાતિભવ્ય અંજનશલાકામહોત્સવ આયોજિત કરાયો હતો. ખૂબ વિશાલ ફલક પર એ મહોત્સવ હતો અને સમય અલ્પ હતો તેથી ગુરુદેવે એની પૂર્વતૈયારી માટે આપણા પૂજ્યશ્રીને અગાઉથી પાઠવ્યા. એમની સાથે હતા એમના સદાના સાથી-સંગાથી પૂ. મુનિરાજ શ્રી મહાનંદવિજયજી મહારાજ. પૂજ્યશ્રીનાં કુશલ માર્ગદર્શન મુજબ સંઘે જબરજસ્ત તૈયારીઓ કરી. બસો પ્રતિમાઓની અંજનશલાકાવેદિકા-એક સાથે દશ હજાર ભાવિકો બેસે તેવા ઉજવણી મંડપો-વિરાટ મેરુગિરિ-પંચકલ્યાણકરચનાઓ-દૈનિક ધોરણે અખબારીપ્રચાર વગેરે દ્વારા અલ્પ સમયમાં જબરજસ્ત માહોલ પૂજ્યશ્રી દ્વારા બન્યા બાદ કાર્તિક વદિ દશમે ગુરુદેવ પધારતા એમનાં સામૈયામાં જ આઠ હજાર ભાવિકોની મેદની ઊમટી. ગુરુદેવના પુણ્યપ્રભાવે પ્રથમ દિવસની પ્રવચનસભામાં પ્રતિમાજીઓની માતબર ઉછામણીઓ થવા સાથે પર્યુષણાથી ય સવાયો રંગ જામી ગયો.

આ જ મહોત્સવમાં આજના મુંબઈના જૈન સંઘોના ઉપાશ્રયોમાં અલગ ભાગ ઉપસાવતાં અત્યંત વિરાટ રાજમહેલ શા આલીશાન ઉપાશ્રયનું ફંડ તથા ખનન-શિલાસ્થાપન થયું. ભવ્યાતિભવ્ય વરઘોડાઓ-કલ્યાણકઉજવણીઓ-મુમુક્ષુદીક્ષા-અંજનવિધિ બાદ પ્રતિષ્ઠા પ્રસંગે હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા વગેરેથી આ અંજનશલાકા ઐતિહાસિક બની ગઇ. તેમાં આપણા પૂજ્યશ્રીની અથાગ જહેમતને નિહાળીને સંઘના કાર્યકરોએ ગુરુદેવને ખાસ વિનંતિઓ કરી કે 'સૂર્યોદયવિજયજી મ.ની ભક્તિનો લાભ મળે એવું કાંઇક જાહેર કર્તવ્ય બતાવો!' સંઘની ભાવના લક્ષ્યમાં લઇ ગુરુદેવે દીક્ષાના ભવ્ય સમારોહમાં ઉછામણી બોલીને પૂજ્યશ્રીને વર્ધમાનવિદ્યાપટ વહોરાવવાનું સૂચન કર્યું. સંઘે એ સ્વીકારી લીધું. પૂજ્યશ્રીને એની ખબર પડતાં એમણે ગુરુભક્તિવશ એમાં સુધારો કર્યો કે 'એક નહિ, બે પટની ઉછામણી રાખો. પહેલા ગુરુદેવને નૂતન સૂરિમન્ત્રપટ વહોરાવાય. પછી મારી વાત હોય.' એ મુજબ દીક્ષાસમારોહમાં ચોતરફ ઊમટેલ જંગી મેદની વચ્ચે ઉછામણીપૂર્વક ગુરુદેવને નૂતન સૂરિમન્ત્રપટ અને પૂજ્યશ્રીને વર્ધમાનવિદ્યાપટ ભારે હર્ષોલ્લાસપૂર્વક વહોરાવાયો...

હવેની શાસનપ્રભાવનાનો માત્ર નામોલ્લેખ કરીએ તો (૧) બોરીવલી-મંડપેશ્વર સંઘમાં સર્વપ્રથમ શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયપ્રતિષ્ઠા (૨) વાલકેશ્વર-સુપાર્શ્વનાથ સંઘમાં શ્રી વાસુપૂજ્યસ્વામી-મહાવીરસ્વામી-અધિષ્ઠાયકોની પ્રતિષ્ઠા તથા ઉપાશ્રયનિર્માણનિર્ણય (૩) તારદેવ સંઘમાં શ્રી શંખેશ્વરપાર્શ્વ-જિનાલયપ્રતિષ્ઠા (૪) વાલકેશ્વર-પ્લેઝન્ટપેલેસ સંઘમાં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ-જિનાલયપ્રતિષ્ઠા (૫) કુર્લા-આગ્રારોડ સંઘમાં શ્રી મુનિસુવ્રતજિનાલયપ્રતિષ્ઠા (૬) પવઇના અંચલગચ્છ સંઘમાં ભવ્ય શિખરબદ્ધ શાંતિનાથજિનાલયપ્રતિષ્ઠા તથા ઉપાશ્રયનિર્માણ (૭) ઘોડપદેવ સંઘમાં શ્રી મુનિસુવ્રતજિનાલય-પ્રતિષ્ઠા (૮) માટુંગા રોડ નીલેશ બિલ્ડીંગ પરિસરમાં શ્રી વાસૂપૂજ્યજિનાલયપ્રતિષ્ઠા (૯) મલાડ-માલવણી સંઘમાં શ્રી વાસૂપૂજ્યજિનાલયપ્રતિષ્ઠા (૧૦) મલાડ-મામલતદારવાડી સંઘમાં શ્રી વાસૂપૂજ્યજિનાલયપ્રતિષ્ઠા (૧૧) ઘાટકોપર (પૂર્વ) ૬૦ ફુટ રોડ પર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજિનાલય તથા ઉપાશ્રય-નિર્માણપ્રારંભ અને (૧૨) કાંદિવલી-પૂર્વ શાંતિનાથ ઝાલાવાડ સંઘમાં શાંતિનાથજિનાલયસ્થાપનાનાં કાર્યો ગુરુદેવની નિશ્રા અને પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર થયા. આ ઉપરાંત ત્રણ સંઘોમાં જિનાલયનાં અને પાંચ સંઘોમાં ઉપાશ્રયનાં નિર્માણની ગતિવિધિ ગુરુદેવની પ્રેરણાનુસાર આરંભાઇ.

આ સતત શાસનપ્રભાવનાઓના અંતે વિ.સં. ૨૦૩૨નું ચાતુર્માસ ગોડીજી-વિજયદેવસૂરિ સંઘમાં થનાર હતું. ચાતુર્માસના જૂજ દિવસો પૂર્વે ગુરુદેવ વાલકેશ્વરમાં હતા ત્યાં એમને જોરદાર Heartattack આવ્યો. સ્વાસ્થ્ય એ હદે નાદુરસ્ત થઇ ગયું કે ડૉક્ટરોએ ત્રણ માસ સુધી કોઇપણ પ્રવૃત્તિમાં ભાગ લેવાની સખત મનાઇ કરી. વાલકેશ્વરમાં સમુદાયના શ્રમણોનું જ ચાતુર્માસ હતું. એથી વાલકેશ્વરના ટ્રસ્ટીઓ ગોડીજીનું ચાતુર્માસ કેન્સલ કરી વાલકેશ્વરમાં ચાતુર્માસ માટે ગુરુદેવને દબાણ કરવા માંડ્યા. પૂ.આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.ને આ વાત પસંદ ન હતી. કેમ કે તે કાળના ગોડીજી સંઘમાં સૌથી વધુ આરાધનાઓ થતી-શ્રોતાઓ ઊમટતા. આમ છેલ્લી ક્ષણે ચાતુર્માસ રદ કરાય તો સંઘનો ઉલ્લાસ તૂટી જાય, હજારો આરાધકો આરાધનાથી વંચિત થઇ જાય. આથી એમણે મક્કમ નિર્ણય કર્યો કે 'ધર્મસૂરિજીનું ચાતુર્માસ નિર્ધાર્યા મુજબ ગોડીજી સંઘમાં જ થશે.'

એ પછી તેઓએ એકાંતમાં આપણા પૂજ્યશ્રીને બોલાવીને મહત્ત્વની વાત કરીઃ ''મુંબઇના ઝવેરી બજારની ટોચની ગણાતી ત્રિભુવન ભીમજીની પેઢી દબાણમાં આવે અને જે વિકટ પરિસ્થિતિ સર્જાય તેવી વિકટ પરિસ્થિતિ આ ચાતુર્માસની છે. કેમ કે ધર્મસૂરિજી દર્દગ્રસ્ત છે એથી એમણે કાંઇ જ કરવાનું નથી. પરંતુ ત્રિભુવન ભીમજીની પેઢી જેમ ધમધમતી રહે એમ ધર્મસૂરિજીનું ચાતુર્માસ ધમધમતું રહેવું જોઇએ. એ માટે એમને જરા પણ જવાબદારી ન આવે એ રીતે પ્રવચનો-ધર્માનુષ્ઠાનો-સંઘકાર્યો-દાનપ્રેરણાઓ વગેરે તમામ જવાબદારી તમારે સંભાળી લેવાની છે. કેમ કે મારે આ ચાતુર્માસસ્થળમાં ફેરફાર થવા દેવો નથી.'' ગુરુકૃપા પર ભરપૂર શ્રદ્ધા ધરાવતા અને આત્મવિશ્વાસથી છલકાતા પૂજ્યશ્રીએ તરત સંમતિ આપીને નમ્રતાથી કહ્યું: ''આપની ભાવના છે તો એ પ્રમાણે થશે. બાકી ગુરુદેવની નિશ્રા જ એવી પ્રભાવવંતી છે કે એનાથી બધી બાબતો સવાયી થશે.'' જ્યારે આ ઘટના મેં જાણી ત્યારે થયું કે અનેક શ્રમણો હોવા છતાં પૂજ્યશ્રીને જ આ જવાબદારી સંભાળવાનું ગુરુજનોએ ત્યારે જ કહ્યું હશે જ્યારે એમની શક્તિ-ક્ષમતા પર તેઓને સૌથી વધુ અને પૂર્ણ વિશ્વાસ હશે. પૂજ્યશ્રી સાચે જ વડીલોનું વિશ્વાસધામ હતા.

આષાઢી અગિયારશે ચાતુર્માસપ્રવેશ બાદ એક તરફ આકાશમાંથી મૂશલધાર મેઘવર્ષા શરૂ થઇ અને બીજી તરફ ગોડીજીની પ્રવચનપીઠ પરથી પૂજ્યશ્રી દ્વારા

મૂશલધાર જિનવાણીવર્ષા શરૂ થઇ. તેમાં રોજનાં પ્રવચનોમાં નવસોથી વધુ ભાવિકો અને પર્વતિથિએ બારસોથી વધુ શ્રોતાઓ ઊમટતા હતા. પ્રવચનોની જેમ આરાધનાઓમાં પણ જોરદાર ઝાકઝમાળ રહી. નવકારમન્ત્રના નવદિવસીય તપમાં પાંચસો આરાધકો-અખંડ જાપયુક્ત અટ્ઠમમાં સાતસો તપસ્વીઓ-છટ્ઠમાં નવસો તપસ્વીઓ-અન્ય તપોમાં બારસો બારસો તપસ્વીઓ ઊમટ્યા. પર્યુષણામાં ચારસોથી વધુ મોટી તપશ્ચર્યાઓ અને પ્રતિવર્ષ કરતા આયંબિલખાતુ-સાધર્મિક ક્ષેત્ર-જીવદયા-દેવદ્રવ્ય વગેરે દરેક ક્ષેત્રે દ્વિગુણ ઉપજ થઇ. તો પર્યુષણા બાદ તલ મુંબઇના બારસોથી વધુ તપસ્વીઓનો શાનદાર સન્માનસમારોહ-આસો માસમાં નવજીવન સંઘમાં શ્રી ભીડભંજનપાર્શ્વપ્રભુ આદિનો પ્રવેશમહોત્સવ યોજાયો. આ ચાતુર્માસમાં એક મહત્ત્વની ઘટના પૂજયશ્રીની ગુરુભક્તિસંબંધી બની કે જેમાં અદ્યાવધિ કરતાં જરા અલગ પદ્ધતિએ પૂજયશ્રીની ગુરુભક્તિનો આવિષ્કાર થયો.

બન્યું એવું કે ભાદરવા શુદિ પાંચમની વહેલી પ્રભાતે પૂજયશ્રીની જન્મભૂમિ દર્ભાવતીતીર્થના વિજયદેવસૂરિસંઘના અગ્રણીઓએ પૂજયશ્રી સમક્ષ ઉપસ્થિત થઇને પ્રસ્તાવ રજૂ કર્યો કે 'ડભોઇના વિશાલ પુરાતન ઉપાશ્રયના આંશિક પુનરુદ્ધારનું-મરામતનું કાર્ય આવ્યું હોવાથી સાધારણખાતાની રકમની તત્કાલ જરૂર છે અને સંઘે તે માટે પ્રવચનહૉલ પર નામાંકનનો ઠરાવ કર્યો છે.' પૂજયશ્રીએ આ પ્રસ્તાવને જન્મભૂમિના સંઘની ભક્તિ ઉપરાંત ગુરુભક્તિના અવસરરૂપે જોઇને તત્ક્ષણ સંમતિ આપવા સાથે કહ્યું કે ''આ પ્રવચન હૉલનું નામાંકન પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ. પ્રવચન હૉલ રાખવું.'' સંઘે તહત્તિ કહ્યું. આજ સુધી ગુરુદેવના સમગ્ર શ્રમણપરિવારમાં થતાં ઉપાશ્રયાદિ કાર્યોમાં ક્યાંય ગુરુદેવનાં નામે આ રીતે કાર્યો કરાતા ન હતા. ક્યારેક જગદ્ગુરુ શ્રી હીરસૂરીશ્વરજી મ.સા. જેવાં નામે કાર્યો ગુરુદેવે કરાવ્યા હતા. પરંતુ આજે પૂજયશ્રીને એ ઊર્મિ જાગી કે 'પૂ. ગુરુદેવે સમગ્ર જીવન શાસન માટે ખર્ચી દઇ પૂર્વમહાપુરુષોની સ્મૃતિ કરાવતાં સર્વતોમુખી કાર્યો કરાવ્યા છે. તો ગુરુદેવનું જ નામાંકન કેમ ન કરાવવું?' પ્રથમવાર ગુરુદેવની હયાતિમાં પૂજયશ્રીએ શરુ કરેલ આ કૃતજ્ઞતાભરી ગુરુભક્તિરૂપ પ્રવૃત્તિ આગળ જતાં સમુદાયમાં ખૂબ વિસ્તાર પામી અને એમાં પણ ગુરુદેવનાં નામાંકન યુક્ત સૌથી વધુ ઉપાશ્રયાદિ કાર્યો પૂજયશ્રીના વરદ હસ્તે જ ભાવિમાં થયાં.

વિ.સં. ૨૦૩૨નાં આ ચાતુર્માસના પર્યુષણામહાપર્વના જન્મવાંચનદિનની વહેલી પ્રભાતે ગોડીજી ઉપાશ્રયે અટ્ઠાઇ સહિત ચોસઠ પ્રહરી પૌષધ કરી રહેલ ગુરુભક્ત શ્રી એસ.બી. શાહને સ્વપ્ન આવ્યું કે 'ગુરુદેવની નિશ્રામાં મુંબઇથી શત્રુંજયમહાતીર્થનો ઐતિહાસિક પદયાત્રા સંઘ ગોડીજીથી પ્રયાણ કરે છે અને પોતે ગુરુદેવ સાથે જિનાલયની સોપાનશ્રેણિ પર ઉપસ્થિત છે.' એમણે ગુરુદેવને આગ્રહ કર્યો અને સાથે પૂજયશ્રીને પણ સ્વપ્નની વાત કહી ગુરુદેવને પ્રોત્સાહિત કરવા સૂચવ્યું. એમાંથી સર્જાયો ગુરુદેવનાં જીવનના ઐતિહાસિક સુવર્ણ પ્રકરણરૂપ પદયાત્રાસંઘ. ચાતુર્માસાંતે પદયાત્રાસંઘની જાહેરાત સાથે સર્વપ્રથમ હાથ પરનાં અંજનશલાકા-પ્રતિષ્ઠાનાં કાર્યો પર લક્ષ્ય અપાયું. કોટ-શાંતિનાથ જિનાલયે અધિષ્ઠાયકપ્રતિષ્ઠા, ચેમ્બુર તીર્થે ચાર શાશ્વત જિન-પૂ.આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મ.-અધિષ્ઠાયિકાદેવીની પ્રતિષ્ઠા તથા બહારના સંઘોના બસો પ્રતિમાજીની અંજનશલાકા-મુમુક્ષુ દીક્ષા, પાર્લા-ઘેલાભાઇ સેનેટરીયમના જિનાલયે અધિષ્ઠાયકપ્રતિષ્ઠા અને તે પછી ઘાટકોપર-સર્વોદયમાં સમવસરણમંદિર-બાવનજિનાલયમંદિરમાં કુલ ૧૪૮૫ બિંબોની અંજન-પ્રતિષ્ઠાઃ આટલાં ધર્મકાર્યો ગુરુદેવ સાથે પૂર્ણ કરાવ્યા બાદ, ગુરુદેવ પૂ. પ્રતાપસૂરીશ્વરજી મ.સા.ના હાઇડ્રોસીલના ઓપરેશન અંગે ગુરુભક્તિવશ હોસ્પિટલથી નિકટ પ્રાર્થનાસમાજ સંઘમાં પધાર્યા અને ગુરુદેવની આજ્ઞાથી પૂજયશ્રી પદયાત્રાસંઘની પૂર્વ તૈયારી માટે ગોડીજી સંઘમાં પધાર્યા.

એક તરફ એમનાં દૈનિક પ્રવચનો અને બીજી તરફ પદયાત્રાસંઘની વિવિધ સમિતિઓની રચનાઓ, સંઘમાં સામેલ થવા ઇચ્છુક યાત્રિકોના પ્રવેશફોર્મ વગેરે વ્યવસ્થા, સ્વ-પર સમુદાયોના પૂ. સાધુ-સાધ્વીજીની વ્યવસ્થા, પ્રત્યેક મુકામો પર વિરાટ સંઘની સ્થિરતા માટે સ્થાનાવલોકન, અખબારોમાં પદયાત્રાસંઘની જાણકારી આપતી જાહેરખબરો, સંઘનો તિથિ-તારીખવાર કાર્યક્રમ, સંઘમાં સામેલ થવા આમન્ત્રિત કરતી પોષ્ટર પત્રિકાઓ વગેરેની પૂરજોશમાં તૈયારી ચાલી. માત્ર પંદર દિવસમાં અગિયારસો યાત્રિકોને સૂચિત સંઘમાં સ્થાન અપાઇ ગયું. આ ઉપરાંત સ્વપર સમુદાયોના બહુસંખ્ય સાધુ-સાધ્વીજી અલગ. ગુરુદેવ ગોડીજી સંઘમાં પધાર્યા ત્યાં સુધીમાં તો પૂજયશ્રીની જુસ્સાભરી પ્રેરણાઓથી અદ્ભુત માહોલ ખડો થઇ ગયો. આ પદયાત્રા દરમિયાન જીર્ણોદ્ધાર-ઉપાશ્રયાદિ-સાધર્મિકભક્તિ-જીવદયા-અનુકંપાનાં કાર્યો થાય તે માટે પૂજયશ્રીએ પદયાત્રાસંઘસમિતિને માર્ગદર્શન આપી તેની પણ અગાઉથી વ્યવસ્થા કરાવી.

તમામ તૈયારી બાદ મહા શુદિ-૩, તા. ૨૨-૧-૭૭ના પદયાત્રાસંઘનું ગોડીજીથી ઐતિહાસિક પ્રયાણ થયું અને ચોપાટીના સાગરતટે ગુરુદેવને વળામણાંનો-વિદાયનો કાર્યક્રમ યોજાતાં પચાસ હજાર મુંબઇગરા જૈનો-અનેક અગ્રણીઓ એમાં ઊમટી પડ્યા. અભૂતપૂર્વ માન લઇને ગુરુદેવ પદયાત્રાસંઘ સાથે ક્રમશઃ આગળ વધ્યા. પદયાત્રાસંઘનો પ્રતિદિન જ્યાં મુકામ થતો એ સ્થાનને 'શત્રુંજય નગર' નામ અપાતું. વિશાલ ફેલાવો ધરાવતું એ સ્થાન ખરેખર નગર હોય એમ તેમાં જિનાલય, સાધુ-સાધ્વી વિભાગ, સંઘપતિવિભાગ, યાત્રિકનિવાસ, ભોજનગૃહ, પ્રવચનગૃહ વગેરે તમામ વ્યવસ્થાઓ ઉપલબ્ધ હતી. અરે! ધોબી અને નાપિતની વ્યવસ્થાઓ પણ સાથે હતી. એના સંપૂર્ણ પરિધિમાં સર્વત્ર ઊંચા ઊંચા જૈન ધ્વજો અને રાત્રે ફેલાતી રોશનીનાં કારણે

રાત્રે જંગલમાં કોઇ દિવ્યનગર ઊતરી આવ્યું હોય એવો આભાસ થતો. પદયાત્રાસંઘના વહેલી પ્રભાતથી રાત્રિ સુધીનાં તમામ નિયત કાર્યક્રમોમાં બપોરે ગુરુદેવનું નિત્ય પ્રવચન થતું. તે પછી નિત્ય નાનકડું પ્રેરણાત્મક-સૂચનાત્મક પ્રવચન પૂજ્યશ્રીનું રહેતું.

વિસ્તૃત વર્ણન કરવા જતાં સ્વતન્ત્ર ગ્રન્થ બની જાય તેવા આ ઐતિહાસિક સંઘની મુખ્ય બાબતો નિહાળીએ તો, (૧) આ સંઘમાં આગળ વધતા બસો પૂ. સાધુ-સાધ્વીજી સહિત બે હજાર યાત્રિકો થઇ ગયા. (૨) બહોંતેર દિવસના આ સંઘમાં એક પણ દિવસના અંતર વિના નિત્ય સાંજે અનુકંપાદાન અપાતું. તેમાં આસપાસના ગ્રામ્યજનોને વસ્ત્રો-થાળી વાટકા અને અનાજ અપાતું. દશ દશ હજાર વાસણના સેટ તો માત્ર બે કાર્યકર્તાઓ હસ્તક અપાયા. (૩) સુરત-ડભોઇ-વડોદરા વગેરે અનેક શહેરોમાં પદયાત્રાસંઘના સામૈયા એવાં બાદશાહી થયા કે પાંચ-પાંચ કલાક એ સામૈયાં જારી રહે. આવા થકવી દેતાં સામૈયાંઓમાં પણ આપણા પૂજ્યશ્રી ગુરુદેવની સાથે ને સાથે જ હોય. (૪) ડુંગરીમાં ઉપાશ્રય-ઉદ્‌ઘાટન, ડભોઇતીર્થે શિખરબદ્ધ મુનિસુવ્રતજિનાલયઅંજન-પ્રતિષ્ઠા તથા પાંચ મુમુક્ષુઓનો દીક્ષામહોત્સવ, કેલનપુરમાં ઉપાશ્રયઉદ્‌ઘાટન, વડોદરા-કોઠીપોળમાં વિશાલ ઉપાશ્રયઉદ્‌ઘાટન-પાદરામાં દીક્ષા-આણંદમાં ઉપાશ્રયનિર્માણ ફંડ-ખંભાતમાં આઠસો વર્ષે પ્રાયઃ પ્રથમવાર જૈનમાત્રની સંયુક્ત નવકારશી (સંઘસાધર્મિકવાત્સલ્ય) વગેરે અઢળક શાસનપ્રભાવક કાર્યો થયાં. તે પૈકી પદયાત્રાસંઘની સ્થિરતા અંજનશલાકા નિમિત્તે સૌથી વધુ પાંચ દિવસ ડભોઇતીર્થે થઇ. ડભોઇતીર્થની અંજનશલાકાની પૂર્વ તૈયારી માટે આપણા પૂજ્યશ્રી તથા અન્ય ચાર મુનિભગવંતો સુરતથી સવાર-સાંજના વિહારો અલગથી કરી ચાર દિવસ પૂર્વે ડભોઇ પધાર્યા અને અંજન શલાકાની તમામ તૈયારીઓ ચાર દિવસમાં કરી.

એક પ્રસંગસ્મૃતિ આ સંદર્ભમાં સમુચિત રહેશે કે આ મહોત્સવના દીક્ષાસમારોહમાં હજારોની મેદની વચ્ચે પૂ.ગુરુદેવ શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.એ કોઇ પૂર્વ વિચારણા વિના સ્વયંસ્ફુરણાથી મારા સાંસારિક પિતાશ્રી મફતભાઇને જાહેરમાં પ્રેરણા કરી કે ''આજના પાંચ દીક્ષાર્થીઓમાં તમે તમારી બે સુપુત્રીઓને હોંશથી દીક્ષા અપાવી ઉત્તમ કાર્ય કર્યું છે. પરંતુ મારી માંગણી તમારા નવ વર્ષના બાલકુમાર રાજુ માટે છે. મને આવા બાળકો પર મોટી આશા છે. માટે તમે એને શાસનનાં ચરણે ઉલ્લાસપૂર્વક સુપરત કરો એવી મારી હાર્દિક અપીલ છે.'' પુણ્યપ્રભાવી ગુરુદેવનાં વચનો મફતભાઇએ ઝીલી લીધા અને મને સમારોહ વચ્ચે જ ગુરુચરણે સમર્પિત કરીને કહ્યું: ''આજથી આ બાળક આપને અર્પણ કરું છું. આપ અને રાજુના મામામહારાજ પૂ. સૂર્યોદયવિજયજી મ. જ્યારે નક્કી કરશો ત્યારે હું એને તુર્ત દીક્ષા અપાવીશ.'' સાડા છ વર્ષની વયથી હું અવારનવાર પૂજ્યશ્રીના પરિચયમાં આવ્યો હતો. એથી મેં પણ જાહેરમાં કહ્યું કે ''મારે દીક્ષા લેવી છે.'' આ રીતે પૂજ્યશ્રીને શિષ્યપ્રાપ્તિની પ્રથમ ભૂમિકા પદયાત્રાસંઘમાં ડભોઇતીર્થની અંજનશલાકા પ્રસંગે રચાઇ.

બહોંતેર દિવસના અંતે પદયાત્રાસંઘે પાલિતાણાતીર્થે દબદબાભર્યો પ્રવેશ કર્યો ત્યારે મુંબઇથી Special Train માં ભક્તો આવ્યા. પરબવાળી બહેનો-ડોળીવાળા-ઘોડીવાળા વગેરે તમામની અનુકંપાભક્તિ અને પાલિતાણાના જૈનમાત્રની નવકારશીભક્તિ થઇ. ચૈત્ર શુદિ ચૌદશે ઉલ્લાસપૂર્ણ માહોલમાં તીર્થમાળ વિધાન થયું. પાલિતાણામાં ચૈત્ર શુદિ દશમે સંઘપ્રવેશ થયો તે જ સવારે આપણા પૂજ્યશ્રીને સ્વપ્ન આવ્યું કે 'ગુરુદેવની નિશ્રામાં ગિરનારતીર્થનો સંઘ યોજાયો અને એ તીર્થ પર તીર્થમાળ વિધાન થઇ રહ્યું છે.' પૂજ્યશ્રીએ ગુરુદેવને વાત કરતા તેઓએ આને ભાવિનો શુભ સંકેત ગણ્યો. આ બહોંતેર દિવસીય પદયાત્રા-મહાસંઘની સફલતામાં પૂજ્યશ્રીનાં ગણતરીબદ્ધ આયોજન-માર્ગદર્શન-સૂઝબૂઝ અને કાર્યકૌશલ્યનું સર્વાધિક યોગદાન હતું. સ્વયં ગુરુદેવ પૂજ્યશ્રીની કાર્યવાહી અંગે એવા નિશ્ચિંત હતા કે સંઘમાં આવતા નાના-મોટા પ્રશ્નોમાં તેઓ કહેતા કે ''સૂર્યોદયવિજયજીને મળો. તેમને ખ્યાલ હશે.'' શ્રમણોમાં પૂજ્યશ્રી અને શ્રાવકોમાં ચંદુભાઇ-અનોપચંદભાઇ પદયાત્રાસંઘના મુખ્ય સંવાહકો હતા.

પદયાત્રાસંઘના પાલિતાણા પ્રવેશદિનના ઐતિહાસિક સ્વાગત દિને એક વિલક્ષણ ઘટના બની. મુંબઇથી હજારો ભાવિકો-શ્રીમંતો આવ્યા હોવાથી ધર્મશાળાઓના લાલચુ સંચાલકોએ ઊંચી રકમ લઇને એમને આવાસો આપ્યા. પરંતુ ત્યાગી સાધ્વીજી ભગવંતો પૈકી કેટલા ય ને કોઇ સુવિધા ન આપી. આથી ક્યાંક સાધ્વીજી ભગવંતોને ધર્મશાળાની બહાર ઓટલા પર સ્થિરતા કરવાનો દુઃખદ પ્રસંગ બન્યો. સામૈયું બાબુ પનાલાલ ધર્મશાળાએ આવ્યું ત્યાં ગુરુદેવે ઓટલા પર કામળી-કપડાનાં પડદા રાખી મુકામ કરનાર સાધ્વીવૃંદ નિહાળ્યું. ગુરુદેવની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. આ દૃશ્યની પ્રતિક્રિયારૂપે ગુરુદેવે ચૈત્ર શુદિ તેરશની જન્મકલ્યાણકસભામાં (તીર્થમાળના પૂર્વદિને) સંવેદનાભરપૂર હૈયે ભાવિકોને પ્રેરણા કરી કે પાલિતાણામાં એક એવા શ્રમણી વિહારનું નિર્માણ થાય કે જેમાં ગચ્છ-પક્ષના ભેદમુક્ત બસો જેટલા સાધ્વીજીની સ્થિરતાની સુવિધા હોય. કોઇ પણ સાધ્વીવૃંદ પાલિતાણામાં ગિરિરાજની ભક્તિ માટે આવે તો ચાતુર્માસ-નવાણું-વર્ષીતપપારણાદિ માટે એક વર્ષ સ્થિરતા ત્યાં કરી શકે.મુંબઇગરા જૈનોએ આ પ્રેરણાના પ્રતિસાદરૂપે દાનનો ધોધ વહાવતા 'શ્રમણી વિહાર'નું નક્કર આયોજન થયું. આપણા પૂજ્યશ્રીએ તુર્ત ગુરુદેવનું સ્વપ્ન સાકાર કરવામાં સક્રિય થઇ જઇ ભૂમિસંપાદનથી નિર્માણ સુધીની રજેરજ બાબતો સંભાળી લીધી. લગભગ દોઢ વર્ષમાં એ સ્વપ્ન સંપૂર્ણ સાકાર થઇ ગયું. સતત ચાલીશ વર્ષથી-આજે પણ એ સ્થાન સાધ્વીજી ભગવંતોની શાતામાં નિમિત્ત બની રહ્યું છે.

પદયાત્રાસંઘ બાદ વર્ષીતપપારણા-વડીદીક્ષાદિ થયા. તે પછી પૂ. પ્રતાપસૂરીશ્વરજી મ. તથા પૂ. ધર્મસૂરીશ્વરજી મ.: આ બન્ને વડીલ આચાર્યદેવોની નિશ્રામાં પૂજ્યશ્રીએ ભદ્રાવળ-ભાવનગર-ઘોઘા-તળાજા-દાઠા-મહુવા-શત્રુંજયડેમ વગેરે તીર્થોની યાત્રા

કરી. વિ.સં. ૨૦૩૩નું ચાતુર્માસ પાલિતાણામાં ખૂબ જાહોજલાલીપૂર્વક થયું. સેંકડો યાત્રિકોનું સમૂહ ચાતુર્માસ-ભગવતી સૂત્ર પર પ્રવચનો-ગુણસ્થાનક્રમારોહની વાચના-પચાસ જેટલા સ્વ-પર સમુદાયના સંયમી ભગવંતોના યોગવહનાદિથી ચાતુર્માસ ગુંજતું-ગાજતું હતું, તો આ વર્ષે સંવત્સરીભેદ હોવાથી એ પ્રશ્ન પણ વિવાદરૂપે જૈન સંઘોમાં ગાજ્યો. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીસંબંધિત એક મહત્ત્વની ઘટના આ બની:

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ સ્વયં અનેક આગમસૂત્રોના યોગની આરાધના કરી. આ ઉપરાંત અનેક સાધુ-સાધ્વીજીના યોગ નિમિત્તે વહેલી પ્રભાતની કાલગ્રહણ ક્રિયાઓ પણ તેઓ કાલગ્રહી બનીને કરતા હતા. એક વાર તેઓની આ ક્રિયા જારી હતી ત્યારે આછો આછો અવાજ આવ્યો કે 'કોઇ આવો...ઉઠાડો' ઇત્યાદિ. પહેલા તો પૂજ્યશ્રીને લાગ્યું કે સાહિત્યમંદિરની પાછળની ગલીમાં ક્યારેક અસામાજિક તત્ત્વો રાત્રે ફરતા હોય છે. એમાંથી આ અવાજ હશે. પરંતુ સમાપ્ત થવા આવેલ કાલગ્રહણક્રિયા પૂર્ણ કરી અવાજસ્થળ તરફ જઇને જોયું તો પૂ. પ્રતાપસૂરીશ્વરજી મ. પગથિયા પરથી પડી ગયા હતા. તે સત્યાશી વર્ષના વૃદ્ધ મહાપુરુષના ખંડની પાછળ લઘુનીતિનો વાડો હતો. સ્વભાવથી સ્વાશ્રયી એ પૂજ્યપુરુષ સેવા માટે બાજુમાં સંથારેલ વ્યક્તિને ઉઠાડ્યા વિના ઘણી વાર જાતે જ ત્રણ પગથિયાં ઊતરીને આવશ્યક કર્મ કરી લેતા. આજે એ સાહસ નુકસાનકારી બની ગયું. આપણા પૂજ્યશ્રીએ તુર્ત સૌને જાણ કરી. તત્કાલ તેઓશ્રીને પાટ પર પધરાવાયા. ડૉક્ટરોએ આવીને થાપામાં ફ્રેકચર થયાનું નિદાન કર્યું. પાલિતાણામાં તબીબી સારવારનાં સાધનો એટલા મર્યાદિત અને સરકારી હોસ્પિટલ એવી રેઢિયાળ હતી કે એ વૃદ્ધ મહાપુરુષ માટે મુંબઇથી ડૉક્ટરોની વ્યવસ્થા કરવી પડી. આ ઘટનાથી ગુરુદેવે, પાલિતાણાના સર્વ સાધુ-સાધ્વીજી-યાત્રિકોને આવી સ્થિતિમાં તુર્ત સારવાર મળી રહે તે માટે શત્રુંજય હોસ્પિટલનાં નિર્માણનો વિચાર કર્યો. દેશ-કાલજ્ઞ ગુરુદેવના આ વિચારને પૂજ્યશ્રીએ વધાવી લીધો. ફલતઃ પર્યુષણમાં આ અંગે મોટું ફંડ થઇ ગયું.

સાહિત્યમંદિરની પાછળના વિશાલ ભૂમિખંડ પર ઉપાશ્રય-પાલિતાણા મોટી ટોળી સંઘના ઉપાશ્રયનું માતબર ફંડ-ભવ્ય પર્યુષણારાધના-પાંચચો પચીશ આરાધકોના ભવ્ય ઉપધાનતપ-પાંચ મુમુક્ષુઓની દીક્ષા વગેરે શાસનપ્રભાવનાઓ ચાતુર્માસમાં તથા તે પછી થઇ. આપણા પૂજ્યશ્રીએ સિદ્ધગિરિરાજની નવાણું યાત્રા આરંભી. આ નવાણું યાત્રાની કેટલીય યાત્રાઓમાં ત્યારે મુમુક્ષુરૂપે તાલીમ લઇ રહેલ હું પણ સાથે હતો. પૂજ્યશ્રી યાત્રામાં ક્યારે ય ઉતાવળ ન કરે. ચૈત્યવંદનો-સ્તવનો-ક્રિયા-કાઉસ્સગ્ગ બધું જ સ્થિરતાથી કરે. મને ત્યારની બે બાબતો બરાબર યાદ છે કે પૂજ્યશ્રી દયાળુ દાદા આદિનાથના દરબારમાં અન્ય સ્તવનોના અંતે પૂ. મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરરચિત સંસ્કૃત 'આદિજિનં વન્દે ગુણસદનં' સ્તવન બોલે, ચૈત્યવંદનરૂપે ઉપાધ્યાય શ્રી ક્ષમાકલ્યાણજીનું 'સદ્‌ભક્ત્યાનત૦' બોલે અને રાયણ પગલાં પર દૂર પગથિયા તરફ વિરાજી ચૈત્યવંદન કરતાં 'સિદ્ધાચલગિરિ... ભેટ્યા રે' સ્તવન બોલે. બીજા સ્તવનાદિ બદલાય, પણ આ ત્રણ અચૂક હોય જ. પૂજ્યશ્રી એટલી સ્થિરતાથી શબ્દે શબ્દ છૂટા પાડીને ભાવોદ્રેકથી બોલે કે ત્યારે મને એ ત્રણે ય ચૈત્યવંદન-સ્તવનો શ્રવણમાત્રથી અક્ષરશઃ કંઠસ્થ થઇ ગયા હતા. આ હતો પૂજ્યશ્રીનો સ્થિરતાભર્યો આરાધનાયોગ...

આ તરફ , ગત વર્ષના સંઘના અંતે શ્રી ગિરનારતીર્થપદયાત્રાસંઘની જે ભાવનાઓ વ્યક્ત થઇ હતી તે સાકાર કરવાનો વિચાર ગુરુદેવે વ્યક્ત કરતા પૂજ્યશ્રી હવે એમાં જોડાઇ ગયા. અલ્પ સમયમાં તમામ તૈયારીઓ આટોપી લેવાઇ અને મહા શુદિ દશમે બસો પૂ. સાધુ-સાધ્વીજી સહિત એકહજાર યાત્રિકોનો ચોવીશદિવસીય પદયાત્રા સંઘ યોજાયો.

પ્રયાણસમયે સાહિત્યમંદિરપરિસર અને આસપાસનો રાજમાર્ગ મુંબઇ વગેરે વિવિધ શહેરો-નગરોમાંથી પધારેલ ભાવિકોથી અને પાલિતાણાના લગભગ તમામ જૈનો તેમજ જૈનેતરોથી છલકાઇ જતા જાણે માનવસાગર ઊમટ્યો હોય એવું વાતાવરણ સર્જાયું હતું. નદી મહાસાગરમાં ભળે એમ પૂ. આચાર્યદેવો આદિ શ્રમણવૃંદ સાહિત્યમંદિરની સોપાનશ્રેણિ ઉતરીને માનવસાગરમાં ભળ્યા ત્યારે ચોતરફ 'ઘટ ઘટમાં ગુંજે નાદ... જય ગિરનાર જય ગિરનાર'ના ગગનભેદી જયનાદોથી સમગ્ર વિસ્તાર ગાજી ઊઠ્યો. પાલિતાણાનાં અગ્રણીઓ જ આ મહાસંઘનું શ્રાવકોચિત સુકાન સંભાળતા હોવાથી સ્થાનીય સંઘનો ઉલ્લાસ સમાતો ન હતો. ઠેઠ ગામ બહારના તળાવ સુધી ગામનો વિરાટ જૈન-જૈનતર વર્ગ સાથે રહ્યો. ત્યાં વિદાયસમારોહમાં પાલિતાણા સંઘના અગ્રણીઓ-નગરપાલિકાના અગ્રણીઓ-ડૉ. વસંત બકરાણિયા વગેરેએ ગુરુદેવોની નિશ્રામાં માત્ર દસ માસમાં પાલિતાણામાં થયેલ વિશિષ્ટ ધર્મકાર્યો-શત્રુંજય હોસ્પિટલ જેવા સર્વોપયોગી આયોજનો પર પ્રશંસાપુષ્પો વરસાવ્યા. સંઘમાં આવાસવ્યવસ્થાઓ-ગ્રામ્ય સંઘોની સાધર્મિકભક્તિ-જીવદયા અને અનાજ-વસ્ત્ર-થાળીવાટકા વિતરણાદિ અનુકંપાપ્રવૃત્તિઓ પણ ગત વર્ષના સંઘ જેવી જ ભવ્ય રહી.

તમામ નાના મોટા ગામો-નગરોમાં સ્થાનિક જનતા તરફથી બેન્ડ-ધ્વજાપતાકા-કમાનો-વગેરે દ્વારા સંઘના ભવ્ય સામૈયા થતાં, તો સંઘના આયોજકો નાના-મોટા દરેક ગામની અઢારે ય વર્ણની પ્રજાને રોજે રોજ મિષ્ટાન્ન પેકેટ ઘરે ઘરે આપતા. ઘણીવાર એવું બનતું કે ગામડાની માલધારી પ્રજાની બેનો સંઘના પડાવના ચોકમાં આવી સમૂહ રાસ રમે અને યાત્રિકો એને વિસ્મયથી નીરખ્યા કરે. દરેક ગામોમાં જિનાલય-ઉપાશ્રયથી લઇ દવાખાના-હાઇસ્કૂલ-પાંજરાપોળમાં સંઘ દ્વારા ઉદાર સખાવતો થતી. આ ઉલ્લાસભર્યા માહોલમાં જેતપુરનગરે પૂ. ગણિવર્ય શ્રી જયાનંદવિજયજી મ. પ્રેરિત આરાધનાભવનનું ઉદ્‌ઘાટન અને બે દિવસનો ભવ્ય ઉત્સવકાર્યક્રમ યોજાયો. સંઘમાં કેટલા ય આરાધકો એવા તપસ્વી હતા કે વર્ષીતપ-વર્ધમાનતપ-અખંડ ૫૦૦ આયંબિલ-એકાંતરે પાંચસો

ભાવયાત્રામાંથી પદયાત્રામહાસંઘ

























કોઠીપોળ–વડોદરાથી શ્રી શત્રુંજયમહાતીર્થના સુદીર્ઘ પદયાત્રાસંઘનું આયોજન આમ તો અશક્યવત્ ભાસે. પરંતુ તે સંઘમાં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં યોજાયેલ સમૂહવર્ષીતપ સમાપનમહોત્સવની ભવ્ય શત્રુંજયભાવયાત્રામાં ભાવોનું પૂર ઊમટતા આવા સુદીર્ઘ પદયાત્રાસંઘનું આયોજન શક્ય બન્યું. પ્રસ્તુત છે એની તસવીરી ઝલક.





આયંબિલ-વીશસ્થાનકાદિ તપ વિપુલ પ્રમાણમાં થયા. ક્રમશઃ પદયાત્રાસંઘ ફાગણ શુદિ બીજે જૂનાગઢ પધારતા ત્યાં એનું બાદશાહી સ્વાગત થયું. ફાગણ શુદિ ચોથે ગિરનાર ગિરિરાજ પર તીર્થમાળ અને મુમુક્ષુ દીક્ષાના પ્રસંગો ભવ્યતાપૂર્વક ઉજવાયા. આ માળારોપણાદિને અનાયાસે પૂજ્યશ્રીએ તે દૃશ્ય નિહાળ્યું કે જે તેઓએ લગભગ અગિયાર માસ આસપાસના સમયમાં પાલિતાણાના પ્રવેશાદિને સ્વપ્નમાં નિહાળ્યું હતું. ત્યારે પૂજ્યશ્રીના અંતરમાં એ સ્વપ્ન આશ્ચર્યજનક રીતે સંપૂર્ણ સત્ય ઠર્યાનો અને ગુરુદેવની ભાવના સફળ કર્યાનો પરિતોષ છલકાતો હતો...

જૂનાગઢથી વિહાર બાદ સમસ્ત શ્રમણવૃંદ ક્રમશઃ માંગરોલનગરે પધાર્યું. સમુદાયના જ નહિ, બલ્કે સમગ્ર તપાગચ્છના સર્વોચ્ચ વડીલ તપાગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ. સા.ની આ કર્મભૂમિ હતી અને તેમની જન્મભૂમિ અહીંથી માત્ર બે કિ.મી. દૂરનું આદરી ગામ હતી. પરંતુ એ તપાગચ્છાધિપતિ પૂજ્ય આચાર્યશ્રીનું સ્વાસ્થ્ય કેશોદ ગામે આવ્યા ત્યારથી નાદુરસ્ત થયું હતું અને માંગરોલ પધાર્યા ત્યારે તો એ ગંભીરરૂપ પકડી ચૂક્યુ હતું. પૂજ્યશ્રી તથા સાથેના વિવિધ શ્રમણો સ્વયોગ્ય સેવામાં દ્રવ્ય-ભાવ ઉપચારોમાં નિમગ્ન થઇ ગયા. માંગરોલમાં જ નહિ, બહારગામના અને ઠેઠ મુંબઇના સંઘોમાં તેઓશ્રીના સ્વાસ્થ્ય અર્થે તપ-જપ-અનુષ્ઠાનો થયા. મુંબઇ-ગોડીજી ઉપાશ્રયે એક જ દિવસમાં એંશી હજાર નવકારમન્ત્રજાપ થયા.મુંબઇથી ખાસ ડૉક્ટરોએ માંગરોલ આવીને ઉપચારો કર્યા. પરંતુ, દેહની અતિ વૃદ્ધાવસ્થા હવે રોગની પ્રબળતા સામે ઝીંક ન ઝીલી શકી. અંતે થોડા દિવસની માંદગી બાદ ફાગણ વદિ-૭, તા. ૩૧-૩-૨૦૩૪ શુક્રવારે સવારે ૭.૩૦ ક. ઉપાશ્રયમાં ઉપસ્થિત ચતુર્વિધ સંઘની વિશાલ મેદની સમક્ષ એ તપાગચ્છાધિપતિ પૂજ્યશ્રી સમાધિમય કાલધર્મ પામ્યા. વદિ આઠમે અનેક ગામો-શહેરોના સંઘો અને સ્થાનિક જનતાની જબરજસ્ત મેદની વચ્ચે સ્વ. આચાર્યશ્રીની અંતિમ પાલખી યાત્રા સમગ્ર માંગરોલમાં ફરીને વંડાના જિનાલયની સામેનાં સ્થાને આવી. ત્યાં તેમનો અંતિમ સંસ્કાર થયો. કુલ એક લાખ ૧૬ હજારની ઉછામણી-જીવદયાફંડ-અંતિમસંસ્કારસ્થળ સહિત ત્રણ સ્થાને ગુરુમંદિરનિર્ણય અને ગુણાનુવાદસભા થઇ. સૌથી મહત્ત્વની વાત એ બની કે કાલધર્મ અને અંતિમયાત્રાના દિને માંગરોલના જૈન-જૈનેતર દરેક વિસ્તારોમાં કેસરની વૃષ્ટિ થઇ.આ ઘટના સમયે ત્યાં ઉપસ્થિત મેં પણ એ કેસરવૃષ્ટિ નિહાળી હતી.

ગુણગરિષ્ઠ અને પર્યાયવરિષ્ઠ એ પૂ. તપાગચ્છાધિપતિશ્રીના કાલધર્મના દિવસોમાં આપણા પૂજ્યશ્રીનાં મન-મસ્તિષ્કમાં સ્વ. આચાર્યશ્રી છવાઇ ગયા હતા. પૂજ્યશ્રી એમની અદ્‌ભુત વિશિષ્ટતાઓ માનસચક્ષુ પર Serial દૃશ્યોની જેમ નિહાળી રહ્યા કે 'ગોડીજી જેવા માતબર સંઘમાં પ્રથમ ચાતુર્માસપ્રવેશસમયે કોઇ પણ પ્રકારના સામૈયાં વિના અને સંઘને પ્રવેશની જાણકારી સુદ્ધાં આપ્યા વિના સાદગીથી પદાર્પણ કરનાર તેઓ સાક્ષાત્ નિઃસ્પૃહતાની મૂર્તિ હતા, તો જીવનના ૮૭મા વર્ષારંભ સુધી ડોળી વિના પગપાળા જ વિહાર -અંતિમ ૫૦ વર્ષ દૂધનો ત્યાગ-કાર્તિકી પૂર્ણિમાએ મૂળ પરંપરા મુજબ ચાતુર્માસક્ષેત્રમાંથી વિહાર કરી જઇને 'ચાતુર્માસ પરિવર્તન' જેવા ઔપચારિક ઠાઠમાઠનો ત્યાગ કરનાર તેઓ ચુસ્ત ચારિત્રમૂર્તિ હતા; પોતાના પુણ્ય પ્રતાપી પટ્ટધર પૂ.આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ને સર્વ રીતે અગ્રેસર બનાવનાર તેઓશ્રી વાત્સલ્યમૂર્તિ હતા, તો તિથિવિવાદનો વિ.સં. ૧૯૯૨માં વિસ્ફોટ થયો ત્યારથી દેવસૂરિસામાચારીસુરક્ષામાં અડગ રહેનાર તેઓશ્રી ખરા અર્થમાં સિદ્ધાંતનિષ્ઠ હતા...' એ ગુણાગરિષ્ઠ આચાર્યશ્રીની સ્મૃતિમાં પૂજ્યશ્રીએ સંકલ્પ કર્યો કે જીવન શક્ય એટલું સાદગીભર્યું રાખવું. આ સંકલ્પનાં કારણે જ, પ્રભાવકતાના શિખરે આરૂઢ થયા પછી અને જૈફ વયે પહોચ્યા પછી પણ પૂજ્યશ્રી સાવ સાદું અને અત્યલ્પ જરૂરિયાતભર્યું જીવન જીવી શક્યા હતા.

માંગરોલથી આદરી-વેરાવલ-પ્રભાસપાટણ-ઊના-અજારા-મહુવા-દાઠા-તળાજા-શત્રુંજયડેમ થઇ પૂજ્યશ્રી ગુરુદેવ સાથે પાલિતાણા પધાર્યા. બીજની ગિરિરાજયાત્રા-અક્ષયતૃતીયાનાં પારણાં બાદ વૈશાખ શુદિ છઠે નવનિર્મિત શ્રમણી વિહાર ઉપાશ્રયમાં વાસ્તુકળશસ્થાપનાસમારોહ યોજાયો. આ સમારોહમાં જ ગુરુદેવને Paralysisનો જોરદાર એટેક આવ્યો. ગુરુદેવને તાત્કાલિક ડોળી કરીને સાહિત્યમંદિરે લઇ જવાયા. પરંતુ ત્યાં સુધીમાં તો ગુરુદેવનું સમગ્ર જમણું અંગ Paralysisથી અટકી ગયું. ગુરુદેવની વાણી પણ સંપૂર્ણ સ્થગિત થઇ ગઇ. અચાનક સર્જાઇ ગયેલ આઘાતજનક ઘટનાથી ભારતભરના સંઘોમાં ચિંતાનું-શોકનું મોજું પ્રસરી ગયું. જીવનની ક્ષણે ક્ષણ સ્વ-પર કલ્યાણ માટે ખર્ચનાર ગુરુદેવની લોકચાહના એવી જબ્બર હતી કે ગામેગામ એમનાં સ્વાસ્થ્ય નિમિત્તે સામૂહિક આયંબિલ-અખંડ આયંબિલ-સામૂહિક અટ્ઠમ-મન્ત્રજાપ-શાંતિસ્નાત્ર જેવાં વિધાનો-અખંડ અભિષેક જેવાં અનુષ્ઠાનો શરુ થયાં. તેની સાથોસાથ મુંબઇથી આવેલ Paralysis Specialist ડૉ. ભરુચા અને અન્ય ડૉક્ટરોની ટીમે સઘન સારવાર શરૂ કરી દીધી. આ ડૉક્ટરોની સારવાર અને એથી પણ વિશેષ સકલ સંઘની તપ-જપ-આરાધનાના પ્રભાવે દશ બાર દિવસે એક શુભ ઘટના બની :

ગુરુદેવની આ અસાધારણ નાદુરસ્તીમાં એમની શારીરિક સર્વ શુશ્રૂષાનું કાર્ય પૂ. મુનિરાજ શ્રી ચન્દ્રસેનવિજયજી મ.એ સંભાળ્યું, તો ગુરુદેવની પ્રતિક્રમણાદિ ક્રિયાનું કાર્ય પૂજ્યશ્રીએ સંભાળ્યું. એક સાંજે ગુરુદેવના ખંડમાં પૂજ્યશ્રી પ્રતિક્રમણ કરાવતા હતા. ખંડનું દ્વાર અટકાવાયેલ હતું. અંદર માત્ર બે જ વ્યક્તિ હતાઃ એક બિમારીગ્રસ્ત ગુરુદેવ અને બીજા પૂજ્યશ્રી. પ્રતિક્રમણમાં સજઝાય આવી અને પૂજ્યશ્રીએ પાંચમી યોગદૃષ્ટિની સજઝાય 'દૃષ્ટિ થિરામાંહે દર્શન નિત્યે...૦' ગાવાની શરૂ કરી. ચાર કડી તો તેઓ બરાબર બોલ્યા. પરંતુ પાંચમી કડી વિસ્મૃતિવશ પૂજ્યશ્રી જરા વિસરી ગયા. તેઓ

બંધ આંખે કડી યાદ કરતા હતા. ત્યાં અત્યંત મંદ સ્વર આવ્યોઃ ''શી...ત...લ...'' ('શીતલ ચંદનથી પણ ઉપન્યો' એ પાંચમી કડીનો પ્રથમ શબ્દ) ખંડમાં અન્ય કોઇ તો હતું નહિ. એથી સ્પષ્ટ હતું કે આ ભૂલ પુરાવતો શબ્દ ગુરુદેવ જ બોલ્યા હતા. દિવસો બાદ ગુરુદેવને પ્રથમવાર બોલતા સાંભળીને પૂજયશ્રી અનહદ આનંદિત થઇ ગયા. ડૉક્ટરોએ અંદાજ વ્યક્ત કર્યો હતો કે ''ગુરુદેવને વાચા પુનઃ પ્રાપ્ત થવાની હશે તો થોડા દિવસોમાં જ થશે.' એ આ રીતે સત્ય ઠર્યો. તેમાં ગુરુદેવનું તીવ્ર ક્રિયાપ્રણિધાન પણ પ્રતિબિંબિત થાય છે.

વિ.સં. ૨૦૩૪નાં એ વર્ષનું પૂજયશ્રીનું ચાતુર્માસ પાલિતાણા જૈન સાહિત્યમંદિરમાં ગુરુદેવની નિશ્રામાં થયું. ગત વર્ષની જેમ આ વર્ષે પણ સમૂહ ચાતુર્માસ-ત્રણ મુનિવરોને ભગવતીસૂત્રયોગસહિત પચીશ સાધુ/સાધ્વીજીના યોગ વગેરે થયા. એ દરમિયાન પૂજયશ્રી સંબંધી બે બાબત બનીઃ એક એ કે સાહિત્યમંદિરના પાછળના ભાગે તૈયાર થતું ભવન સંપૂર્ણ થઇ જતા શ્રાવણ શુદિ તેરશે તેનો વાસ્તુ-સમારોહ ગુરુદેવની નિશ્રામાં થયો. પૂજયશ્રીએ સૂચન કર્યું કે આ આરાધનાભવનનું નામ 'ધર્મવિહાર' સ્થપાય. એ સ્વીકારાયું અને ગુરુદેવની હયાતિમાં આ રીતનું સર્વપ્રથમ ઉપાશ્રયનામકરણ થયું. બીજી બાબત એ કે તે વર્ષે ગુરુદેવ જીવનયાત્રાના પંચોતેરમાં વર્ષમાં-અમૃતવર્ષમાં પ્રવેશ કરતા હતા. તે નિમિત્તે પૂજયશ્રીએ ભવ્ય અમૃતવર્ષપ્રવેશોત્સવ યોજાવ્યો. તેમાં ગામોગામના સંઘોમાં આરાધનામય પંચસૂત્રી કાર્યક્રમ અપાતા અનેકાનેક ગુરુભક્ત સંઘોએ તે રીતની ઉજવણી કરી, તો પાલિતાણામાં તે ઉપરાંત તમામ ગુરુકુળ-આશ્રમોના વિદ્યાર્થીઓને, તમામ ધર્મશાળાના કર્મચારીઓને, તમામ પૂજારીઓ-ચોકિયાતો વગેરે સ્ટાફને રોકડ રકમ-મિઠાઇની ભેટ અપાઇ. જન્મદિને ભવ્ય ગુણાનુવાદસભા અને વિવિધ કાર્યક્રમો થયા.

પર્યુષણામહાપર્વમાં યાત્રિકો તથા શ્રમણીવૃંદમાં મોટી તપસ્યાઓ-આસો માસમાં બસો આરાધકોના ઉપધાનતપ અને તેના અંતે ગુરુદેવની પુણ્યપ્રભાવશાલી નિશ્રામાં એવો ઐતિહાસિક પ્રસંગ સર્જાયો કે જે પાલિતાણાના છેલ્લા બે ચાતુર્માસની ધર્મપ્રવૃત્તિઓનાં શિખર પર કલશારોપણ સમો હતો. તે પ્રસંગ એટલે (૧) આચાર્યાદિપદપ્રદાન-(૨) એક સાથે દશ દશ મુમુક્ષુઓને પ્રવ્રજ્યાપ્રદાન-(૩) એ જ મંડપમાં ઉપધાન તપસ્વીઓને માળારોપણ અને (૪) ગુરુમંદિરોની પ્રતિષ્ઠા. આ ઐતિહાસિક મહોત્સવનું મુખ્ય આકર્ષણ હતું તે પ્રસંગે તત્કાલીન ભારતના વડાપ્રધાન મોરારજી દેસાઇ તથા ગુજરાતના મુખ્યમન્ત્રી બાબુભાઇ પટેલ વગેરે ટોચના રાજનેતાઓનું આગમન. મહોત્સવ નિમિત્તે સાહિત્યમંદિરથી તળેટી સુધીના સમગ્ર વિસ્તારની દેવલોક શી સજાવટ, શત્રુંજયવિહારમાં હાલતી-ચાલતી રચનાઓ, વિખ્યાત રંગોળી કલાકાર રમણીકભાઇ શાહની જીવંત રંગોળી રચનાઓ, પાલિતાણાના નગરજનો માટે વસ્ત્રો-અનાજ-રોકડ રકમદાન આદિ રૂપે વિરાટ અનુકંપાકાર્યઆયોજન વગેરેનાં કારણે આ મહોત્સવ માત્ર જૈનો માટે જ નહિ, જૈનેતરો માટે પણ ધ્યાનાકર્ષક બની ગયો. પ્રારંભમાં અનેક મહાપૂજનો વગેરે યોજાયા બાદ માગશર શુદિ ત્રીજે શાનદાર વર્ષીદાનયાત્રાવરઘોડો યોજાયો. માત્ર ૧૧ વર્ષની બાળવયથી લઇને ૨૧-૨૨ વર્ષના મુમુક્ષુ ભાઇ-બેનો દ્વારા થતી વર્ષીદાનવર્ષાને ઝીલવા રાજમાર્ગો પર હજારોની મેદની ઊમટી, તો વરઘોડાના મોખરે ચાલતી મંગલકુંભધારક એકાવન બાળાઓ-શહનાઇવાદકો-અમદાવાદ અને ભાવનગરના બેન્ડોની સૂરાવલિ-ઉપધાનતપસ્વીના શ્રેણિબદ્ધ વાહનો-સેંકડો પૂ. સાધુ-સાધ્વીજીથી એ રથયાત્રા યાદગાર બની ગઇ. બપોરે પાલિતાણા હાઇસ્કૂલમેદાનમાં ખીચોખીચ મેદની વચ્ચે વડાપ્રધાન-મુખ્યમન્ત્રી આદિ દ્વારા ભાવિ આચાર્યોનાં અભિવાદનનો સમારોહ યોજાયો. વડાપ્રધાને બહુ માર્મિક વાત કરી કે ''જે ધર્મે ગાંધીજીને માર્ગ બતાવ્યો છે તે ધર્મના આવા પ્રસંગે હાજર રહેતા મારી ભાવનાને મજબૂતીનું સાધન મળે છે.'' તો ગુરુદેવે પણ નાદુરસ્ત સ્વાસ્થ્ય છતાં સરસ ઉપદેશ આપતા વડાપ્રધાનને કહ્યું કે ''દેશ વધુ ને વધુ અહિંસક રહે, આપણી પવિત્ર સંસ્કૃતિની રક્ષા થાય અને એ માટે પ્રયત્નશીલ રહી તમે પણ મહાન બની રહો.'' આ જ સમારોહમાં ગુરુદેવને તથા તેમના શિષ્ય-પ્રશિષ્ય પૂ. સાહિત્યકલારત્ન મુનિવર્ય શ્રી યશોવિજયજી મ. તથા પૂ. શતાવધાની ગણિવર્ય શ્રી જયાનંદવિજયજી મ. (બે ભાવિ આચાર્ય)ને વડાપ્રધાન દ્વારા કામળઅર્પણ-શ્રમણીવિહારનામકરણ વગેરે કાર્યો થયાં. માગશર શુદિ પંચમીએ સવારે 'ધર્મવિહાર'નાં અગ્રસ્થાને પૂ.આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મ. તથા પૂ.આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.નાં ગુરુમંદિરોની પ્રતિષ્ઠા થઇ. તે પછી સતત સાત કલાકના ભવ્ય સમારોહમાં બે આચાર્યપદ-એક ઉપાધ્યાયપદ-બે પંન્યાસપદપ્રદાન, દશ દશ મુમુક્ષુઓને દીક્ષાપ્રદાન અને તમામ ઉપધાન તપસ્વીઓને માળારોપણ હજારોની મેદની વચ્ચે થયું. આ સમગ્ર મહોત્સવમાં મહત્ત્વનું યોગદાન આપનાર આપણા પૂજયશ્રીએ વિશાલ મંચ પર ગુરુદેવની બાજુમાં વિરાજી તમામ સૂત્રોચ્ચારણાદિ વિધિ કરાવી. મારું એ પરમ સૌભાગ્ય હતું કે આ જ સમારોહમાં સૌથી નાના ૧૧ વર્ષના બાળમુમુક્ષુરૂપે મને ગુરુદેવ ધર્મસૂરિદાદાએ પ્રવ્રજ્યાપ્રદાન કર્યું અને પૂજયશ્રીના પ્રથમ શિષ્યરૂપે સ્થાપિત કર્યો.

હવે પૂજયશ્રી પર ગુરુદેવનાં શાસનકાર્યોની-ધર્મપ્રભાવનાની જવાબદારી ઉપરાંત બાલશિષ્યના અધ્યયનની-સંસ્કરણની-જીવનઘડતરની પણ જવાબદારી આવી. પૂજયશ્રી આ ઉભય જવાબદારી સફલતાપૂર્વક વહન કરવા સજજ થઇ ગયા...



પ્રકરણ :
૨૩

સવારે સૂર્યાસ્તઃ ગુરુદેવની ચિરવિદાય...

બાલ્યાવસ્થા એવી વય છે કે જેમાં વ્યક્તિને પોતાના વાસ્તવિક હિતની કોઇ યોગ્ય સમજ નથી હોતી. એ અવસ્થામાં બાળકનું વાસ્તવિક હિત થાય એની ખેવના રાખતા હોય છે માતા-પિતા. એ એને સંસ્કારિત કરે, ભણાવે-ગણાવે અને એનું ભાવિ હિત કરે. પરંતુ જે માતા-પિતા વધુ પડતા લાડકોડવશ કે બેદરકારીવશ સંતાનને બરાબર ન ભણાવે-ગણાવે એ માતા-પિતા હકીકતમાં સંતાનનું અહિત કરે છે. એથી જ એક સંસ્કૃત સુભાષિત એમ કહે છે કે 'माता शत्रुः पिता वैरी, येन बालो न पाठितः' ભાવાર્થ કે જે સંતાનને ભણાવે નહિ તે માતા સંતાનની શત્રુ છે અને તે પિતા સંતાનનો વૈરી છે!!

સંસારક્ષેત્રે સંતાન માટે જે સ્થાન માતા-પિતાનું છે તે સ્થાન સંયમક્ષેત્રે શિષ્ય માટે ગુરુનું છે. એમનું એ મુખ્ય કર્તવ્ય છે કે અભ્યાસ-જીવનઘડતર-સંસ્કરણ દ્વારા શિષ્યનું વાસ્તવિક હિત થાય. પૂજ્યશ્રી આવા કર્તવ્યનિષ્ઠ-જવાબદાર ગુરુ હતા. એથી જ પાલિતાણામાં મારી દીક્ષા પછીના તુર્તના સમયખંડથી જ મારા અભ્યાસ-સંસ્કરણ માટે પૂજ્યશ્રી ખૂબ ખબરદાર રહેતા હતા. દીક્ષા પછી પાલિતાણામાં પૂજ્યશ્રીની સ્થિરતા રહી કુલ બે માસ અને વીશ દિવસ. એમાં મારા યોગોદ્વહન-વડીદીક્ષા અને સાત આયંબિલ વગેરે તપ થયો. એ દિવસોમાં પૂજ્યશ્રીએ મારી સતત તકેદારી રાખીને જે કંઠસ્થ અભ્યાસ કરાવ્યો એ આ હતોઃ બે દિવસમાં પક્ખી સૂત્ર, ચાર કલાકમાં શ્રમણ અતિચાર, શેષ સાધુક્રિયાસૂત્રો અને તે સિવાય યોગશાસ્ત્ર-જ્ઞાનસારની મળી કુલ નવી ૫૦૨ ગાથાઓ .

બાળશિષ્ય છે કે એ યોગનો તપ કરે છે એમ માની એને લાડ લડાવ્યા કરવાની વાત પૂજ્યશ્રીની જીવનઘડતરશૈલીમાં ન હતી.

મને સ્મરણ છે કે તે દિવસોમાં પૂજ્યશ્રીની ગિરિરાજયાત્રા જારી હતી. ગત વર્ષની નવાણુંયાત્રા સહિત પૂજ્યશ્રીએ કુલ ૧૪૮ યાત્રાઓ કરી હતી. પરંતુ તેમાં મારી દીક્ષા બાદના થોડા દિવસો બાદ પૂજ્યશ્રીએ યાત્રા સ્થગિત કરતાં એમની બીજી નવાણુંયાત્રા થઇ ન શકી. એટલા માટે કે બાળસાધુ નિત્યક્રમમાં બરાબર સજજતા કેળવી લે. એમની આ તકેદારી દીક્ષાના બાર બાર વર્ષો સુધી રહી. એ બાર વર્ષોમાં સતત સહજ સભાનતા રહેતી કે 'બરાબર નહિ ભણું તો પૂજ્યશ્રીનો ઠપકો આવશે.' આ એમની ઘડતરશૈલીનો પ્રભાવ હતો. ના, એમાં જોરજુલમની કડકાઇ જરા પણ ન હતી. મને બાલ્યાવસ્થાનો એક પણ પ્રસંગ પ્રાયઃ એવો બન્યાનું યાદ નથી આવતું કે જેમાં પૂજ્યશ્રીએ એકાદ થપ્પડપ્રયોગ કર્યો હોય. માત્ર પૂજ્યશ્રીની આભા-તેજ એવું ડારતું કે એનાથી અવશ્ય શિસ્તપાલન-સમયબદ્ધ અભ્યાસ થયા કરતો. મારાં શ્રમણજીવનમાં એનો સર્વપ્રથમ અનુભવ પૂજ્યશ્રીએ કરાવ્યો પાલિતાણામાં ઉપરોક્ત દિવસોમાં.

પાલિતાણાથી ગુરુદેવની નિશ્રામાં પૂજ્યશ્રીએ વિહાર કર્યો મુંબઇ તરફ. એ વિહારમાર્ગમાં ગુરુદેવની જન્મભૂમિ વઢવાણ શહેર ખાસ સામેલ કરાયું હતું. ત્યાં ગુરુદેવ પચીશ વર્ષો બાદ પધારતા હોવાથી સંઘનો ઉલ્લાસ ચરમસીમાએ હતો. આઠ દિવસનો ભવ્ય મહોત્સવ, મુંબઇ-અમદાવાદ વગેરે સ્થળોએ રહેતા તમામ વઢવાણવાસીઓનું વઢવાણમાં આગમન, મુંબઇથી Special બસોનું આગમન અને ઐતિહાસિક સામૈયાં સાથે ગુરુદેવનો નગરપ્રવેશ ફાગણ વદિ એકમે વઢવાણમાં થયો. પ્રવેશદિનની સભામાં પૂજ્યશ્રીની પ્રેરણાથી ગુરુદેવની નાનકડી જીવનચરિત્રપુસ્તિકાનું પ્રકાશન થયું. આ પુસ્તિકા પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે પોતાના 'નવતત્ત્વ દીપિકા' ગ્રન્થના પ્રારંભે આલેખેલ ગુરુદેવની જીવનઝરમરનાં પૂજ્યશ્રીએ પરિવર્ધિત કરેલ નાનકડા સંકલનરૂપ હતી. એ સભામાં જ ગામના-બહારગામના તમામ વઢવાણવાસીઓએ ગુરુદેવને આ ચાતુર્માસ વઢવાણમાં જ કરવાનો એવો પ્રચંડ જબરજસ્ત આગ્રહ કર્યો કે મુંબઇ-કાંદિવલીના ચતુર્વિંશતિ મહાજિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા માટે મુંબઇ જવાનો જાહેર થયેલ નિર્ણય બદલવો પડ્યો અને વિ.સં. ૨૦૩૫નું આગામી ચાતુર્માસ વઢવાણનગરે કરવાની જય બોલાવવી પડી. કાંદિવલીની અંજન-પ્રતિષ્ઠા આગામી વર્ષ પર લઇ જવાઇ, તો ગુરુદેવના હસ્તે જ નિર્ધારિત જોગેશ્વરી-પારસનગર જિનાલય વગેરે પ્રતિષ્ઠાઓ તત્કાલ જરૂરી હોવાથી તેની પ્રતિષ્ઠા માટે પૂ.આ.શ્રી ચન્દ્રોદયસૂરીશ્વરજી મ.ને આજ્ઞાપત્રો લખાયા. ચાતુર્માસ વઢવાણમાં જ હોવાથી હવે ગુરુદેવ સાથે પૂજ્યશ્રીએ સુરેન્દ્રનગર-ઉપરિયાળાજી તીર્થ વગેરે યાત્રાઓ કરતા ક્રમશઃ શંખેશ્વરજી મહાતીર્થની યાત્રા કરી. તે પછી એ તરફના વિવિધ ગામ-નગરોમાં વિચરણના અંતે આષાઢી દશમે વઢવાણમાં ચાતુર્માસપ્રવેશ ચાર માસ પૂર્વે થયેલ સામૈયા જેવા જ શાનદાર સામૈયાં સાથે થયો.

આ ચાતુર્માસમાં તપસ્યાઓ-અનુષ્ઠાનો પ્રવચનોની હેલિ ઉપરાંત સાધ્વીવૃંદમાં છ-છ માસક્ષમણ અને સંઘનાં વિવિધ સ્થાયી કાર્યો થયાં. તેમાં પૂજ્યશ્રીસંબંધી બે બાબતો મહત્ત્વની બની. એમાં પ્રથમ બાબત હતી ગુરુદેવની અમૃતમહોત્સવ ઉજવણીની. પૂજ્યશ્રીએ એ માટે સુરેખ આયોજન કરી ઝાલાવાડના તમામ ગામોના સંઘોના અગ્રણીઓની બેઠક વઢવાણના ઉપાશ્રયે કરાવી. તેમાં તેઓએ અમૃતમહોત્સવના વિરાટ આયોજનોની રૂપરેખા સમજાવી. મુખ્ય ઉજવણી વઢવાણમાં થાય અને તે દિવસે ગુજરાતના ગવર્નર ઉપસ્થિત થાય તેમ નક્કી થયું. મુંબઇના ઝાલાવાડી જૈનોએ પણ આ અંગે એક સભા કરી. તમામ તૈયારીઓ પરિપૂર્ણ થઇ. ત્યાં ઉજવણીના બે દિવસ પૂર્વે જ મોરબીની મચ્છુનદીની ભયાનક પૂરહોનારત સર્જાતા પ્રજાના જાનમાલને પારાવાર નુકસાન થયું. કરુણાનિધાન ગુરુદેવે ઉજવણી રદ કરીને તેનું મોટું ફંડ પૂરહોનારતમાં આપવાની ભાવના દર્શાવતા પૂજ્યશ્રી વગેરેએ તે મુજબ કરાવ્યું. જો કે, સાદગીપૂર્વક અમૃતમહોત્સવની મર્યાદિત ઉજવણી તો પૂજ્યશ્રીએ કરાવી જ.

બીજી બાબત બની કુલચંદ દોશી 'મહુવાકર' દ્વારા લખાયેલ ગુરુદેવની જીવનપ્રભાસંબંધીઃ ગુરુદેવના પરમભક્ત શ્રી ચીમનલાલ દલીચંદ (સી.ડી.) મહેતાએ પોતાની ભાવનાથી ગુરુદેવની આ નાનકડી જીવનપ્રભા લખાવી હતી. તેઓએ માત્ર શુદ્ધ ગુરુભક્તિથી આ પ્રયાસ કરીને સ્વખર્ચે એનાં પ્રકાશનની ભાવના રાખી હતી અને મહુવાકરે પણ એક રૂા.નું વેતન લીધા વિના એ લખી હતી. પરંતુ એ કોઇ જાતમાહિતી-મહેનત વિના છેલ્લા વર્ષોનાં થોડા અખબારી અહેવાલો પરથી લખાઇ હોવાથી એમાં જરા ય કડીબદ્ધતા ન હતી અને જે થોડું લખાણ હતું એમાં ઘણા બધા વિગતદોષો હતા. એ લખાણ પણ બધું મળીને આ ગ્રન્થના દશપેજ થાય તેટલું જ હતું. નાની-કાચી નોટોમાં એક સાઇડે મોટા અક્ષરોએ લખાયેલ એ લખાણ લઇને ચીમનભાઇ વઢવાણ આવ્યા. એમણે સરલભાવે ગુરુદેવને વિનંતિ કરી કે ''આપને યોગ્ય લાગે તો આ લખાણની પુસ્તિકા પ્રકાશિત કરાવાય.'' ગુરુદેવે ચીમનભાઇની હાજરીમાં જ આપણા પૂજ્યશ્રીને બોલાવી એ કાચી નોટો આપતા કહ્યું: ''આ લખાણ તમારી પાસે રાખજો, અન્યોને આપશો નહિ અને યોગ્ય લાગે તો જ પ્રકાશન કરજો.'' પૂજ્યશ્રીએ તહત્તિ કરીને એ નોટો સ્વીકારી લીધી.

ધ્યાનથી નિરીક્ષણ કરતાં પૂજ્યશ્રીને સાવ નાની કડીબદ્ધતા વિનાની એ નોટો પ્રકાશિત કરવા જેવી ન લાગી. એથી પાછળથી એનો કોઇ ઉપયોગ ન થયો. પરંતુ ગુરુદેવે પૂજ્યશ્રીને જ યાદ કરીને એમને આપેલ એ લખાણ એ દર્શાવી જાય છે કે પૂજ્યશ્રી ગુરુદેવના કેવા અનન્ય વિશ્વાસધામ હતા!!*

આ જ ચાતુર્માસમાં ગુરુદેવે પોતાનાં વિદ્યાભ્યાસસ્થળ 'સી.એન. વિદ્યાવિહાર'માં તપાસ કરાવીને પોતાની વર્ષો જૂની જન્મતિથિની શંકા દૂર કરી અને સાચી જન્મતિથિની પત્રરૂપે માહિતી મેળવી.

આ ચાતુર્માસમાં દશેરાથી એકસો એકસઠ તપસ્વીઓના ઉપધાનતપ, પૂજ્યશ્રીની પાસે અનેક સાધુ-સાધ્વીજીનાં યોગોદ્વહન, ત્રણ મુમુક્ષુ દીક્ષાઓ વગેરે ધર્મકાર્યો થયાં. ત્યાંથી ધ્રાંગધ્રા નગરે અષ્ટાહ્નિકા મહોત્સવ, સુરેન્દ્રનગરમાં બે મુમુક્ષુઓની દીક્ષા, વઢવાણમાં પોષદશમી આરાધના, ચૂડા નગરે ઉપધાનમાળારોપણ મહોત્સવ સંપન્ન કરાવી ક્રમશઃ રાણપુર-શિયાણી-ધોળકા આદિ તીર્થોની યાત્રા કરતા વડોદરામાં પદાર્પણ થયું. અહીં પૂજ્યશ્રીની પ્રેરણાથી આજવા રોડ-નવપદ સોસાયટીમાં નિર્મિત થનાર ભવ્ય શિખરબદ્ધ મહાવીરસ્વામી જિનાલય માટેના ભૂમિખંડ પર ગુરુદેવનું તથા પૂજ્યશ્રીનું વાસક્ષેપવિધાન થયું. ત્યાંથી ડભોઇ તીર્થે પાંચ મુમુક્ષુઓની દીક્ષા, ગુરુદેવની ભાવનાનુસાર બહાદુરપુરમાં ઉપાશ્રયનિર્માણ માટે પૂજ્યશ્રી દ્વારા સંપૂર્ણ જવાબદારી સ્વીકૃતિ, ક્રમશઃ કરજણ-પાલેજ-ભરૂચ-સુરત વગેરે મોટા સંઘોમાં પદાર્પણ, સર્વત્ર ભવ્ય સામૈયાં-પ્રવચન અને આ સર્વના અંતે મુંબઇના પ્રવેશદ્વાર પાસે ભાયંદરમાં ગુરુદેવની ભાવનાનુસાર નિર્માણ પામી રહેલ બાવન-જિનાલયતીર્થમાં નિર્માણાધીન જિનાલયો પર ગુરુદેવનું વાસક્ષેપવિધાન થયું.

હવે ગુરુદેવની નિશ્રામાં પૂજ્યશ્રીનું પદાર્પણ થયું શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠા-દીક્ષામહોત્સવ માટે કાંદિવલી જૈન સંઘમાં. ગુરુદેવનું સ્વાસ્થ્ય Paralysis ગ્રસ્ત હતું. એટલે પૂજ્યશ્રીની જવાબદારી આવાં મહાકાર્યોમાં અનેકગણી વધી ગઇ હતી. છેલ્લા બે વર્ષથી સંઘના પ્રમુખ વ્રજલાલભાઇ વગેરે પૂજ્યશ્રીના સંપર્કથી-માર્ગદર્શનથી જ પ્રત્યેક કાર્ય કરતા હતા. પૂજ્યશ્રીએ આ વિશાલ ચતુર્વિંશતિ મહાજિનાલયમાં ૫૧ જિનબિંબોની (પછીના વર્ષે સાત ઉમેરાતા ૫૮ જિનબિંબોની) યોજના બહુ સરસ કરી હતી. મૂલનાયકરૂપે ૫૧ ઇંચના ભવ્ય શ્રી મુનિસુવ્રતસ્વામી, તો એ જ પ્રભુના શાસનસમયે જંબૂદ્વીપનાં મહાવિદેહક્ષેત્રમાં પ્રવ્રજિત થયેલ ચાર વિહરમાણ પ્રભુ શ્રી સીમંધરપ્રભુ-યુગંધરપ્રભુ-બાહુપ્રભુ-સુબાહુપ્રભુ મૂલગર્ભગૃહમાં; આજુબાજુના બે ગર્ભગૃહો તથા પ્રદક્ષિણાકાર કુલિકાઓ આદિ સ્થળે વર્તમાન ચોવીશીના તમામ તીર્થંકર ભગવંતો-ચાર શાશ્વત પ્રભુજી-આગામી ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી પદ્મનાભપ્રભુ-બે કાયોત્સર્ગ મુદ્રાના પાર્શ્વપ્રભુ, તો શ્રી પુંડરીકસ્વામી-શ્રી ગૌતમસ્વામી રંગમંડપમાં; વળી શિખરભાગે પાર્શ્વનાથપ્રાસાદમાં સત્તર (પછીના વર્ષના સાત સાથે ૨૪) પાર્શ્વનાથ પ્રભુ: આ રીતે ગણતરીબદ્ધ પ્રભુપ્રતિમા-વ્યવસ્થા પૂજ્યશ્રીએ કરાવી હતી. આ મહાજિનાલયનાં નિર્માણથી અંજનશલાકા સુધીના પ્રત્યેક કાર્યમાં પૂજ્યશ્રી એવા ઓતપ્રોત હતા કે વિ.સં. ૨૦૭૧માં પૂજ્યશ્રી માટે ત્યાંના ટ્રસ્ટી શ્રી રમેશભાઇ જેસરવાળાએ યથાર્થ શબ્દો પ્રયોજ્યા હતા કે ''આ દેરાસરની ઇંટ ઇંટ પર અને ઇંચે ઇંચ ભૂમિ પર પૂ.આ. સૂર્યોદયસૂરીશ્વરજી મ.ના ઉપકારો છે. ગુરુદેવ પછી એમના જેટલી જાણકારી અને ભોગ અન્ય કોઇનો નથી.''

અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ માટે પણ પૂજ્યશ્રીએ તનતોડ ભોગ આપ્યો. પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર સરદારપટેલહાઇસ્કૂલનાં વિરાટ પ્રાંગણમાં મુનિસુવ્રત ધર્મનગરરચના-ત્યાં ભવ્ય પંચ કલ્યાણક ઉજવણી-વીશ વીશ ઐતિહાસિક પાત્રોની જીવંત રચનાઓ-બે દીક્ષા તથા ત્રણ વડીદીક્ષા-નવે ય દિવસ સાધર્મિકવાત્સલ્યો-વિશુદ્ધ વિધિવિધાન સાથે અધિવાસના ને અંજન-પ્રતિષ્ઠાસમયે જબરજસ્ત મેદની વચ્ચે હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા-વિશિષ્ટ અનુકંપાકાર્યો આદિથી કાંદિવલીનો અંજન-પ્રતિષ્ઠામહોત્સવ મુંબઇભરમાં ગાજી ઊઠ્યો. આ જ મહોત્સવ દરમિયાન વૈશાખ શુદિ સાતમે બોરીવલી-જામલીગલી સંઘના આલીશાન ચર્તુમજલી ઉપાશ્રયનો ઉદ્ઘાટનસમારોહ- કાયમી આયંબિલખાતાના માતબર આદેશાદિ થયા... તે પછીના પોણા બે માસના સમયખંડમાં પૂજ્યશ્રીએ એવું આયોજન કરાવ્યું કે લગભગ રોજેરોજ મુંબઇના અલગ અલગ સંઘોમાં ગુરુદેવની પધરામણી-સામૈયાં-પ્રવચન-સંઘકાર્યો થાય. ત્રણ વર્ષે મુંબઇમાં પધારેલ ગુરુદેવના પગલે પગલે જાણે કે મુંબઇમાં નવી ધર્મરોશની ઝગમગી રહી.

આ શેષકાલીન ધર્મપ્રભાવનાના અંતે દ્વિ. જેઠમાસમાં વિ.સં. ૨૦૩૬નો ચાતુર્માસપ્રવેશ ચેમ્બુરતીર્થમાં થયો. પૂજ્યશ્રીનો ૩૩ વર્ષનો દીર્ઘ દીક્ષાપર્યાય-પરમ વિદ્વત્તા-પ્રભાવક પ્રવચનશક્તિ-અદ્ભુત આયોજનશક્તિ વગેરેને ધ્યાનમાં લઇ અહીં ગુરુદેવે પૂજ્યશ્રીને ભગવતીસૂત્રમહાયોગમાં પ્રવેશ કરાવવાનો નિર્ણય જાહેર કર્યો. આષાઢ શુદિ એકમે સકલ સંઘ સમક્ષ ઉલ્લાસભર્યા માહોલમાં ગુરુદેવે પૂજ્યશ્રીને

* 'મહુવાકર'ના નાના લખાણ સંબંધી આ આધારપૂર્ણ સંપૂર્ણ વાસ્તવિક હકીકત 'યુગદિવાકર' મહાગ્રન્થમાં પણ લખાઇ છે. એ 'જીવનપ્રભા' લખાવનાર ચીમનભાઇ મહેતા આજે ય હયાત છે વર્ષો પૂર્વે એમણે મારા પર લખેલ પત્રમાં બે વાતનો બહુ અસંદિગ્ધ ઉલ્લેખ કર્યો છે કે ''(૧) આ લખાણ ચેમ્બુરમાં નહિ, પણ વઢવાણમાં મેં પોતે પૂ. યુગદિવાકરશ્રીના કહેવાથી તેમની હાજરીમાં પૂ. સૂર્યોદયવિ.મ.ને આપ્યું હતું. અને (૨) મેં જ્યારે એ લખાણ તેમને આપ્યું ત્યારે પૂજ્ય યુગદિવાકરશ્રીએ તેઓને કહ્યું હતું કે ''આ લખાણ તમે જ રાખજો, અન્યોને આપશો નહિ અને બરાબર લાગે તો જ પ્રકાશનનો વિચાર કરજો.'' શ્રી ચીમનભાઇ મહેતાનો સ્વહસ્તાક્ષરનો એ પત્ર આજે પણ મારી પાસે ઉપલબ્ધ છે.

ભગવતીસૂત્રમહાયોગમાં પ્રવેશ કરાવ્યો. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ એક તરફ સળંગ સાડા છ માસ ભગવતીસૂત્રટીકાના માત્ર 'શાસ્ત્રપ્રસ્તાવના' સુધીના વિભાગ પર ખૂબ સરલ-સુબોધ પ્રવચનો અખંડ ધારાએ ફરમાવ્યા. પૂજ્યશ્રીની ખૂબી એ હતી કે ચેમ્બુર જેવા ક્ષેત્રને અનુલક્ષી એમણે પ્રવચનના પદાર્થો એવા સરલ બનાવ્યા કે નાનામાં નાનો અને નવો શ્રોતા પણ એને બરાબર સમજી શકે. વળી પૂજ્યશ્રીનાં પ્રવચનો ગુરુદેવનાં પ્રવચનશ્રવણથી જ પ્રગટેલા. એટલે એમાં શાસ્ત્રીય વાતો તો આવે જ આવે. છતાં પૂજ્યશ્રીની એને એકદમ પ્રાથમિક સ્તર સુધી લઇ જવાની ક્ષમતા જોઇ પૂ. મુનિરાજ શ્રી કીર્તિપ્રભવિજયજી મ. વારંવાર મારી પાસે ખુશી વ્યક્ત કરે કે ''ચેમ્બુરમાં જે રીતનાં વ્યાખ્યાનો જોઇએ એવાં જ વ્યાખ્યાનો તમારા ગુરુજી આપે છે. ખરો વક્તા એ જ કહેવાય કે જે શ્રોતાની કક્ષા મુજબ રજૂઆત કરી શકે અને છતાં શાસ્ત્રની વાતો લાવી શકે.'' શ્રાવણ શુદિ એકમે બેસતા મહિના પ્રસંગે ગુરુદેવ ધર્મસૂરિદાદા પ્રવચનમાં પધાર્યા ત્યારે એમની સાથે બાલમુનિના દરજ્જે મારે પણ એ પ્રવચનમાં જવાનું બન્યું હતું. એ દિવસે પૂજ્યશ્રીએ પ્રવચનમાં કહેલ પદાર્થ એટલી સરલ રીતે સમજાવ્યો હતો કે બાળવય છતાં મને એ વાત બરાબર સમજાઇ ગઇ પણ હતી અને યાદ પણ રહી ગઇ હતી. એ પદાર્થ કાંઇક આવો હતોઃ

''પ્રજ્ઞાપના ઉપાંગના ટીકાકાર શ્રી મલયગિરિજી મહારાજ કહે છે કે કુવારામાંથી જેમ સતત પાણીનો પ્રવાહ નીકળે છે એમ આપણા દેહમાંથી પણ સતત છાયાપુદ્ગલોનો પ્રવાહ નીકળે છે. આપણે એ નરી આંખે ભલે નિહાળી શકતા નથી. પરંતુ શાસ્ત્રની આ વાતને પૂરવાર કરાય તેવા પુરાવા જરૂર છે. જેમ કે આપણે સૂર્યના જોરદાર પ્રકાશ સમયે-તડકામાં ચાલીએ ત્યારે આપણો પડછાયો દેખાય છે. આપણે જેવા હોઇએ-જેવી ચેષ્ટા કરીએ તેવો જ દેખાવ અને તેવી જ ચેષ્ટા પડછાયામાં જણાય છે. એ પડછાયો છાયાપુદ્ગલના પ્રવાહનું ઝિલાયેલું સ્વરૂપ છે કે જે પ્રકાશની ચોક્કસ સ્થિતિમાં આપણને પણ અવશ્ય દૃષ્ટિગોચર થઇ શકે છે. આજની Photographic પદ્ધતિ પણ છાયાપુદ્ગલોનું ઝિલાયેલું ચિરકાલીન સ્વરૂપ છે. એ Flash ના સહારે કેમેરાનાં માધ્યમે રોલ પર વ્યક્તિના છાયાપુદ્ગલો ઝીલે છે. એમાંથી વ્યક્તિની હૂ-બ-હૂ તસવીરો સર્જાય છે.'' એટલી સરલતાથી અને વિવિધ ઉદાહરણો સાથે આ સમજાવાયું હતું કે મને ત્યારે એ સાંભળવામાં રસ પણ ખૂબ આવ્યો અને એ કાયમ સ્મૃતિગત પણ થઇ ગયું.

આ ચાતુર્માસમાં સાધ્વીવૃંદમાં માસક્ષમણાદિ તપસ્યાઓ-સંઘમાં વિશેષ તપો-દાવરા પરિવાર દ્વારા ભવ્ય મહોત્સવ-ગોવંડી શિવાજીનગર તથા ભાડુંપ કોલેજ વિસ્તારમાં જિનાલયસ્થાપના અને આસોમાસમાં ૧૭૫ તપસ્વીઓના ઉપધાનતપનો પ્રારંભ થયો. ગુરુદેવની છત્રછાયામાં આ ઉપધાનતપ સંપૂર્ણપણે પૂજ્યશ્રીની પ્રેરણાથી યોજાયા હતા અને તેનો લાભ ચેમ્બુરના જ દાતા પરિવારોએ લીધો હતો. આ ઉપધાનતપના અંતે પદપ્રદાન-દીક્ષાઓ-માળારોપણનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. તેમાં માગશર શુદિ પાંચમે ચેમ્બુર હાઇસ્કૂલપટાંગણાનાં વિરાટ મેદાનમાં રચાયેલ 'ધર્મનગર'માં પંદર હજારની મેદની વચ્ચે ગુરુદેવના વરદ હસ્તે પૂજ્યશ્રીને ગણિપદપ્રદાન થયું. પૂજ્યશ્રીનાં જીવનનો આ સર્વપ્રથમ પદપ્રદાન પ્રસંગ હોવાથી જન્મભૂમિ ડભોઇનો શ્રી સંઘ-પૂજ્યશ્રીના સાંસારિક સ્વજનો-મુંબઇના ગુરુભક્ત સંઘો આદિની ઉપસ્થિતિ વિશાલ સંખ્યામાં હતી. પોતાના એક સંપૂર્ણ સમર્પિત પરમ વિદ્વાન પ્રભાવક શ્રમણને પદપ્રદાન કરતાં ગુરુદેવને ખૂબ ખૂશી-આનંદ થયો. આ જ પ્રસંગે પૂ. મુનિરાજશ્રી મહાબલવિજયજી મ. તથા પૂ. મુનિરાજ શ્રી પદ્માનંદવિજયજી મ.ને પણ ગણિપદાર્પણ થયેલ. આ જ મહોત્સવ દરમિયાન પૂજ્યશ્રીની પ્રેરણા-નિશ્રામાં ગોવંડીનગરે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથગૃહજિનાલયની પ્રતિષ્ઠા તથા ઉપાશ્રયસ્થાપના થઇ.

ત્યાંથી ગુરુદેવની સાથે ક્રમશઃ વિહાર કરી પૂજ્યશ્રી બોરીવલી-જામલીગલી સંઘમાં પધાર્યા. ત્યાં ૪૫૧ આરાધકોના શાનદાર ઉપધાનતપ અને તેના અંતે યાદગાર અંજનશલાકા-પ્રતિષ્ઠા-પદપ્રદાન-દીક્ષા-વડીદીક્ષા મહોત્સવ યોજાયો. આ મહોત્સવમાં ગુરુદેવે પૂ. ઉપાધ્યાય શ્રી કનકવિજયજી મ.ને આચાર્યપદપ્રદાન અને પૂજ્યશ્રીને પંન્યાસપદપ્રદાન કર્યું. ગુરુદેવના હસ્તે થયેલ આ અંતિમ પદપ્રદાન હતું. પૂજ્યશ્રી પછી કોઇ પણ શ્રમણને ગુરુદેવના હસ્તે પદપ્રદાન થયું ન હતું. આ સમારોહમાં લગભગ પચીશ હજારથી અધિક મેદની ઉપસ્થિત હતી. આ દિવસ હતો મહા વદિ બીજ. એ જ દિવસે પ્રભાતે શ્રી સંભવનાથજિનાલયના શિખરભાગે શ્રી ચન્દ્રપ્રભસ્વામી આદિ જિનબિંબોની પુનઃપ્રતિષ્ઠા તથા શ્રી સહસ્રફણાપાર્શ્વનાથાદિ નૂતન જિનબિંબોની પ્રતિષ્ઠા ગુરુદેવના વાસક્ષેપપૂર્વક ભવ્ય સ્વરૂપે થઇ. આ પ્રતિષ્ઠાદિ બાદ કુરારવિલેજ સંઘમાં ગુરુદેવનું પદાર્પણ થતાં ત્યાં પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર ભવ્ય શિખરબદ્ધ શ્રી મુનિસુવ્રતજિનાલયનિર્માણનો નિર્ણય થયો અને ગુરુદેવની નિશ્રામાં જ શ્રી શાંતિલાલ ગુંદરવાળા પરિવારને મૂલનાયક પ્રભુ આદિનો આદેશ અપાયો. ત્યાંથી વિવિધ સંઘોમાં પ્રવચનો-ધર્મકાર્યો બાદ વૈશાખમાસમાં ઘાટકોપર-સર્વોદયસંકુલમાં શ્રી સર્વોદય પાર્શ્વનાથ જિનાલય ભૂગર્ભગૃહમાં ચોવીશ તીર્થંકરપ્રભુ-બે કાયોત્સર્ગમુદ્રાના પ્રભુ આદિનો અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ ગુરુદેવની નિશ્રામાં પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર યોજાયો.

તે પછીના સમયખંડમાં પૂજ્યશ્રી સમક્ષ લોઅર પરેલનો રાજસ્થાની જૈન સંઘ ઉપસ્થિત થયો અને જિનાલય-ઉપાશ્રયાદિ માટે વિનંતિ કરી. આ પ્રસંગ પૂજ્યશ્રીની સ્વતન્ત્ર નિશ્રામાં થયો. કેમ કે ગુરુદેવે નાદુરસ્ત સ્વાસ્થ્યવશ ઘાટકોપરમાં સ્થિરતા કરી હતી. પૂજ્યશ્રીની પ્રભાવક નિશ્રામાં ઉપાશ્રયની ઉછામણીઓ માતબર થઇ, તો જિનાલયનિર્માણના આદેશો અપાયા. તે જ વર્ષે જેઠ વદિ પાંચમે પૂજ્યશ્રીની નિશ્રામાં

જિનાલયમાં પ્રભુજીઓની સ્થાપના થઇ. વિ.સં. ૨૦૩૭ના આષાઢ શુદિ એકમે ગુરુદેવની નિશ્રામાં પૂજ્યશ્રીનો ચાતુર્માસપ્રવેશ ગોવાલીયાટેંક જૈન સંઘમાં થયો. આ સંઘમાં ગુરુદેવના ચાતુર્માસનો મુખ્ય ઉદ્દેશ 'આરાધના' બિલ્ડીંગના તમામ ભાડૂતો ખાલી કરાવીને ક્રમશઃ જિનાલય-ઉપાશ્રયાદિનાં આલીશાન નિર્માણ તરફ આગળ વધવાનો હતો. એ ઉદ્દેશ ઘણે અંશે બર આવ્યો. સંઘમાં શ્રેણિબદ્ધ મીટીંગો થવા સાથે તમામ ભાડૂતોને સાધારણની મોટી રકમ આપી એમને મકાન ખાલી કરાવવાનો નિર્ણય થયો અને એનાં મંગલાચરણ પણ એ ચાતુર્માસમાં જ થયા. આ ઉપરાંત ગુરુદેવના જન્મદિને એક જ દિવસમાં તે કાળે ₹. દશ લાખનું દાન થયું. આ ચાતુર્માસમાં આપણા પૂજ્યશ્રીને ચેમ્બુરના કાર્યો સંભાળવા અવારનવાર ત્યાં જવાનું થતું. ગુરુદેવની ઢળતી જીવનસંધ્યા પરખીને પૂજ્યશ્રી એમને સંઘનાં કાર્યોની વાતો અત્યંત ખપપૂરતી-સીમિત કરતા. એનાં બદલે આરાધનાની વાતો વિશેષ કરતા. એક વાર આવો આરાધનાવાર્તાલાપ થયો ત્યારે ગુરુદેવે પૂજ્યશ્રીને કહ્યું: ''હવે મારું મન પંચસૂત્રનાં પ્રથમ સૂત્રમાં વિશેષ છે. એમાં પણ 'तस्स पुण विवागसाहणाणि चउसरणगमण–दुक्कडगरिहा–सुकडाणसेवणं' આ પદો પર સતત ધ્યાન કેન્દ્રિત થયા કરે છે.'' પૂજ્યશ્રી પ્રસન્ન થઇ ગયા ગુરુદેવની આંતરજાગૃતિ પર.

ગોવાલીયાટેંક સંઘનાં ચાતુર્માસની પૂર્ણાહુતિ બાદ વિ.સં. ૨૦૩૮ના માગશર વદિ દ્વિ.બારશથી મલાડ-દેવચંદનગર સંઘમાં સવા બસો આરાધકોના ભવ્ય ઉપધાનતપનો પ્રારંભ થયો. પૂજ્યશ્રી તેની સર્વ જવાબદારી ઉપરાંત ઉપધાનતપસ્વીઓને વાચના ફરમાવતા. એક તરફ ઉપધાનતપ હતા, તો બીજી તરફ સાધુ-સાધ્વીજીના વિવિધ આગમસૂત્રોના યોગ હતા. આ ઉપધાનતપ દરમિયાન બે અંજનશલાકાઓ-પ્રતિષ્ઠાઓ અને ગુરુદેવના પરિવારમાંથી પાંચ શ્રમણસમૂહોના અલગ પાંચ સંઘોમાં ચાતુર્માસનિર્ણયો થયા. ચાતુર્માસવિનંતિઓ માટે સંઘો ગુરુદેવ પાસે પડાપડી કરતા હતા. પરંતુ હવે શક્યતા ન હોવાથી ગુરુદેવ ઇન્કાર કરતા હતા. એમાં એક દિવસ સરસ ઘટના બની પૂજ્યશ્રીસંબંધી. તે દિવસે સવારે શાસનસમ્રાટસમુદાયના પૂ. આ.શ્રી અજિતચન્દ્રસૂરિજી મ. (ત્યારે પંન્યાસ) ગુરુદેવને વન્દનાર્થે આવ્યા. વાતવાતમાં એમણે ગુરુદેવને કહ્યું: ''ઘણા બધા માતબર સંઘોની વિનંતિઓ આવે છે. આપ ના કહો છો. એના કરતા પૂ.પં. શ્રી સૂર્યોદયવિજયજી મ.ને ચાતુર્માસ પાઠવો ને? તેઓ સમર્થ તેમજ વિદ્વાન છે.'' તુર્ત ગુરુદેવે એમને ઉત્તર આપ્યો કે ''સૂર્યોદયવિજયજી તો મારી સાથે જ જોઇએ. મારી તમામ કાર્યવાહી સંભાળનાર જ એ છે. એમને ક્યાંય ન મોકલી શકાય.'' ત્યારે આચારાંગસૂત્ર યોગની ક્રિયા પૂર્ણ કરીને ગુરુદેવને વન્દનાર્થે હું ત્યાં આવ્યો હતો. આ વાર્તાલાપ કાનોકાન સાંભળતા મને પ્રતીતિ થઇ કે પૂજ્યશ્રીનું સ્થાન ગુરુદેવનાં અંતરમાં કેવું અપ્રતિમ હતું. એક પ્રાકૃતગાથામાં મજાની વાત લખાઇ છે કેઃ-

धन्ना ते जीअलोए, गुरवो निवसंति जस्स हिययंमि।
धन्नाण वि ते धन्नो, गुरूण हियए वसइ सो उ।।

ભાવાર્થ કે તે શિષ્ય ધન્ય છે કે જેનાં હૈયે ગુરુદેવનો વાસ છે. પરંતુ તે શિષ્ય તો ધન્યાતિધન્ય છે કે જે પોતાના ઉચ્ચતમ વિનય-સમર્પણાદિ ગુણો દ્વારા ગુરુદેવનાં હૈયે જઇ વસે છે. પૂજ્યશ્રી આવા ધન્યાતિધન્ય શિષ્ય હતા એનો સ્પષ્ટ ખ્યાલ ઉપરોક્ત પ્રસંગ દ્વારા આવી શકે છે.

આ ઉપધાનતપની પૂર્ણાહુતિ પ્રસંગે ૫૧ કલાત્મક છોડઉધાપન-શ્રી શાંતિનાથ જિનાલયરજતવર્ષપ્રસંગ-માળારોપણનો ભવ્ય મહોત્સવ ઉજવાયો. માળારોપણના વિશાલ સમારોહમાં દેવચંદનગર સંઘના અગ્રણી શ્રી હિંમતભાઇ વખારીયાએ જાહેર મંચ પરથી, પૂજ્યશ્રીને આચાર્યપદાર્પણ કરવાની અને એ પ્રસંગ મલાડમાં યોજવાની જોરદાર વિનંતિ કરી. ગુરુદેવે આ વિનંતિને અનુમોદનીય કહી એ ધ્યાનમાં રાખવાનો પ્રત્યુત્તર આપ્યો. હવે ગુરુદેવની નિશ્રામાં મઝગામ જૈન સંઘમાં પ્રતિષ્ઠામહોત્સવ આવી રહ્યો હોવાથી તેની પૂર્વતૈયારી માટે પૂજ્યશ્રી ઝડપી વિહાર કરી મઝગામ પધાર્યા. ગુરુદેવ ફાગણ શુદિ પાંચમે મઝગામ પધાર્યા ત્યાં સુધીમાં પ્રતિષ્ઠાની તૈયારીઓ પૂજ્યશ્રીએ સંપૂર્ણ કરાવી.ફાગણ શુદિ-૮ બુધવાર, તા. ૩-૩-૮૨ના આ સંઘના જિનાલયમાં સમવસરણમાં ચતુર્મુખ જિનબિંબોની તથા અધિષ્ઠાયિકાની પ્રતિષ્ઠા ગુરુદેવની નિશ્રામાં થઇ. જો કે, ત્યારે પૂજ્યશ્રીને કે કોઇને કલ્પનામાત્ર ન હતી કે આ પ્રતિષ્ઠા ગુરુદેવનાં જીવનની અંતિમ પ્રતિષ્ઠા હશે!! પ્રતિષ્ઠા બાદ મઝગામ સંઘમાં ત્રણ દિવસ સ્થિરતા થઇ.

ફાગણ શુદિ-૧૧નો દિવસ. સવારે ૯.૧૫ આસપાસ પૂજ્યશ્રી પાસે મારી અભ્યાસવાચના શરૂ થઇ. હૈમ સંસ્કૃતપ્રવેશિકા-દ્વિતીયાનો ૧૮મો પાઠ હતો. પાઠના અંતે એમાંના સિંહવૃત્તિ-શ્વાનવૃત્તિનું લક્ષણ દર્શાવતા એક શ્લોકની વ્યાકરણવિષયક શુદ્ધિ-અશુદ્ધિની ચર્ચા અમારી વચ્ચે ચાલી. થોડે જ દૂર પાટ પર વિરાજતા ગુરુદેવ આ ચર્ચા રસપૂર્વક સાંભળતા હતા. પૂજ્યશ્રીની નજર એ તરફ જતાં તેઓ તુર્ત ગુરુદેવને ઉદ્દેશી બોલ્યા: ''બાપજી ! શ્વાનવૃત્તિ-સિંહવૃત્તિની જેવી વાત આ શ્લોકમાં છે એવી જ વાત આપે આપના 'ભગવતીસૂત્રનાં પ્રવચનો' ગ્રન્થમાં લખી છે. ત્યાં આપે લખ્યું છે કે 'માત્ર બાહ્ય શત્રુઓ તરફ નજર કરનારા (મતલબ કે એનાં ય મૂલ કારણરૂપ અંતરંગ શત્રુઓ તરફ નહિ જોનારા) તો કૂતરાં કરતાં ય હલકટ છે.' યાદ છે ને આપને?'' ગુરુદેવે પ્રસન્ન થઇને સંમતિસૂચક મસ્તક હલાવ્યું... લગભગ ૧૦.૪૫ના મારો પાઠ પૂર્ણ થતાં ગુરુવંદન કરી હું મારા આસને જતો હતો ત્યારે સહજભાવે બોલ્યોઃ'' આજે વાતાવરણ અચાનક ધૂંધળું-વાદળિયું કેમ થઇ ગયું છે? જાણે ગમગીની જેવું લાગે છે.'' પૂજ્યશ્રી પ્રત્યુત્તરમાં બોલ્યા: 'दुर्दिनं मेघजं तमः .' આમ અકાળે વાતાવરણ વાદળિયું-અંધારિયું

થઇ જાય એને દુર્દિન કહેવાય. જવાહરલાલ નહેરુ અવસાન પામ્યા એ દિવસે આવું દુર્દિનનું વાતાવરણ થયું હતું. લાગે છે કે આજ-કાલમાં કોઇ મોટી પ્રભાવશાળી વ્યક્તિનું મૃત્યુ થશે!!'' રે ! સહસા આ શબ્દો બોલનાર અમને ત્યારે લેશ માત્ર અંદાજ ન હતો કે આ શબ્દો કાલે વહેલી સવારે અક્ષરશઃ સત્ય ઠરવાના છે અને એ પ્રભાવશાળી વ્યક્તિ અન્ય કોઇ નહિ, સામે પાટ પર વિરાજીને આ શબ્દો અક્ષરશઃ સાંભળનાર ગુરુદેવ જ હશે. ભાવિના ભેદ કોણ જાણી શકે અતિશાયી જ્ઞાની વિના ?

સાંજની ગોચરી વપરાઇ ગયા બાદ એક વ્યક્તિના આગ્રહથી મારે એક ખાદ્યપદાર્થ વહોરવાનું બન્યું. પૂજ્યશ્રી કહેઃ ''પહેલા ગુરુદેવને પૂછીએ. એમને ખપ હશે તો ભક્તિનો લાભ મળશે.'' અમે બન્નેએ ગુરુદેવની પાસે જઇ લાભ આપવા વિનંતી કરી. સામાન્યપણે ગુરુદેવ સાંજે વાપર્યા બાદ કાંઇ લે નહિ. પરંતુ બાલશ્રમણરૂપે મારું મન સાચવવા ગુરુદેવે એમાંથી થોડો લાભ આપ્યો. ગુરુદેવનાં જીવનનો એ અંતિમ ખાદ્ય પદાર્થ બની રહ્યો. કેમ કે એ પછી એમણે કોઇ ચીજ વાપરી ન હતી. ગુરુદેવને છેલ્લી ગોચરી વપરાવવાનો જે લાભ મને અનાયાસે મળ્યો એ પૂજ્યશ્રીની પ્રેરણાને-સૂચનને આભારી હતો. સાંજનાં પ્રભુદર્શન-પ્રતિક્રમણાદિ સર્વ ક્રિયા કોઇ વિક્ષેપ વિના ગુરુદેવે સરસ કરી. રાત્રે ૯.૦૦ વાગતાં ગુરુદેવને બેચેની શરૂ થઇ. પૂજ્યશ્રીએ હાથ પકડી ગુરુદેવને પાટ પરથી ઊભા કર્યા. એમણે એમ ધાર્યું કે કદાચ Gasનો ઉપદ્રવ હશે. આમ પણ ગુરુદેવને Gasની તકલીફ હતી. એથી અવારનવાર આવું કરાતું હતું. પરંતુ આજે સ્વાસ્થ્ય ઝડપથી પલટાતું લાગ્યું. થોડી થોડી વારે ઊભા રહેવા-બેસવા છતાં પીડા વધતી ચાલી. પૂજ્યશ્રીએ ગુરુદેવને પૂછ્યું:'' ક્યાં દુઃખે છે?'' ગુરુદેવે ડાબા હાથ દ્વારા પેટ નહિ પણ હૃદયનો ભાગ દર્શાવ્યો.

પરિસ્થિતિની ગંભીરતા સમજી જઇને પૂજ્યશ્રીએ શ્રાવકોને બોલાવ્યા. તાબડતોબ પહેલા સ્થાનિક જૈન ડૉક્ટર રમેશભાઇ શાહ તથા ગુરુદેવની દીર્ઘકાલીન સેવા કરનાર ડૉ. શિરિષભાઇ શાહને બોલાવાયા. એમને ગુરુદેવની Heartની સ્થિતિ ગંભીર થતી જતી લાગતા તત્કાલ Cardeologist મોટા ડૉક્ટરો ભરતભાઇ શાહ તથા શૈલેશભાઇ મહેતાને બોલાવાયા. એમણે ગુરુદેવને તુર્ત મોટી Hospitalમાં દાખલ કરવાનું સૂચવ્યું. પરંતુ ગુરુદેવને આભાસ થઇ ગયો હશે કે ગમે તે બન્યું. એમણે મક્કમતાથી ઇન્કાર કરી દીધો કે મારે Hospitalમાં જવું નથી. કેટલાક શ્રમણોએ તથા શ્રાવકોએ ગુરુદેવને સમજાવવાની કોશિષ કરી. પરંતુ ગુરુદેવે જરા ય મચક ન આપી. કેટલાક શ્રાવકો-ડોક્ટરોના અતિ આગ્રહથી ગુરુદેવને ઘેનનું Injection આપી Hospitalમાં લઇ જવાનો પ્રયાસ થયો. કિંતુ ગુરુદેવને લેવા આવેલ Stretcherનો ખૂણો દીવાલ સાથે જરા અથડાતાં તેઓ જાગૃત થઇ ગયા અને દૃઢ મક્કમતાથી પાટ પર હાથ થપથપાવતાં ત્રણ વાર બોલ્યા 'અહીં જ... અહીં જ... અહીં જ..''

આ તબક્કે સૌથી નિર્ણાયક-મહત્ત્વની ભૂમિકા પૂજ્યશ્રીની રહી. તેઓએ Hospitalમાં લઇ જવાના આગ્રહી ગૃહસ્થોને અને શ્રમણોને સમજાવ્યું કે ''ગુરુદેવની ઇચ્છાવિરુદ્ધ એમને પરાણે Hospitalમાં લઇ જવાનો કોઇ અર્થ નથી. એમના દેહની ખેવના જરૂરી છે એમ એમના આત્માની પ્રસન્નતા અને આરાધકતાની ખેવના પણ બહુ જરૂરી છે.'' આખર Hospitalમાં લઇ જવાનો વિકલ્પ પડતો મુકાયો. અન્ય એક મહત્ત્વની સ્મૃતિ આજે પણ મારાં અંતરમાં અકબંધ છે કે આરોહ-અવરોહમાં ઝૂલતું ગુરુદેવનું સ્વાસ્થ્ય ધીમી ગતિએ સરસ સુધારો પામતું ગયું ત્યારે લગભગ ત્રણેક વાગ્યે ગુરુદેવ પણ સંથારી ગયા અને લગભગ મોટા ભાગના શ્રમણો પણ સંથારી ગયા. કિંતુ પૂજ્યશ્રીએ તે સમયે પણ નિદ્રાધીન ગુરુદેવની પાટની બાજુમાં જ સતત બેસી રહીને નવકારમન્ત્રજાપ મનમાં જારી રાખ્યો. હું જ્યારે ત્રણ વાગ્યે સંથાર્યો ત્યારે પૂજ્યશ્રી ગુરુદેવની પાટ પાસે હતા અને પોણા પાંચે નવકારમન્ત્રની જોરથી બોલાતી ધૂન વચ્ચે ઝબકી ગયો ત્યારે પૂજ્યશ્રી ગુરુદેવની પાટ પર ડાબા હાથ તરફ રહીને નવકારમન્ત્ર સંભળાવતા હતા. મને ક્ષણમાં સમજાઇ ગયું કે હવે સ્વાસ્થ્ય અતિ ગંભીર બની ગયું છે. હું પણ ગુરુદેવનાં મસ્તકના બરાબર પૃષ્ઠભાગે ઊભો રહી નવકારધૂનમાં જોડાઇ ગયો.

મજગામની પ્રતિષ્ઠા બાદ ગુરુદેવનો કેટલોક શ્રમણપરિવાર ભાયખલા-ચોપાટી-ચેમ્બુર વગેરે સ્થળે પધાર્યો હતો. તેમાંના ઘણા શ્રમણો પાંચ-સવા પાંચ સુધીમાં ગુરુદેવ પાસે પહોંચી ગયા. સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘની ખૂબ વિશાલ ઉપસ્થિતિ હતી. દ્રવ્યોપચાર સંપૂર્ણ સ્થગિત કરીને માત્ર ભાવોપચાર કરાઇ રહ્યા હતા. સકલ સંઘ દ્વારા જોરથી ઉચ્ચારાતી નવકારધૂનની સાથે ખુદ ગુરુદેવ પણ નવકારમન્ત્ર બોલી રહ્યા હતા. લગભગ સવા કલાક ઉપરાંત એ ધૂન અખંડ ચાલી. છેલ્લી સાતેક મિનિટ ગુરુદેવ નવકારમન્ત્ર બોલતા અટક્યા. કેમ કે શ્વાસ જોશભેર ચાલતા હતા. છતાં તેઓ પૂર્ણ જાગૃતિપૂર્વક નવકારશ્રવણ કરતા હતા. છેલ્લી ક્ષણોમાં ગુરુદેવે જમણી તરફથી દરેક શ્રમણો તરફ દૃષ્ટિ ફેરવવા માંડી. Camera ફરે એમ ધીમે ધીમે એ અમીદૃષ્ટિ પ્રસરતી પ્રસરતી ડાબી તરફ ગુરુદેવની એકદમ સાથે બેસેલ પૂજ્યશ્રી પર આવીને અટકી. ત્યાં જ અંતિમ શ્વાસ મુકાયો અને એ સમયે ડાબી તરફ ઝૂકી ગયેલ ગુરુદેવનું શિર આપણા પૂજ્યશ્રીનાં ઢીંચણ પર હતું!! આમ, પૂજ્યશ્રીને જેમના પર અતિશય ભક્તિ-આદર-પૂજ્યભાવ હતો તે જીવનસર્વસ્વ ગુરુદેવની અંતિમ અમીદૃષ્ટિ-અંતિમ જીવંત સ્પર્શ પામવાનું સૌભાગ્ય પૂજ્યશ્રીને સાંપડ્યું.

ફાગણ શુદિ તેરશનો શ્રી સિદ્ધગિરિરાજની છ ગાઉયાત્રાનો એ મહાન દિવસ હતો. કાલધર્મની ક્ષણ બરાબર ૫.૫૮ની હતી. જાણે કે સવારે સૂર્યાસ્ત થયો હોય તેવી ગમગીન આ દુર્ઘટના સર્જાઇ હતી. કેમ કે ગુરુદેવ સમસ્ત જિનશાસનના ખરા અર્થમાં યુગદિવાકર=યુગસૂર્ય હતા. એ દિવાકર સવાર સવારમાં જીવનયાત્રા સંકેલી લઇને

વાલકેશ્વરમાં છવાયો તપનો વૈભવ :




મુંબઇના શ્રેષ્ઠ વૈભવી વિસ્તાર ગણાતા વાલકેશ્વરના બાબુ અમીચંદ–શ્રી આદીશ્વર જિનાલય સંઘમાં પૂજ્યશ્રીનાં ચાતુર્માસમાં તપનો વૈભવ છવાયો હતો. સાત–સાત પૂ. સંયમી ભગવંતોના ૪૫ અને ૩૦ ઉપવાસના તપનો આ છે સમાપન સમારોહ















વાલકેશ્વરમાં છવાયો તપનો વૈભવ :









અન્યત્ર પ્રકાશ પાથરવા વિદાય થઈ ગયો હતો. આશ્વાસન માત્ર એ લઈ શકાય તેમ હતું કે તેઓ સકલ સંઘની વિશાલ ઉપસ્થિતિ વચ્ચે, કોઈ જ હાયવોય વિના, સતત નવકારમન્ત્રશ્રવણ સાથે, માંગતાં ય ન મળે તેવું શ્રેષ્ઠ સમાધિમરણ વર્યા હતા. જો ગુરુદેવને **Hospital**માં લઈ જવાયા હોત તો આ માહોલ-આ આરાધનાદિ શક્ય ન હોત. એનું શ્રેય ગુરુદેવની સ્વયંની દૃઢ મક્કમતા ઉપરાંત આપણા પૂજ્યશ્રીની વિવેકપૂર્ણ વિચક્ષણ વિચારશીલતાને પણ જતું હતું.

ગુરુદેવનો વિહાર એ દિવસે સવારે ગોડીજી-પાયધુનીનો હતો અને ત્યાં ફા. શુદિ તેરશે એમની નિશ્રામાં બૃહદ્ મુંબઈના તમામ જૈન ધાર્મિક શિક્ષકોનો બહુમાનસમારોહ હતો. પૂજ્યશ્રી આદિએ તાત્કાલિક પ્રથમ નિર્ણય એ કર્યો કે ગુરુદેવના પાર્થિવ દેહને અંતિમ દર્શનાર્થે ગોડીજી ઉપાશ્રયે રાખવો. આમ પણ ગુરુદેવનું એ વર્ષનું ચાતુર્માસ ગોડીજી સંઘમાં હતું. વળી એ મુંબઈનું મુખ્ય ધર્મકેન્દ્ર હતું અને સ્થાનની વિશાલતાને કારણે ત્યાં દર્શનાર્થીઓની ભીડ માટે વ્યવસ્થાઓ શક્ય હતી. 'મહાપારિષ્ઠાપનિકા' વિધિ બાદ ગુરુદેવના પાર્થિવ દેહ ઉપરાંત શ્રમણો પણ ગોડીજી સંઘમાં પધાર્યા. ગૃહસ્થોચિત વિધિ બાદ ગોડીજીઉપાશ્રયના પ્રથમ મજલે ગુરુદેવના દેહની સ્થાપના થઈ. ૭.૩૦ ક. **Radio** પર ગુરુદેવના કાલધર્મના સમાચાર ઘોષિત થયા તે પૂર્વે તો મુંબઈના ૧૬૮ સંઘોએ કર્ણોપકર્ણ સમાચાર જાણી લઈ પોતપોતાનાં **Noticeboard** પર ગુરુદેવના કાલધર્મ-અંતિમ દર્શન વગેરેની સૂચનાઓ લખી દીધી. આઠ વાગ્યાથી શરૂ થયેલ દર્શનાર્થીઓની સર્પાકાર દીર્ઘ લાઇનો બીજા દિવસે સવારે આઠ વાગ્યા સુધી અખંડ જારી રહી. એ સમયે મુંબઈના એક એક જૈન બચ્ચામાં આવેલ ભક્તિનો ઉછાળો અને એનાં કારણે સર્જાયેલ આ લાઇનો-ભીડ વગેરે બધું જ આજે પણ મારાં આંખ-અંતર સમક્ષ તાદૃશ છે. એ સમયે પણ લાખો નકલોનો ફેલાવો ધરાવતાં 'ચિત્રલેખા' સાપ્તાહિકે એનાં અહેવાલમાં નોંધ્યું હતું કે ''સોમવારે સવારે અંતિમયાત્રા નીકળી ત્યાં સુધીમાં ત્રણ લાખ થી વધુ લોકો તેમનાં અંતિમ દર્શન કરી ગયા હતા.'' ઉપાશ્રયના પ્રથમ મજલે સ્વયંસેવક મંડળો દ્વારા અંતિમદર્શનની વ્યવસ્થાઓ બરાબર કરાવી દીધા પછી પૂજ્યશ્રીએ વીજળીવેગે અન્યાન્ય કાર્યો હાથ ધર્યા. એની સાથે જ માહિતી માટે આવતા ચિત્રલેખા-યુવદર્શન-મુંબઇસમાચાર-સંદેશ વગેરે અખબારો-સાપ્તાહિકો સાથે માહિતીપ્રદાન-સવાલ-જવાબ પણ પૂજ્યશ્રી જ કરતા.

હવે નિર્ણયનો સમય આવ્યો અંતિમસંસ્કાર ક્યાં કરવા તે. સામાન્યતઃ મુંબઈમાં કાલધર્મ પામતા શ્રમણો-આચાર્યોના અંતિમસંસ્કાર બાણગંગા કે તેવા સ્મશાનગૃહોમાં થતા. પરંતુ ગુરુદેવ જેવા અજોડ ઉપકારી ધુરંધર મહાપુરુષના અંતિમ સંસ્કાર માટે મુંબઈના ત્રણ માતબર વગદાર જિનાલયોના ટ્રસ્ટીગણે સામેથી વિનંતિઓ કરી કે અમારા પરિસરને આ લાભ આપો. તે પૈકી ચેમ્બુરતીર્થની વિનંતિ આપણા પૂજ્યશ્રી સહિતના વડીલ પૂજ્યોએ સ્વીકારી. 'યુવદર્શન'ના પત્રકારે જ્યારે વિસ્તૃત અહેવાલ આપતા પૂર્વે પૂજ્યશ્રીને 'ચેમ્બુરમાં જ અંતિમ સંસ્કારનો નિર્ણય કેમ ?' આ પ્રશ્ન પૂછ્યો ત્યારે પૂજ્યશ્રીએ એનો ઉત્તર અક્ષરશઃ આ આપ્યો હતો કેઃ- ''એ તીર્થ માટે સવિશેષ પ્રશસ્ય મમતા તેમની વાતોમાં જણાતી હતી. તેઓશ્રીની એક આછી અને ઝાંખી ભાવના એ હતી કે ચેમ્બુરમાં જ પોતાનું અંતિમ શયન થાય. xxx આથી અમે પૂજ્યશ્રીની એ સ્પષ્ટ અને અણકથી ભાવનાને જ મૂર્તરૂપ આપ્યું. '' જો કે, આ નિર્ણય સમયે કેટલાક ભદ્રજનોએ સંશય દર્શાવ્યો હતો કે ૨૧ કિ.મી. દીર્ઘ પાલખી-યાત્રા પગપાળા જશે તો એટલો દીર્ઘ વિહાર કરશે કોણ ? પરંતુ પૂજ્યશ્રી વગેરે મક્કમ રહ્યા અને બીજે દિવસે પાલખીયાત્રામાં જે લોકજુવાળ પ્રગટ્યો એ કલ્પનાતીત હતો. આપણે એનું વિશેષ વર્ણન ન કરતાં એ પછીના દિવસે 'મુંબઈ સમાચાર' અખબારમાં પ્રગટ થયેલ અંતિમયાત્રાના માનવસાગરની તસવીરો નીચેની પંક્તિ ટાંકીએ કે ''ભારતના ભવ્ય ઇતિહાસમાં જ નહિ, વિશ્વના ઇતિહાસમાં પદયાત્રાપૂર્વક એકવીશ કિ.મી.લાંબી શબયાત્રા કોઇ મહાત્માઓની નીકળેલ નોંધાઇ નથી. આ **Worldrecord**નું અભૂતપૂર્વ માન યુગદિવાકર શાસનપતિ શ્રીમદ વિજય ધર્મસૂરીશ્વરજીને મળ્યું. તેમાં સમસ્ત મુંબઇ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાય અને ગુરુજીના બે લાખ ભક્તોની વિરાટ હાજરી હતી.'' સતત છ કલાકની પગપાળા વિહારયાત્રા સાથે લાખો ભાવિકો સાથેની એ પાલખી ચેમ્બુરતીર્થમાં પ્રવેશી ત્યારે દૂર-સુદૂર સુધીના રાજમાર્ગો-આસપાસનાં મકાનો-વૃક્ષો-જિનાલયનું ટોચનું શિખર વગેરે સ્થળે કેવળ ભાવિકો-ભક્તોનો મહેરામણ દૃશ્યમાન થતો હતો. આપણા પૂજ્યશ્રી ક્ષણે ક્ષણે કાર્યકર્તાઓને-ટ્રસ્ટીગણોને માર્ગદર્શન પૂરું પાડતા હતા. તે સમય સુધીની સૌથી ઊંચી અગ્નિસંસ્કારઉછામણી ₹. ૬,૧૧,૧૧૧ની બોલીને પાલનપુરના ઝવેરી પરિવારે ગુરુદેવના અંતિમસંસ્કાર કર્યા ત્યારે પૂજ્યશ્રી સહિતની લાખો વ્યક્તિઓની આંખેથી અશ્રુધારા વહી રહી...

તે પછીના રવિવારે ગુરુદેવની વિરાટ શ્રદ્ધાંજલિમહાસભા મુંબાદેવી ચાર રસ્તાના જાહેર ચોક પર યોજાઇ. કેમ કે ગોડીજી જેવા સંઘના મોટા ઉપાશ્રયમાં પણ માનવમેદનીનો સમાવેશ શક્ય ન હતો. આથી પૂજ્યશ્રીએ પહેલેથી જાહેર સ્થળની જ પસંદ કરી. મહાસભાના એક દિવસ પૂર્વે મુંબઇના તમામ અગ્રણી અખબારોમાં શ્રદ્ધાંજલિમહાસભાની **Fullpage** જાહેરખબરો પ્રગટ થઇ. તેમાં મુંબઇના લગભગ ૧૭૫ સંઘો-ટ્રસ્ટો અને ૧૨૫ સંસ્થાઓની મળી કુલ ૩૦૦ સહીઓ હતી. તેમાં એકતિથિ-બેતિથિ-અંચલગચ્છ-પાયચંદગચ્છ વગેરે સર્વ વિભાગો સામેલ હતા. ફાગણ વદિ પાંચમે એક તિથિ-બે તિથિપક્ષના વિવિધ સમુદાયોના અનેક આચાર્યદેવોની નિશ્રામાં મુંબઇના લગભગ તમામ સંઘોના અગ્રણીઓ-રાજકીય અગ્રણીઓ વગેરેની હાજરીમાં પચાસ હજારથી વધુ માનવમેદની વચ્ચે સતત સાડા ત્રણ કલાકની શ્રદ્ધાંજલિમહાસભા યોજાઇ. અનેક વક્તાઓના વક્તવ્યો થયા. તેમાં આપણા પૂજ્યશ્રીએ, ગુરુદેવ સાથેનો પોતાનો સતત આડત્રીશ વર્ષોનો સહવાસ યાદ કરવા પૂર્વક એમની પરમ કરુણાશીલતાને અને મામકા-પારકાના ભેદરહિત વિશાલતાને પાલિતાણાના 'શ્રમણીવિહાર'ના પ્રસંગ દ્વારા રજૂ કરી અંતે માર્મિક કલ્પના રજૂ કરી કે ''રાજહંસો જ્યારે

સરોવર ત્યજીને નવાં સ્થાને વિદાય થાય છે ત્યારે નુકસાન એ રાજહંસોને નહિ, સરોવરને થાય છે. કારણ કે રાજહંસો તો જ્યાં જશે ત્યાં શોભા અને માન-સન્માન પામશે, જ્યારે સરોવર રાજહંસોને ગુમાવવાથી શોભાવિહીન થઇ જાય છે.'' આ શ્રદ્ધાંજલિમહાસભા માટે પૂજ્યશ્રીએ અખબારી સ્તરના પ્રચારથી લઇને નાનામાં નાની બાબતો માટે સતત જહેમત ઉઠાવી હતી...

ગુરુદેવનો ઉપકાર સમસ્ત મુંબઇમહાનગર અને અન્યત્ર પણ વ્યાપક પ્રસરેલો હતો. એથી વડોદરા-અમદાવાદ-ડભોઇ-પાલિતાણા-વઢવાણ-મોરબી-કરજણ-પાલેજ-રાળપટ્ટી વગેરે સંખ્યાબંધ કૃતજ્ઞ સંઘોએ તેઓશ્રીના નિમિત્તે અષ્ટાહ્નિક-ભક્તિ મહોત્સવો યોજ્યા. તેમાં પણ મુંબઇમાં તો ઠેર ઠેર આ મહોત્સવોની એવી પરંપરાઓ સર્જાઇ કે આપણા પૂજ્યશ્રી વગેરે તે વર્ષના કેટલા નિર્ધારિત અંજનશલાકાદિ મહોત્સવોને બાદ કરતા ઠેઠ ચાતુર્માસ-પ્રવેશ સુધી ગુરુદેવના કાલધર્મ નિમિત્તક મહોત્સવમાં જ વ્યસ્ત રહ્યા. ચેમ્બુર વગેરે સંઘોમાં ગુરુદેવના કાલધર્મનિમિત્તક કાયમી મહોત્સવોના ફંડ થયા, તો ક્યાંક એકવીશ-એકવીશ દિવસોના મહોત્સવો થયા...

ગુરુદેવના કાલધર્મ નિમિત્તે તાર-ટપાલ-પત્રોનો જાણે ધોધ વહ્યો હતો. ફક્ત તારની વાત કરીએ તો ત્રણસોથી વધુ તો તાર આવ્યા હતા. પત્રો-ટપાલો વગેરે અલગ. એમાં કોઇ પૂ. આચાર્યદેવે ગુરુદેવને જૈન શાસનના અણમોલ કોહીનૂર હીરા ગણાવ્યા, તો કોઇએ તેમને અમર નામના મેળવનાર ગણાવ્યા. કોઇએ ગુરુદેવના ઉપકારોને સુવર્ણાક્ષરીય ઇતિહાસ સર્જનારા ગણાવ્યા, તો કોઇએ એમને શાસ્ત્રવ્યાસંગી ગણાવ્યા. આ પૈકી જે કેટલાક પત્રો પાલિતાણા પૂ.આ.ભ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. ઉપર આવ્યા હતા તેનો મુદ્રિત પ્રત્યુત્તર તેઓશ્રીએ આપ્યો અને મોટા ભાગના જે પત્રો વગેરે મુંબઇસ્થિત વિશાલ સમુદાય પર આવ્યા હતા તેનો વિસ્તૃત મુદ્રિત પ્રત્યુત્તર આપણા પૂજ્યશ્રીએ તૈયાર કર્યો. તત્કાલીન યુગદિવાકરસમુદાયના પૂજ્યશ્રી સહિતના ચાર અગ્રણી પૂજ્યોનાં નામે પ્રકાશિત એ વિસ્તૃત પત્રમાં ગુરુદેવનાં જીવનની અંતિમ શાસનપ્રભાવનાઓ-વિહારયાત્રા-અંતિમ પ્રતિષ્ઠા-અંતિમ રાત્રિથી લઇ મહોત્સવશૃંખલાઓ સુધીની ઘટનાઓનાં કડીબદ્ધ બયાન ઉપરાંત ગુરુદેવના આંતર-બાહ્ય ગુણવૈભવને પણ પૂજ્યશ્રીએ સરસ આલેખ્યો હતો...

ગુરુદેવના કાલધર્મમહોત્સવો દરમિયાન કૃતજ્ઞ શ્રી સંઘોએ ગુરુદેવના ધર્મોપકારોની પુણ્યસ્મૃતિમાં ગુરુમંદિરોનાં નિર્માણના-ગુરુમૂર્તિઓની સ્થાપનાના નિર્ણયો કર્યા. ગુરુદેવના કાલધર્મની આસપાસના સમયખંડમાં એ ગુરુમંદિરાદિ પંદર જેટલા ઘોષિત થયા. જે આગળ જતા હાલ લગભગ બત્રીશ જેટલા થયા છે. નોંધપાત્ર વાત એ છે કે આમાંના બાવીશ ગુરુમંદિરાદિ તો માત્ર આપણા પૂજ્યશ્રીની પ્રેરણાથી સર્જાયા છે. આ એ દર્શાવી જાય છે કે ગુરુદેવ માટેની પૂજ્યશ્રીની ભક્તિ કેવી શ્રેષ્ઠ હતી !!

આપણે પૂજ્યશ્રીની એ ગુરુભક્તિને ભલે અંતરના અહોભાવથી વંદન કરીએ કિંતુ ગુરુદેવના કાલધર્મના એ વર્ષે પૂજ્યશ્રીની મનઃસ્થિતિ તો જીવનના સર્વતોમુખી શ્રેષ્ઠ ઉપકારી ગુરુદેવની ચિરવિદાયના વિષાદથી વ્યાપ્ત હતી. જાણે કે તેઓ મૂક ભાવે કહી રહ્યા હતા કેઃ-

ગુરુ આપના ઉપકારોનું વર્ણન થઇ શકતું નથી,
આપને ભૂલીને ચિત્ત બીજે ક્યાંય જઇ શકતું નથી;
કોઇ બીજાનું નામ હૈયે સ્થાન લઇ શકતું નથી,
ગુરુ આપ જેવું હિત મારું કોઇ કરી શકતું નથી...

• • •



પ્રકરણ :
૨૪

સ્વતન્ત્ર ચાતુર્માસોની પરંપરા: પ્રભાવક ધર્મકાર્યોની પરંપરા...

મૃત્યુ !! માત્ર અઢી અક્ષરનો આ શબ્દ એવી ભયાનક તાકાત ધરાવે છે કે એ ભલભલી વ્યક્તિઓનો-વસ્તુઓનો સંપૂર્ણપણે વિયોગ કરાવી દે. જેનાથી વ્યક્તિ એક વાર પણ વિખૂટી પડી ન હોય, રાત-દિવસ સતત સાથે ને સાથે જ રહી હોય એવી વ્યક્તિઓને ય એ કાયમી રૂપે એવા દૂર દૂરના પ્રદેશમાં લઇ જાય-એવા સ્વરૂપે લઇ જાય કે પછી એમની સાથે જાણે કે કોઇ પિછાણ-પરિચય પણ ન રહે. આવી વ્યક્તિ આપ્ત ગુરુજન પણ હોય કે પરમપ્રિય પ્રેમીજન પણ હોય, વિશ્વાસધામ વડીલ પણ હોય કે હમસફર મિત્ર પણ હોય. આવી વ્યક્તિની ચિરવિદાય થઇ જાય પછી અહીં-આ સૃષ્ટિમાં રહી ગયેલ વ્યક્તિનાં જીવનમાં અકલ્પ્ય શૂન્યાવકાશ સર્જાય. એક તરફ એનું મન સતત ખાલીપો અનુભવ્યા કરે, તો બીજી તરફ એ વ્યક્તિ સાથે માણેલા-અનુભવેલા પ્રસંગો-ઘટનાઓનું સ્મરણ મનમાં સતત પડઘાયા કરે.

વિ.સં. ૨૦૩૮માં આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીની મનઃસ્થિતિ આવી હતી. કારણ કે જેમની છાયામાં એ સતત આડત્રીશ વર્ષ વિકસ્યા હતા ને જેમણે એમનું સર્વાંગીણ જીવનઘડતર કર્યું હતું તે પૂજ્ય યુગદિવાકરશ્રીનો હવે મૃત્યુએ કાયમી વિયોગ કરાવ્યો હતો. વર્ષોના વર્ષો સુધી તેઓ પૂ. યુગદિવાકરશ્રીની સાથે જીવ્યા હતા, હવે એમને એ ગુરુદેવની ફક્ત સ્મૃતિની સાથે

જીવવાનું હતું . આથી તેઓ શૂન્યાવકાશ-ખાલીપો અનુભવી રહ્યા હતા. એ ત્યારે મુંબઇના જે જે સંઘોમાં પદાર્પણ કરે ત્યાં ત્યાં ગુરુદેવ સાથે કરેલ કાર્યોની-ત્યાંના ગુરુદેવ સંબંધી વિશિષ્ટ પ્રસંગોની સ્મૃતિ ઘેરી વળે. આ જ કારણસર પૂજ્યશ્રીએ એક તબક્કે સમુદાયના વરિષ્ઠ પૂજ્યો સમક્ષ એ અભિલાષા વ્યક્ત કરી હતી કે ''મારે આ ચાતુર્માસમાં કોઇ જવાબદારી નથી જોઇતી. માત્ર પૂ. ગુરુદેવની અંતિમ સમાધિભૂમિ ચેમ્બુર તીર્થમાં રહીને ગુરુદેવનું અદૃશ્ય સાન્નિધ્ય માણવું છે.'' જો કે પછી વરિષ્ઠ પૂજ્યોએ એમને સમજાવ્યા કે ''મુંબઇના સૌથી મુખ્ય વિશાલ ધર્મકેન્દ્ર ગોડીજી સંઘમાં પૂર્વનિર્ધારિત ચાતુર્માસ હોવાથી ત્યાં તમારી ઉપસ્થિતિ અનિવાર્ય છે. તમારે જ એ ચાતુર્માસની જવાબદારીઓમાં સામેલ થઇ એ ચાતુર્માસ દીપાવવાનું છે.'' અંતે પૂજ્યશ્રીએ દિવંગત પૂ. યુગદિવાકરશ્રીનું ઉત્તરદાયિત્વ નિભાવવા ગોડીજી સંઘમાં ચાતુર્માસની સંમતિ આપી.

ગોડીજી સંઘનાં ચાતુર્માસમાં પણ પૂજ્યશ્રીનું ચિત્ત સતત ગુરુદેવની સ્મૃતિમાં રમ્યા કરતું. આ એ સંઘ હતો કે જ્યાં એમણે ઊગતી યુવાનીમાં વિ.સં. ૨૦૦૬માં પૂ. યુગદિવાકરશ્રીનો ધમધમતો ધર્મયૌવનકાળ પૂરું ચાતુર્માસ માણ્યો હતો. આ એ ગોડીજી સંઘ હતો કે જ્યાં એમણે પૂ. યુગદિવાકરશ્રીની સાથે ખભેખભા મિલાવી વિ.સં. ૨૦૧૭-૨૦૨૩-૨૦૨૮નાં ચાતુર્માસોમાં અનેકવિધ ધર્મકાર્યોની જવાબદારી ઉઠાવી હતી. આ એ સંઘ હતો કે જ્યાં વિ.સં. ૨૦૩૨માં પૂ. યુગદિવાકરશ્રીનાં નાદુરસ્ત સ્વાસ્થ્ય સમયે એમની છત્રછાયામાં સમગ્ર ચાતુર્માસની તમામ જવાબદારીઓ-પ્રવચનો આદિ સવાયી સફલતાપૂર્વક અદા કરી બે હજાર યાત્રિકોયુક્ત બહોંતેર દિવસીય પદયાત્રા મહાસંઘનું ભગીરથ કાર્ય સંભાળ્યું હતું. અને... આ એ ગોડીજી સંઘ હતો કે જ્યાંથી હજુ ચાર માસ પૂર્વે જ પૂ. યુગદિવાકરશ્રીની અભૂતપૂર્વ અંતિમયાત્રા આરંભાઇ હતી. પૂજ્યશ્રીનાં અંતરમાં આ બધી ઘટનાઓ સતત ચિત્રપટની જેમ છવાયા કરતી. આમ છતાં પૂજ્યશ્રી અનિત્યાદિ ભાવનાનાં ચિંતન-મનનથી મનને વાળતા અને એક સમજદાર-જવાબદાર શ્રમણને છાજે એમ એ વર્ષની ચાતુર્માસિક જવાબદારી સંભાળી રહ્યા.

ગોડીજી સંઘનાં એ ચાતુર્માસમાં પૂજ્યશ્રી તથા એમના બાલ્યવયના સહાધ્યાયી પૂ. આ.શ્રી કનકરત્નસૂરિજી મ.નાં સંયુક્ત પ્રવચનો થતાં. ચાતુર્માસિક તપશ્ચર્યાઓમાં વિપુલ જનસમૂહ સામેલ થયો. પર્યુષણા પર્વારાધના પણ ગોડીજી અને ત્યાંથી પાઠવાયેલ શ્રમણો દ્વારા વિવિધ સંઘોમાં સરસ થઇ. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રી દ્વારા બે કાર્યો મહત્ત્વપૂર્ણ થયાં. એમાંનું પ્રથમ કાર્ય એટલે ભૂલેશ્વર-લાલબાગમાં પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી દ્વારા સંસ્થાપિત ભોજનશાળાને નવચેતન બક્ષવાનો પ્રયાસ. પૂર્વ પ્રકરણોમાં નિહાળ્યું તેમ પૂ. યુગદિવાકરશ્રીએ જૈન સાધર્મિક બંધુઓ માટે આલીશાન પંચમજલી ધર્મશાળાનાં નિર્માણનું જે મહાન કાર્ય કરાવ્યું તેમાં જ ચાલતી આ ભોજનશાળા મધ્યમવર્ગીય સાધર્મિકો માટે આશીર્વાદરૂપ હતી. પરંતુ કર્મચારીગણે સંપીને સમસ્યા સર્જતા ભોજનશાળા એ વર્ષે બંધ થઇ ગઇ હતી. સમસ્યાના ઉકેલ માટે કુનેહ ઉપરાંત આર્થિક પીઠબળ પણ જરૂરી હતું. પૂજ્યશ્રીએ કુનેહપૂર્વક એ સમસ્યાનું નિરાકરણ કરી ભોજનશાળા પુનઃ શરુ કરાવી અને એ માટે પર્યુષણામહાપર્વની પ્રવચનસભાઓમાં હૃદયસ્પર્શી પ્રેરણા કરતાં સાધર્મિકભક્તિના રસિક પુણ્યાત્માઓએ ઉદારતાથી એ યોજના છલકાવી દીધી... બીજું કાર્ય એટલે ભાયંદરના બાવનજિનાલયતીર્થનું નિર્માણમાર્ગદર્શન. આ બાવનજિનાલયતીર્થના નિર્માતા અને તીર્થ માટે પોતાની વિશાલ ભૂમિ વિનામૂલ્યે અર્પણ કરનાર શ્રેષ્ઠીવર્ય શ્રી દેવચંદ જેઠાલાલ સંઘવીએ આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીને બાવનજિનાલયતીર્થના માર્ગદર્શક સુકાની બનવા વિનંતિ કરી. કેમ કે હવે પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની અનુપસ્થિતિ હતી. એથી કોઇ પ્રભાવક ગુરુભગવંત આ જવાબદારી સંભાળી લે તેવી દેવચંદશેઠની દીર્ઘદૃષ્ટિભરી ભાવના હતી. પૂજ્યશ્રીએ એ વિનંતિ સ્વીકારી લીધી અને બાવનકુલિકાઓ-મુખ્ય જિનગૃહ-ભૂગર્ભગૃહ-શિખરગૃહ આદિ વિભાગો સાથે તેમાં કયા કયા ભગવંતો વિરાજમાન કરવા વગેરેનું માર્ગદર્શન આપ્યું. આદેશો આપવાની પદ્ધતિ પણ નિશ્ચિત કરી. આ માટે દેવચંદશેઠ ગોડીજી ઉપાશ્રયે પૂજ્યશ્રી સાથે વારંવાર મુલાકાતો કરતા.

પૂજ્યશ્રી માટે આ બન્ને કાર્યો તીર્થભક્તિ-સાધર્મિક ભક્તિરૂપ તો હતા જ. ઉપરાંત એથી ય વિશેષ એ ગુરુભક્તિરૂપ હતા. એથી એમને આ જવાબદારી અદા કરવામાં ગુરુભક્તિનો પરમ સંતોષ થયો.

ચાતુર્માસ બાદ ચેમ્બુરતીર્થે પૂ. યુગદિવાકર ગુરુદેવના મુંબઇસ્થિત સમસ્ત શ્રમણ સમુદાયની નિશ્રામાં ઉપધાનતપની ભવ્ય આરાધના થઇ. ત્યાં લગભગ ત્રીશ સાધુ-સાધ્વીજીના વિવિધ આગમસૂત્રોના યોગ ઉપધાનતપની સાથોસાથ થયા. તમામ સંયમીઓને એ યોગની ક્રિયા કરાવનાર અનુષ્ઠાનાચાર્ય હતા પૂજ્યશ્રી. ઉપધાનતપ બાદના મુખ્ય કાર્યક્રમોમાં ગોડીજી સંઘ-વાલકેશ્વર બાબુ અમીચંદ આદીશ્વરજિનાલય-ચેમ્બુરતીર્થ વગેરે સ્થળે પૂ. યુગદિવાકર ગુરુદેવની પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ ભવ્ય મહોત્સવો યોજાયા. તે પૈકી ચેમ્બુરતીર્થના ગુરુભક્તિ મહોત્સવમાં પૂજ્યશ્રીને વિચાર સ્ફુર્યો કે 'પૂ. ગુરુદેવનાં કાલધર્મને એક વર્ષ પૂર્ણ થયું. પરંતુ એમની અંતિમ સંસ્કારભૂમિ ચેમ્બુરતીર્થમાં ગુરુમંદિર નિર્માણનાં કોઇ મંગલાચરણ થયા નથી. સૌથી પ્રથમ કાર્ય આ થવું જરૂરી છે.' પૂજ્યશ્રીના વ્યક્તિગત પ્રયત્નોથી જ ચેમ્બુરતીર્થ ટ્રસ્ટીગણે આ દિશામાં

આગળ વધવાનો નિર્ણય કર્યો. પૂજયશ્રીના માર્ગદર્શનાનુસાર સોમપુરા દ્વારા એની રૂપરેખા તૈયાર થઇ અને સમુદાયના વરિષ્ઠ પૂજયોની સંમતિ થતાં વિ.સં. ૨૦૩૯ના ફાગણ માસમાં તેનો ખનન-શિલાન્યાસવિધિ સમસ્ત સમુદાયની નિશ્રામાં થયો. આમ પૂ. ગુરુદેવના અંતિમ સમાધિસ્થળે ગુરુમંદિરનાં નિર્માણનું શ્રેય ગુરુભક્તિમાં બદ્ધલક્ષ્યતાનાં કારણે પૂજયશ્રીને સંપ્રાપ્ત થયું.

વૈશાખ માસમાં અંધેરી-પૂર્વ નાગરદાસરોડના જૈન સંઘના ઉપક્રમે શિખરબદ્ધ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથજિનાલયનો શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો. પૂ. યુગદિવાકર ગુરુદેવની પ્રેરણાથી નિર્મિત આ જિનાલયની અંજન-પ્રતિષ્ઠા તેઓશ્રીની પુણ્યનિશ્રામાં વિ.સં. ૨૦૩૮માં જ યોજાવાની હતી. પરંતુ તેઓશ્રીનો અચાનક કાલધર્મ થતાં એ કાર્ય સ્થગિત રહ્યું હતું. ગુરુદેવના મુંબઇસ્થિત સમસ્ત શ્રમણસમુદાયની નિશ્રામાં યોજાયેલ એ અંજન-પ્રતિષ્ઠા પૂજયશ્રીને મન ગુરુદેવનાં અધૂરાં કાર્યની પૂર્તિ સ્વરૂપ હતી. તેથી એમાં પૂજયશ્રીએ અગ્રગણ્ય ભૂમિકા અદા કરી મહોત્સવને સર્વાંગીણ સફલતા બક્ષી. આ જ મહોત્સવમાં પ્રતિષ્ઠાદિને અચાનક મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમન્ત્રી વસંતરાવ પાટીલ ઉપસ્થિત થતા તત્કાલ પૂજયશ્રીએ મુખ્યમન્ત્રીની માતૃભાષા મરાઠીમાં સુંદર પ્રાસંગિક સંબોધન કરી સુશાસનના આશીર્વાદ આપ્યા જે આપણે પૂર્વપ્રકરણોમાં નિહાળી ચૂક્યા છીએ. તે પછી ઘાટકોપર-સર્વોદય સંકુલમાં અંજનશલાકા-પ્રતિષ્ઠા અને અન્યત્ર વિવિધ સાલગિરિ મહોત્સવો આદિ કરાવી પૂજયશ્રી વિ.સં. ૨૦૩૯નાં ચાતુર્માસાર્થે સાંઘાણી એસ્ટેટ-ઘાટકોપરના શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘમાં પધાર્યા.

પૂજયશ્રીનું આ સર્વપ્રથમ સ્વતન્ત્ર ચાતુર્માસ હતું અને ત્યારે એમને છત્રીશમું સંયમપર્યાયવર્ષ હતું.!! એમની સ્વતન્ત્ર કારકીર્દિનો નજરે તરી આવે એવો આરંભ આ વર્ષથી થયો. આટલા સુદીર્ઘ સંયમપર્યાય બાદના પ્રારંભનું કારણ એટલું જ કે તેઓનું જીવન ધૂપસળી સમું હતું. જેમ ધૂપસળી સુવાસ પ્રસરાવવા કાજે પોતાની જાત બાળી નાંખે છે તેમ પૂજયશ્રી ગુરુભક્તિ-ગુરુસમર્પણ કાજે જાત ઓગાળી નાંખનાર હતા. એથી આટલો દીર્ઘ સંયમપર્યાય છતાં 'સ્વતન્ત્ર કારકીર્દિ' જેવા શબ્દમાત્રનો એમણે વિચાર કર્યો ન હતો. ઉપરથી એમની વિચારધારા એવી હતી કે 'આટઆટલા વર્ષો પર્યંત ગુરુદેવની નિશ્રા પામ્યા બાદ હવે એમના વિના ચાતુર્માસનો પ્રસંગ આવ્યો એ ખેદજનક છે.' આ વિચારણાનું પ્રતિબિંબ પ્રથમ સ્વતન્ત્ર ચાતુર્માસની પ્રવેશસભામાં ઝિલાયું. મને બરાબર સ્મરણમાં છે સાંઘાણીસંઘની એ પ્રવેશસભાનું દૃશ્ય. એ સંઘના જૂના ઉપાશ્રયનો નીચેનો પ્રવચનહૉલ ભાવિકોથી ભરચક હતો. પૂજયશ્રી પ્રવચનપીઠ પર વિરાજયા હતા અને નીચેની પાટ પર મારું સ્થાન હતું. સંઘપ્રમુખ શ્રી ચંદુલાલ એમ. શાહનાં પ્રાસંગિક વક્તવ્ય બાદ પૂજયશ્રીનાં પ્રવચનનો પ્રારંભ થઇ રહ્યો હતો. મંગલ શ્લોક બોલતા બોલતા પૂજયશ્રી પૂ. યુગદિવાકર ગુરુદેવની સ્મૃતિમાં તણાઇ ગયા, એમનો કંઠ રુંધાઇ ગયો, શબ્દો અટકી ગયા અને આંખોમાંથી આંસુ ટપકી રહ્યા. સમગ્ર સભા અને હું પણ એ દૃશ્યથી આર્દ્ર થઇ ગયા. બે-ચાર ક્ષણોની નિઃસ્તબ્ધતા બાદ પૂજયશ્રી એટલું જ બોલ્યા કે ''આટલાં વર્ષો સુધી ગુરુદેવની છાયા-નિશ્રા હતી. આજે એ યાદ આવે છે.'' પછી તો થોડી ક્ષણોમાં સ્વસ્થ થઇ જઇ પૂજયશ્રીએ મર્મસભર પ્રવચન ફરમાવ્યું. કિંતુ આ પ્રસંગ એ પૂરવાર કરી જાય છે કે એમને 'સ્વતન્ત્ર કારકીર્દિ' જેવી કોઇ વાતનો વિચારસુદ્ધાં ન હતો. એમને તો ગુરુચરણમાં જ સર્વસ્વ હતું. આપણે પૂજયશ્રીનાં એ સર્વપ્રથમ અને સંપૂર્ણ સફળ સ્વતન્ત્ર ચાતુર્માસની પાંચ ઝલકો નિહાળીએઃ

એ વર્ષે પૂજયશ્રીના ચાતુર્માસપ્રવેશના બે મુહૂર્ત હતાઃ એક આષાઢી આઠમનું અને બીજું અગિયારશનું. મુહૂર્તની દૃષ્ટિએ અગિયારશ એકદમ શ્રેષ્ઠ હતી, પરંતુ આઠમનાં મુહૂર્તે રવિવારનો રજાદિવસ હતો. સંઘની ભાવના રવિવાર પર હતી. એથી આઠમનો પ્રવેશ નિશ્ચિત થયો. પૂજયશ્રી સાતમે સાંજે ઘાટકોપર-નવરોજી લેન સંઘમાં પધારી પણ ગયા. કિંતુ સાતમની મધ્યરાત્રિથી વરસાદ એવો વરસી રહ્યો કે સર્વત્ર જળબંબાકાર થઇ ગયો. આઠમની બપોરે બાર વાગ્યા સુધી એ મૂશળધાર વર્ષા જારી રહી. સાંઘાણીસંઘે પ્રવેશની તૈયારીઓ જાજરમાન કરી હતી. પરંતુ, પ્રવેશ શક્ય જ ન થતા એ અગિયારશ પર નિશ્ચિત થયો. સદા ય Positive અભિગમ ધરાવતા પૂજયશ્રીએ એ જ પ્રસન્નતાથી કહ્યું: ''જે થાય તે સારા માટે. પ્રથમ ચાતુર્માસ છે. એથી ગુરુદેવને શ્રેષ્ઠ મુહૂર્તે જ પ્રવેશ કરાવવો હશે. એટલે મેઘરાજાએ અવરોધ કર્યો હશે.'' અને... ખરેખર અગિયારશે પ્રવેશ થયા બાદ એ ચાતુર્માસ તમામ રીતે ખૂબ યશસ્વી-ચાદગાર નીવડયું.

બીજી બાબત હતી પ્રવચનોની. લગભગ સાડા સાત-આઠ માસ જેટલી એ સંઘમાં પૂજયશ્રીની સ્થિરતા રહી. આ તમામ દિવસોમાં પ્રવચનધારા શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુસૂત્ર અને મૃગાવતીચરિત્ર પર અખંડ જારી રહી. ત્યાનાં શ્રી વિનુભાઇ ગાંધી જેવા શ્રાવકો બે હાથ જોડી ચૈત્યવંદનમુદ્રામાં એકીટશે પૂજયશ્રી સમક્ષ જોતા રહી અખંડ પ્રવચનોનું શ્રવણ કરે. એમાં વંદિત્તુસૂત્રમાંનો શ્રાવકોનો બાર વ્રતોનો અધિકાર તો રંગ જમાવતો જ હતો. ઉપરાંત મૃગાવતીચરિત્રની પૂજયશ્રીની કથનશૈલી પણ રંગત જમાવતી હતી. પાત્રોનું એવું રસપ્રદ નિરૂપણ અને સંવાદો એવા ધારદાર હોય કે કેટલાય ભાવિકો ખાસ એનાથી ખેંચાઇ આવતા હતા.

ત્રીજી બાબત હતી ‘ધર્મવિહાર’ ઉપાશ્રયનિર્માણ. પૂ. યુગદિવાકર ગુરુદેવના સમયમાં જિનાલય-ઉપાશ્રયનું નિર્માણકાર્ય શરુ થયા બાદ સંઘે બાજુનો ભૂમિખંડ ખરીધો હતો. પરંતુ એમાં કોઇ કાર્યવાહી થઇ ન હતી. પૂજયશ્રીએ ત્યાં ઉપાશ્રયનિર્માણની પ્રેરણા કરતા ચાતુર્માસપ્રવેશ પૂર્વે તેનું ભૂમિપૂજન અને ચાતુર્માસમાં તેનું નિર્માણકાર્ય પૂરજોશમાં આગળ વધ્યું. પૂજયશ્રીની પ્રેરણાથી તે કાળે ₹. ૩૨ લાખના ખર્ચે ત્રિમજલી ભવ્ય ઉપાશ્રય સર્જાયો અને તમામ ફંડ પણ થઇ ગયું જે સાંઘાણી જેવા તત્કાલીન મધ્યમવર્ગીય વસતિ ધરાવતા સંઘ માટે આશ્ચર્યજનક બાબત હતી. પૂજયશ્રી આને પૂ. યુગદિવાકરશ્રીની દિવ્યકૃપાનું પરિણામ સમજતા હતા. પૂજયશ્રીએ ઉપકારી ગુરુદેવની પુણ્યસ્મૃતિ અર્થે એ ઉપાશ્રયનું નામ સૂચવ્યું ‘ધર્મવિહાર.’ સંઘે એ નામ વધાવી લીધું. પ્રથમ સ્વતન્ત્ર ચાતુર્માસની આ સૌથી મોટી ઉપલબ્ધિ હતી. આ ચાતુર્માસ પૂર્વે, પૂજયશ્રીની પ્રેરણાથી ગુજરાતના બહાદુરપુર ગામે વિહારધામરૂપે નિર્મિત ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન થયું. તેનું નામકરણ પણ ‘ધર્મવિહાર’ જ થયું. બસ, પછી તો એ સિલસિલો ચાલ્યો કે પૂજયશ્રીની પ્રેરણાથી જ્યાં જ્યાં ઉપાશ્રયો નિર્મિત થાય ત્યાં ત્યાં તેનું નામ ધર્મવિહાર-ધર્મધામ-ધર્મ-આરાધનાભવન રહેતું. પૂજયશ્રીના કાલધર્મપર્યંત આ પરંપરા જળવાઇ. કાલધર્મના ૧૮ દિવસ પૂર્વે ઉદ્‌ઘાટન પામેલ ઉપાશ્રયનું નામ પણ ‘ધર્મ’આરાધનાભવન હતું.

ચોથી બાબત હતી ગુરુમંદિરનિર્માણ. પૂજયશ્રીની પ્રેરણા થતા શ્રી સંઘે સંઘના પરમોપકારી પૂ. યુગદિવાકરશ્રીનું નાજુક-નયનરમ્ય ગુરુમંદિર તૈયાર કર્યું અને જ્ઞાનપંચમીપર્વે તેમાં ગુરુદેવની પ્રતિકૃતિની સ્થાપના સ્થાનની અશૂન્યતા માટે કરી... પાંચમી મહત્ત્વની બાબત બની શ્રી ઉપધાનતપની આરાધના. માત્ર ચાર માસમાં ‘ધર્મવિહાર’નું નિર્માણ એ સ્તરે થઇ ચૂક્યું હતું કે તેમાં ઉપધાનતપારાધના શક્ય બને. પૂજયશ્રીની પુણ્યવંતી પ્રેરણા થતાં સાંઘાણી સંઘના જ એક ઉદારદિલ દાતા શ્રી ચિનુભાઇ જેસીંગલાલ શાહ પાટણવાળા પરિવારે ઉપધાનના મુખ્ય દાતા બનવાનો લાભ લીધો અને બાદશાહી ઠાઠથી ૧૭૫ જેટલા પુણ્યવાનોએ ત્યાં ઉપધાનતપારાધના પૂજયશ્રીની પુણ્યનિશ્રામાં કરી. એના માળમહોત્સવમાં પૂ. યુગદિવાકરશ્રીના મુંબઇ સ્થિત તમામ શ્રમણ ભગવંતો પધાર્યા હતા.

આ ઉપરાંત એ ચાતુર્માસમાં એક નોંધપાત્ર ઘટના બની પૂજયશ્રીના આરોગ્ય સંબંધી. બન્યું એવું કે ઉપધાનતપપ્રારંભના જૂજ દિવસો બાકી હતા અને પૂજયશ્રીને ગળામાં અસહ્ય બળતરા સાથે તાવ શરૂ થયો. બે-ત્રણ દિવસમાં ગળું એટલું લાલાશસભર થઇ ગયું કે મુખ થોડું પણ ખોલવું મુશ્કેલ બની ગયું. ડૉક્ટરોએ દવા આપી. પરંતુ બળતરા અને તાવ કોઇ મચક આપતો ન હતો. ઉપધાનતપની-પ્રવચનોની તમામ જવાબદારી એકમાત્ર પૂજયશ્રીની હતી. એથી સહુ કોઇ ચિંતાગ્રસ્ત થઇ ગયા. એવામાં એક વૃદ્ધ માજી દેશી વૈદું જેવો ઉપાય લઇ આવ્યા. એમણે કાંટાળા માયુનો પાવડર પૂજયશ્રીને આપતા કહ્યું: ‘‘મારી સામે જ એક વાર કુંડી લઇ દાંત ઘસો. લાળ દ્વારા ઘણી ગરમી એનાથી આપોઆપ નીકળતી જશે.’’ એમના શબ્દોમાં માતા જેવી મમતા હતી. મુખમાં આંગળી મૂકતા ય દર્દ થાય એવી સ્થિતિમાં પૂજયશ્રીએ માજીના આગ્રહથી મહાપરાણે દાંત ઘસ્યા. માજીનાં કથન મુજબ લાળ ટપકવા માંડી અને કાંઇક રાહત લાગી. દિવસમાં ચાર-પાંચ વાર આ રીતે કરતા બે દિવસમાં પૂર્ણ રાહત થઇ ગઇ. તાવ પણ ગાયબ થઇ ગયો. ડૉક્ટરની દવાઓ-ઇંજેક્શનોથી જે કાર્ય ન થયું એ કાર્ય માત્ર ચાર આનાના માયુથી થઇ ગયું. પાછળથી પૂજયશ્રી પ્રવચનોમાં વિલાયતી દવાઓ અને દેશી આયુર્વેદિક ઉપચારોની સરખામણી કરતા આ સ્વાનુભવની ઘટનાનો અવાર-નવાર ઉલ્લેખ કરતા...

ઉપધાનતપમાળારોપણ પ્રસંગે પૂજયશ્રીની આગામી ચાતુર્માસજય ઘાટકોપર-નવરોજીલેનના સંઘમાં બોલાતા પૂજયશ્રીનું વિ.સ.૨૦૪૦નું ચાતુર્માસ ઘાટકોપરના તે સંઘમાં થયું. આ સંઘમાં દેવવિમાનસમ જિનાલય-ઉપાશ્રયાદિ સર્વ ધર્મસ્થાનો પૂ. યુગદિવાકરશ્રીની પ્રેરણાથી થયા હોવાથી એ ગુરુદેવના ધર્મોપકારથી વાસિત હતો. આષાઢ શુદિ ત્રીજના પૂજયશ્રીના ભવ્ય ચાતુર્માસપ્રવેશદિને એ સંઘના અંગરૂપ પંતનગર વિસ્તારમાં પૂજયશ્રીની પ્રેરણાથી ‘શ્રી બાબુલાલ લલ્લુભાઇ શિહોરવાળા આરાધનાભવન’ની સ્થાપના થઇ. આષાઢ શુદિ દશમના દિને પૂજયશ્રીના વરદ હસ્તે નૂતન સા. શ્રી કલ્પગિરાશ્રીજી-કલ્પવર્ષાશ્રીજી-કલ્પહિતાશ્રીજીનો વડીદીક્ષાવિધિ સંપન્ન થયો. ચાતુર્માસમાં સામુદાયિક તપ-જપ ઉપરાંત નિત્ય ‘જ્ઞાનસાર’ ગ્રન્થ પર પૂજયશ્રીનાં પ્રવચનો યોજાયાં. પૂજયશ્રીની એક ખાસિયત હતી કે ચાતુર્માસપ્રવેશથી વિહાર પર્યંત એમનાં પ્રવચનો અખંડ જારી રહે. માત્ર પર્યુષણા પર્વ અને નૂતન વર્ષ બાદના ત્રણ ત્રણ દિવસ એ માંગલિક હોય. આ ચાતુર્માસમાં એમ જ બન્યું. બાર અષ્ટક સુધી એ પ્રવચનો પહોંચ્યા. આપણે આ ચાતુર્માસની પૂજયશ્રીની પ્રરૂપણાશક્તિ સંબંધી એક ઘટના અને અન્ય એક ઘટના નિહાળીએ:

ત્યાંના સંઘની કમીટિમાં શ્રી ભોગીલાલ ગિરધરલાલ શાહ નામે એક શ્રાવક. એમનો ઝુકાવ બે તિથિપક્ષ તરફ વિશેષ હતો. તેઓ પ્રવચનશ્રવણના રસિક, થોડા જાણકાર અને સામી વ્યક્તિની પરીક્ષા કરવાની વૃત્તિ ધરાવનાર પણ હતા. એ નિત્ય પ્રવચનમાં આવે. ચાતુર્માસ પ્રારંભે ઘણાં જિજ્ઞાસુઓએ રાત્રિપ્રવચનની માંગ કરતા માત્ર ભાઇઓ માટે રાત્રિપ્રવચનો યોજાયાં. પ્રથમ જ દિવસ, અને સવાસો જેટલા ભાઇઓ વચ્ચે







સૂર્યોદયસૂરિજીની નિશ્રામાં કમાલ... કાંદિવલીમાં મચી ભક્તિની ધમાલ...

કાંદિવલી–પૂર્વ શ્રી શાંતિનાથ ઝાલાવાડ સંઘમાં પૂજ્યશ્રીનાં પગલે કમાલ સર્જાઇ. મધ્યમવર્ગીય સંઘમાં સાડા ચાર કોડ રૂ.ની ઉપજ સાથે ભક્તિનો અભૂતપૂર્વ માહોલ જામી ગયો. પ્રસ્તુત છે એ અંજનશલાકા–પ્રતિષ્ઠા–દીક્ષા મહોત્સવની ઝમકદાર ઝલકો.



સૂર્યોદયસૂરિજીની નિશ્રામાં કમાલ... કાંદિવલીમાં મચી ભક્તિની ધમાલ





















સૂર્યોદયસૂરિજીની નિશ્રામાં કમાલ... કાંદિવલીમાં મચી ભક્તિની ધમાલ













અગ્રેસર થઇને બેસેલ શ્રી ભોગીભાઇએ જાણે પૂજ્યશ્રીનું પાણી માપતા હોય એમ પ્રશ્ન કર્યોઃ ''સાહેબજી! કયા વિષય પર પ્રવચન કરશો?'' એમનો બોલવાનો અંદાજ પકડી લઇને પૂજ્યશ્રીએ નિર્ભીક ઉત્તર આપ્યોઃ ''તમે કહો એ વિષય પર આજનું પ્રવચન આપીશ.'' ''એમ!! તો ફરમાવો કે 'किं तत्तं?''' અને પૂજ્યશ્રીએ આ ' किं तत्तं' શબ્દો પર સળંગ સવા કલાક કોઇ દૃષ્ટાંત વિના સૌને સમજાય એવી શૈલીમાં તત્ત્વની વ્યાખ્યા પહેલા ત્રિપદીના અને પછી નવતત્ત્વના આધારે કરી. છક્ક થઇ ગયેલા ભોગીભાઇ પ્રવચન બાદ ખુશીથી બોલી ઉઠ્યા કે ''આટલી સરસ છણાવટ મેં ન હતી ધારી.'' ખ્યાલમાં રહે કે અચ્છા અચ્છા ગણાતા વક્તાઓને પણ પ્રવચન પૂર્વે વિષયની પૂર્વતૈયારી અચૂક કરવી પડતી હોય છે. હું સ્વયં પણ લગભગ આ રીતે મુદ્દા વિચારીને પ્રવચન કરું છું, તો અનેક નામાંકિત વક્તાઓને મુદ્દા વિચારીને પ્રવચન કરતા નિહાળ્યા છે. ત્યારે આ રીતે **on the spot** અપાયેલ કઠિન વિષય પર કોઇ પૂર્વતૈયારી વિના અખંડધારાએ વક્તવ્ય કરવું એ વિશિષ્ટ પ્રતિભા વિના શક્ય નથી એમ સહજ લાગે. પૂજ્યશ્રીનો આ જીવનપ્રસંગ એમની વિશિષ્ટ પ્રતિભાનો દ્યોતક છે.

બીજો પ્રસંગ બન્યો આષાઢ વદિ દશમે. એના ચારેક દિવસ પૂર્વે પૂજ્યશ્રીને શારીરિક પ્રતિકૂળતા થતા તાવ શરૂ થયો. પૂજ્યશ્રી મક્કમ મને પ્રવચન કરી આવે. બાકી સંપૂર્ણ દિવસ તાવ રહે-ફરજિયાત આરામ કરવો પડે. રોજ સવારે સાડા સાત-આઠ થાય ત્યાં તાવમાં રાહત લાગે અને પૂજ્યશ્રી દૃઢતાથી પ્રવચન માટે જાય. પરંતુ એ આષાઢ વદિ દશમે સાડા આઠ-પોણા નવ થયા તો ય તાવમાં રાહત ન થઇ. નવ વાગ્યે પ્રવચન શરૂ થાય. મારો ત્યારે અભ્યાસકાળ ચાલે, વળી દીક્ષાપર્યાય પણ અલ્પ; એથી પ્રવચન તરફ કોઇ આછું પણ લક્ષ્ય નહિ. તો ય પૂજ્યશ્રીએ મને બોલાવીને કહ્યુંઃ ''રાજા, આજે તાવમાં જરા ય રાહત નથી. વ્યાખ્યાન તારે આપવું પડશે.'' એક ક્ષણ હું ચમક્યો. પર્યુષણા સિવાયના પ્રવચનનો એક વારનો પણ અનુભવ ન હતો. પૂરો એક કલાક પ્રવચન કરવાનું અને તૈયારીનો-વિચારવાનો સમય માત્ર દશ-બાર મિનિટનો હતો. હું હજુ ના કહેવા જઉં ત્યાં મારો મનોભાવ પરખી જઇ પૂજ્યશ્રીએ પુનઃ કહ્યુંઃ ''ના ક્યારેય કહેવાની નહિ. દરેક જવાબદારી સંભાળી લેતા શીખવાનું.'' એવા વાત્સલ્યમય અને હિતકારી એ શબ્દો હતા કે મારા વિચારો બદલાઇ ગયા. 'ગુરુકૃપા જ બધું કાર્ય સિદ્ધ કરી આપશે' એમ વિચારી પૂજ્યશ્રીના શબ્દો 'तहत्ति' કરી લીધા. ઉતાવળમાં 'सारमेतन्मया लब्धं०' શ્લોક અને પૂજ્યપાદ મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરનો જીવનપ્રસંગ વિચારી પૂજ્યશ્રીના આશીર્વાદ લઇને પ્રવચનમાં ગયો. એક કલાક ક્યાં પૂર્ણ થઇ ગયો એ ખ્યાલ ન આવ્યો. મને ત્યારે એવું અનુભવાયું કે એક દિવસની તૈયારી કરીને ગયો હોત તો ય એટલું અસ્ખલિત-મુદ્દાસર પ્રવચન ન થયું હોત. આ પ્રત્યક્ષ અનુભવે મનમાં એક નિશ્ચય કરી લીધો કે 'ચાહે તેવું મુશ્કેલ કાર્ય ગુરુદેવ બતાવે, એ આંખ મીંચીને સ્વીકારી જ લેવું. આપણે એમાં કાંઇ કરવાનું નથી હોતું. ગુરુકૃપા જ બધું કરે છે.' પૂજ્યશ્રીના અંતિમ સમય સુધી એમણે જેની ઇચ્છામાત્ર દર્શાવી હોય એવાં મોટાં મોટાં કાર્યો 'ननु न च' કર્યા વિના ઝીલી લેવાનું જે વલણ બંધાયું એનાં મૂળમાં ઘાટકોપરનાં ચાતુર્માસની આ ઘટના હતી...

આ ચાતુર્માસમાં જ સંઘપ્રમુખ રામજીભાઇ ગૂઢકાએ ભીવંડીનગરે સ્વદ્રવ્યથી નિર્માણ પામતા શ્રી સુવિધિનાથજિનાલયની પ્રતિષ્ઠાવિનંતિ પૂજ્યશ્રીને કરી. પૂજ્યશ્રીએ એ વિનંતિ સ્વીકારવા સાથે હાર્દિક ઔદાર્યપૂર્વક પૂ. યુગદિવાકરશ્રીના મુંબઇ સ્થિત સર્વ મુનિસમૂહને આમન્ત્રિત કરવાનું સૂચવ્યું. ચાતુર્માસ બાદ બોરીવલી-જામલીગલી સંઘની વિનંતિથી પૂજ્યશ્રી ત્યાં પધાર્યા. એ સંઘમાં પૂ.આ.ભ.શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી ચારસોથી અધિક આરાધકોનાં ઉપધાનતપ તેમજ ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવનું આયોજન હતું. પૂ. યુગદિવાકરશ્રીના સમસ્ત સમુદાયની નિશ્રામાં યોજાયેલ આ અનુષ્ઠાનમાં નિત્ય પૂ. જયાનંદસૂરિજી મ. તથા પૂજ્યશ્રીનાં પ્રવચનો સંયુક્તપણે થતા. પહેલા પૂજ્યશ્રીનું વિસ્તૃત પ્રવચન હોય અને પછી પૂ. જયાનંદસૂરિજી મ.નું ઉપસંહારરૂપ પ્રવચન હોય. ત્યાંના અંજનશલાકામહોત્સવમાં પણ પૂજ્યશ્રીએ સમુદાયભાવનાથી મહત્ત્વનું યોગદાન આપ્યું... શેષકાળમાં ભીવંડીનગરની પૂર્વોક્ત પ્રતિષ્ઠાનો મહોત્સવ-ઘાટકોપર સાંઘાણી જૈન સંઘમાં નવનિર્મિત આલીશાન 'ધર્મવિહાર' ઉપાશ્રયની વાસ્તુકળશવિધિ-ડ્રો વિધિ દ્વારા નામકરણ વગેરે ધર્મકાર્યો કરાવી વિ.સં. ૨૦૪૧નાં ચાતુર્માસ અર્થે કાંદિવલી-પશ્ચિમના શ્રી મુનિસુવ્રત- જિનાલયસંઘમાં પધાર્યા.

લગભગ દરેક ચાતુર્માસમાં પૂજ્યશ્રી પ્રારંભિક પ્રવચનો દરમિયાન, આરાધનાનાં વિવિધ વ્રત-નિયમો અને વિરાધનાત્યાગનાં પચ્ચક્ખાણો પર વિશેષ ભાર આપતા. આ ઉપરાંત આરાધક પુણ્યાત્માઓને સરલ માર્ગદર્શન મળી રહે તે માટે એ વર્ષોમાં પૂજ્યશ્રી ચાતુર્માસપ્રારંભે એક નાનું નિયમાવલિનું પત્રક બનાવતા. સંઘમાં એનું મોટી સંખ્યામાં વિતરણ થાય અને ભાવિકો આરાધનામાં તત્પર થાય. આ કાંદિવલીનાં ચાતુર્માસનું આવું એક આરાધનાનું નિયમાવલિપત્રક એમના સંગ્રહમાંથી મળી આવ્યું છે જે અક્ષરશઃ નીચે મુજબ છેઃ-

શ્રી મુનિસુવ્રતજિનાય નમો નમઃ
પ.પૂ. યુગદિવાકર આચાર્યદેવ શ્રી વિજય ધર્મસૂરીશ્વરાય નમઃ

ચોમાસાના દિવસોમાં પાળવા યોગ્ય વ્રત-નિયમો...

૧) હંમેશા ઓછામાં ઓછું એક સામાયિક કરવું.
૨) નિરંતર વ્યાખ્યાન સાંભળવું.
૩) પોતાની અષ્ટપ્રકારી સામગ્રીથી હંમેશા જિનપૂજા કરવી.
૪) ચોમાસામાં હંમેશા એકાસણું છેવટે બિયાસણું કરવું.
૫) બે આઠમ, બે ચૌદશ તથા અજવાળી પાંચમે ઉપવાસ તથા આયંબિલ કરવું.
૬) બીજી તપસ્યા ન થઇ શકે તો છેવટે સવારે નવકારશી અને સાંજે ચોવિહાર અથવા તિવિહાર કરવો.
૭) વાસી-બોળ અથાણું, વિદળ, કંદમૂળ વગેરે અભક્ષ્યનો ત્યાગ કરવો.
૮) સવાર-સાંજ અવશ્ય પ્રતિક્રમણ કરવું. છેવટ પાંચ તિથિ તો જરૂર પ્રતિક્રમણ કરવું.
૯) દર ચૌદશે અહોરત્ત પૌષધ કરવો.
૧૦) ચોમાસામાં બ્રહ્મચર્યનું પાલન કરવું.
૧૧) ચોમાસામાં લીલોતરીનો ત્યાગ કરવો, સર્વથા તેમ ન બને તો જરૂર પૂરતી ૮-૧૦ લીલોતરી જયણા રાખી બાકીની લીલોતરીનાં પચ્ચક્ખાણ કરવાં.
૧૨) હંમેશા ઓછામાં ઓછી નવકારમંત્રની એક બાંધી નવકારવાળી ગણવી.
૧૩) ત્યાગ, વૈરાગ્ય ભાવને પુષ્ટિ મળે તેવી પ્રવૃત્તિ રાખવી.
૧૪) આરંભ-સમારંભ ઓછા કરવા અને ક્રોધ વગેરે કષાયભાવથી દૂર રહેવું...

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીનાં પ્રવચનો 'તત્વાર્થમહાસૂત્રસંબંધકારિકા' અને 'શ્રી મુનિસુવ્રતસ્વામી ચરિત્ર' પર થયાં. પૂજ્યશ્રીની વિસ્તૃત વિવરણની શક્તિ આ પ્રવચનોમાં પ્રગટતી. સાડા પાંચ માસનાં પ્રવચનો માત્ર સંબંધકારિકા પર થયાં. એમાં પુરુષોના છ પ્રકાર-કૃતાર્થ તીર્થંકર ભગવંતોની દેશનાપ્રવૃત્તિનું કારણ જિનનામકર્મોદય-શમપ્રાપ્તિ માટે પ્રભુનો પ્રવ્રજ્યાસ્વીકાર વગેરે વિષયો તો એમણે ખૂબ વિસ્તારથી નિરૂપ્યા જ. પરંતુ આ સિવાયની કમાલ મુનિસુવ્રતચરિત્રમાં થઇ. માત્ર ત્રણ ભવનું ચરિત્ર-કોઇ ઝાઝા વિશેષ જીવનપ્રસંગો નહિ છતાં પૂજ્યશ્રીએ એમાં અનેક વિષયો આનુષંગિક જોડીને સાડા પાંચ માસ એ ચરિત્ર પર પણ વ્યાખ્યાન કર્યાં.

આ ચાતુર્માસનાં બે મહત્ત્વનાં કાર્યો પૈકી એક કાર્ય થયું પૂજ્યશ્રીની પ્રેરણાથી કાયમી સાલગિરિઉજવણીફંડ. પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી કાયમ એ પ્રેરણા કરતા કે 'પ્રત્યેક સંઘમાં જિનાલયસાલગિરિની ઉજવણી ભવ્યસ્વરૂપે થવી જ જોઇએ અને તે દિવસે સકલ સંઘનું સાધર્મિકવાત્સલ્ય પણ થવું જોઇએ. એક સાલગિરિ નિમિત્તે અને એક પર્યુષણાપર્વ નિમિત્તેઃ એમ બે સાધર્મિકવાત્સલ્ય તો દરેક સંઘમાં વર્ષ દરમિયાન થવા જ જોઇએ.' પૂજ્યશ્રી એ ગુરુદેવના વારસદાર. એથી એમણે પણ પર્વાધિરાજ પર્યુષણાની સભામાં કાયમી સાલગિરિઉજવણીફંડની પ્રેરણા કરી અને સંઘે એ ઝીલી લેતાં એ કાર્ય સાકાર થયું. આજે પણ ત્યાં પ્રતિવર્ષ ભારે ઉલ્લાસથી સાલગિરિઉજવણી સાથે સાધર્મિકવાત્સલ્ય પણ નિયમિત થાય છે... બીજું મહત્ત્વનું કાર્ય બન્યું કાંદિવલી-પૂર્વના શ્રી શાંતિનાથ ઝાલાવાડ જૈન સંઘમાં શ્રી આદિનાથ જિનાલય-પ્રતિષ્ઠાનું. કાંદિવલીનો એ પૂર્વ વિભાગ નવો વિકાસ સાધી રહ્યો હતો. ત્યાં જૈનોની વસતિ જથ્થાબંધ આવી રહી હતી અને વર્ષો પૂર્વે પૂ. યુગદિવાકરશ્રીએ ધાતુપ્રતિમા સાથે શરુ કરાવેલ ગૃહજિનાલય સિવાય ત્યાં કોઇ દર્શન-પૂજનનું આલંબન ન હતું. સંઘની વિનંતિથી પૂજ્યશ્રીએ અરિહંત સોસાયટીમાં નયનરમ્ય ગૃહજિનાલયનું આયોજન કરાવ્યું અને તેમાં શ્રી આદિનાથ વગેરે ત્રણ આરસપ્રતિમાઓનો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો. ત્યારથી એ સંઘમાં ધર્મભાવનાની વૃદ્ધિ સાથે અભ્યુદય આરંભાયો.

હવે પૂજ્યશ્રી સમક્ષ ઉપસ્થિત થયા હતા ગુજરાતના અલગ અલગ સંઘો આદિનાં છ મોટા ધર્મકાર્યો. કાંદિવલીનાં ચાતુર્માસમાં જ એ સંઘો વગેરેની સતત વિનંતિઓ જારી રહેતાં પૂજ્યશ્રીએ વિ.સં. ૨૦૪૨માં ગુજરાત તરફ વિચરણ કરવાનો નિર્ધાર કર્યો. ચાતુર્માસ વિનંતિઓ એ તરફના સંઘોની શરૂ થઇ ગઇ હતી... આમ પુણ્યનિધાન પૂજ્યશ્રીનાં પગલે પગલે પણ શાસન પ્રભાવનાનાં શતદલ કમલો ખીલી રહ્યાઃ જેમ પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીનાં પગલે પગલે ખીલતા હતા એમ!!



પ્રકરણ :
૨૫

સૂરિપદનો 'સૂર્યોદય': આચાર્યપદારોહણ...

પુણ્ય !! આ એક એવું પરિબળ છે કે જે વ્યક્તિનાં જીવનમાં સફળતાની-કામિયાબીની પરંપરા સર્જે. વ્યક્તિ ભલે ને સંસારી હોય કે શ્રમણ હોયઃ એનાં જીવનમાં બાહ્ય સ્તરની સફલતાનું મુખ્ય પરિબળ તો પુણ્ય જ બની રહે છે. પુણ્યનો સૂર્ય જો ઝળહળતો હોય તો વ્યક્તિ જ્યાં જાય ત્યાં સફળતા-સંપદા વરતી જાય. એથી જ 'શ્રીપાલરાસ'માં પૂજ્યપાદ મહોપાધ્યાય શ્રી વિનય- વિજયજી ગણિવરે લખ્યું છે કે '**પુણ્યવંત નર પામતા, પગ પગ ઋદ્ધિ રસાલ.**' જો પુણ્યનું પીઠબળ ન હોય તો વ્યક્તિ ચાહે તેવો પુરુષાર્થ કરે તો ય સફળતા હાથતાળી દઈને છટકી જાય. અને જો પુણ્યનું પીઠબળ મજબૂત હોય તો અલ્પ પુરુષાર્થે , અરે! ક્યારેક તો વિના પુરુષાર્થે પણ, સફલતા સ્વયંવરા બની સામે પગલે આવી રહે. એથી જ આવી પંક્તિ પણ વાસ્તવિક ભૂમિકાએ લખાઇ છે કે 'પુણ્યવંતને સિદ્ધિનો, ઇચ્છામાત્ર વિલંબ...'

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રીનાં જીવનમાં આંતરિક સ્તરની-વિશુદ્ધિસ્તરની સફલતા માટે ગુરુકૃપા નામે તત્ત્વ કાર્યરત હતું, તો બાહ્ય સ્તરની-શાસનપ્રભાવનાદિ સ્તરની સફલતામાં પુણ્ય નામે તત્ત્વ કાર્યરત હતું. એથી જ હજુ તો તેઓ પંન્યાસપદારૂઢ હતા.

આચાર્યપદારૂઢ ન હતા તો ય છ-છ મોટાં ધર્મકાર્યો વિ.સં. ૨૦૪૨નાં વર્ષે સામે પગલે એમની પ્રતીક્ષા કરી રહ્યા હતા. એ પૈકીના પાંચ ધર્મકાર્યો તો પૂજ્યશ્રી સાથે જ સંલગ્ન હતા-એમની મુખ્યતાએ યોજાયા હતા. જ્યારે એક કાર્યમાં સામૂહિક પ્રેરણા હતી. આ તમામ કાર્યો માટે પૂજ્યશ્રીએ મુંબઈથી ગુજરાત તરફ પ્રયાણનો નિર્ણય કર્યો. ત્યારે તેમાં સમુદાયના અન્ય બે વૃંદ પણ સામેલ થવાનું નિશ્ચિત થયું : એક પૂ.પં. શ્રી મહાનંદવિજયજી ગણિવરનું વૃંદ અને બીજું પૂ. ગણિવર્ય શ્રી પૂર્ણાનંદવિજયજી મ.નું વૃંદ.

કાંદિવલીનાં યશસ્વી ચાતુર્માસ બાદ, વિ.સં. ૨૦૪૨ની આ વિહારયાત્રાના પ્રારંભ પૂર્વે પૂજ્યશ્રી માટુંગા પૂ.આ.શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.ને વંદનાર્થે પધાર્યા. ત્યાં માગશર શુદિ એકમની તેઓશ્રીની જન્મદિનગુણસંકીર્તનસભામાં પૂજ્યશ્રીએ સૌથી વધુ હૃદયસ્પર્શી અને પ્રસંગમંડિત ગુણાનુવાદ કર્યા. ત્યાંથી પૂજ્યશ્રી ગોડીજીદાદાના-વાલકેશ્વર આદીશ્વરપ્રભુના અને ચેમ્બુર આદીશ્વરપ્રભુના દર્શનાર્થે પધાર્યા. આમાં પૂજ્યશ્રી યુગદિવાકર ગુરુદેવની પરિપાટીને અનુસર્યા કે મોટા વિહારો પૂર્વે યથાશક્ય ઉપરોક્ત સ્થાનોના પ્રભુજીઓનાં દર્શન-વંદન કરવા જ. તે પછી માગશર વદિ ત્રીજે કાંદિવલીથી પૂજ્યશ્રીની ગુજરાત તરફની વિહારયાત્રા આરંભાઇ. પૂ. યુગદિવાકર ગુરુદેવના ઉપકારવાસિત રાળપટ્ટીના દહાણુ-ઘોલવડ-બોરડી-ઉમરગામ-ખતલવાડા-ફણસા વગેરે સંઘોને આ વિહારયાત્રામાં આવરી લઇ ત્યાં યથાશક્ય એકેક-બબ્બે દિવસ પ્રવચન યોજાયા, તો નવસારી-સુરત-ભરૂચ વગેરે મોટા શહેરોમાં પ્રવચનો ઉપરાંત યાત્રાનો પણ લાભ લેવાયો. ક્રમશઃ લગભગ દોઢ માસના અંતે વડોદરાનગરમાં પદાર્પણ થતાં ત્યાં પ્રથમ મોટું સામૈયું કોઠીપોળ જૈન સંઘના ઉપક્રમે થયું. સાત-સાત વર્ષો બાદ પૂજ્યશ્રી આ તરફ પધાર્યા હોવાથી એમની સાંસારિક જન્મભૂમિ ડભોઇથી પણ વિશાલ જનમેદની ઊમટી હતી. મને સ્મરણ છે કે એ વર્ષોમાં સૌથી ભવ્ય સ્વાગતયાત્રા કોઠીપોળ સંઘની હતી.

આ સંઘનાં પ્રતિષ્ઠાકાર્ય માટે સંઘના અગ્રણીઓ શ્રી રતિલાલ ચુનીલાલ સરારવાળા તથા શ્રી પનાલાલ લાલચંદ શાહ વગેરે છેલ્લા બે વર્ષથી પૂજ્યશ્રીના સંપર્કમાં હતા. ત્યાં જિનાલયની બહાર અને પેઢીની બરાબર સામે વિશાલ સ્થાન ખાલી હતું. એ સ્થાનમાં વાલકેશ્વર જેવા વિશાલ-નયનરમ્ય પદ્માવતીદેવીની પ્રતિમા પ્રતિષ્ઠિત કરવાના સંઘના મનોરથ હતા. પૂજ્યશ્રીએ સ્થાનની વિશાલતા લક્ષ્યમાં રાખી એવા જ અન્ય બે અધિષ્ઠાયક દેવીઓ રૂપે સૂરિમન્ત્રની પ્રથમ અને તૃતીય પીઠના અધિષ્ઠાત્રી શ્રી સરસ્વતી દેવી-શ્રીદેવીની સ્થાપના સૂચવી. તે મુજબ સંપૂર્ણ અલાયદા તે સ્થાનમાં ભવ્ય અધિષ્ઠાયક સંકુલ રચાયું હતું અને તેની પ્રતિષ્ઠાનો ભવ્ય મહોત્સવ સંઘમાં યોજાયો હતો. પૂજ્યશ્રી પૂ. યુગદિવાકર ગુરુદેવ જેવા ગીતાર્થ મહાપુરુષના હાથે ઘડાયા હતા. એથી શાસનરક્ષાદિ નિમિત્તે અધિષ્ઠાયકોની જરૂર સમજતા હોવા ઉપરાંત અજ્ઞાની ભદ્રિકજનો શ્રી તીર્થંકરભગવંતો કરતા ય અધિષ્ઠાયકોની મહત્તા ન સમજી બેસે એ માટે જાગૃત પણ હતા. એથી ત્યાંનાં પ્રવચનોમાં પૂજ્યશ્રીએ ખાસ સ્પષ્ટતાપૂર્વક પ્રરૂપણા કરી કેઃ-

''શ્રી વીતરાગ પરમાત્માનાં શાસનમાં સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓનું એક ચોક્કસ મર્યાદાયુક્ત આગવું સ્થાન છે. સ્વયં શ્રી તીર્થંકરભગવંતો ધર્મશાસનની સ્થાપનાસમયે ગણધરાદિની જેમ અધિષ્ઠાયકોની સ્થાપના કરે છે. ઉપરાંત દેવવંદનની ચતુર્થ સ્તુતિ-શાંતિ-નવસ્મરણ વગેરે સ્થળે પણ અધિષ્ઠાયકોનું સમાધિપ્રાપ્તિ અર્થે સ્મરણ છે જ. એટલે જે કેટલોક વર્ગ બહુ ચુસ્ત દેખાવા માટે જિનાલય બહારના અલાયદા સ્થાન સુદ્ધામાં દેવ-દેવીસ્થાપનાના સજ્જડ નિષેધ સુધી પહોંચી જાય છે તેમની વાત પણ બરાબર નથી, તો જે કેટલોક વર્ગ ભક્તવર્તુળ વિસ્તારવા ઘણો આગળ વધી જઇ કેવલ સાંસારિક લાલસાઓ પોષવાની-માનતાઓ માનવાની વાતોને સમર્થન આપે છે તેમની વાત પણ બરાબર નથી. વસ્તુતઃ કેટલીક જાગૃતિપૂર્વક દેવ-દેવીઓ અંગે પ્રવૃત્તિ કરવી જોઇએ. જેમ કે (૧) શ્રી વીતરાગપ્રભુ શાસનના રાજા છે અને અધિષ્ઠાયકો એમના સેવક છે. માટે શ્રી તીર્થંકરપ્રભુને કદી ગૌણ ન કરવા. પહેલા એમનાં દર્શનાદિ કરવા, પછી જ અધિષ્ઠાયકોનાં દર્શનાદિ કરવા (૨) શ્રી તીર્થંકરપ્રભુની જે રીતે પૂજા-અર્ચના કરાય છે તે રીતની અધિષ્ઠાયકોની પૂજા-અર્ચના નથી હોતી. સાલગિરિ જેવા મોટા દિવસોને બાદ કરતાં એમને માત્ર પ્રણામ અને વધુમાં વધુ સાધર્મિકભાવે કપાળે તિલક કરવું (૩) અધિષ્ઠાયકો પાસે, આરાધનાની અનુકૂળતા થાય-મોક્ષમાર્ગમાં આવતા વિઘ્નો દૂર થાય તેની માંગણી કરી શકાય. માત્ર સંસારલાલસાભરી માંગણી ન કરાય. ટૂંકમાં સમાધિમાં સહાયક થવાથી વિશેષ કોઇ માંગણી ન કરાય.''

કોઠીપોળ સંઘની પ્રતિષ્ઠા સંબંધી સર્વ તૈયારી થઇ ગયા બાદ, પ્રતિષ્ઠાનું મુહૂર્ત પછીનું હોવાથી, પૂજ્યશ્રી કારેલીબાગ જૈન સંઘમાં પધાર્યા. પૂ. યુગદિવાકર ગુરુદેવે જે સ્થાન પર વાસક્ષેપવિધાન કર્યું હતું ત્યાં સંઘે નયનરમ્ય શિખરબદ્ધ શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયનું નિર્માણ કર્યું હતું અને તેનાં નિર્માણમાં, પ્રતિષ્ઠા પ્રસંગે પધારેલ પૂર્વોક્ત ત્રણે ય વડીલ પૂજ્યોએ આર્થિક દાન-પ્રેરણાદિ કર્યા હતા. એ જ રીતે તત્કાલીન શ્રાવક ઉપાશ્રયમાં ય વિવિધ ગુરુભગવંતોની પ્રેરણાથી આર્થિક દાન મળ્યા હતા આ નક્કર વાસ્તવિકતા હતી. સંયુક્ત યોગદાનથી નિર્મિત આ જિનાલયની પ્રતિષ્ઠાની

પૂર્વતૈયારીમાં-નિત્યની સતત પંદર દિવસોની પ્રવચન પ્રેરણાઓમાં-ઉછામણીની ઉલ્લાસવર્દ્ધિમાં પૂજ્યશ્રીનું યોગદાન ખૂબ હતું અને એ મેં તો પ્રત્યક્ષ નજરોનજર નિહાળ્યું હતું. ઉપરાંત તત્કાલીન સંઘે પણ પ્રત્યક્ષ અનુભવ્યું હતું. કેવી હતી એ અનુભૂતિ? એની ઝલક આપણને વિ.સં. ૨૦૬૦માં પૂજ્યશ્રીને મોટી આરોગ્યસમસ્યાસમયે કારેલીબાગ જૈન સંઘે લખેલ પત્રમાં ઝિલાય છે *. બે પેજના એ પત્રમાં પ્રારંભે સ્વાસ્થ્યની વાતો લખાયા બાદ અંતે અક્ષરશઃ આ શબ્દો લખાયા છે કેઃ-

''પૂજ્ય ગુરુદેવ આચાર્યભગવંત સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા. અમારા સંઘના મહાન ઉપકારી છે અને તેઓની પાવન નિશ્રામાં જ અમારા જિનાલયની પ્રતિષ્ઠાનો મહોત્સવ ઉજવાયો હતો. તેમજ જ્યારે જ્યારે તેઓશ્રી વડોદરા આવ્યા ત્યારે અમારા સંઘમાં વ્યાખ્યાન વગેરે આપતા અને સૌને ધર્મપ્રેરણાદાયક બનતા.

પ્રભુ તેઓશ્રીને જલ્દી સુંદર સ્વાસ્થ્ય આપે એ જ અભ્યર્થના.

લિ.: પ્રમુખશ્રી શાન્તિલાલ બાપુલાલ શાહ.

ઉપપ્રમુખ : જયંતિભાઇ શાહ, મંત્રી : મહેન્દ્રભાઇ રમણલાલ શાહ

જશવંત શાંતિલાલ શાહ, જિનદાસ પાનાચંદ ગાંધી-ખજાનચી''

અનેક મહાપૂજનો-ભવ્ય રથયાત્રા-સાધર્મિકવાત્સલ્યો આદિ સાથે ઉજવાયેલ એ મહોત્સવમાં ફાગણ શુદિ બીજે શુભ મુહૂર્તે જયનાદો અને ભારે હર્ષોલ્લાસ સાથે તમામ જિનબિંબો આદિની પ્રતિષ્ઠાવિધિ થઇ. ત્યાંથી તુર્ત ફાગણ શુદિ ત્રીજે કોઠીપોળ સંઘમાં પૂજ્યશ્રીની પધરામણી થઇ. ત્યાં પણ પ્રતિષ્ઠામહોત્સવ જારી હતો. ફાગણ શુદિ ત્રીજે ચિક્કાર જનમેદની વચ્ચે ત્રણે ય ભવ્ય અધિષ્ઠાયક પ્રતિમાઓની પ્રતિષ્ઠા થઇ. ત્યાંથી વિશાલ સાધુ-સાધ્વીસમુદાય સાથે પૂજ્યશ્રી ગુજરાતનાં પ્રાચીન તીર્થોની યાત્રાએ પધાર્યા. કાવી-ગંધાર-ઝઘડીયા-દહેજ-ભરૂચ વગેરે વિવિધ તીર્થોની યાત્રા કરતાં અંતે શિનોર થઇ ચૈત્ર શુદિ સાતમ-શાશ્વતી ઓળીના પ્રથમ દિને સાંસારિક જન્મભૂમિ ડભોઇ તીર્થે પધાર્યા. ત્યાં નવે ય દિવસ ડભોઇના જૈન સંઘને પૂજ્યશ્રીના નવપદના વિસ્તૃત છણાવટભર્યા પ્રવચનોનો લાભ મળ્યો. ઉપરાંત પૂજ્યશ્રીની પ્રેરણા થતા, ડભોઇ તીર્થમાં થતી પ્રભુ મહાવીરદેવજન્મકલ્યાણકઉજવણીનું માતબર ફંડ થયું.

ત્યાંથી પૂજ્યશ્રી પધાર્યા વડોદરા-આજવા રોડ વિસ્તારમાં શ્રી નવપદ સોસાયટીના ઉપક્રમે નિર્મિત ભવ્ય શિખરબદ્ધ શ્રી મહાવીરસ્વામી જિનાલયના પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે. આ નયનરમ્ય જિનાલયનું આર્થિક યોગદાન પૂજ્યશ્રીની પ્રેરણાથી મળ્યું હતું, તો એના ખનન-શિલાન્યાસથી લઇને શિખર સુધીનું તમામ નિર્માણ પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર થયું હતું. આ જિનાલય માટે શ્રી રતિલાલ શંકરલાલ શાહ-શ્રી આશકરણ નેમિચંદજી જૈન-શ્રી જેઠમલ ફોજમલજી ઝાબક વગેરે તત્કાલીન ટ્રસ્ટીગણ વારંવાર પૂજ્યશ્રી સમક્ષ મુંબઇ આવે અને દરેક સમસ્યાઓ સુલઝાવીને જાય. પૂજ્યશ્રીની પ્રેમાળ કાર્યશૈલીની અસર એવી પ્રગાઢ હતી કે આ પૈકીનો ઝાબક પરિવાર તો મૂળ ખરતરગચ્છનો અનુયાયી હોવા છતાં પૂજ્યશ્રીને પોતાના પારિવારિક ગુરુરૂપે સ્થાન-માન આપતો. આ જિનાલય આજવારોડટચ એવા ભૂમિખંડ પર હતું કે એ દૂર-સુદૂરથી જાણે દેવવિમાન ધરતી પર અવતર્યું હોય એવું લાગે. તે સમયે વડોદરા શહેરમાં લાલ પથ્થરથી નિર્મિત દેરાસર પ્રાયઃ આ પ્રથમ હતું. એના ૪૧ ઇંચના મૂલનાયક શ્વેતવર્ણા શ્રી મહાવીરપ્રભુ દ્વિગુણ પરિકરથી શોભાયમાન હતા. મૂળનાયક પ્રભુજીની આસપાસ આરસના શ્રી આદીશ્વરપ્રભુ-શાંતિનાથપ્રભુ હતા, તો ગર્ભગૃહના ગવાક્ષમાં શ્રી પુંડરીકસ્વામી-ગૌતમસ્વામી હતા; બહાર શ્રી અંતરીક્ષપાર્શ્વપ્રભુ-શંખેશ્વરપાર્શ્વપ્રભુ હતા, તો વિશાલ રંગમંડપમાં શ્રી સિદ્ધચક્રજી અને શત્રુંજય મહાતીર્થનાં આરસના અતિ ભવ્ય શિલાપટ્ટાંકનનાં આયોજનો હતાં. આવા આ જિનાલયની પ્રતિષ્ઠાનો અષ્ટાહ્નિક પ્રભુભક્તિમહોત્સવ અનેકવિધ મહાપૂજનો-સંઘ સાધર્મિકવાત્સલ્યો-યાદગાર રથયાત્રા વરઘોડો અને એંશીથી અધિક શ્રમણ-શ્રમણી ભગવંતોની ઉપસ્થિતિ સાથે યોજાયો. વૈશાખ શુદિ દશમના શ્રેષ્ઠ મુહૂર્તે તમામ ભગવંતોની પ્રતિષ્ઠા હૈયે હૈયું ભીંસાય એવી ભીડ વચ્ચે થઇ.

આ ઐતિહાસિક મહોત્સવ પ્રસંગે વડોદરા શહેરના લોકપ્રિય અખબાર 'સંદેશ'માં પૂરા પેજની પ્રતિષ્ઠામહોત્સવપૂર્તિ પ્રગટ થઇ હતી, તો આ તેમજ બે માસ પૂર્વેની પ્રતિષ્ઠાઓ પ્રસંગે દૈનિક સમાચારોના ધોરણે પૂજ્યશ્રીનાં પ્રવચનો પણ પ્રગટ થતાં. એમાંના એક પ્રવચનસમાચારનું શીર્ષક પણ મને બરાબર યાદ છે કે ''આપણે શ્વાનવૃત્તિ ધરાવીએ છીએ કે સિંહવૃત્તિ? જૈન મુનિ સૂર્યોદયમહારાજનું પ્રેરક ઉદ્બોધન.'' પછી એનાં વિવરણમાં, હુમલા સમયે શ્વાન અને સિંહ દ્વારા અપાતી પ્રતિક્રિયા દર્શાવવા સાથે દુઃખ આવે ત્યારે આપણી પ્રતિક્રિયા કેવી હોવી જોઇએ એનું માર્ગદર્શન અપાયું હતું. આવા અનેક પ્રવચનસમાચારો ત્યારે આવતા.

વડોદરાના આ પ્રતિષ્ઠામહોત્સવ બાદ પૂજ્યશ્રી પધાર્યા અમદાવાદ-ગગનવિહાર જૈન સંઘમાં. આ સંઘમાં પૂજ્યશ્રીની કૃપા વિ.સં. ૨૦૩૬ થી વરસતી હતી. એ વર્ષે આ

* આ જ ગ્રન્થના પરિશિષ્ટમાં આ પત્રની મૂળ નકલ મુદ્રિત છે.

સંઘે પૂજયશ્રીનાં માર્ગદર્શનથી તૈયાર કરેલ રમણીય નાજુક સંઘજિનાલયમાં પ્રભુજીઓની પધરામણીનો અવસર આવ્યો ત્યારે એ સંઘના એક અગ્રણી અને પૂજયશ્રીના સાંસારિક વડીલબંધુ શ્રી હીરાલાલ ચીમનલાલ શાહ તથા શ્રી જનકભાઇ એચ. શાહ વગેરે પ્રભુપ્રતિમાજી માટે પૂજયશ્રી પાસે ચેમ્બુર-મુંબઇમાં ઉપસ્થિત થયા. પૂજયશ્રીએ ચેમ્બુરસ્થિત પરોણાગત પ્રભુજીઓ દર્શાવતા એમની દૃષ્ટિ શ્રી કલિકુંડ પાર્શ્વપ્રભુ પર ઠરી. સંઘને મનગમતા એ પ્રભુજી તેમજ અન્ય પ્રભુજીઓ પૂજયશ્રીએ અપાવ્યા અને એ પ્રભુજી પધાર્યા બાદ ગગનવિહાર સંઘની દિન-પ્રતિદિન ઉન્નતિ થતી ગઇ. એથી સંઘને પૂજયશ્રી પર પણ વિશિષ્ટ બહુમાનભાવ હતો. પાછળથી પૂજયશ્રીએ જયાં 'ધર્મ' આરાધનાભવનનું નિર્માણ કરાવ્યું તે આ સંઘમાં પૂજયશ્રીની પ્રેરણાનુસાર ભવ્યાતિભવ્ય મહોત્સવ ઉજવાયો અને જેઠ શુદિ ચોથે પ્રતિષ્ઠા થઇ... પાંચમો પ્રસંગ હતો અમદાવાદ-પાલડી વિસ્તારમાં પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયવર્તિની સા. શ્રી કુમુદપ્રભાશ્રીજી-કલ્પલતાશ્રીજીની પ્રેરણાથી નિર્મિત નૂતન ઉપાશ્રયનું ઉદ્‌ઘાટન. દોઢ વર્ષ પૂર્વે વિ.સં. ૨૦૪૦માં આ શ્રમણીવૃંદ પૂજયશ્રીની નિશ્રામાં ઘાટકોપર-મુંબઇમાં ચાતુર્માસાર્થે હતું ત્યારે ઉપાશ્રયનું આયોજન ચાલતું હતું. પૂજયશ્રીનાં સૂચન મુજબ સાધ્વીજીએ ઉપાશ્રયનું નામ 'ધર્મવિહાર' સ્વીકાર્યું હતું. એ જ પૂજયશ્રીનું સાન્નિધ્ય મળતાં સાધ્વીજીનો અને સ્થાનીય સંઘનો હર્ષ નિઃસીમ બની ગયો. ઉપાશ્રયઉદ્‌ઘાટન ભવ્ય રીતે સંપન્ન કરાવી પૂજયશ્રી કલિકુંડતીર્થ-પ્રાચીન માતરતીર્થ વગેરે સ્થળે યાત્રા કરતા પાદરાનગરે પધાર્યા. ત્યાં ઉપાશ્રયમાં મણિભદ્રવીરપ્રતિષ્ઠા-પંચદિવસીય પ્રવચનો આદિ થયાં.

ત્યાંથી પૂજયશ્રી વિ.સં. ૨૦૪૨નાં ચાતુર્માસ માટે વડોદરા-કોઠીપોળ જૈન સંઘમાં પધારતા સંઘમાં જાણે સુવર્ણનો સૂર્યોદય થયો. આ ચાતુર્માસમાં (૧) પૂજયશ્રીનાં શ્રી ભગવતીસૂત્રનાં પ્રવચનો (૨) સા. શ્રી વસંતપ્રભાશ્રીજી-યશોધરાશ્રીજી-મયૂરકલાશ્રીજીના પરિવારના સોળ-સોળ સાધ્વીજીના વિવિધ આગમસૂત્રોના યોગ (૩) પૂજયશ્રીની પ્રેરણાથી અધિષ્ઠાયક સંકુલને રમણીય ઓપ અને 'પદ્માવતી મંડપ' નામ અપાવા સાથે તે માટે માતબર દાન (૪) શ્રી સંઘના પરમોપકારી પૂ. સિદ્ધાંતનિષ્ઠ આ.ભ.શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા.ની તથા પૂ. યુગદિવાકર આ.ભ.શ્રી ધર્મસૂરીશ્વરજી મ.સા.ની દેહપ્રમાણ ઊભી ગુરુમૂર્તિનો નિર્માણનિર્ણય આદિ ઉલ્લેખનીય કાર્યો થયાં. આ વર્ષે સમગ્ર તપાગચ્છીય સંઘને પ્રચંડ અસરો કરતી મોટી ઘટના બની સંવત્સરીભેદ સંબંધી. આપણે એ વર્ષનાં તે વિવાદનું અને તેમાં પૂજયશ્રીના અભિગમનું સંક્ષિપ્ત દિગ્દર્શન કરીએઃ

એ વર્ષે સંઘમાન્ય 'જન્મભૂમિ' પંચાંગમાં ભાદ્રપદ શુદિ પંચમીનો ક્ષય હોવાથી, બાર પર્વીને શાસ્ત્ર અને પરંપરા અનુસારે અખંડ રાખવાની આચરણા કરનાર એક તિથિપક્ષ 'ક્ષયે પૂર્વા૰'ના પ્રઘોષ મુજબ જોડિયા પર્વમાં પૂર્વતરતિથિ ત્રીજનો ક્ષય કરી સંવત્સરી મહાપર્વની આરાધના કરવાનો હતો. જયારે બે તિથિપક્ષ લૌકિક પંચાંગની ક્ષય-વૃદ્ધિ યથાવત્ રાખી સંવત્સરી મહાપર્વ આરાધવાનો હતો. બન્ને પક્ષ તરફથી એ રીતના પંચાંગો પણ પ્રગટ થઇ ચૂક્યા હતા. પરંતુ ગત વર્ષે આરંભાઇને પછી પડી ભાંગેલી એકતાની હિલચાલમાં એકાએક નવેસરથી ઉછાળ આવતાં પોષમાસમાં, અખબારોમાં 'તિથિસમાધાન અને સંઘઆચરણા પટ્ટક' પ્રગટ થયો. એમાં ભાદ્ર. શુદિ છઠની ક્ષય-વૃદ્ધિનો વિકલ્પ અપનાવાયો હતો. આ પટ્ટકમાં એકતિથિપક્ષના સર્વવરિષ્ઠ પૂ.આ.ભ.શ્રી રામસૂરીશ્વરજી મ. ડહેલાવાળા-પૂ. આગમોદ્ધારક સાગરાનંદસૂરીશ્વરજી મ.નો સમુદાય વગેરે કેટલાય સમુદાયોની સહી ન હતી, તો બે તિથિપક્ષે પૂ.આ.ભ. શ્રી રામચન્દ્રસૂરીશ્વરજી મ. વગેરેની સહી ન હતી. આમ તિથિવિવાદના બે મુખ્ય પક્ષકાર સમુદાયો અને અન્ય વિવિધ સમુદાયો આ પટ્ટકમાં સામેલ થયા ન હોવાથી એ વર્ષે સંવત્સરી વિવાદે ખૂબ તોફાની સ્વરૂપ ધારણ કર્યું. અધૂરામાં પૂરું પટ્ટકમાં જેમની સહી દર્શાવાઇ હતી એમાંના કેટલાક સમુદાયો સહીનો દુરુપયોગ થયાનું જણાવી જાહેર નિવેદનો દ્વારા પટ્ટકથી દૂર રહ્યા. જે સમુદાયોની સહી હતી એમાં પણ મતાંતરો હતા અને એક જ સમુદાયોમાં અલગ-અલગ સંવત્સરી થવાનાં નિવેદનો જાહેરમાં થયાં. પોતાને સત્ય ઠેરવવા પટ્ટકવિરોધી અને પટ્ટકતરફી ઉભય વર્ગો દ્વારા પ્રચુર પત્રિકાઓ-મેગેઝિનો પ્રગટ થવા માંડ્યાં. ટૂંકમાં, સંવત્સરીમહાપર્વ મુદ્દે એ વર્ષનું વાતાવરણ અતિ ઉગ્ર હતું.

આ વાતાવરણમાં આપણા પૂજયશ્રીએ અત્યંત સ્વસ્થ-પરિપક્વ અભિગમ દાખવી બે નિર્ણયો કર્યાઃ (૧) કોઇપણ પ્રકારનું જાહેર નિવેદન કરી બળતામાં ઘી હોમવા જેવું કાર્ય ન કરવું કેમ કે ત્યારનો માહોલ જ એવો હતો કે સાવચેતીપૂર્વક નિવેદન કરનારા પણ આ કે તે વર્ગમાં ગણાઇ જાય. (૨) સમુદાયના આદ્ય મહાપુરુષ પૂ.આ.ભ. શ્રી મોહનસૂરીશ્વરજી મ.સા.ના સમયથી સમુદાયની તિથિસંબંધી મર્યાદાનું નિર્ધારણ કરનાર પૂ.આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા. હતા. સંવત્સરી મહાપર્વ તથા બાર પર્વીના સૌથી મોટા વિવાદનાં વર્ષો વિ.સં. ૧૯૯૨-૯૩નાં હતા અને ત્યારે પૂ. પ્રતાપસૂરિજી મ.એ શાસ્ત્રપાઠોપૂર્વકના નિવેદનો સાથે, લૌકિક પંચાગની ભાદ્રપદ શુદિ પાંચમની ક્ષય-વૃદ્ધિએ શુદિ ત્રીજની ક્ષય-વૃદ્ધિ કરવાની વાતને અસંદિગ્ધ ટેકો આપ્યો હતો. એટલું જ નહિ, એ પછી પોતે આજીવન એ જ આચરણા કરી હતી. માટે એનું જ અનુસરણ કરવું... વળી વિ.સં.

૨૦૪૨ના સમુદાયના પંચાંગોમાં પણ ત્રીજનો ક્ષય કરવાપૂર્વકની જ સંવત્સરીમહાપર્વારાધના દર્શાવાઇ હતી. આ બધી બાબત લક્ષ્યમાં લઇ પૂજયશ્રીએ ભાદરવા શુદિ ત્રીજનો ક્ષય કરવાપૂર્વકની સંવત્સરીમહાપર્વારાધનાનો હિંમતભર્યો નિર્ણય લીધો અને અમલી કર્યો. જેમણે ઉપરોક્ત નક્કર વાસ્તવિકતા પ્રત્યે કોઇ પણ કારણે દુર્લક્ષ્ય કર્યું અને સમુદાયની પરંપરાથી-ખુદ સમુદાયના તે વર્ષના પંચાંગની તિથિથી વિપરીત વલણ અખત્યાર કર્યું એમને પીછેહઠનો પ્રસંગ આવ્યો.

પૂજયશ્રીની આ એક વિરલ ખાસિયત હતી કે તેઓ કોઇ પણ બાબતનો નિર્ણય ઉતાવળે કે પૂર્વગ્રહયુક્ત થઇને ન કરતા, બલ્કે તે બાબતના તમામ પાસાઓ લક્ષ્યમાં લઇ ઠરેલ બુદ્ધિથી કરતા. પછી એમને એમાં ફેરબદલનો અવકાશ ન આવતો. માત્ર ઉપરોક્ત પ્રસંગમાં જ નહિ, અન્ય અનેકાનેક પ્રસંગોમાં મને એવી અનુભૂતિ થઇ છે કે નિર્ણય કરવાનાં ક્ષેત્રે પૂજયશ્રી એકદમ ઠરેલ પ્રકૃતિના હતા. એમના નિર્ણયોમાં વિસંગતિ-ઉતાવળ-અધકચરાપણું મને કોઇ પણ પ્રસંગે જણાયું નથી. ઉપરાંત દીર્ઘદૃષ્ટિનો અનુભવ ડગલે ને પગલે થયો છે. અરે! અમૂક બાબતે એવું ય અનુભવ્યું છે કે જેમાં સંબંધિત અન્ય સહુના અભિપ્રાયો અલગ હોય અને પૂજયશ્રીનો અભિપ્રાય અલગ હોયઃ છતાં સમયની એરણ પર પૂજયશ્રીનો અભિપ્રાય ઉચિત હોવાનો ખ્યાલ એ અન્ય સંબંધિતોને પણ આવ્યો હોય.

વડોદરાના એ ચાતુર્માસની મહત્ત્વની ઘટના એટલે શેઠ દેવચંદ જેઠાલાલ સંઘવીનું પૂજયશ્રી પાસે વારંવાર આગમન. એમનો એક મક્કમ નિર્ધાર હતો કે વિ.સં. ૨૦૪૩માં બાવનજિનાલયતીર્થનો અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ યોજવો જ છે. આ માટે ક્યારેક તેઓ સમયાભાવે દિવસ-રાત્રિના પ્રવાસો કરતા કરતાં મધ્યરાત્રિએ કોઠીપોળ ઉપાશ્રયે આવે, પૂજયશ્રી સાથે જાતજાતની વિચારણાઓ કરે અને ત્રણ વાગ્યે મુંબઇ તરફ વિદાય થઇ જાય. કાર્ય ઘણું બાકી હતું. પરંતુ શેઠનો નિશ્ચય અડગ હતો. જાણે કે ભાવિનો અલગ ભેદ જ એમણે આ દૃઢતા દાખવવા પ્રેરી રહ્યો હતો. પૂજયશ્રીએ તમામ માર્ગદર્શન-પ્રેરણા આપી દેવચંદ શેઠને સામેથી સૂચિત કર્યું કે ''આ જબરજસ્ત મહાન પ્રભાવક પ્રસંગ છે. શાસનની-સમુદાયની શોભા વધે એ માટે મુંબઇમાં પૂ. જયાનંદસૂરિજી મ. ને તથા રાયપુર (છત્તીસગઢ)માં ચાતુર્માસસ્થિત પૂ. કનકરત્નસૂરિજી મ.ને પણ વિનંતિ કરો. અમે સહુ વડોદરાથી ફાગણ માસમાં ત્યાં આવી જઇશું. પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયના જે જે શ્રમણો આવી શકે તે તે તમામને આમન્ત્રિત કરાય.'' દેવચંદ શેઠે એ ભાવના વધાવી લીધી. પૂજયશ્રીએ વડોદરામાં સ્થિરતા છતાં ત્યાંથી બાવનજિનાલયતીર્થની કાર્યવાહી પર દૈનિક ધોરણે ધ્યાન આપી સતત પ્રેરણા કરવા માંડી.

ત્યાંથી પૂજયશ્રી મુંબઇ જતાં પૂર્વે જન્મભૂમિ ડભોઇતીર્થની યાત્રાએ પધાર્યા. ત્યાં યોગાનુયોગ બે મોટા પ્રસંગો ઉપસ્થિત થયાઃ એક, પૂજયપાદ સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવરની કાલધર્મત્રિશતાબ્દી ઉજવણી. અને બે, પૂજયપાદ પ્રવચનપ્રભાવક આ.ભ. શ્રી મોહનસૂરીશ્વરજી મ.સા.ની ૪૩મી કાલધર્મતિથિની ઉજવણી. તે પૈકી પૂ. મહોપાધ્યાયજીની ત્રિશતાબ્દી ઉજવણી સમગ્ર શાસનમાં થઇ રહી હતી. ક્યાંક એ નિમિત્તે પૂ. મહોપાધ્યાયજીના ગ્રન્થો પ્રકાશિત થતા હતા. તો ક્યાંક 'શ્રુતાંજલિ' જેવા વિશેષાંક પ્રગટ થતા હતા. ડભોઇતીર્થ તો પૂ. મહોપાધ્યાયજીની અંતિમ ચાતુર્માસભૂમિ અને અંતિમ સમાધિભૂમિ. એથી ત્યાં પૂજયશ્રીએ એની ઉજવણી ખાસ કરાવી. પૂ. મહોપાધ્યાયજી વિશે પ્રવચનમાળા-પાઠશાળાના વિદ્યાર્થીઓની સરસ વકતૃત્વસ્પર્ધા-નિબંધલેખન-યશોવાટિકાયાત્રા અને ત્યાં ગુણાંજલિપ્રવચન આદિ થયા, તો પૂ. મોહનસૂરિદાદાની પુણ્યતિથિ પોષ શુદિ નોમે યશોવાટિકાસ્થિત તેમના ગુરુમંદિરની યાત્રા તથા ગુણાનુવાદસભા થઇ. પૂજયશ્રીનાં એ પ્રવચનોમાંથી જ ત્યારે મારા જેવા કૈંકને પૂ. મહોપાધ્યાયજી અંગે ઘણી નવી બાબતો જાણવા મળી, તો પૂ. મોહનસૂરિદાદાના અંતિમ દિવસોની સિલસિલાબદ્ધ ઘટનાઓનો ય ખ્યાલ આવ્યો. ડભોઇતીર્થથી પ્રયાણના સમયે પૂજયશ્રીએ ત્યાં બારમાસી-કાયમી આયંબિલખાતાનો પ્રારંભ કરવાની પ્રેરણા કરતા એના ટ્રસ્ટીગણે તે ઝીલી લઇ કાયમી આયંબિલખાતું શરુ કર્યું. પૂજયશ્રીએ તે માટે આર્થિક પ્રેરણાની જવાબદારી સ્વીકારી.

ત્યાંથી પૂજયશ્રી ક્રમશઃ વિહાર કરી ભરુચ-અંકલેશ્વર થઇ પાનોલીગામે પધાર્યા. આ એ વિહારધામ હતું જયાં પૂ. યુગદિવાકર ગુરુદેવે ૩૩ વર્ષ પૂર્વે રાત્રિમુકામની વ્યવસ્થા કરાવી હતી. ત્યાંના ટ્રસ્ટની વિનંતિથી પૂજયશ્રીએ એનો જીર્ણોદ્ધાર કરાવી ત્યાં ગોચરી આદિની સર્વ સુવિધા ઉપલબ્ધ કરાવી. આ માટે જે દાતાઓએ દાન આપ્યા હતા તેમના હસ્તે વિવિધ વિભાગોનો ઉદ્ઘાટનસમારોહ પૂજયશ્રીનાં સાન્નિધ્યમાં યોજાયો અને ગુરુભક્તિવશ પૂજયશ્રીએ એ સ્થાનનું નૂતન નામકરણ કર્યું 'ધર્મવિહારધામ.' ત્યાંથી પૂજયશ્રી ક્રમશઃ મુંબઇ પધાર્યા. ત્યારે પણ પહેલા ચેમ્બુર-ગોડીજી-વાલકેશ્વરના જિનાલયોની યાત્રા કરી અને પછી ભાયંદરમાં બાવનજિનાલયતીર્થના ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ પ્રસંગે ભવ્ય સામૈયાં સાથે પધાર્યા.

અહીં પૂજયશ્રીનાં માર્ગદર્શન મુજબ દિન-રાત તીર્થપ્રતિષ્ઠાની ઐતિહાસિક કાર્યવાહી ચાલી. એક તરફ છેલ્લે છેલ્લે અઢીસો કારીગરો દ્વારા જિનાલયની કુલિકાઓ-શિખરો-પબાસનો આદિનાં કાર્યો ચાલે, તો બીજી તરફ રોજે રોજ જયપુરથી આવતી પ્રભુ


પ્રતિમાજીઓસંબંધી વ્યવસ્થા ચાલે. એમાં ૫૧ ઇંચના ભવ્ય મૂલનાયક દાદા હતા, તો એટલા જ વિશાલ ભૂગર્ભગૃહના મૂલનાયક દાદા પણ હતા. ૧૬૦ થી વધુ તો આરસપ્રતિમાઓ આ તીર્થ માટે હતા, ઉપરાંત બહારથી આવેલ પ્રતિમાઓ અને ધાતુપ્રતિમાઓ અલગ. આ બધા પ્રતિમાજીઓ પર સંસ્કૃત લેખો લખવાનું કાર્ય પૂજ્યશ્રી દ્વારા ચાલે, તો સત્તર સત્તર દિવસના મહોત્સવની તડામાર તૈયારીઓ ચાલે. ભાયંદરમાં જૈન વસતિ ત્યારે પણ ખૂબ. એથી એને અનુરૂપ વિરાટ મેદાનોમાં ઉજવણીમંડપની અને સંઘજમણની વ્યવસ્થાઓ કરાઇ. વિધિકાર-સંગીતકારોની વ્યવસ્થાઓ, શતાધિક પૂ. સાધુ-સાધ્વીજીની વસતિવ્યવસ્થાઓ, કુલિકાઓ આદિના પ્રતિષ્ઠાલાભાર્થી પરિવારોની ઉતારાવ્યવસ્થા, પ્રતિષ્ઠાની ઉછામણીઓ વગેરે અઢળક કાર્યો અંગે દેવચંદ શેઠ-એમના મુખ્ય વારસદાર સુપુત્ર સુરેશભાઇ-સંઘના અગ્રણીઓ શશીકાંતભાઇ સીરોયા-રાજેન્દ્રભાઇ વગેરે સતત પૂજ્યશ્રી સાથે મન્ત્રણાઓ કરતા રહે. સંઘમાં ગુજરાતી-રાજસ્થાની વગેરે મિશ્ર વસતિ હતી. એથી એક-બે વાર મોટો વિવાદ થઇ જાય એવી ભૂમિકા ય આવી. પરંતુ પૂજ્યશ્રીએ ક્યાંક કુનેહથી તો ક્યાંક મક્કમતાથી પરિસ્થિતિ પૂર્ણ નિયન્ત્રણમાં રાખી અને ચડતા ઉલ્લાસનો માહોલ જમાવ્યો. મહોત્સવમાં પૂરા સમુદાયની નિશ્રા ભલે હતી, પરંતુ ઉપરોક્ત તમામ કાર્યવાહી એકછત્રીપણે પૂજ્યશ્રીનાં સુકાનમાં જ ચાલતી. ચૈત્ર વદિ-૧૧, તા. ૨૪-૪-૮૭ થી વૈશાખ શુદિ ૧૨, તા. ૧૦-૫-૮૭ સુધી સત્તર દિવસનો શાનદાર અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો.

આ મહોત્સવની મુખ્ય ઘટનાઓ હતી (૧) પૂજ્યશ્રી દ્વારા વિધિવિધાનો અને કલ્યાણઉજવણી પ્રસંગે અપાતી માર્મિક સમજ. એનાથી હજારો ભાવિકો અનુષ્ઠાનોમાં ઉલ્લાસભેર સામેલ થતા. (૨) મહોત્સવ પ્રસંગે મહારાષ્ટ્રસરકારના મન્ત્રીઓનું આગમન. એમાંના એક જૈન મન્ત્રી ચન્દ્રિકા કેનિયાએ જેટલું સરસ વક્તવ્ય આપ્યું એનાથી સવાયું પ્રભાવશાળી વક્તવ્ય પૂજ્યશ્રીએ તત્કાલ ફરમાવ્યું હતું. (૩) બારથી પંદર હજાર ભાવિકોના સતત સત્તર દિવસ બપોરનાં સાધર્મિકવાત્સલ્યો-ત્રણ ભવ્ય વરઘોડા-રથયાત્રાદિ (૪) ભાયંદરમાં ત્યારે પાણીની સુવિધાઓ ન હોવાથી ટેન્કરથી પાણી આવતા હતા. છતાં સતત સત્તર દિવસ તમામ સાધર્મિકો માટે ઉત્તમ વ્યવસ્થાઓ (૫) પ્રતિષ્ઠાનાં મંગલ મુહૂર્તે એક સાથે બાવન-બાવન શિખરો પર ધ્વજા લહેરાઇ ત્યારે આસપાસના તમામ રાજમાર્ગો પર કીડિયારાની જેમ માનવમેદનીની ઉપસ્થિતિ (૫) પ્રતિષ્ઠામહોત્સવના પ્રથમ દિને જ પૂજ્યશ્રીને આચાર્યપદપ્રદાન કરવા સકલ સંઘે કરેલ અત્યંત જુસ્સાદાર ભાવુક વિનંતિઓ ઇત્યાદિ. આ જ મહોત્સવમાં પૂજ્યશ્રીએ દેવચંદ શેઠ વગેરેને પ્રેરણા કરી તીર્થોન્નતિ માટે અલગ અધિષ્ઠાયક સંકુલ-ભવ્ય ધર્મશાળાનિર્માણાદિનાં આયોજનો કરાવ્યા. વૈશાખ શુદિ દશમી વીર પ્રભુના કૈવલ્યજ્ઞાનદિનની રાત્રિએ શુભ નવમાંશે તમામ પ્રતિમાની અધિવાસના-અંજનવિધાન થયું અને અગિયારશે -શાસનસ્થાપનાદિને શુભ મુહૂર્તે સર્વે પ્રભુજીઓની પ્રતિષ્ઠા થઇ.

સમગ્ર મુંબઇના સંઘોમાં જે પ્રતિષ્ઠાની યશોગાથાના પડઘા સર્જાયા તે આ બાવનજિનાલયતીર્થની પ્રતિષ્ઠા બાદ માત્ર સવા બે માસમાં તીર્થના મૂલાધાર દેવચંદ શેઠ એક અકસ્માત્માં અવસાન પામતાં બાવનજિનાલય સંઘમાં-શેઠના સમાજ હરસોલ સત્તાવીશ જ્ઞાતિમાં અને મુંબઇના સંઘોમાં શોકનું મોજું ફરી વળ્યું. પૂજ્યશ્રીએ હરસોલજ્ઞાતિની વિશાલ સભામાં શાંતિપાઠ સંભળાવ્યા બાદ યાદગાર શબ્દો ઉચ્ચાર્યા કે: ''દેવચંદ શેઠ અવસાન પામ્યાનો શોક કરવાની જરૂર નથી. એ એમનાં જીવનનું શ્રેષ્ઠ સ્વપ્ન બાવનજિનાલયતીર્થનું પ્રતિષ્ઠાકાર્ય જાતે માણીને ગયા એ જ મોટું સૌભાગ્ય છે. આ પ્રતિષ્ઠા દ્વારા એમણે ઉપાર્જિત કરેલ પુણ્ય એવું પ્રચંડ હશે કે માનવદેહે એનો ભોગવટો શક્ય નહિ હોય. માટે એ દેવલોકે સિધાવ્યા હશે.'' દુઃખદ ઘટનાને પણ '**Positive**' વળાંક આપવાનું પૂજ્યશ્રીનું કૌશલ્ય આ શબ્દોમાં પ્રતિબિંબિત થાય છે.

બાવનજિનાલયતીર્થપ્રતિષ્ઠા પછીના સમયખંડમાં પૂજ્યશ્રી કાંદિવલી-પૂર્વના ધર્મશાંતિધામમાં વૈશાખ વદિ-૧, તા ૧૪-૫-૮૭ તથા વૈશાખ વદિ ૮, તા. ૨૦-૫-૮૭ના શુભ દિને યોજાયેલ શ્રી શંખેશ્વરપાર્શ્વપ્રભુના ત્રિશિખરીય ભવ્ય જિનાલયના ખનન-શિલાન્યાસાદિમાં સકલ સમુદાય સાથે ઉપસ્થિત રહી અન્યાન્ય ધર્મકાર્યો બાદ વિ.સં. ૨૦૪૩નાં ચાતુર્માસ માટે કાંદિવલી-વેસ્ટના શ્રી મુનિસુવ્રતજિનાલય સંઘમાં આષાઢ શુદિ ત્રીજે પધાર્યા. પંચમાંગ શ્રી ભગવતીજી સૂત્ર પર પૂજ્યશ્રીનાં મનનીય પ્રવચનો-અખંડ જાપ સહ સામૂહિક તપસ્યાઓ-સાધ્વીવૃંદમાં સમવસરણ સિંહાસનતપ વગેરે ઉપરાંત સંઘનાં સ્થાયી કાર્યરૂપે પર્યુષણામહાપર્વમાં આયંબિલખાતા અંગે પ્રેરણા કરાતા જૂજ સમયમાં ₹. સાત લાખનું માતબર ફંડ તે કાળે થઇ ગયું. આ ઉપરાંત પૂજ્યશ્રીનાં જીવનમાં વ્યક્તિગત આરાધના અને અધ્યાપનરૂપે પણ એ ચાતુર્માસ ઉલ્લેખનીય રહ્યું.

પૂજ્યશ્રીએ એ સંપૂર્ણ ચાતુર્માસમાં એકાસણાનો તપ અખંડપણે કરી વર્ષોથી બાકી રહેલ આરાધના પૈકી ૨૩મા તીર્થંકરપ્રભુ સુધીની આરાધના જાપ સહિત કરી આ જ રીતે તે પછીનાં વર્ષે પણ પૂજ્યશ્રીએ સંપૂર્ણ ચાતુર્માસ એકાસણા કરી ૨૪મા પ્રભુની આરાધના બાદ શ્રી નવકારમન્ત્રના ૬૮ અક્ષરોની આરાધનારૂપ તપ કર્યો.






મહતકાકાનો દીક્ષામહોત્સવ એટલે મહેફિલ જ મહેફિલ

જેમના અતિ ભવ્ય દીક્ષા મહોત્સવમાં 'ડભોઇના રાજા દીક્ષા લે... વાહ ભાઇ વાહ' જેવા સૂત્રોચ્ચારો થયા હતા તે ડભોઇતીર્થના સંઘપ્રમુખ તથા ટોચના નગરાગ્રણી શ્રી મહતભાઇ કંસારાએ ૮૦ વર્ષની વયે પૂજ્યશ્રીના વરદ હસ્તે દીક્ષા અંગીકાર કરી તે મહોત્સવની છે આ રંગીન-સંગીન ઝલકો











મફતકાકાનો
દીક્ષામહોત્સવ
એટલે
મહેફિલ જ મહેફિલ

મફતકાકાનો
દીક્ષામહોત્સવ
એટલે
મહેફિલ જ મહેફિલ







અધ્યાપનક્ષેત્રે આમ તો તેઓ પ્રતિવર્ષ મને તથા અન્યોને અભ્યાસ કરાવતા જ હતા. પરંતુ આ ચાતુર્માસમાં એ અંગેનો જુસ્સો ઓર હતો. ત્યારે મને તથા મારા સાંસારિક બેનો સા. શ્રી વિશ્વરત્નાશ્રીજી-વિશ્વધર્માશ્રીજીને સિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસન-લઘુવૃત્તિનો અભ્યાસ ચાલતો હતો. એ એક જ ચાતુર્માસમાં અમને પૂજયશ્રીએ ત્રીજા અધ્યાયના ત્રીજા પાદથી સાતમા અધ્યાયની સમાપ્તિ સુધીનું સંપૂર્ણ વ્યાકરણ કરાવી દીધું. પ્રતિદિન વીશ વીશ સૂત્રોનો પાઠ નિયમિત ચાલે જ. પૂજયશ્રીએ એ વર્ષે ખૂબ ભણાવ્યું અને અમે ખૂબ ભણ્યા ય ખરા. આ ઉપરાંત દ્વયાશ્રયમહાકાવ્ય વાંચન અલગ...

ચાતુર્માસનાં અંતિમ ચરણમાં ઉપસ્થિત થયો પૂજયશ્રીને આચાર્યપદારૂઢ કરવાનો મંગલ નિર્ણય. આમ તો વિ.સં. ૨૦૩૮ના મલાડ-દેવચંદનગરમાં થયેલ ઉપધાનતપ સમયથી પૂજયશ્રીને આચાર્યપદપ્રદાનની વિનંતિ સંઘો દ્વારા અવારનવાર જાહેર મંચ પરથી થતી હતી. કારણ કે પૂજયશ્રી એક સમર્થ શાસનપ્રભાવક-વ્યુત્પન્નવિદ્વાન-વિશદવ્યાખ્યાતા-અચ્છા આરાધક-બહુમુખી પ્રતિભાસંપન્ન અને અનેક ગુણનિધાન પુણ્યાત્મા હતા. છેલ્લા દોઢ વર્ષમાં એમના હસ્તે જે શાસનપ્રભાવનાઓની વણઝાર સર્જાઇ અને એમાં પણ શિખર પર સુવર્ણકલશારોપણ સમ ભાયંદર-બાવન જિનાલયતીર્થનો ઐતિહાસિક અંજનશલાકા-પ્રતિષ્ઠામહામહોત્સવ એમણે જે કૌશલ્યથી દીપાવ્યો એ જોતાં અનેક ગુરુભક્ત સંઘોને લાગતું હતું કે 'હવે પૂજયશ્રીનું આચાર્યપદારોહણ સત્વર થવું જ જોઇએ. પૂજયશ્રી અનિચ્છા દર્શાવે તો ય હવે આમાં વિલંબ ન જ ચાલે.' આમ પણ પૂજયશ્રીને સંયમપર્યાયના ચાલીશ ચાલીશ વર્ષો પૂર્ણ થવા આવ્યા હોવાથી સંઘોની એ તમન્નામાં તથ્ય તો હતું જ. એમાં મુંબઇના કાંદિવલી વગેરે સંઘોની સાથે અગ્રેસર ભૂમિકા અદા કરી અંધેરી-પૂર્વના જૈન સંઘે.

ત્યાંના અગ્રણી ટ્રસ્ટીઓ શ્રી રસિકલાલ કેશવલાલ શાહ તથા શ્રી અશોકભાઇ પોપટલાલ શાહે દિલચશ્પીથી પ્રયત્નો કરતા આચાર્યપદપ્રદાનની મજબૂત ભૂમિકા રચાઇ. વિ.સં. ૨૦૪૪નાં જ્ઞાનપંચમીના પર્વે પૂજયશ્રીને અંધેરી-પૂર્વ જૈન સંઘે વિનંતિ કરીને પોતાનાં આંગણે પધરામણી કરાવી અને ત્યાં મુંબઇના અનેક સંઘોની ઉપસ્થિતિયુક્ત સભામાં, પૂ. સાહિત્યકલારત્ન આ.ભ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.ના શુભાશીર્વાદપૂર્વક પૂ. શતાવધાની આ.ભ.શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા.ના વરદ હસ્તે આચાર્યપદપ્રદાનની જય ભારે હર્ષોલ્લાસપૂર્વક બોલાવાઇ. સમુદાયમાં અને શાસનમાં જયાં જયાં આ સમાચાર પ્રસર્યા ત્યાં ત્યાં આનંદની લહેરો ફેલાઇ ગઇ. કેમ કે અન્ય સમુદાયોના પણ અનેક વરિષ્ઠ આચાર્ય ભગવંતો દ્વારા આચાર્યપદ ગ્રહણ કરવાના સંદેશા પૂજયશ્રીને અવારનવાર આવતા હતા. એમાં પૂ. પ્રશાંતમૂર્તિ આ.ભ.શ્રી પ્રેમસૂરીશ્વરજી મ.સા. ખાસ સંદેશો પાઠવતા હતા. હજુ સાતેક માસ પૂર્વે વડોદરાથી મુંબઇ તરફની વિહારયાત્રામાં સુરતમાં તેઓની રૂબરૂ મુલાકાત થઇ ત્યારે પણ તેઓશ્રીએ આચાર્યપદ અંગીકાર કરવા વિશેષ આગ્રહ કર્યો હતો. આચાર્ય પદપ્રદાનનો શુભ દિન હતો કાર્તિક વદિ પ્રથમ સાતમ અને સ્થળ હતું અંધેરી-પૂર્વ જૈન સંઘ.

તાત્કાલિક અગિયાર દિવસના ભવ્ય આચાર્યપદપ્રદાનમહોત્સવનું આયોજન થયું અને તેનો સંપૂર્ણ લાભ લીધો માતુશ્રી હીરાબેન પોપટલાલ શાહ પાટણવાળા હ. અશોકભાઇ નિરંજનભાઇએ. એ પછી ત્વરિત પ્રસંગને અનુરૂપ ચતુરંગી આકર્ષક આમન્ત્રણપત્રિકા પ્રગટ થઇ. કાર્તિક શુદિ બારશ, તા. ૨-૧૧-૮૭ના દિને મહોત્સવનો પ્રારંભ થયો. કાર્તિક વદિ એકમ અને બીજ સુધી મુંબઇસ્થિત પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયના પૂ. વિશદવક્તા આ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મ. પ્રમુખ સર્વે શ્રમણ-શ્રમણીભગવંતો પધારી ચૂક્યા હતા, તો પદપ્રદાનના પૂર્વદિને ડહેલાવાળા પૂ.આ.શ્રી મહાનંદસૂરિજી મ.-પૂ. આ.શ્રી યશોભદ્રસૂરિજી મ. આદિ તેમજ પૂ.આ.શ્રી કેશરસૂરીશ્વરજી મ.ના ગણનાયક પૂ.પં. શ્રી હેમપ્રભવિજયજી ગણિવર આદિ પણ પધાર્યા હતા. એક સો પચાસથી અધિક સાધુ-સાધ્વીજી ત્યારે આ મહોત્સવમાં પધાર્યા હતા. વિવિધ મહાપૂજનો-અનુષ્ઠાનો સાથે જાજરમાન મહોત્સવ આગળ વધતો ગયો તેમ તેમ અનેક સમુદાયોના નાયક પૂ. આચાર્યદેવો તરફથી શુભેચ્છાનાં પત્રો-કામળ આદિ આવતા ગયા. પદપ્રદાનના બે દિવસ પૂર્વે મુંબઇના અગ્રણી અખબારોમાં આચાર્યપદપ્રદાનસમારોહની વિશાલકાય જાહેરખબરો મુંબઇના દોઢસોથી વધુ સંઘોની સહીઓ સાથે પ્રકાશિત થતા મુંબઇમાં આચાર્યપદારોહણનો જોરદાર માહોલ જામ્યો. અને... આવ્યો કાર્તિક વદિ પ્ર.૭, તા. ૧૨-૧૧-૮૭, ગુરુવારનો મંગલદિન.

મુંબઇ-પૂના-સુરત-નવસારી-વડોદરા-અમદાવાદ-પાલિતાણા વગેરે દૂર-સુદૂરના સંઘોમાંથી અગ્રણીઓ-ભાવિકો અંધેરી સંઘમાં પધાર્યા. મુંબઇના એ દિવસના માહોલનું શબ્દચિત્ર દોરતા 'કલ્યાણ' સામયિકનો ડિસેમ્બર-૧૯૮૭નો અંક જણાવે છે કે ''અંધેરી-પૂર્વમાં તે દિવસે વહેલી સવારથી જૈન ભાવિકોની ભારે ભીડ જામી હતી. હજારોની સંખ્યામાં લોકોનો પ્રવાહ મુંબઇ શહેર-પરાઓ તથા બહારગામોમાંથી અંધેરી તરફ વહી રહ્યો હતો.'' બરાબર ૮.૦૦ ક. અંધેરી સંઘના ઉપાશ્રયેથી પૂજયશ્રી સહિત સમસ્ત મુનિસમુદાયનું વાજતે-ગાજતે પ્રયાણ થયું. આચાર્યપદપ્રદાન મહોત્સવના સંપૂર્ણ લાભાર્થી ગુરુભક્ત માતુશ્રી હીરાબેન પોપટલાલ શાહ પરિવારનાં આંગણે આરતી બિલ્ડીંગના વિશાલ પરિસરમાં નિર્મિત 'ધર્મપ્રતાપનગર' મંડપમાં પૂજયોનું પદાર્પણ થયું તે પૂર્વે પૂરો મંડપ ભાવિકોથી છલકાઇ ગયો હતો. સંગીતસૂરાવલિ અને

જયનાદો સાથે પૂજયશ્રી દ્વારા ચતુર્મુખ પ્રભુજીને પ્રદક્ષિણા-નંદીક્રિયા-નંદીસૂત્રશ્રવણ-સૂરિમન્ત્રપટસમર્પણ-સૂરિમન્ત્રપ્રદાનાદિ એકેક વિધિવિધાન થતા ગયા તેમ તેમ ભાવિકો તેને અહોભાવભરી આંખે નિહાળતા ગયા. 'કલ્યાણ' માસિકના અહેવાલનો અન્ય એક અંશ નિહાળીએ તો એમાં લખાયું હતું કે ''જૈનશાસનમાં આચાર્યપદનું અતિ મહત્ત્વ રહેલું છે. દીક્ષા-સંયમપર્યાયના અનેક વર્ષો બાદ કઠિન આચારધર્મ અને સાધના પછી આચાર્યપદ અર્પણ કરાય છે. જૈનશાસનની રક્ષા-પ્રભાવના અને શાસનને દેદીપ્યમાન બનાવવાની ભાવનાને બલવત્તર અને દૃઢ કરવાના આશય સાથે આ પદપ્રદાન થાય છે. આ અંગેની ધાર્મિક ક્રિયાઓ જાણે કોઇ રાજ્યાભિષેક જેવી હોય છે. જેમાં આ આચાર્યપદપ્રદાન દ્વારા ધર્મશાસનનું સૂકાન સંભાળવાની જવાબદારી સુપરત થાય છે.'' જાણે કે આ અહેવાલમાં વ્યક્ત થતા ભાવોનો ભાવિકો આચાર્યપદપ્રદાન સમયે સચોટ સાક્ષાત્કાર કરતા હતા. એમાં ય જ્યારે પદપ્રદાતા પૂ.આ.ભ.શ્રી જયાનંદસૂરીશ્વરજી મ. તથા અન્ય સર્વ આચાર્યદેવો આદિએ નૂતન આચાર્યને વંદન કર્યા ત્યારે સમગ્ર સભા જૈનશાસનની આ વિશિષ્ટ અને અર્થગર્ભિત શૈલી પ્રત્યે અહોભાવથી ઓવારી ગઇ-કેટલાયની આંખોમાં હર્ષાશ્રુ છલકાઇ ઊઠ્યા !!

આચાર્યપદપ્રદાનના આ સમારોહમાં પૂજયશ્રીને સૂરિમન્ત્રપટ વહોરાવવાનો લાભ તે કાળે ₹.એક લાખની ઉછામણી સાથે પૂજયશ્રીના સાંસારિક વડીલબંધુ શ્રી હીરાલાલ ચીમનલાલ શાહ તથા જયસુખભાઇ ગાંધીએ લીધો. જ્યારે કામળ અર્પણ કરવાનો લાભ ₹.પાંસઠ હજારની ઉછામણી સાથે શ્રીમતી હીરાબેન પોપટલાલ શાહ પરિવારે લીધો હતો. આ ઉપરાંત જીવદયાનિધિ માટે પૂજયશ્રીએ તત્કાલીન દુષ્કાળના ઉલ્લેખ સાથે માર્મિક પ્રેરણા કરતા ₹. એકવીશ લાખનું માતબર ફંડ થયું. આ જ દિવસે પાનોલીના ધર્મવિહારધામમાં સાધુ-સાધ્વીવૈયાવચ્ચ માટે ₹. ૧,૧૧,૧૧૧નું દાન નંદીબા ટ્રસ્ટ દ્વારા અપાયું. સમગ્ર આચાર્યપદપ્રદાન મહોત્સવનો લાભ જે પરિવારે લીધો હતો તેના વડીલ હીરાબાને આ પ્રસંગે અંધેરી-પૂર્વ સંઘે 'વીરમાતા' બિરૂદથી નવાજ્યા કે જેમણે અશોકભાઇ-નિરંજનભાઇ જેવા ઉદારદિલ સુપુત્રોને સંઘની સેવામાં જોડ્યા હતા. અંતે એ પરિવાર તરફથી પૂજયશ્રીનું સુવર્ણમુદ્રાથી પૂજન કર્યું. આ જ સમારોહમાં પૂ. પં. શ્રી મહાનંદવિજયજી ગણિવરને પણ આચાર્યપદપ્રદાન થયું.

આ પ્રભાવક આચાર્યપદપ્રદાનમહોત્સવનું બયાન સમાપ્ત કરતા આપણે ટાંકીશું પૂર્વોક્ત 'કલ્યાણ' સામયિકના અહેવાલનો અંતિમ અંશ કે ''આ અપૂર્વ-અદ્‌ભુત-ચિરસ્મરણીય અને શાનદાર રીતે ભારે દબદબાપૂર્વક ઉજવાયેલ આચાર્યપદાર્પણ મહોત્સવે ૩૭ વર્ષ અગાઉ વિ.સં. ૨૦૦૭માં મુંબઇ-ભાયખલાનાં આંગણે ઉજવાયેલ પ.પૂ. આચાર્યભગવંત શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજશ્રીના ઐતિહાસિક-અજોડ અને યાદગાર આચાર્યપદાર્પણમહામહોત્સવની સ્મૃતિને તાજી કરાવીને એનું અલ્પ દર્શન કરાવ્યું હતું.''

ત્યારથી 'પૂજય આચાર્યદેવ શ્રીમદ્ વિજય સૂર્યોદયસૂરીશ્વરજી મહારાજ' ના નામે જગજીભે ગવાઇ રહેલ પૂજયશ્રીને ભક્તિપૂર્ણ હૈયે વંદન કરતાં આપણે જરાક શબ્દફર્ક સાથે ગાઇએ આ સ્તુતિ કે :-

રહીને તમારાં શરણમાં હું મોક્ષમાર્ગે સંચરું,
રહીને તમારાં શરણમાં આચારપાલન હું કરું;
રહીને તમારાં શરણમાં સંસારસાગર ઝટ તરું,
હે સૂરિ સૂર્યોદય! તમારાં શરણમાં રાખો મને...



પ્રકરણ : ૨૬

‘સૂર્યોદય’નાં તેજ : વિરલ જીવનવૈભવ...

પંચપરમેષ્ઠિના તૃતીય પદે વિરાજમાન વિરલ વિભૂતિરૂપ આચાર્ય ભગવંતો. સ્વકીય જીવનનાં સ્તરે એ આરાધનાપ્રધાન હોય છે, તો શાસનનાં સ્તરે એ પ્રભાવનાપ્રધાન અને રક્ષાપ્રધાન હોય છે. આચાર્ય ભગવંતો એટલે આરાધના-પ્રભાવના-રક્ષાની સાક્ષાત્ ત્રિમૂર્તિ. શ્રી તીર્થંકર ભગવંતોની અનુપસ્થિતિમાં એ જિનશાસનના રાજા ગણાય છે, તો શુદ્ધ પ્રરૂપણાગુણનાં કારણે તેઓ માટે શાસ્ત્રકારોએ ‘તિત્થયરસમો સૂરિ’ જેવી અદ્‌ભુત પંક્તિ પણ ફરમાવી છે. એમની વિશિષ્ટતાનો વૈભવ માત્ર છત્રીશ ગુણોમાં જ સમાવેશ પામી જતો નથી. શાસ્ત્રકારોએ એમનાં ગુણવર્ણન કાજે છત્રીશ ગુણોની એક-બે નહિ, છત્રીશ છત્રીશીઓ દર્શાવી છે. એથી જ ‘આચાર્યપદપૂજા’ માં જણાવાયું છે કે : ‘છત્રીશ છત્રીશી ગુણે, શોભિત સમયમાં દાખ્યા રે...’

જેમ આ પંક્તિ દ્વારા આચાર્ય ભગવંતોને ગુણોની છત્રીશ છત્રીશીઓથી અલંકૃત જણાવ્યા છે તેમ, ‘ઉપદેશમાલા’ ગ્રન્થની ‘પડિરૂવો તેયસ્સી૦’ આદિ બે ગાથા દ્વારા એમને પંદર અદ્‌ભુત વિશેષતાઓથી વિભૂષિત પણ જણાવાયા છે. એમાં એમને અંશતઃ તીર્થંકર ભગવંત સમા અને પ્રભાવ-વર્ચસ્વ આદિ દ્વારા યુગપ્રધાનતુલ્ય જેવાં વિશેષણોથી નવાજવામાં આવ્યા છે. ભાવાચાર્ય ભગવંતોના ગુણવૈભવની બાહ્ય-અભ્યંતર ઝલકો આ બધા આચાર્યપદનાં નિરૂપણોમાં ઝિલાય છે...

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી હવે આ તૃતીયપદે-આચાર્યપદે અભિષિક્ત થયા હતા. એમનામાં પણ અનેકાનેક વિરલ વિશિષ્ટ ગુણોનો વૈભવ વિલસતો હતો કે જે એમના વિચારોમાં અને વાણીમાં, પ્રવૃત્તિમાં અને પરિણતિમાં ખૂબ સરસ પ્રતિબિંબિત થતો હતો. આવો, આ પ્રકરણમાં આપણે એ વિરલ ગુણવૈભવના કેટલાક અંશો ઘટનાઓનાં માધ્યમે જાણીએ-માણીએઃ

(૧) **તેજસ્વી તર્કશક્તિ :** વિ.સં. ૨૦૪૨. વડોદરા-કોઠીપોળ સંઘમાં પૂજ્યશ્રીનાં ચાતુર્માસમાં યોજાયેલ શ્રી ભગવતીસૂત્રનાં પ્રવચનો દરમિયાન, ભગવતી સૂત્રની ઘટના ચક્રવર્તીના જયકુંજર (હસ્તી)ની સાથે, ટીકાના આધારે પૂજ્યશ્રી કરતા હતા. તેમાં 'જ્ઞાનચરણનયનયુગલસ્ય' વિશેષણની વિવેચના સમયે શાસ્ત્રીય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને સમજાવવાની પૂર્વભૂમિકારૂપે ગૃહસ્થવર્ગની રોજિંદી બાબતનું ઉદાહરણ આપતાં પૂજ્યશ્રીએ કહ્યું કે ''કલ્પના કરો કે તમે ઘરેથી જિનાલયે આવતી વેળાએ સત્કાર્યમાં લાભ લેવા ₹. સોની નોટ ખીસ્સામાં મૂકી. જિનાલયના દ્વારે જ કાંઇક લેવા જતા એ નોટ તમારા ધ્યાન બહાર દ્વાર વચ્ચે પડી ગઇ. તમે જિનાલયની પેઢીમાં ₹. સોનું દાન લખાવી તે રકમ આપવા તૈયાર થયા... વાસ્તવિક રૂપે નોટ હાલમાં ખિસ્સામાં ન હોવા છતાં 'નોટ ખીસ્સામાં છે' એવો જે ભ્રમ તમારામાં છે એ મિથ્યાદર્શન જેવી અવસ્થા છે. તે પછી ખીસ્સામાં હાથ લંબાવ્યા બાદ ખીસું સાવ ખાલી દેખાતાં 'નોટ નથી' એવી જે પ્રારંભિક પ્રતીતિ થઇ તે સમ્યગ્દર્શન જેવી અવસ્થા છે. આ ક્ષણે જ માનો કે તમારી દૃષ્ટિ દ્વાર તરફ જતાં ત્યાં તમને પેલી ₹. સોની નોટ દેખાઇ અને તમને '₹. સોની નોટ ત્યાં જ છે' એવો જે સુસ્પષ્ટ અવબોધ થયો તે સમ્યગ્જ્ઞાન જેવી અવસ્થા છે. ત્યારબાદ તમે ચાલીને દ્વાર સુધી જાવ-નોટ લેવા હાથ લંબાવો-નોટ ખીસ્સામાં મૂકો આ બધી ક્રિયાત્મકતા સમ્યક્ચારિત્ર જેવી અવસ્થા છે...

પૂજ્યશ્રી આ રીતે લૌકિક ઉદાહરણ દ્વારા પૂર્વભૂમિકા રચીને એના પર લોકોત્તર સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું નિરૂપણ આરંભતા હતા. ત્યાં જ સભામાંથી પ્રશ્ન આવ્યોઃ 'એવું પણ બને કે પવનનો જોરદાર સપાટો આવે અને સો ₹.ની નોટ પવનમાં ઊડતી ઊડતી આપણી પાસે આવી જાય. આમાં ક્રિયાનું મહત્ત્વ ક્યાં રહ્યું?' દેખીતી રીતે જ આ પ્રશ્નમાં તર્કનો અંશ અલ્પ હતો અને મજાકનો અંશ વિશેષ હતો. પૂજ્યશ્રીએ એ જ સૂરમાં જોરદાર ઉત્તર આપ્યોઃ ''પવનનો સપાટો આવવાથી સો ₹.ની નોટ નિકટ આવવાની વાતની જેમ સિક્કાની બીજી બાજુ એ પણ છે કે તે નોટ પવનના સપાટામાં ઊડી જઇને, હોય એનાથી બે-ચાર ગણી દૂર પણ જતી રહે અને ત્યારે ક્રિયાનું મહત્ત્વ પ્રથમ કરતાં ય વિશેષ વધી જાય!!'

સમગ્ર પ્રવચનસભા આ 'જેવો પ્રશ્ન તેવો ઉત્તર'ની શૈલીથી ઝૂમી ઊઠી. પછી ક્ષણવારમાં જ પૂજ્યશ્રીએ સ્પષ્ટતા કરી : 'કદાચ પવનના સપાટાથી સો ₹.ની નોટ નિકટ આવી જાય તો પણ એને હાથ લંબાવીને લેવાની અને ખીસ્સામાં મૂકવાની ક્રિયા તો અપેક્ષિત છે જ. એથી નોટ નિકટ આવે એ શક્યતામાં ય ક્રિયાનું મહત્ત્વ સ્વીકારવું જ રહે...' અલબત્ત, લૌકિક ઉદાહરણો લોકોત્તર બાબતો સાથે સર્વાંશે ઘટિત થાય જ એવો ઐકાંતિક નિયમ નથી. છતાં ય પૂજ્યશ્રીએ લગભગ તમામ અંશે ઘટના કરી બતાવી એ બાબત તેમની તેજસ્વી તર્કશક્તિની દ્યોતક છે. આવી જ તેજસ્વી તર્કશક્તિનો અન્ય એક પ્રસંગ વિ.સં. ૨૦૪૨ની વિહારયાત્રા દરમિયાન બન્યો હતો. જે આ જ ગ્રન્થમાં પૂજ્યશ્રી સાથેના મારા અનુભવોના 'ગુરુ! રહેજો મારાં અંતરમાં' લેખમાં છે. આ બન્ને પ્રસંગોમાં પૂજ્યશ્રીની શ્રદ્ધાસંપન્નતાનાં પણ સુભગ દર્શન થાય છે...

પૂજ્યશ્રીની તેજસ્વી તર્કશક્તિનો ઉલ્લેખ કરતો એક પત્ર મારા સંગ્રહમાં છે પૂ. સાહિત્યકલારત્ન આ.ભ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.નો. તા. ૩-૧-૯૪ના પત્રમાં તેઓ પૂજ્યશ્રીને લખે છે કે ''તમોએ ત્રણ છત્રની મારી વાત યાદ રાખીને તત્ત્વાર્થસૂત્રનો પુરાવો લખ્યો તે જાણ્યું છે. XX તમને અનુકૂળતા હોય તો ત્રણ છત્રના મારા છાપેલા ફર્મા જોવા મોકલું. એમાં ઉપયોગશૂન્યતા અથવા કોઇ ગેરસમજનાં કારણે ઠીક લખાયું ન હોય તે બાબત જોવાની રહેશે. તમે તાર્કિક છો એટલે ચોકસાઇથી જોઇ શકશો. તમારો પ્રોગ્રામ જ્યાં રોકાવાના હો ત્યાંનો ચોક્કસ જણાવજો...'' વડીલ ભગવંતોને પણ પૂજ્યશ્રીની તાર્કિકતા અંગે કેવો આદર હતો તે આ પત્રમાં પ્રતીત થાય છે....

(૨) **શ્રેષ્ઠ સ્મૃતિશક્તિ :** વિ.સં. ૨૦૫૬. પૂજ્યશ્રી એ બાવનમા દીક્ષાવર્ષે સાંસારિક જન્મભૂમિ દર્ભાવતીતીર્થે સર્વપ્રથમ ચાતુર્માસ માટે પધારી રહ્યા હતા. હાલમાં જ્યાં પૂજ્યશ્રીની પ્રેરણાથી વિરાટ શ્રી ધર્મધામ-નાગેશ્વર પાર્શ્વનાથતીર્થનું નિર્માણ થયું છે એનાથી થોડે દૂરના મહાલક્ષ્મી પેટ્રોલપંપ પર પૂજ્યશ્રી વિહારક્રમમાં એક દિવસ માટે પધાર્યા. બપોરના સમયે પંપના એક ભાગીદાર શ્રાવક શ્રી જયંતિભાઇ ગાલા પૂજ્યશ્રી પાસે ધર્મચર્ચા-વાર્તાલાપ કરતા હતા. હું એ સમયે ત્યાંથી થોડે દૂર મારાં આસન પર વાંચન કરી રહ્યો હતો. વાત-વાતમાં જયંતિભાઇએ અમારા ઉતારાના ખંડની બાજુમાં જ રહેલ એમના નાનકડા બગીચા તરફ હાથ લંબાવીને કહ્યુંઃ ''આજે વિજ્ઞાને એવી પ્રગતિ કરી છે કે વનસ્પતિના રૂપ-રંગ ચાહો એ રીતે બદલી શકાય છે. અમે અહીં મરચા લાલ-લીલા-કાળા, અલગ અલગ વર્ણના ઉગાડીએ છીએ.'' તુર્ત જ પૂજ્યશ્રીએ જયંતિભાઇને કહ્યુંઃ ''આમાં કાંઇ નવીનતા નથી. નવસોથી વધુ વર્ષો પૂર્વે જન્મ ધરનાર કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યે તે કાળે એમના ગ્રન્થમાં આવો નિર્દેશ કર્યો જ છે. એમણે રચેલ એક યશસ્વી સર્જન છે 'સિદ્ધહેમચન્દ્ર શબ્દાનુશાસન' નામે સંસ્કૃત વ્યાકરણ. આ વ્યાકરણ ગ્રન્થની બૃહદ્વૃત્તિમાં 'ધાતોઃ પૂજાર્થસ્વતિ૦ (૩/૧/૧) સૂત્રનાં વિવરણમાં ધાતુ અને ઉપસર્ગના સંબંધથી થતા ધાતુના અલગ અલગ અર્થો અંગે તેમણે, તેવા પ્રકારના

દ્રવ્યોના બીજકાલીન સંબંધથી વનસ્પતિમાં વિવિધ વર્ણાદિ પરિણામ પ્રગટતો હોવાનું ઉદાહરણ આપ્યું જ છે.'' અને પછી તુર્ત પૂજ્યશ્રી બરાબર પચાસ પૂર્વે કરેલ એ બૃહદ્‌વૃત્તિમાંના બે શ્લોક સડસડાટ આમ બોલી ગયા કેઃ-

''बीजकालेषु सम्बद्धाः, यथा लाक्षारसादयः।
वर्णादिपरिणामेन, फलानामुपकुर्वते।।
बुद्धिस्थादभिसम्बन्धा,–त्तथा धातूपसर्गयोः।
अभ्यन्तरीकृतो भेदः, पदकाले प्रकाश्यते।।''

સામાન્યતઃ એમ નિહાળાય છે કે જે પાઠ કંઠસ્થ કર્યો હોય એ પાઠ જ દીર્ઘકાલ બાદ પણ સ્મૃતિમાં ઉપસ્થિત રહી શકતો હોય છે અને તે ય વારંવાર સ્વાધ્યાય-પુનરાવર્તન કરાય તો જ. જે પાઠ કંઠસ્થ ન કરાયો હોય-સ્વાધ્યાયમાં સ્થાન ન પામ્યો હોય એ સ્મૃતિગત રહેવો અશક્યપ્રાયઃ રહે. પૂજ્યશ્રીના ઉપરોક્ત પ્રસંગમાં ધ્યાનાકર્ષક બાબત આ જ છે કે એમણે બૃહદ્‌વૃત્તિ કંઠસ્થ કરી ન હતી, માત્ર વાંચી હતી. એથી પુનરાવર્તન-સ્વાધ્યાય સ્વાભાવિક જ ન હોય. છતાં પ્રસંગોપાત્ત તેઓ પચાસ વર્ષો પછી પણ આ રીતે આખેઆખા શ્લોકો બોલી ગયા એ સાંભળતા હું અક્ષરશઃ આશ્ચર્યચકિત થઇ ગયો!! આવો જ અન્ય પ્રસંગ વિ.સં. ૨૦૪૯ નાં ચાતુર્માસમાં બન્યો હતો જે આપણે આગામી પ્રકરણોમાં નિહાળીશું.

સ્મરણશક્તિના આ સંદર્ભમાં એક ખાસ નોંધવા જેવી બાબત એ છે કે અમારા યુગદિવાકરસમુદાયના તમામ શ્રમણ-શ્રમણીભગવંતોમાં અને સંલગ્ન શ્રાવકો-ટ્રસ્ટીઓમાં પૂજ્યશ્રી માટે એક છાપ મજબૂત પ્રવર્તતી હતી કે 'કોઇ પણ પ્રતિષ્ઠાની-દીક્ષાની-શાસનપ્રભાવનાદિની સંવત્-તિથિ વગેરે બાબતો જાણવી હોય તો પૂ. સૂર્યોદયસૂરિમહારાજને પૂછવું. એમને બધું બરાબર યથાવત્ યાદ હોય.' આમાં એક કારણ એ હતું કે પૂજ્યશ્રી આજીવન પૂ. યુગદિવાકરશ્રીની સાથે ને સાથે રહી તમામ કાર્યોમાં સંલગ્ન હોવાથી એમનાં ધ્યાનમાં બધું હોય એ માન્યતા હતી. અને એથી ય વિશેષ બીજું કારણ એ હતું કે પૂજ્યશ્રીની સ્મૃતિશક્તિ જડબેસલાખ હતી. એથી એમણે આપેલ તિથિ વગેરે માહિતીમાં લગભગ ફર્ક ન આવતો... મારી વાત કરું તો, પૂજ્યશ્રીની પ્રેરણાથી મેં જ્યારે સાતસો પેજનો 'યુગદિવાકર' ગ્રન્થ આલેખ્યો ત્યારે ડગલે ને પગલે પૂજ્યશ્રીની સ્મરણશક્તિ ઉપયોગી બની હતી. કઇ ઘટના ક્યારે કેવી બની એનું પૂજ્યશ્રી તાદૃશ વર્ણન કરે અને એમાં સંવત્-તિથિ-વ્યક્તિનાં નામો સુદ્ધાં જણાવે. આનાથી ગ્રન્થનું કાર્ય ખૂબ સરલ બન્યું ને માહિતીઓ પરિપૂર્ણ-અધિકૃત બની. જો પૂજ્યશ્રીની સ્મરણશક્તિનો સથવારો ન મળ્યો હોત તો એ ગ્રન્થ સર્વાંગસંપૂર્ણ ન જ બન્યો હોત...

(૩) **અદ્‌ભુત અનુપ્રેક્ષાશક્તિ :** વ્યક્તિ કેટલું ભોજન કરે છે એ મહત્ત્વનું નથી, કેટલું પચાવે છે એ મહત્ત્વનું છે .બરાબર એ જ રીતે વ્યક્તિ કેટલું વાંચન કરે છે એ મહત્ત્વનું નથી, એના પર કેટલી અનુપ્રેક્ષા-ચિંતન-મનન કરે છે એ મહત્ત્વનું છે. આ અનુપ્રેક્ષા-ચિંતન-મનનનાં કારણે જ વાંચેલ પદાર્થો સ્પષ્ટ થાય-બુદ્ધિમાં સુસ્થિર થાય અને વિચારપરિવર્તન-આચારપરિવર્તન સુધી વ્યક્તિને લઇ જઇ શકે. માટે અનુપ્રેક્ષા ખૂબ અગત્યની વાત છે. પાંચ પ્રકારના સ્વાધ્યાયમાં એને સ્થાન અપાયું છે, તો કાયોત્સર્ગના પાંચ હેતુઓમાં એની ગણના કરવામાં આવી છે. આ અનુપ્રેક્ષા પૂજ્યશ્રીનાં જીવનમાં કેવી હતી એની એક ઝલક નિહાળીએઃ

વિ.સં. ૨૦૬૫નું પૂજ્યશ્રીનું ગોવાલીયાટેંક જૈન સંઘનું ચાતુર્માસ. ચાતુર્માસના અંતિમ દિવસોમાં આવ્યું જ્ઞાનપંચમી પર્વ. બપોરે સકલ સંઘ સાથે જ્ઞાનપંચમી પર્વના દેવવંદન પૂજ્યશ્રી કરતા હતા. એમાં અવધિજ્ઞાનના ખમાસમણમાં એક દુહો આ મુજબ આવ્યો કેઃ-

એક પ્રદેશ અલોકમાં, પેખે જે અવધિજ્ઞાન;
અપ્રતિપાતી અનુક્રમે, આપે કેવલજ્ઞાન.

આમાં અપ્રતિપાતી અવધિજ્ઞાનની વ્યાખ્યા દર્શાવાઇ છે કે લોકપ્રમાણ રૂપી દ્રવ્યોને જોનાર અવધિજ્ઞાન પ્રતિપાતી છે અને એથી આગળ અલોકમાં એક પ્રદેશ પણ જે જોઇ શકે એ અવધિજ્ઞાન અપ્રતિપાતી છે જે અનુક્રમે કેવલજ્ઞાન પ્રાપ્ત કરાવે છે. આ દુહો વાંચતા પૂજ્યશ્રીનાં મનમાં વિચાર જાગ્યો કે 'અવધિજ્ઞાનનો વિષય રૂપી દ્રવ્ય છે અને અલોકમાં રૂપી દ્રવ્ય હોય જ નહિ. તો પછી અપ્રતિપાતી અવધિજ્ઞાની અલોકમાં શું જોઇ શકે?' દુહાઓ અને ચૈત્યવંદનની વિધિ આગળ વધી. પરંતુ પૂજ્યશ્રીએ આ બાબતનું ચિંતન-અનુપ્રેક્ષા બરાબર કરી દીધી. દેવવંદન બાદ ત્યાં જ પૂજ્યશ્રીએ મને એ પ્રશ્ન કહીને પોતે જ એનો ઉત્તર આપ્યો કે ''અલોકમાં રૂપી દ્રવ્યો નથી. એથી અપ્રતિપાતી અવધિજ્ઞાની ત્યાં કાંઇ નિહાળી ન શકે. ખરેખર તો આ શક્તિદર્શક વિધાન છે કે જો ત્યાં રૂપી દ્રવ્યો હોત તો અપ્રતિપાતી અવધિજ્ઞાન તે અલોકના રૂપી દ્રવ્યોને પણ જોઇ શકત.'' પછી પૂજ્યશ્રીએ આ વાત સમજાવવા ઉદાહરણરૂપે કેવલજ્ઞાનના ખમાસમણનો એક દુહો દર્શાવ્યો કે

'અલોક અનંતો લોકમાં, થાપે જેહ સમત્થ;
આતમ એક પ્રદેશમાં, વીર્ય અનંત પસત્થ.

આ દુહામાં લખાયું છે કે અનંતવીર્ય સંપન્ન કેવલજ્ઞાની ભગવંત ધારે તો અનંત અલોકને નાનકડા લોકમાં સમાવી દે. જો કે આવું તેઓ કદાપિ કરતા નથી જ એ વાસ્તવિકતા છે. માટે આ વિધાન શક્તિદર્શક છે. બસ, આ જ રીતે અલોકમાં જોનાર અવધિજ્ઞાનનું વિધાન પણ શક્તિદર્શક છે. વસ્તુતઃ એને ત્યાં કાંઇ જોવાનું હોતું નથી.' મને ખૂબ આદર પ્રગટ્યો પૂજ્યશ્રીની અનુપ્રેક્ષાશક્તિ ઉપર...

આ તો એક ઝલક છે. આવી આવી ઘણી બાબતો છે કે જેમાં ક્રિયાવિધિ જારી હોય ત્યાં જ પૂજ્યશ્રીને પ્રશ્ન ઊઠ્યા હોય અને પોતે જ એના પર ચિંતન-અનુપ્રેક્ષા કરી એનું હાર્દ સમજી મને સમજાવ્યું હોય અથવા ત્યાં પ્રશ્નાર્થ દર્શાવ્યા હોય. 'अवनितलगतानां०' વગેરે શ્લોકો આ સંદર્ભમાં યાદ આવે છે...

(૪) **પ્રશસ્ય પરોપકારવૃત્તિ :** આ કાળમાં બહુધા એવું જોવા મળે છે કે લગભગ દરેક વ્યક્તિને પોતાનાં કાર્યમાં જ દિલચશ્પી હોય, અન્યોનાં કાર્યમાં દરકાર ન હોય. એથી એ અન્યોનાં કાર્યની જવાબદારી સ્વીકારવા જલ્દી તૈયાર ન થાય. આનાં બે કારણ હોઈ શકેઃ એક, પોતાનાં કાર્યો જ એટલાં હોય કે અન્યોનાં કાર્ય માટે સમય ફાળવવો મુશ્કેલ બની રહે. અને બે, અન્યનાં કાર્યમાં નામ-યશ અન્યને મળવાનો હોય એથી 'મારે શા માટે ઘસાવું?' આવી સ્વાર્થવૃત્તિ હોય. આ બે કારણે વ્યક્તિ અન્યનાં કાર્યમાં ભોગ ન આપે. એમાં પણ પહેલા કરતાં બીજું કારણ બલવત્તર બની રહેતું હોય છે ઘણી વાર. પૂજ્યશ્રીમાં આ બીજી વૃત્તિ જરા ય ન હતી. એથી અન્યોનાં કાર્યને પોતાનું સમજી દિલચશ્પીથી, સમય ન હોય તો તબક્કાવાર પણ, કરી આપે. જાણે 'परोवयारनिरया' આ પંચસૂત્રગત વિશેષણ એમનામાં સાર્થક થતું ભાસે. આપણે પૂજ્યશ્રીની પરોપકારવૃત્તિની એક-બે ઝલક નિહાળીએઃ

વિ.સં. ૨૦૩૯નું ચાતુર્માસ. પૂજ્યશ્રી ત્યારે મુંબઈના સાંઘાણી એસ્ટેટ સંઘમાં વિરાજતા હતા અને એ જ ચાતુર્માસમાં પૂ.આ.શ્રી ભક્તિ સૂ.મ.ના સમુદાયના પૂ.આ.શ્રી લબ્ધિસૂરિજી મ. નવરોજી લેન-મુનિસુવ્રતસંઘમાં વિરાજતા હતા. એમણે શ્રીપાલરાજાની કથાનો સંસ્કૃત પદ્યમય ગ્રન્થ પ્રકાશિત કરવો હતો. સંપાદકરૂપે તેઓ હતા. પણ એમને ખાતરી હતી કે 'આ ગ્રન્થનું કાર્ય પૂ. સૂર્યોદય સૂ.મ. સંભાળે તો એનું શુદ્ધ સંપાદન શક્ય છે.' એમણે પૂજ્યશ્રીને આ કાર્ય માટે વિનંતિ કરી. એ ચાતુર્માસમાં પ્રવચનો-ઉપધાનતપ-ધર્મવિહાર ઉપાશ્રયનિર્માણપ્રેરણાદિ અઢળક કાર્યો એકલવીરની જેમ કરવાના હોવા છતાં પરોપકારથી પ્રેરાઇને પૂજ્યશ્રીએ તે જવાબદારી સ્વીકારી. બાલમુનિ હોવા છતાં ત્યારે હું ખાસ 'Mark' કરતો કે પૂજ્યશ્રી ચીવટપૂર્વકનાં પ્રૂફસંશોધન ઉપરાંત ત્રુટિત પાઠો મઠારવાનું-સુધારવાનું કાર્ય પણ દિલચશ્પીથી કરતા. ક્યારેક ક્યારેક ઉપધાનતપ દરમિયાન એવું ય બનતું કે પ્રેસવાળા ભાઇને બબ્બે ત્રણ ત્રણ વાર એક જ કાર્ય માટે આવવું પડે. છતાં પૂજ્યશ્રી ઉતાવળ-ઉપેક્ષા કરીને ગમે તેમ જોઇ લેતા નહિ. પોતાને પૂર્ણ સંતોષ થાય એ રીતના સુધારા થાય પછી જ ગ્રન્થના પાનાં આપે. આવી એમની પ્રશસ્ય પરોપકારવૃત્તિ. એ ગ્રન્થની પ્રસ્તાવનામાં પૂજ્યશ્રીના આ ઉપકારનો ઉલ્લેખ પ્રકાશક દ્વારા કરાયો છે.

અન્ય એક પ્રસંગ પણ યાદ કરી લઇએ. મુંબઈના એક રાજસ્થાની જૈન ગૃહસ્થ. નામ એમનું ભંવરલાલજી. વર્ષો પૂર્વે એમણે મુંબઈના તત્કાલીન જિનાલયોનો પરિચય આપતું 'બમ્બઈ કે જૈન મંદિર' નામે પુસ્તક પ્રગટ કર્યું હતું. વર્ષો બાદ મુંબઈના જિનાલયોની સંખ્યા બેગણીથી ય વધી ગઇ ત્યારે એમણે લગભગ નવેસરથી એ પુસ્તકની દ્વિતીયાવૃત્તિ શરુ કરી. પૂર્વ આવૃત્તિ કરતાં પુસ્તકનું કદ પણ બેગણું થવાનું હતું. કાર્ય શરુ કર્યા બાદ એ ભાઇ 'Paralysis'ના ખતરનાક રોગમાં સપડાઇ ગયા. પુસ્તક તૈયાર કરવાની એમની ગુંજાયેશ અત્યલ્પ-નહિવત્ થઇ ગઇ. થોડી સ્વસ્થતા બાદ, એમણે પૂજ્યશ્રી પાસે આવીને આ કાર્યમાં સહયોગ આપવા વિનંતિ કરી. કેમ કે એમને ખબર હતી કે મુંબઈના મોટા ભાગના જિનાલયો પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની પ્રેરણાથી થયા હોવાથી એમના અંતેવાસી પૂજ્યશ્રી પાસે રજેરજ માહિતી હોય જ. પૂજ્યશ્રીએ પરોપકારવૃત્તિથી એ કાર્ય સંભાળ્યું. મોટા ભાગનું કાર્ય પૂજ્યશ્રીએ ખૂબ સરસ કરી આપ્યું. એટલું જ નહિ, પુસ્તકપ્રકાશન માટે મોટો આર્થિક સહકાર પણ અપાવ્યો. એ પુણ્યાત્મા આમ પૂ. યુગવીર આ. શ્રી વલ્લભસૂરીશ્વરજી મ.ના ભક્ત હતા. છતાં પૂજ્યશ્રીની પરોપકારવૃત્તિથી પ્રભાવિત થઇ સ્વયમેવ પૂ. વલ્લભ સૂ.મ. પછી પૂજ્યશ્રીની તસવીર એમણે ગ્રન્થમાં પ્રગટ કરી અને પ્રસ્તાવનામાં ગદ્ગદ્ભાવે પૂજ્યશ્રી માટે આ ભાવના શબ્દો લખ્યા કે ''તેઓશ્રી મારી આ ગ્રન્થરૂપી નાવડી પાર ઉતારનાર નાવિક છે.'' આવા અન્યાન્ય પ્રસંગોમાં ય મેં મનોમન નોંધ્યું છે કે એમણે એમાં ક્યારે ય ભોગ આપવાની દૃષ્ટિએ કે સમય ફાળવવાની દૃષ્ટિએ જરા પણ કૃપણતા દાખવી નથી. દરેકનાં કાર્યો પૂર્ણસ્તરીય ભોગ આપીને એમણે દિલચશ્પીથી કર્યા છે....

(૫) **પ્રણમ્ય પરમગુરુભક્તિ :** એમના માટે પરમગુરુદેવ પૂ. યુગદિવાકરશ્રી એટલે જાણે પ્રાણ-ત્રાણ વગેરે બધું જ. એમનું શરણ સ્વીકાર્યા પછી એમની હયાતિ સુધીની સતત આડત્રીશ વર્ષ એક પણ ચાતુર્માસ અલગ કર્યા વિના પૂજ્યશ્રીએ તન-મન-જીવન કુરબાન કરી દેતી જે ભક્તિ કરી એ, અવિહડ ગુરુભક્તિનું મેં પ્રત્યક્ષ નિહાળેલ ગુરુભક્તિ પૈકીનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ ગ્રન્થમાં પ્રસંગે પ્રસંગે વારંવાર પૂજ્યશ્રીની આ પરમગુરુની આદર્શ ભક્તિનો ઉલ્લેખ આમ તો થતો જ રહ્યો છે. પરંતુ અહીં પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના કાલધર્મ બાદ પણ પૂજ્યશ્રીમાં આજીવન ઝળહળતી અખંડદીપક સમી ગુરુભક્તિજ્યોતનો નિર્દેશ કરવો છે. ઉત્તમ શિષ્યનું એ લક્ષણ છે કે ગુરુની હયાતિમાં એનાં હૈયે જેવી ગુરુભક્તિની જ્યોત ઝળહળતી હોય, એવી જ જ્યોત ગુરુની હયાતિ બાદ પણ ઝળહળતી હોય. પૂજ્યશ્રીમાં આ લક્ષણ જીવનના અંતિમ શ્વાસપર્યંત ઝળહળતું હતું. આપણે એની કેટલીક નક્કર-દસ્તાવેજી માહિતી જોઇએ :

* ગુરુદેવના કાલધર્મ બાદ પૂજ્યશ્રીની પ્રેરણાથી બેંતાલીશ સ્થળે ઉપાશ્રયો થયા. એમાંના સત્તાવીશ ઉપાશ્રયોનાં નામ ગુરુદેવની પુણ્યસ્મૃતિ રૂપે, ધર્મવિહાર-ધર્મધામ-ધર્મઆરાધનાભવન જેવા રહ્યા. અરે! માંદગીના બરાબર છ દિવસ પૂર્વે ભાયંદરમાં જે વિશાલ ઉપાશ્રય-આયંબિલભવન સંકુલનું ઉદ્ઘાટન થયું ત્યાં પણ ઉપાશ્રયનું નામ 'ધર્મ' આરાધનાભવન અને સમગ્ર સંકુલનું નામ 'ધર્મ' વાટિકા રખાયું હતું.

* ઘણી બધી વિષમતાઓ વચ્ચે ય પૂજ્યશ્રીએ વર્ષો સુધી એ દૃઢ નિર્ધાર રાખ્યો હતો કે પૂ. યુગદિવાકર ગુરુદેવનું 'અથેતિ' જીવનચરિત્ર તૈયાર કરાવવું જ. આખરે ગુરુદેવની જન્મશતાબ્દીઉજવણી પ્રસંગે તેઓએ એ સંકલ્પ સાકાર કર્યો અને છસો બહોંત્તેર પેજનો 'યુગદિવાકર' મહાગ્રન્થ ગુરુદેવનાં સર્વાંગીણ અને સર્વપ્રથમ જીવનચરિત્રરૂપે પ્રકાશિત કરાવ્યો. મારું સૌભાગ્ય છે કે એ ગ્રન્થનાં આલેખનનો લાભ પૂજ્યશ્રીએ મને આપ્યો હતો. ગુરુદેવની જન્મશતાબ્દીનું સૌથી મોટું નજરાણું એ 'યુગદિવાકર' મહાગ્રન્થ હતો...

* ગુરુદેવની જન્મશતાબ્દી પ્રસંગે પૂજ્યશ્રીને ભાવના થઇ કે 'યુગદિવાકર જન્મશતાબ્દી ગ્રન્થમાળા' આરંભીને ગુરુદેવનું તમામ સાહિત્ય નવસંસ્કરણ સાથે પુનઃ પ્રકાશિત કરવું. માત્ર સવા વર્ષમાં પૂજ્યશ્રીએ, ષટ્ત્રિંશિકાચતુષ્કપ્રકરણ-પંચમકર્મગ્રન્થવિવેચન-લઘુક્ષેત્રસમાસવિવેચન-ભગવતીસૂત્રનાં પ્રવચનો-શ્રાદ્ધપ્રતિક્રમણવંદિત્તુસૂત્ર વિવેચન વગેરે પંદર દલદાર ગ્રન્થો-પુસ્તકો સંપાદિત કર્યા. આગળ જતા એ ગ્રન્થમાળાનાં નાના-મોટાં કુલ ૨૯ પુષ્પો પ્રગટ થયાં...

* ગુરુદેવે રચેલ છ હજાર શ્લોકપ્રમાણ સંસ્કૃત નવતત્ત્વ-સુમંગલામહાટીકાના દશ હજાર શ્લોકપ્રમાણ ગુર્જર ભાવાનુવાદનું કાર્ય તેઓશ્રીએ ૭૯ વર્ષની જૈફ વયે કરીને એ ભાવાનુવાદ ગ્રન્થ પ્રકાશિત કર્યો. આયુષ્યના અંતિમ મુકામ તરફનાં વર્ષોમાં અનેક શાસનપ્રભાવનાઓની વ્યસ્તતામાં ય પૂજ્યશ્રી આ મહાન કાર્ય કરી શક્યા એમાં શ્રુતભક્તિ ઉપરાંત ગુરુભક્તિ ખૂબ મહત્ત્વનું પરિબળ હતું...

* પૂર્વે જણાવ્યું તેમ ગુરુદેવના કાલધર્મ બાદ એમના ઉપકારવાસિત શ્રી સંઘોમાં તેઓના સૌથી વધુ એટલે કે બત્રીશમાંથી બાવીશ ગુરુમંદિરો પૂજ્યશ્રીની પ્રેરણાથી થયા, તો બાર સંઘોમાં ગુરુદેવનાં તમામ મુખ્ય જીવનકાર્યોને આવરી લેતાં વિશાલ જીવનચરિત્રશિલાલેખો પૂજ્યશ્રીની પ્રેરણાથી થયા; પૂજ્ય ગુરુદેવની પુણ્યસ્મૃતિમાં સંસ્થાપિત તીર્થોમાં સૌથી મોટાં ભવ્યાતિભવ્ય ધર્મધામ-નાગેશ્વરપાર્શ્વનાથતીર્થની સ્થાપના પૂજ્યશ્રીની પ્રેરણાથી થઇ, તો ગુરુદેવની પ્રત્યેક જન્મતિથિએ જૈન-અજૈન સર્વ જનતાને ગુરુદેવનાં જીવન-કવનનો પ્રબળ પરિચય મળી રહે તે રીતના નિયમિત અખબારી જીવનલેખ પ્રગટ કરવાની પદ્ધતિ પણ પૂજ્યશ્રીની પ્રેરણાથી આરંભાઇ જે આજપર્યંત અવિરત જારી છે...

અરે! આ તો બધી સ્થૂલ-પ્રત્યક્ષ નિહાળાય તેવી ગુરુભક્તિની વાતો નોંધી છે. આ સિવાય (૧) ગુરુદેવનાં સ્મરણ બાદ જ દિવસનો પ્રારંભ (૨) પ્રત્યેક નાનાં-મોટાં શાસનકાર્યોનો ગુરુદેવનાં સ્મરણ બાદ જ પ્રારંભ (૩) તમામ સફળતાનો યશ ગુરુદેવને જ આપવાનો ઉપક્રમ વગેરે અઢળક વિશેષતાઓ માત્ર મારા જેવા સહવર્તીઓએ જ અનુભવી છે એમ નથી, એમના કાર્યકલાપને દિલચશ્પીથી માણનારા દૂરવર્તી વર્ગે પણ અનુભવી છે. આનું એક નાનું ઉદાહરણ નિહાળીએઃ વિ.સં. ૨૦૬૬માં પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં મુંબઇના વાલકેશ્વર-લીજેન્ડપેલેસપરિસરમાં શિખરબદ્ધ આદિનાથ-જિનાલયની અંજનશલાકા-પ્રતિષ્ઠા હતી. એની આમન્ત્રણપત્રિકા વાંચીને પૂજ્યશ્રીના ત્રેસઠ વર્ષોથી પરિચિત મોરબી જૈન સંઘના પ્રમુખશ્રી છબીભાઇ સંઘવી પત્રમાં લખે છે કેઃ- ''વાલકેશ્વરની પવિત્ર ભૂમિમાં આપની નિશ્રામાં નૂતન જિનાલય બન્યું તેનાં અંજન-પ્રતિષ્ઠામહોત્સવની પત્રિકા મળી છે. પૂ. યુગદિવાકરશ્રી જે કેડી કંડારી ગયા છે તે કેડી પર આગે આગે પ્રવાસ કરી રહ્યા છો. એમાં એક પણ મહોત્સવ એવો નહિ હોય જેમાં અનંતઉપકારી પૂ.આ.ભ.શ્રી વિ. ધર્મસૂરીશ્વરજી મ.ને પ્રમુખસ્થાને ન રાખ્યા હોય. દરેક કાર્યમાં પોતાના કરતા ગુરુદેવ હરહંમેશ આગળ જ રહ્યા છે. આપની ગુરુભક્તિને લાખો ધન્યવાદ''...

(૬) **પ્રકૃષ્ટ પરિણતિ :** મને જો કોઇ પૂછે તો હું જરા ય હિચકિચાટ વિના કહું કે સાધકના માટે પુણ્ય કરતાં ય મહત્ત્વનું પરિબળ પ્રશસ્ય પરિણતિ છે. પ્રશસ્ય પ્રવૃત્તિ જો વ્યવસાય છે, તો પ્રશસ્ય પરિણતિ નફો છે; પ્રશસ્ય પ્રવૃત્તિ જો છાશ છે, તો પ્રશસ્ય પરિણતિ એના સારરૂપ માખણ છે. એટલે જ સાધનાજગતમાં પ્રવૃત્તિથી શ્રેષ્ઠ સ્થાન પરિણતિને અપાયું છે. વ્યક્તિની પરિણતિની સાચી પરખ કટોકટીની-કસોટીની ક્ષણે થતી હોય છે. દાયકાઓથી પૂજ્યશ્રીની સૌથી વધુ નિકટ રહેવાની તક મને મળી હોવાથી એ દરમિયાન પરિણતિની પરખ કરાવતા પ્રસંગોમાંથી પસાર થવાનું પણ બન્યું છે. આપણે આ પરિણતિનું દર્શન કરાવતો એક અદ્‌ભુત પ્રસંગ નિહાળીએ :

વિ.સં. ૨૦૬૦. જગડૂશાતીર્થરક્ષાનાં સફળ આંદોલન પછીના તરતના સમયમાં પૂજ્યશ્રીને 'Brain'ની ઉપરના ભાગે 'BloodClot'નું નિદાન થતા 'Operation' માટે તેઓને મુંબઇની હિંદુજા હોસ્પિટલમાં દાખલ કરાયા. 'BloodClot'નાં કારણે ડૉક્ટરોને એમ લાગતું હતું કે સાતથી આઠ કલાકો ગંભીર 'Operation'માં જશે. આઠ વાગ્યાનો 'Operation'નો સમય હતો. એથી એ પૂર્વે તમામ આવશ્યક ક્રિયા કરાવવાની ગણતરીથી મેં પ્રતિક્રમણ-પ્રતિલેખન-પ્રભુદર્શન-ચૈત્યવંદનાદિ સર્વ ક્રિયાઓ કરાવી. નવકારશીનો સમય આવતા પચ્ચક્ખાણ પારવાની ક્રિયા શરૂ કરી તો પૂજ્યશ્રી કહેઃ ''આઠેક કલાકનું 'Operation' કહ્યું છે અને તે પછી સાત કલાક કાંઇ જ વાપરવાનું નથી એટલે આજે પચ્ચક્ખાણ પારવું નથી.'' હું એમનો ગર્ભિત ઇશારો સમજી ગયો કે કદાચ 'Operation'માં કાંઇક અજુગતું થાય તો પચ્ચક્ખાણની અવસ્થા તો રહે. એ મુજબ જ કરાયું. પણ પછી એવું બન્યું કે 'Operation' ધાર્યા કરતા સરળ નીકળતા માત્ર ત્રણ કલાકમાં 'Operation' પૂર્ણ કરીને પૂજ્યશ્રીને પુનઃ I.C.U.માં લવાયા. થોડી વારે અંદરથી પરિચારક આવીને મને કહેઃ ''તમને દર્દી અંદર બોલાવે છે.'' અંદર જઇને જોયું તો પૂજ્યશ્રીના મસ્તકે ચોતરફ પાટા વગેરે હતા, અક્ષર પણ બોલાતો ન હતો. પરંતુ Injectionથી જરૂરી ભાગ જ સંવેદનશૂન્ય કરાયો હોવાથી ભાન પૂરેપૂરું હતું. એમણે મને

ઇશારાથી પચ્ચક્ખાણ પરાવવા કહ્યું. મેં આશ્ચર્યથી પરિચારકને પૂછ્યું તો એણે કહ્યું કે ''અમે હમણાં ફક્ત એક 'Tablet' આપવા ગયા ત્યાં એમણે ઇશારાથી અટકાવીને તમને બોલાવ્યા છે. આજે સમગ્ર દિવસમાં એક 'Tablet' સિવાય કાંઇ આપવાનું નથી.'' વસ્તુસ્થિતિ સમજાઇ જતાં મેં 'પચ્ચક્ખાણ' પરાવવાની ક્રિયા કરાવી. Operation પૂર્વે પચ્ચક્ખાણ નહિ પારવાની અને 'Tablet' આપી ત્યારે પચ્ચક્ખાણ પારવાની આ ઘટનાઓમાં પૂજયશ્રીની પરિણતિનું જે ઉચ્ચતમ સ્તર ગંભીર શારીરિક સ્થિતિ વચ્ચે પણ નિહાળવા મળે છે એ પૂજયશ્રીની પ્રકૃષ્ટ પરિણતિનું દ્યોતક છે. આ જ દિવસનો સવારના પ્રતિક્રમણનો પ્રસંગ તેમજ અન્ય પ્રસંગો પણ એવા અનેક છે જે પૂજયશ્રીની પ્રકૃષ્ટ પરિણતિના દ્યોતક છે. એ પ્રસંગો આ જ ગ્રન્થમાં આગળ પ્રસ્તુત થશે. આપણે અહીં હજુ એક નાનો પણ નમૂનેદાર પરિણતિપ્રસંગ નિહાળી પછી નવી વિશેષતા તરફ આગળ વધીએ :

વિ.સં. ૨૦૬૫નો જેઠ વદિ ચોથનો દિવસ. ભરઉનાળે ડભોઇતીર્થના દીક્ષા પ્રસંગ બાદ વિહાર કરીને પૂજયશ્રી મુંબઇ તરફ પધારી રહ્યાં હતા. સાંજે વિહાર કરીને જે પેટ્રોલપંપ પર મુકામ કર્યો ત્યાં ત્રણ પાટ હતી. પરંતુ બધા ઉપર અક્ષરો હતા. શ્રમણોએ તપાસ કરી. પણ અક્ષર વિનાની એકે ય પાટ ન મળી. શ્રમણો ન છૂટકે એક પાટ પૂજયશ્રી માટે ઉપયોગમાં લેવા ગયા તો પૂજયશ્રીએ તુર્ત નિષેધ કર્યોઃ ''આપણે અક્ષર પર ન બેસાય. આજની રાત્રિ નીચે-ભૂતલ પર બેસીશ. કાંઇ વાંધો નહીં આવે'' અને... ૭૭ વર્ષની જૈફ વય હોવા છતાં પૂજયશ્રીએ પૂરી રાત્રિ નીચે ભૂતલ પર પસાર કરી. જાગૃત પરિણતિ વિના આ શે શક્ય બને ?

(૭) **સંઘનિષ્ઠા :** 'સંઘ' એવું પરમ વંદનીય તત્ત્વ છે કે જેને શાસ્ત્રો તીર્થરૂપ કહે છે અને શ્રી તીર્થંકર ભગવંતોને ય માનનીય કહે છે. પરંતુ આ સંઘ શ્રમણ-શ્રમણી-શ્રાવક-શ્રાવિકારૂપ છે, માત્ર શ્રાવક-શ્રાવિકારૂપ નહિ. એથી જ ત્યાં શાસ્ત્રમાં 'चाउवण्ण संघो वा' શબ્દપ્રયોગ છે. આમ છતાં વર્તમાનમાં જે તે સ્થાનોના શ્રમણોપાસક શ્રાવક-શ્રાવિકાસમૂહને 'સંઘ' શબ્દથી સંબોધવામાં આવે છે. આવા તે તે સ્થાનીય સંઘો પ્રત્યે પણ પૂજયશ્રી ખૂબ આદર-બહુમાન ધરાવે. એ સંઘો નાના હોય-એમનાં કાર્યો મોટાં હોય કે પ્રશ્નો જટિલ હોય : પૂજયશ્રી પોતાની શક્તિનો સર્વથા વિનિયોગ કરીને એમનાં કાર્યો વધુમાં વધુ કરી આપવાની કોશિશ કરે. ઘણા સંઘોના ટ્રસ્ટીઓ-અગ્રણીઓ પૂજયશ્રીના આ તકિયા કલામ જેવા શબ્દો આજે ય અહોભાવથી યાદ કરે છે કે ''ચિંતા ન કરતા. બધું થઇ જશે.'' પૂજયશ્રીની આ સંઘનિષ્ઠાની બે-ત્રણ ઝલક જોઇએઃ

* પૂજયશ્રીની સાંસારિક જન્મભૂમિ પ્રાચીન દર્ભાવતીતીર્થ. બે દાયકા પૂર્વે ત્યાંના સ્થાનિક તથા બહારના દર્ભાવતીના મૂળ વતનીઓએ સાથે મળી 'દર્ભાવતીતીર્થ-વિકાસસમિતિ' રચીને સર્વ પ્રથમ કાર્ય જીર્ણ વિરાટ ઉપાશ્રયને જમીનદોસ્ત કરવાનું કર્યું. એ સ્થાને આલીશાન ઉપાશ્રયનાં નિર્માણ માટે એમણે વિવિધ વિભાગોના નકરા જાહેર કર્યા. વતન પ્રત્યેની લાગણી અને સંઘભાવનાથી પ્રેરાઇને ક્રમશઃ તમામ નકરાની જવાબદારી પૂજયશ્રીએ સ્વીકારી. પરંતુ એ પછી એવું બન્યું કે ઉપાશ્રય વિશિષ્ટ કરવા જતા સંઘને નકરાની રકમો કરતાં અઢીગણો ખર્ચ થઇ ગયો. સમિતિને ચિંતા હતી કે સાધારણનો આ ગંજાવર ખર્ચ પૂર્ણ કેવી રીતે થશે ? તેઓએ પૂજયશ્રીને આ મુંઝવણ જણાવતા જ પૂજયશ્રીએ કહ્યુંઃ ''ચિંતા ન કરતા. બધું થઇ જશે. તમે અત્યારે સારામાં સારા ઉપાશ્રયનિર્માણમાં જ ધ્યાન કેન્દ્રિત કરો.'' અને.. પૂજયશ્રીએ એ તમામ અઢીગણી રકમનું દાન અપાવ્યું. આ ઘટનાથી સમિતિ એવી પ્રભાવિત થઇ ગઇ કે એણે દર્ભાવતીતીર્થોદ્ધારનાં અલગ અલગ અઢાર કાર્યો પૂજયશ્રીને જ સુપરત કર્યા. પૂજયશ્રીએ એ કાર્યો કેવા કર્યા અને દર્ભાવતીતીર્થોદ્ધારક બન્યા તે આપણે આગળનાં પ્રકરણોમાં નિહાળીશું.

* સંઘોના નાના-મોટા પ્રશ્નોના ઉકેલમાં પણ પૂજયશ્રીએ પોતાની શક્તિનો જબરજસ્ત ઉપયોગ કર્યો છે. આગળ જેનો વિસ્તૃત ઉલ્લેખ આવશે તે જગડૂશા મહાજિનાલયરક્ષાઅભિયાન સંબંધી એક ઘટના આ સંદર્ભમાં યાદ કરીએ. જયારે એ ત્રિમજલી મહાજિનાલય તોડી પાડવાનો Court Order આવ્યો ત્યારે પૂજયશ્રીએ એની રક્ષા માટે વિરાટ સફલ આંદોલન જગાવ્યું હતું. એ આંદોલનના દિવસોમાં 'ચિત્રલેખા' સાપ્તાહિકના પત્રકાર સાથેની ચર્ચા દરમિયાન પૂજયશ્રી ખુમારીપૂર્વક એક વાક્ય બોલ્યા હતા કે ''મંદિર પરનું સંકટ ટળે એ બાદ જ હું અહીંથી હટવાનો છું.'' 'ચિત્રલેખા' એ પૂજયશ્રીની તસવીર ઉપર આ જ વાક્ય પ્રગટ કર્યું હતું. મને આ શબ્દો બોલાયા ત્યારે ભીતિ લાગી હતી કે ''સાહેબજી આવું બોલે છે. પણ ચુકાદો આપણા હાથની વાત નથી. આપણે માત્ર પુરુષાર્થ કરવાનો છે. જો ચૂકાદો બીજી વાર પણ વિપરીત આવ્યો તો સાહેબજીના આ શબ્દો પકડાઇ જશે. ચાલુ ચાતુર્માસે આપણે અહીં આંદોલન માટે આવ્યા છીએ. છેવટે જવું તો પડશે જ.'' પણ ભીતરની સચ્ચાઇ અને સંઘનિષ્ઠાથી ભર્યા ભર્યા આ શબ્દો અક્ષરશઃ સત્ય ઠર્યા. 'ચિત્રલેખા'નો એ Interview પ્રગટ થયાના પાંચમા દિવસે Courtનો ચુકાદો દેરાસરની તરફેણમાં આવ્યો અને દેરાસર બાલ બાલ બચી ગયાનું જાહેર થયાના પાંચેક દિવસ પછી પૂજયશ્રીએ ત્યાંથી વિહાર કર્યો. એ દિવસોનો પૂજયશ્રીનો જુસ્સો-ખુમારી-દૃઢતા ખરેખર અદ્‌ભુત હતા...


* મુંબઇનો એક નાનકડો જૈન સંઘ. ત્યાં તપાગચ્છની વસતિ એકદમ ઓછી અને અન્ય બે ગચ્છોની વસતિ વિશેષ હતી. એમણે શિખરબદ્ધ જિનાલયનું નિર્માણ કરાવવું હતું અને એ માટે પૂજયશ્રીના પુણ્યપ્રભાવનો સાથ લેવો હતો. ખનન-શિલાન્યાસથી પ્રતિષ્ઠા સુધીનાં દરેક કાર્ય પૂજયશ્રીની નિશ્રામાં એ સંઘે કરાવ્યા. પણ પ્રતિષ્ઠાનો પ્રસંગ આવ્યો ત્યારે સંઘના અન્ય બે ગચ્છોના ભાવિકોને એમ થયું કે ક્યાંક તપાગચ્છનું મહત્ત્વ કાયમી ન થઇ જાય. એથી એમણે ગચ્છવાદના સૂર શરુ કર્યા.



પ્યારા ગુરુવર...સૂર્યોદયસૂરિવર :

સેંકડો સંયમી ભગવંતોના હૈયાંના હાર પૂજ્યશ્રીની વરદ મુદ્રા

“ऐसा चिद्रस दीयो गुरुमैया, प्रभुसे अभेद हो जाउ मैं”



પ્યારા ગુરુવર...સૂર્યોદયસૂરિવર :

સેંકડો સંયમી ભગવંતોના હૈયાંના હાર પૂજ્યશ્રીની વિવિધ મુખમુદ્રાઓ

''ऐसा चिद्रस दीयो गुरुमैया, प्रभुसे अभेद हो जाउ मैं''

પૂજયશ્રીએ એ સમયે એવી કુનેહપૂર્વક કામ લીધું કે સંઘમાં ગચ્છવાદના બીજ અંકુરિત ન થયા અને રંગે-ચંગે સૌના ઉલ્લાસપૂર્વક પૂજયશ્રીની પુણ્યનિશ્રામાં એ પ્રતિષ્ઠામહોત્સવ થયો. પરંતુ એ માટે પૂજયશ્રીએ હૃદયની ખૂબ વિશાળતા-ઉદારતાપૂર્વક આત્મભોગ આપતો એક નિર્ણય કર્યો કે જે મસ્તક ઝુકાવી દે એવો હતો.

આવા આવા અન્ય પણ પ્રસંગો છે જે પૂજયશ્રીની સંઘનિષ્ઠા દર્શાવી જાય છે...

(૮) **શાસનનિષ્ઠા :** સંઘ અને શાસન આ બન્ને શબ્દો ઘણી વાર સમાન સંદર્ભમાં પ્રયોજાય છે. પરંતુ પૂર્વોક્ત સાતમી વિશિષ્ટતાના પ્રારંભે જ 'સંઘ'નો અર્થ તે તે સ્થાનીય સ્તરનો શ્રાવક-શ્રાવિકા સમૂહ કરીને એને સીમિતતા અપાઇ હતી અને એ અર્થમાં ઉપરોક્ત ગુણ વિચારાયો હતો. હવે આ શાસનનિષ્ઠા નામના ગુણમાં 'શાસન'ને વ્યાપક સંદર્ભમાં લેવામાં આવ્યું છે. વર્તમાન પ્રભુશાસનમાં ગચ્છોની-સમુદાયોની જે વ્યવસ્થાઓ ચાલતી હોય એમાં અત્યંત અનિવાર્ય અને યોગ્ય કારણ ન હોય ત્યાં સુધી કોઇ પણ પ્રકારનો હસ્તક્ષેપ ન કરવોઃ આ પૂજયશ્રીનું વિવેકમઢ્યું વલણ હતું. કારણ કે આવા હસ્તક્ષેપથી સરવાળે તે તે ગચ્છનું-સમુદાયનું વાતાવરણ ડહોળવાની સંભાવના વધુ રહે. એમની આ વિવેકમઢી શાસનનિષ્ઠાનો એક પ્રસંગ નિહાળીએઃ

વિ.સં. ૨૦૬૫માં પૂજયશ્રી મુંબઇ કાંદિવલી(પૂર્વ)ના શાંતિનાથ-ઝાલાવાડ જૈન સંઘમાં અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ કરાવી રહ્યા હતા. એ દિવસોમાં તપાગચ્છના એક વિશાલ સમુદાયમાં એક આચાર્યપદવી નક્કી થઇ. એ સમુદાયના આંતરિક કારણોસર એ પદવી સામે વિરોધ જાગ્યો. કાં તો એ પદવી અટકે, કાં તો અન્યાન્ય દીર્ઘપર્યાયી પદસ્થો પોતાની રીતે માર્ગ શોધી આચાર્યપદવી ગ્રહણ કરે : આવી વિષમ પરિસ્થિતિ ત્યાં સર્જાઇ. નિર્ણયો એકદમ ઝડપી થવાનાં ચક્રો ગતિમાન હતાં. એથી એમાંના એક દીર્ઘપર્યાયી પદસ્થે શ્રાવકો પાઠવીને આચાર્યપદાર્પણ માટે પૂજયશ્રીને વિનંતિ કરી. એમણે પત્રમાં એ મુદ્દો સ્પષ્ટ કર્યો હતો કે 'અન્ય દીર્ઘપર્યાયી પદસ્થો આ માર્ગ અપનાવી રહ્યા છે. એથી મેં પણ આ માર્ગ અપનાવ્યો છે. ઘણા કિસ્સામાં આવું થવાનું છે. એથી આપની આમાં કોઇ જવાબદારી આવશે નહિ.' પૂજયશ્રીએ ગંભીરતાથી એકદમ વિવેકી વલણ અખત્યાર કરી આચાર્યપદ આપવા માટે ત્વરિત ઇન્કાર કરી દીધો કે ''જે કાંઇ કરાય એ તમારા ગચ્છાધિપતિની સંમતિથી કરાય. સમુદાયભેદ થાય એવી પ્રવૃત્તિમાં હું નિમિત્ત ન બની શકું.'' એ પછી તે જ દિવસે એ સમુદાયના ગચ્છનાયક સુધી એ ઘટનાની જાણ કરાવીને પૂજયશ્રીએ સમુચિત સંદેશો પણ પાઠવ્યો. પછી તો એ સમુદાયમાં જાહેર થયેલ આચાર્યપદવી સ્થગિત થતા ઘીનાં ઠામમાં ઘી પડી ગયું અને સમસ્યા સુલઝાઇ ગઇ. કોઇના સમુદાયમાં ભેદ થાય એવી કોઇ પ્રવૃત્તિમાં નહિ જોડાવાનું પૂજયશ્રીનું આ વલણ એમની શાસનનિષ્ઠાનું દ્યોતક છે. વિ.સં. ૨૦૭૨નાં તપાગચ્છીય શ્રમણસંમેલને ઠરાવ નં. ૧૫ રૂપે આ વાત કરી છે. પરંતુ પૂજયશ્રીએ તો એના સાત વર્ષ પૂર્વે સ્વતઃ વિવેકથી આવો સરસ અભિગમ દાખવ્યો હતો.

આનાથી જરા જુદા પ્રકારનો અન્ય એક પ્રસંગ વિ.સં. ૨૦૬૪માં બન્યો હતો. એમાં એક નામાંકિત વિદ્વાન અને વિશેષ અનુયાયીવર્ગ ધરાવતા શ્રમણને આચાર્યપદપ્રદાન કરવા માટે પૂજયશ્રીને એ શ્રમણના અંતરંગ ભક્તો વિનંતિ કરવા આવ્યા હતા. એ સમયે પણ પૂજયશ્રીએ વિવેકપૂર્ણ અભિગમ રાખી આચાર્યપદપ્રદાન માટે ઇન્કાર કર્યો હતો. ત્યારે પૂજયશ્રીએ દર્શાવેલ વિચારોમાં મને એમની શાસનનિષ્ઠા સ્પષ્ટ પ્રતીત થઇ હતી.

(૯) **સમુદાયનિષ્ઠા :** 'શાસન કરતાં સમુદાય કદી ઉપરવટ ન હોય' આ પૂજયશ્રીનો પ્રથમ વિવેક હતો. પરંતુ સાથે જ પૂજયશ્રીનો બીજો વિવેક એ પણ હતો કે જે સમુદાયે સંયમપ્રદાન કર્યું-સંસ્કરણ કર્યું-શ્રુતદાન કર્યું એ સમુદાયનું ગૌરવ હૈયે રાખીને અવસરે એ અભિવ્યક્ત પણ કરવું. આ તો કૃતજ્ઞતાગુણની જ નીપજ છે. પૂજયશ્રીની આ શૈલીની સમુદાયનિષ્ઠાની કેટલીક ઝલકો નિહાળીએઃ

* સમુદાયના આદ્ય વડીલ પૂજયપ્રવર આ.ભ.શ્રી મોહનસૂરીશ્વરજી મ.સા.ની કાલધર્મભૂમિ ડભોઇ હતી. પૂજયશ્રીની પ્રેરણાથી ડભોઇતીર્થના ઉપાશ્રયનો આમૂલચૂલ ઉદ્ધાર થયો ત્યારે નૂતન વિશાલ ઉપાશ્રયની પ્રવચનગેલેરી સાથે એ વડીલ ગુરુવર્યનું નામાંકન કરાવીને પૂજયશ્રીએ ડભોઇમાં એમની સ્મૃતિની એક મહત્ત્વની કડી ઊભેરી... અન્યત્ર પણ પૂજયશ્રીની પ્રેરણાથી તેઓશ્રીની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા થઇ છે.

* ડભોઇ તીર્થની યશોવાટિકામાં જ્યાં પૂ.આ. શ્રી મોહનસૂરીશ્વરજી મ.સા.નું ગુરુમંદિર હતું એની બાજુમાં જ પૂ. સિદ્ધાંતનિષ્ઠ આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા.નું એવું જ ગુરુમંદિર પૂજયશ્રીની પ્રેરણાથી થયું. આ ઉપરાંત વડોદરામાં કોઠીપોળ તથા દેરાપોળના સંઘોમાં, મુંબઇમાં ભાયંદર-બાવનજિનાલયતીર્થ વગેરે સ્થળે પણ પૂ. પ્રતાપસૂરીશ્વરજી મ.ની ગુરુમૂર્તિપ્રતિષ્ઠા પૂજયશ્રીની પ્રેરણાથી થઇ છે.

પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી સંબંધી કાર્યો તો પૂજયશ્રીએ અનેકશઃ અને અઢળક કરાવ્યા છે. એનો તો આ ગ્રન્થમાં અન્યત્ર ઘણો નિર્દેશ છે જ. એથી અહીં એના અલગ નિર્દેશની જરૂર નથી.

* પૂ. સાહિત્ય કલારત્ન આ.ભ. શ્રી યશોદેવસૂરીશ્વરજી મ.સા.ના કાલધર્મ બાદ એમની સર્વપ્રથમ ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પૂજયશ્રીની પ્રેરણા-નિશ્રામાં વિ.સં. ૨૦૬૫માં મુંબઇ-ગોવાલીયાટેંક જૈન સંઘમાં કરાઇ. તો એ પૂ. સાહિત્યકલારત્ન આચાર્યશ્રીની સાંસારિક જન્મભૂમિ દર્ભાવતીતીર્થે પૂજયશ્રીની પ્રેરણાથી સાર્વજનિક પાંજરાપોળનો આમૂલચૂલ પુનરુદ્ધાર થયો ત્યારે પૂજયશ્રીની પ્રેરણાથી ત્યાંના એક મુખ્ય પ્રવેશદ્વારને એ આચાર્યશ્રીનું નામાભિધાન કરાયું હતું.

* પૂ. શતાવધાની આ.ભ. શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા.નો કાલધર્મ તેમજ અગ્નિસંસ્કાર જ્યાં થયો હતો તે મુંબઇના શ્રી ગોવાલીયાટેંક જૈન સંઘમાં આ મૂલ

અગ્નિસંસ્કારસ્થાને તેઓશ્રીની રમણીય ગુરુમૂર્તિની પ્રેરણા કરી પૂજયશ્રીએ. વિ.સં. ૨૦૬૫ના ગોવાલીયાટેંક જૈન સંઘના પૂજયશ્રીના ચાતુર્માસમાં ત્યાં ભવ્ય ગુરુમંદિરનું નિર્માણ કરાયું અને પૂજયશ્રીની નિશ્રામાં જ તેનો ભવ્ય પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો હતો.

* દીક્ષાના પ્રારંભિક વર્ષોના પૂજયશ્રીના સહાધ્યાયી-સાથી પૂ. વિશદવક્તા આ.ભ. શ્રી કનકરત્નસૂરીશ્વરજી મહારાજ. પૂજયશ્રીની પ્રેરણાથી થતાં અનેક પ્રભાવક ધર્મકાર્યોમાં પૂજયશ્રીએ તે વડીલ પૂજયશ્રીને આમન્ત્રિત કરાવી તેમની નિશ્રામાં તે તે ધર્મકાર્યો કરાવ્યા છે. બોરીવલી-કાર્ટરરોડ સંઘનું શિખરબદ્ધ સંભવનાથ જિનાલય-ઘાટકોપર જગડૂશાનગરનું ત્રિમજલી ભવ્ય શિખરબદ્ધ જિનાલય વગેરેના અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવો હો કે ભાયંદર-દહિંસર-ચેમ્બુરતીર્થના ઉપધાનતપના માળમહોત્સવો યા અનેક દીક્ષામહોત્સવો હોઃ આ સર્વ ધર્મકાર્યોમાં પ્રેરણા પૂજયશ્રીની હતી, તો નિશ્રા પૂ. કનકરત્નસૂરીશ્વરજી મ.ની હતી. છેલ્લે-છેલ્લે વિ.સં. ૨૦૬૯-૭૦માં પૂજયશ્રીની પુણ્યપ્રેરણાથી ચેમ્બુરતીર્થ-પ્રતિષ્ઠાનો ઐતિહાસિક પ્રતિષ્ઠાસુવર્ણમહોત્સવ-સામૂહિક ૨૫૨ વર્ષીતપ-સાત સ્થાયી કાર્યો આદિ થયા. ત્યારે ત્યાં પૂ. કનકરત્નસૂરીશ્વરજી મ. સ્થિરવાસ હતા. ચાતુર્માસથી લઇને દરેક પ્રસંગમાં પૂજયશ્રીએ તે વડીલ આચાર્યશ્રીને આગળ રાખ્યા હતા, એમની જ નિશ્રા રાખી હતી.

* પાલિતાણાની શત્રુંજય હોસ્પિટલ એટલે પૂ. યુગદિવાકરશ્રીની પ્રેરણાથી-પુરુષાર્થથી સંસ્થાપિત સેવાયતન સ્થાપનાના ત્રીશેક વર્ષ બાદ હોસ્પિટલનો ટ્રસ્ટીગણ એક શ્રમણના સંપર્કમાં આવ્યો. એમણે હોસ્પિટલના વિકાસનાં મોટા સ્વપ્નાં બતાવ્યાં અને ટ્રસ્ટીગણે એમનાં હસ્તક એ કાર્ય કરવાનો નિર્ણય કરી અખબારી જાહેરાત આપી. એમાં સંસ્થાના મૂળ પ્રણેતા-પ્રાણ પૂ. યુગદિવાકરશ્રીનું નામ-કામ બધું જ ગાયબ હતું. સમુદાયનિષ્ઠા ધરાવતા પૂજયશ્રીએ તુર્ત જ ટ્રસ્ટીગણનો સંપર્ક કરી ધ્યાન દોર્યું કે ''તમે વિકાસ કોઇની પણ પાસે કરાવો એ તમારી ઇચ્છાની વાત છે. પરંતુ કોઇ પણ સ્તરે અને કોઇ પણ તબક્કે સંસ્થાના મૂળ સંસ્થાપક ગુરુદેવનો ઉલ્લેખ વીસરાવો ન જ જોઇએ. તમારું એ અવશ્ય કર્તવ્ય છે.'' ટ્રસ્ટીગણને આ ગંભીર ક્ષતિ સમજાઇ ગઇ. એમણે તુર્ત પૂ. યુગદિવાકરશ્રીનો ઉલ્લેખ દરેક સાહિત્યમાં પુનઃ શરુ કરી દીધો.*

* પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીના અંતિમસંસ્કારસ્થળ ચેમ્બુરતીર્થે તો પૂજયશ્રીના સતત પ્રયાસથી ભવ્ય ગુરુમંદિર રચાયું હતું. પરંતુ ગુરુદેવે જયાં અંતિમ શ્વાસ લીધો હતો તે મઝગામ સંઘ-ઉપાશ્રયમાં તેઓની કોઇ સ્મૃતિ ન હતી. પૂજયશ્રીએ આ વાત બરાબર લક્ષ્યમાં રાખીને ગુરુદેવના કાલધર્મના ત્રીશ વર્ષો બાદ, વિ.સં. ૨૦૬૮ના ભાયખલાતીર્થનાં ચાતુર્માસમાં મઝગામ સંઘને પ્રેરણા આપી અને ફલસ્વરૂપે ચાતુર્માસ પછી પૂજયશ્રીની પુણ્યનિશ્રામાં એ સ્થાને ચેમ્બુરતીર્થ જેવી જ ગુરુમૂર્તિ પ્રતિષ્ઠિત કરાઇ. આ એ સ્થળ હતું કે જયાં ગુરુદેવની અંતિમ ક્ષણો ગુજરી હતી. આ જ સ્થળ પર ગુરુદેવ અંતિમ દિવસોમાં પાટ પર વિરાજમાન હતા.

ઉપરોક્ત અને એના જેવી તમામ ઘટનાઓ એ દર્શાવી જાય છે કે પૂજયશ્રીની સમુદાયનિષ્ઠા કેવી અજબ-ગજબની હતી...

આ પ્રકરણમાં આપણે નવના અખંડ અંકરૂપ નવ વિશેષતાઓ પૂજયશ્રીના જીવનવૈભવરૂપે નિહાળી. બાકી એ સિવાય પણ ઉત્તમ પ્રવચનશક્તિ-શ્રેષ્ઠ ગુણાનુરાગ-અપ્રમત્ત આરાધના-સ્પૃહણીય સાદગી વગેરે અનેક ગુણોનો વૈભવ પૂજયશ્રીમાં ઝળહળાયમાન હતો. આપણે એને સળંગ જીવનપ્રવાહ દરમિયાન તે તે સમયે નિહાળવાનો ઉપક્રમ રાખી આચાર્યપદારૂઢ પૂજયશ્રીને અંજલિરૂપે આ પ્રકરણના જીવનવૈભવનું ચિંતન-મનન કરતા કહીએ પૂજયશ્રીને કે :-

ગુણના નિધિ ગુરુ ! આપના ગુણ યાદ આવે છે બહુ,
તેથી જ હૈયું વિરહનાં આંસુ વહાવે છે બહુ...

• • •

* જેમણે મોટાં સ્વપ્નો બતાવ્યા હતા એમના તરફથી એક નાનું ય નક્કર કામ હોસ્પિટલ અંગે ન થતા, ટ્રસ્ટીગણને વરવી વાસ્તવિકતાનો અનુભવ થયો. પૂજયશ્રીની શત્રુંજય હોસ્પિટલ પ્રત્યેની ભાવનાને લક્ષ્યમાં રાખી છેલ્લાં વર્ષોમાં અમારાં હસ્તક હોસ્પિટલનાં સેવાકાર્યોમાં ₹. દોઢ ક્રોડથી વધુ દાન અપાયું છે.



પ્રકરણ : ૨૭

ગુજરાત–રાજસ્થાનની તારક તીર્થયાત્રા...

શ્રદ્ધાનો મહિમા ગાતા એક શાયરીમાં મજાની રજૂઆત થઇ છે કે :-

आँखोमें अगर मुस्कान है तो इन्सान तुमसे दूर नहि,
पाँखोमें अगर उडान है तो गगन पंछीसे दूर नहि ।
शिखर पर बैठ कर विहगने भी यही गीत गाया है,
कि श्रद्धामें जो जान है तो भगवान तुमसे दूर नहि ।।

ભક્ત ભલે ને સંસારમાં હોય અને ભગવાન ભલે ને મોક્ષમાં હોય, પરંતુ બન્ને વચ્ચે અતૂટ અનુસંધાન સર્જનાર તત્ત્વ આ શ્રદ્ધા છે. શ્રદ્ધાનાં સામર્થ્યથી ભક્ત મૂર્તિમાં ભગવાનનો સાક્ષાત્કાર કરે છે, તો શ્રદ્ધાના જ સામર્થ્યથી ભક્ત પોતાની ધર્મારાધનાને સપ્રાણ બનાવી દે છે; શ્રદ્ધાના સહારે ભક્તાત્મા સંસારની વિડંબણાઓ-સમસ્યાઓ વચ્ચે તૂટ્યા વિના ટકી જાય છે, તો એ શ્રદ્ધાના સહારે જ ભક્તાત્મા સંસારસાગર તરી જાય છે. આ શ્રદ્ધા માટે શાસ્ત્રોએ લખ્યું છે 'सद्धा परमदुल्लहा'. મતલબ કે શ્રદ્ધા પરમ દુર્લભ બાબત છે.

આપણા પૂજયશ્રીમાં આ શ્રદ્ધા જ્યોતની જેમ ઝળહળતી હતી. એથી આચાર્યપદપ્રદાન બાદ પૂજયશ્રીએ મુંબઈના ચાર શ્રદ્ધાકેન્દ્ર તીર્થની યાત્રાનો સંકલ્પ સર્વપ્રથમ કર્યો. એ હતા ચેમ્બુર-ગોડીજી-વાલકેશ્વર અને અગાશીનાં તીર્થો. પહેલા તેઓ ચેમ્બુરતીર્થે પધાર્યા. ત્યાં દાદા આદિનાથની મનભર ભક્તિ કરી અને પૂ. યુગદિવાકર ગુરુદેવનાં સમાધિસ્થળે ગુરુદેવનો જાપ કર્યો. આ સ્થાન પર ગુરુદેવના પાર્થિવ દેહના અણુ-પરમાણુ પથરાયેલા હતા. એથી અહીં ગુરુદેવની સૂક્ષ્મ ઊર્જાશક્તિનો એમને ખૂબ અનુભવ થતો. જીવનનું તમામ અનુસંધાન આ ગુરુદેવ સાથે હતું. એથી એમણે અંતઃકરણપૂર્વક ગુરુદેવને પ્રાર્થના કરી કે ''આ આચાર્યપદની જવાબદારી અતિ મહાન છે. એને સમ્યગ્ વહન કરીને આરાધનાની સાથે સાથે યશાશક્ય માર્ગપ્રભાવના-શાસનરક્ષા કરાય તો એ શ્રી તીર્થંકરનામકર્મનો બંધ કરાવી શકે એમ છે. મને આપની કૃપાનાં બળે આરાધના-પ્રભાવના -રક્ષાની શક્તિ ઉત્તરોત્તર વિશેષ ને વિશેષ સાંપડતી રહે.''

એક મર્મછલકતા વાક્યમાં સરસ વાત કરાઇ છે કે ''કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જે પદનાં કારણે શોભે છે અને કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેમનાં કારણે પદ શોભી ઊઠે છે.'' નિર્દેશ આ વાક્યનો એ છે કે પ્રથમ પ્રકારની વ્યક્તિઓમાં યોગ્યતાનું સ્તર અલ્પ-નહિવત્ હોય છે. એથી એ સ્વયંની ક્ષમતાથી નહિ, પદનાં કારણે શોભે -લોકમાં માન-પાન પામે. જ્યારે બીજા પ્રકારની વ્યક્તિનું યોગ્યતાનું સ્તર એવું ઉચ્ચ -મહત્તમ હોય કે જે પદને દીપાવે. એમના સંપર્કથી-પરિચયથી લોકને એવી અનુભૂતિ થાય કે આચાર્ય ભગવંત તો આવા હોવા જોઇએ. પૂજયશ્રી આ પૈકીના બીજા પ્રકારમાં સ્થાન પામ્યા એનું એક કારણ દેવ-ગુરુ પ્રત્યેની એમની ઉત્કટ શ્રદ્ધા અને દેવ-ગુરુનો અનુગ્રહ પામવાની એમની સતત ઝંખના હતી. આ શ્રદ્ધા અને આ અનુગ્રહઝંખના જ તો એમને આચાર્યપદ પ્રાપ્તિ બાદ સર્વપ્રથમ ચેમ્બુરતીર્થે લઇ આવી હતી.

ચેમ્બુરથી પૂજયશ્રી પાયધુનીમાં ગોડીજીદાદાની યાત્રા કરી વાલકેશ્વર પધાર્યા. અહીં સંપ્રતિકાલીન શ્રી આદીશ્વરદાદાની યાત્રાનો હેતુ તો હતો જ. ઉપરાંત અન્ય એક હેતુ હતો આચાર્યપદપ્રદાનમહોત્સવમાં ઉપસ્થિતિનો. ત્યાં ગત ચાતુર્માસસ્થિત પૂ. પંન્યાસજી શ્રી હેમપ્રભવિજયજી ગણિવરનો આચાર્યપદારોહણમહોત્સવ ઉજવાતો હતો. આ પંન્યાસજી પૂ. યોગનિષ્ઠ આ. શ્રી કેશરસૂરીશ્વરજી મ.ના સમુદાયના હતા. પૂજયશ્રીની ગુરુપરંપરાથી આ સમુદાય એકદમ નિકટનો હતો. ઉપરાંત પૂજયશ્રીના આચાર્યપદપ્રદાનમહોત્સવમાં પધારીને પંન્યાસજીએ આ પ્રસંગમાં પધારવાનો ખાસ આગ્રહ કર્યો હતો. આથી પણ પૂજયશ્રી અહીં પધાર્યા હતા. પૂજયશ્રી સહિત કુલ સાત આચાર્યભગવંતોની પુણ્યનિશ્રામાં એ આચાર્યપદારોહણપ્રસંગ ભવ્યતાથી ઉજવાયો.

ત્યાંથી પૂજયશ્રી ક્રમશઃ વિહાર કરતા અગાશીતીર્થે પધાર્યા. મુંબઈની બહાર છતાં મુંબઈની સૌથી નિકટનું આ તીર્થ પૂ. યુગદિવાકર ગુરુદેવનું શ્રદ્ધાકેન્દ્ર હતું. તેઓશ્રી જ્યારે જ્યારે મુંબઈની બહાર પધારે કે મુંબઈમાં પધારે ત્યારે ત્યારે આ તીર્થની યાત્રા ખાસ કરતા. આથી પૂજયશ્રીનું પણ એ શ્રદ્ધાકેન્દ્ર હતું. એટલે જ આચાર્યપદપ્રાપ્તિ બાદ એમને આ તીર્થની યાત્રાની ભાવના પ્રગટી હતી. આ તીર્થમાં પૂજયશ્રીએ ત્રણ દિવસ સ્થિરતા કરીને તીર્થાધિનાયક મુનિસુવ્રતદાદાની વિશેષ ભક્તિ-જાપસાધના કરી. પાછા ફરતા ભાયંદર-બાવનજિનાલયતીર્થે પૂજયશ્રીનું ભવ્ય સ્વાગત કરાયું અને ત્યાં પૂજયશ્રીની પ્રેરણાથી નિર્મિત થનાર ધર્મશાળાનું ખનન-શિલાન્યાસવિધાન શ્રી શશીકાંતભાઇ સીરોયા વગેરેના હસ્તે પૂજયશ્રીની નિશ્રામાં થયું. ત્યાંથી પૂજયશ્રી પોષદશમીઆરાધના કાંદિવલીસંઘમાં કરાવી અંધેરી (પૂર્વ) શંખેશ્વરજિનાલય સંઘમાં પધાર્યા. અહીં મુંબઈસ્થિત સમગ્ર પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયની નિશ્રામાં ઉપધાનતપ યોજાયા હતા. પૂજયશ્રીએ ત્યાં ત્રીશ સાધુ-સાધ્વીજીને આચારાંગ-કલ્પસૂત્ર-મહાનિશીથ વગેરે આગમસૂત્રોનાં યોગ કરાવ્યા. ઉપધાનતપના માળારોપણમહોત્સવમાં દીક્ષાર્થી પુણ્યાત્માઓનો દીક્ષામહોત્સવ યોજાયો. તેમાં એક મુમુક્ષુ પૂજયશ્રીના સાંસારિક ભગિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત થઇ સા. શ્રી વિશ્વદર્શાશ્રીજી બન્યા.

ઉપધાન-દીક્ષાઓ બાદ પૂજયશ્રી શાશ્વતી ઓળીની આરાધનાર્થે ભાયંદર-બાવન જિનાલયતીર્થે પધાર્યા ત્યાં આવ્યો વસઇરોડ જૈન સંઘ. બન્યું એવું હતું કે વિ.સં. ૨૦૩૦માં પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી વસઇ સંઘમાં સંભવનાથગૃહજિનાલયની પ્રતિષ્ઠા પ્રસંગે પધાર્યા ત્યારે ત્યાં નવવિકાસ સાધી રહેલ અંબાડીરોડ વિસ્તારમાં રોડટચ એક વિશાલ ભૂમિખંડ લઇ લેવાની પ્રેરણા ગુરુદેવે સંઘને કરી હતી. સંઘને પોતાની નાની શી વસતિ માટે આટલો વિશાલ ભૂમિખંડ ખરીદવાની આવશ્યકતા જણાતી ન હતી. ઉપરાંત સંઘ પાસે એ ભૂમિ ખરીદવાની રકમ પણ ન હતી. એથી સંઘનો ઉત્સાહ એ માટે અલ્પ હતો. દીર્ઘદૃષ્ટા પૂ. યુગદિવાકરશ્રીએ સંઘહિત લક્ષ્યમાં રાખી સંઘના પાંચ શ્રીમંત અગ્રણીઓને લોન આપવાની પ્રેરણા કરી તે સમયે માત્ર ₹. પાંત્રીશ હજારમાં એ ભૂમિખંડ સંઘને પ્રાપ્ત કરાવ્યો હતો. ચૌદ વર્ષનાં વહાણાં બાદ હવે એ વિસ્તાર એવો વિકસ્યો હતો કે આ ભૂમિખંડ સંઘ માટે સોનાની લગડી જેવો સાબિત થયો. ₹. પાંત્રીશ લાખથી પણ વધુ મૂલ્ય ધરાવતા એ મોકાના ભૂમિખંડ પર વિશાલ ઉપાશ્રય-શિખરબદ્ધ જિનાલય વગેરેનાં નિર્માણની ભાવના સંઘને થઇ.

પૂ. યુગદિવાકરશ્રીના સમયથી એ સંઘ પૂજયશ્રીનો જ વિશેષ પરિચય ધરાવતો હોવાથી આજે ભાયંદરમાં પૂજયશ્રી સમક્ષ ઉપસ્થિત થયો હતો. પૂજયશ્રીએ પ્રથમ તબક્કે વિશાલ ભવ્ય ઉપાશ્રયનાં નિર્માણની પ્રેરણા કરી ઉપાશ્રય માટે સુરેખ માર્ગદર્શન આપ્યું અને ભાયંદરની શાશ્વતી ઓળી બાદ પૂજયશ્રી વસઇરોડ સંઘમાં પધારતા તેઓશ્રીની

નિશ્રામાં પ્રસ્તાવિત ઉપાશ્રયનો ખનન-શિલાન્યાસવિધિ વિશાલ મેદની સમક્ષ ઉજવાયો. આ પ્રસંગે પૂજ્યશ્રીએ, પૂ. યુગદિવાકરશ્રીએ દીર્ઘદૃષ્ટિપૂર્વક સંઘ પર કરેલ પરમોપકારનો ખાસ ઉલ્લેખ કર્યો અને ભાવિમાં આ જ ભૂમિખંડ પર શિખરબદ્ધ જિનાલયનિર્માણની પ્રેરણા કરી.

ત્યાંથી વિવિધ ઉપનગરોમાં વિચરતા પૂજ્યશ્રી જેઠ માસમાં કાંદિવલી-પૂર્વના અશોક ગ્રામમાં પધાર્યા. કાંદિવલી-પૂર્વનો આ વિસ્તાર સૌથી વધુ વિકાસ સાધતો હતો અને અહીં જૈન પરિવારોનો વસવાટ સેંકડોની સંખ્યામાં નવો ઉમેરાઇ રહ્યો હતો. ચારે ય તરફ મોટા મોટા બિલ્ડીંગો વચ્ચે ત્રિશિખરીય શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ મહાજિનાલયનું ભવ્ય નિર્માણ પૂ. યુગદિવાકર ગુરુદેવના પરમભક્ત શ્રી પ્રતાપરાય દુર્લભરાય શેઠ અને દિનેશભાઇ બાલચંદ દોશી પરિવારે માત્ર ૧૧ માસમાં કર્યું હતું. આ જિનાલયનો ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ પૂ.આ. શ્રી જયાનંદસૂરિજી મ.-પૂ. આ. શ્રી કનકરત્નસૂરિજી મ.-પૂ.આ.શ્રી મહાનંદસૂરિજી મ.-પૂ.આ.શ્રી સૂર્યોદયસૂરિજી મ.: આ ચાર પૂ. આચાર્યદેવોની નિશ્રામાં ઇ.જેઠ શુદિ-૫, તા. ૧૯-૬-૮૮ થી ઇ. જેઠ શુદિ-૧૧, તા. ૨૬-૬-૮૮ દરમિયાન શાનદાર કલ્યાણક ઉજવણી-વિધિવિધાનોપૂર્વક ઉજવાયો. કલ્યાણકઉજવણીમાં જ્યારે દીક્ષાકલ્યાણક ઉજવણી થઇ ત્યારે એકાએક ચાર મિનિટ માટે વર્ષાની એક ઝંઝાઝડી વરસી જતા પૂજ્યશ્રીએ તત્કાલ એનો સંબંધ પ્રભુ પાર્શ્વનાથની સાધનાવસ્થામાં મેઘમાળીદેવે કરેલ મૂશલધાર વર્ષાઉપસર્ગ સાથે કરી બતાવ્યો. પૂજ્યશ્રીની આ પ્રત્યુત્પન્નમતિથી સમગ્ર સભામાં વિસ્મયની-અહોભાવની લહેર પ્રસરી ગઇ હતી.

શેષકાલીન આવી અન્ય શાસનપ્રભાવનાઓ બાદ પૂજ્યશ્રી વિ.સં. ૨૦૪૪ની ચાતુર્માસારાધનાર્થે બોરીવલી-જામલીગલી જૈન સંઘમાં આષાઢ શુદિ છઠે પધાર્યા. ત્યારના મુંબઇનો સૌથી વિરાટ ઉપાશ્રય ધરાવતો આ સંઘ પણ એવો જ વિરાટ હતો. શ્રી પ્રશમરતિમહાગ્રન્થ તથા સમરાદિત્યમહાકથા પર પૂજ્યશ્રીના નિત્યનાં પ્રવચનો-સામૂહિક સિદ્ધિતપ-સામૂહિક ૧૦૮ પાર્શ્વનાથતપ-શિબિરો આદિ દ્વારા ચાતુર્માસારાધના યશસ્વી થઇ. એમાં પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવનો ઝળહળાટ દેખાયો પર્યુષણાપર્વના જન્મવાંચનદિને. એ દિવસે સ્વપ્ન વગેરેની ઉછામણીઓ તો સરસ થઇ જ. પણ એ ઉપરાંત સંઘે કાયમી સાલગિરિ ઉજવણીનું ફંડ એ દિવસે કરવાનું વિચાર્યું હતું. ત્યારે ₹. છ લાખના ફંડની જરૂર હતી. સંઘની ધારણા હતી કે મુખ્ય નામ સવા લાખ ₹. ની આસપાસ આવી જાય તો બાકીનું ફંડ સરલ રહે. એના બદલે ધારણા બહારની વાત બની. મુખ્ય નામાંકનની ઉછામણી જ ₹. છ લાખની થઇ જતાં ફંડ કરવાની આવશ્યકતા જ ન રહી !! સંઘે આ માહોલ ઝડપી લઇ નેશનલપાર્કમાં યોજાતા પૂરા બોરીવલીના જૈનોની કાર્તિકી પૂર્ણિમાની યાત્રાના ભાતાનું તત્કાલ કાયમી ફંડ યોજીને તેનાં મુખ્ય નામની ઉછામણી કરતાં એનું પણ છ લાખનું ફંડ તત્કાલ થઇ ગયું. આ ઉપરાંત બન્ને શાશ્વતી ઓળીના આદેશો અપાઇ ગયા !! પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવે સંઘમાં જયજયકાર વ્યાપી ગયો.

આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીના મક્કમ મનોબળનો અને દૃઢ નિર્ણાયકતાનો પરિચય કરાવતી ઘટના બની દહિંસર-શાંતિનાથજિનાલય-ઉપાશ્રયના ગચ્છસંબંધી વિવાદની. વિ.સં. ૨૦૪૪નાં એ વર્ષે દહિંસર સંઘમાં પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયના સા. શ્રી મયૂરકલાશ્રીજીનું ચાતુર્માસ હતું અને એમાં જાણી- બૂઝીને અન્યગચ્છીય જૂજ અજ્ઞાનવર્ગે આ વિવાદ વકરાવ્યો હતો. બન્યું હતું એવું કે દહિંસરમાં જિનાલય-ઉપાશ્રયાદિ તમામ સ્થાનો પૂ. યુગદિવાકરશ્રીની પુણ્યપ્રેરણાથી નિર્માણ પામ્યા હતા. આમ છતાં પૂ. યુગદિવાકરશ્રીએ વિભિન્ન ગચ્છોના ભાવિકો આરાધના કરી શકે અને તો ય સંઘમાં સંવાદ રહે તે માટે ચાતુર્માસ અને પર્યુષણાસંબંધી લેખિત આચારસંહિતા કરી આપેલ અને વર્ષોથી તે મુજબ ત્યાં આરાધનાઓ થતી.

વિ.સં. ૨૦૪૪ના એ વર્ષે આચારસંહિતાની ઉપરવટ જઇને કેટલાંકે ખોટો વિવાદ ખડો કર્યો. પર્યુષણાના બે દિવસો પૂર્વે વિવાદ બેહદ વધી ગયો અને એમાં ચાતુર્માસ સ્થિત સાધ્વીજીને લક્ષ્યાંક બનાવાયા. આથી વિવાદ વરવો બનીને અખબારી આલમ સુધી પહોંચી ગયો. પરિસ્થિતિ આ સ્ફોટક બિંદુએ પહોંચી ત્યારે, પૂ. યુગદિવાકરશ્રીરચિત આચારસંહિતાનો પાલક વર્ગ અને તેની ઉપરવટ થનાર વર્ગ પર્યુષણાની પૂર્વરાત્રિએ બોરીવલી-જામલીગલીમાં પૂજ્યશ્રી સમક્ષ આવ્યો. આતંક સર્જનાર વર્ગની નેમ આ તંગ વાતાવરણનો લાભ લઇ દબાણનીતિથી પોતાની મનમાની કરવાની હતી. આથી એમણે પૂજ્યશ્રી સમક્ષ પ્રસ્તાવ મૂક્યો કે બન્ને ગચ્છોના ચાતુર્માસ વારાફરતી કરવાનું નક્કી કરો તો આ તંગ વાતાવરણ કાલે દૂર કરી દઇએ.

પૂજ્યશ્રીએ શાંત-સ્વસ્થ ચિત્તે દીર્ઘદૃષ્ટિથી વિચાર કર્યો કે આમાં તો રોગ કરતા ઇલાજ ભયંકર સાબિત થશે. જો વારા કરાય તો સંઘર્ષના મૂળિયાં કાયમી રીતે ઊંડા ઊતરી જશે. એથી એમણે વ્યવહારુ ઉકેલ દર્શાવ્યો કે 'આજ પર્યંત પૂ. યુગદિવાકરશ્રીની આચારસંહિતા અપનાવવાથી શાંતિ સચવાઇ છે. માટે તેનો જ અમલ કરવો હિતાવહ છે. છતાં જે વર્ગને ઉપરવટ જવું જ હોય તે વર્ગ પોતાનું સ્વતન્ત્ર સ્થાન કરે અને તેમાં જૂના સ્થાનનો વર્ગ પણ મર્યાદામાં રહીને શક્ય સહકાર-આર્થિક દાન આપે. આમ કરવાથી બે ય ની આરાધના થશે અને પ્રેમ પણ સ્થપાશે. બાકી એક જ સ્થળે વારાફરતી અલગ અલગ આચરણાઓ કરવાથી કલેશ-કટુતા વધ્યા વિના નહિ રહે'.

આ યોગ્ય ઉકેલને પેલા વર્ગે સ્વીકાર્યો નહિ અને વારા કરવાની જીદ કરી. આઠ કલાકની Marathon Meeting પછી ય જ્યારે એ વર્ગે જીદ ન છોડી ત્યારે દૃઢ

નિર્ણાયકતા દાખવીને પૂજયશ્રીએ એ અહિતકારી માંગણીમાં સંમતિ ન આપી. એ પછી તત્કાલ સાવચેતી દાખવીને પેલા વર્ગ તરફથી સાધ્વીજીને નવી તકલીફ ન થાય માટે, પૂજયશ્રીએ સાધ્વીજીને બોરીવલી બોલાવી લીધા. પર્યુષણાના પ્રથમ દિવસે જ સાધ્વીજીના પ્રયાણના પ્રત્યાઘાત સંઘમાં ઘેરા પડ્યા અને સામાન્ય જનતા જાગૃત થઇને દહેશત ફેલાવનારાની વિરુદ્ધમાં સંગઠિત થઇ ગઇ. દહેશત ફેલાવનારાઓની પીછેહઠ થઇ. તે પછી દહિંસર પેઢીના ટ્રસ્ટીઓની વિનંતિથી જન્મવાંચનદિને પૂજયશ્રી સ્વયં વિશાલ સંખ્યામાં શ્રાવકો સાથે દહિંસર પધાર્યા. એથી સમગ્ર માહોલ બદલાઇ ગયો. સાધ્વીજીને પણ બોરીવલીથી પુનઃ દહિંસર લવાયા અને પછી તે સાધ્વીજીઓની દહિંસરમાં જ સ્થિરતા કરાઇ. ત્યાર બાદ જરા ય તોફાન કે તકલીફ થયા નહિ અને ચાતુર્માસ બાદ ટૂંક સમયમાં જ દહેશત ફેલાવનારાઓનું સ્થાન ત્યાંના સંઘમાંથી સાવ જ નીકળી ગયું. આ સમગ્ર પ્રકરણમાં દબાણનીતિ સામે મક્કમતા દાખવીને યોગ્ય સમયે ત્વરિત નિર્ણય લેવાની સૂઝ-બૂઝ દાખવવાની પૂજયશ્રીની શક્તિનાં યથાર્થ દર્શન થાય છે.

આ ચાતુર્માસમાં સંઘના એક ધર્મભાવનાશીલ પરિવારમાં નાની વયે વિચિત્ર આકસ્મિક મૃત્યુની વિલક્ષણ દુર્ઘટના સર્જાઇ ગઇ ત્યારે પૂજયશ્રીનું ધીર-ગંભીર ધર્મોપદેશકનું એક વિશિષ્ટ રૂપ ત્યાં જોવા મળ્યું. ઘટના કાંઇક આમ હતી કે સંઘમાં વસતા પરમાનંદભાઇ ભીમજી દેવગાણાવાળા પરિવારના યુવાન પુત્ર અરવિંદભાઇએ એક સવારે મુંબઇથી અમદાવાદનો પ્રવાસ વિમાનમાં કર્યો. આમ તો એ પ્રવાસ એમના ભાગીદારે કરવાનો હતો. ટિકિટ પણ એ ભાગીદારના નામની હતી. પરંતુ ભાગીદારને કોઇ અનિવાર્ય કારણસર પ્રવાસ અશક્ય બની જતા એણે અરવિંદભાઇને પ્રવાસ કરવા સૂચવ્યું. જાણે કે આમનો કાળ પોકારતો હશે. એથી જ અન્યની ટિકિટ પર તેઓને એકાએક પ્રવાસનો પ્રસંગ આવી પડ્યો. વિમાન મુંબઇથી વિદાય થઇ અમદાવાદની એકદમ નિકટ આવ્યું ત્યાંજ યાન્ત્રિક ખામીવશ વિમાન ધડાકાભેર તૂટી પડ્યું. વિમાનમાં પ્રચંડ આગ લાગી અને એકસો પાંત્રીશ પૈકીના લગભગ તમામ પ્રવાસીઓ સ્થળ પર જ મૃત્યુ પામ્યા !! એમાં આ અરવિંદભાઇનું પણ તત્કાલ મૃત્યુ થયું.

કલાકમાં તો સંઘમાં આ સમાચાર ફેલાઇ જતા શોકનું પ્રચંડ મોજું ફરી વળ્યું. કારણ કે નાની વયનું મૃત્યુ હતું-અકસ્માતનું કરુણ મૃત્યુ હતું અને પરિવાર સંઘનાં ધર્મકાર્યોમાં વિવિધ રૂપે જોડાયેલો હતો. એમની શાંતિપાઠસભામાં જામલીગલીના એ વિરાટ ઉપાશ્રયનો વિશાલ હૉલ સંપૂર્ણ ભરચક હતો. પૂજયશ્રીએ શાંતિપાઠ સંભળાવીને બહુ હૃદયસ્પર્શી શૈલીમાં મૃત્યુ અંગે અને આ આકસ્મિક દુર્ઘટના અંગે ઉપદેશ આપ્યો કે ''મૃત્યુની ત્રણ વિચિત્ર ખાસિયત છેઃ (૧) મૃત્યુ અવશ્ય આવે છે. જે વ્યક્તિ જન્મ પામે છે એ વ્યક્તિનું મૃત્યુ અવશ્ય થાય જ છે. કોઇનું આજે, તો કોઇનું કાલે. ખુદ તીર્થંકર ભગવંતો પણ આમાંથી બાકાત નથી રહી શકતા. 'જન્મ' શબ્દમાં રહેલ ત્રણ અક્ષરોની વ્યાખ્યા જ આ છે કે જ=જરૂર, ન્=નક્કી અને મ=મોત. જરૂર-નક્કી મોત જેના પછી આવે જ તે છે 'જન્મ'. (૨) મૃત્યુ ગમે ત્યારે આવે છે. એટલે જ કહેવાય છે કે મોતને મુહૂર્ત જોવાના નથી હોતા. એ વૃદ્ધોને જ નહિ, બાળકોને અને યુવાનોને પણ પોતાના સકંજામાં લઇ લે છે. મોત માટે આ કરુણ વાસ્તવિકતા છે કે જન્મની આગાહી હજુ નવ માસ પૂર્વે થઇ શકે, પરંતુ મૃત્યુની આગાહી નવ સેકન્ડ પહેલા પણ થઇ શકતી નથી. શાસ્ત્રોએ એટલે જ 'नित्यं सन्निहितो मृत्युः' જેવા શબ્દો લખ્યા છે. (૩) મૃત્યુ ગમે તે સ્વરૂપે આવી શકે છે. એ કેન્સર જેવા જાલિમ રોગો દ્વારા નજીક આવતું જઇ વ્યક્તિને મહિનાઓ-વર્ષો સુધી રિબાવે, તો Heart Fail વગેરે દ્વારા કાચી સેકન્ડની વેદનારૂપે ય આવી શકે છે; અરવિંદભાઇને આવ્યું એમ અકસ્માતરૂપે આવી શકે છે, તો પૂર-ધરતીકંપ વગેરે હોનારતરૂપે ય આવી શકે છે. મૃત્યુની આ વિલક્ષણતાઓ જણાવીને અંતે એ જ સાર શાસ્ત્રો સમજાવે છે કે 'कर्तव्यो धर्मसङ्ग्रहः'. જીવનમાં ધર્મ જ કરવા જેવો છે. આ આકસ્મિક મૃત્યુ સૌને એ સંદેશ તીવ્રતાથી સમજાવે છે કે 'મોટી વયે ધર્મ કરીશું' આવા કોઇ ભ્રમમાં ન રહેશો. મૃત્યુ ગમે ત્યારે - ગમે તે સ્વરૂપે આંબી જાય તે પહેલા પરભવનું ભાતું બાંધી દેવું હિતાવહ છે...'' પરિવારનાં ગૃહાંગણે સાન્ત્વના માટે પૂજયશ્રી પધાર્યા ત્યારે ત્યાં એમણે 'ઋણાનુબંધ'નો મુદ્દો સાન્ત્વનરૂપે સમજાવ્યો કે ''જે આત્માનો જેટલો ઋણાનુબંધ હોય એટલો જ સમય એ આત્મા-એ વ્યક્તિ પરિવારની સાથે રહે. ઋણાનુબંધ પૂર્ણ થતાં એ કોઇ ને કોઇ રીતે વિખૂટો થઇ જાય. આપણી ફરજ એ છે કે એ વ્યક્તિ સાથે હોય ત્યારે એની સમાધિમાં-ધર્મભાવનાવૃદ્ધિમાં નિમિત્ત બનવું અને એ વિદાય થઇ જાય ત્યારે એનાં શ્રેય નિમિત્તે શુભ કાર્યો કરવાં...''

ચાતુર્માસ બાદ વિ.સં. ૨૦૪૫ના શેષકાળમાં યોજાયેલ મુખ્ય ધર્મકાર્યોમાં ઉલ્લેખનીય છે ચેમ્બુરતીર્થનો પ્રતિષ્ઠારજતમહોત્સવ. યુગદિવાકરસમુદાયના સાન્નિધ્યમાં યોજાયેલ આ મહોત્સવ ચેમ્બુરતીર્થના પ્રતિષ્ઠામહોત્સવની ઝાંખી કરાવે તેવો શાનદાર-દબદબાભર્યો હતો. એમાં આયોજનની-માર્ગદર્શનની સંપૂર્ણ જવાબદારી પૂજયશ્રીએ સંભાળી હતી. પૂજયશ્રીનું એ સૌભાગ્ય હતું કે ચેમ્બરુતીર્થની પ્રતિષ્ઠાસમયે તેઓ પૂ. યુગદિવાકરશ્રીની સાથે અગ્રેસર ભૂમિકામાં હતા, આ પ્રતિષ્ઠા-રજતમહોત્સવમાં ચાવીરૂપ સ્થાને હતા; તો આગળ જણાવીશું તેમ આ તીર્થના પ્રતિષ્ઠાસુવર્ણમહોત્સવમાં પણ પ્રેરણા-નિશ્રાદાતારૂપે હતા. ઇંદુ ધાનકના સૂરીલા કંઠે રત્નાકરપચ્ચીશીગાન સાથે સંવેદના-સંગીત, પ્રથમ જ વાર ભવ્યાતિભવ્ય કુમારપાલ મહાઆરતી-દરેક ઉછામણીઓમાં ઉદાર લાભો-૨૫ હજાર પુષ્પો સાથે ઝવેરાતની અંગરચનાઓ-૨૫૦૦ સાધર્મિકોની ભક્તિ-૨૫૦૦ જીવોને અભયદાન-૨૫૦૦ અનાથને અનુકંપાદાન-પ્રત્યેક કાર્યક્રમોમાં ભાવિકોની ભરચક ઉપસ્થિતિ વગેરેથી એ રજતમહોત્સવ યાદગાર બની ગયો.

આ વર્ષે સમુદાયની નિશ્રામાં મુંબઇમાં ઉજવાયેલ દીક્ષામહોત્સવો પૈકી ભાયંદર-બાવનજિનાલયતીર્થે યોજાયેલ મુમુક્ષુ કુ. મિતાની દીક્ષા-ખાર જૈન સંઘમાં યોજાયેલ મુમુક્ષુ કુ. ભારતીની દીક્ષા અને દહિંસર સંઘમાં યોજાયેલ મુમુક્ષુ કુ. નીપાની દીક્ષાના પ્રસંગો પૂજ્યશ્રીનાં સંપૂર્ણ માર્ગદર્શન-આયોજન દ્વારા ભવ્ય રીતે ઉજવાયા. ત્રણે ય દીક્ષાપ્રસંગોએ અનેકોનાં અંતરમાં વિરતિધર્મનાં બહુમાન પ્રગટાવ્યા. મુમુક્ષુઓનાં નામ ક્રમશઃ સા. શ્રી મુક્તિમાલાશ્રીજી-ધ્યાનરસાશ્રીજી-નમ્રદર્શિતાશ્રીજી સ્થાપિત થયા. તેમાં દહિંસરના દીક્ષાપ્રસંગની સાથે જ ત્યાંના શાંતિનાથજિનાલયે શ્રી અંતરીક્ષપાર્શ્વપ્રભુ તથા શ્રી કલિકુંડપાર્શ્વપ્રભુનો પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયો.

વૈશાખ માસમાં પૂજ્યશ્રી ભાયંદર-બાવન જિનાલયતીર્થના સાલગિરિમહોત્સવમાં પધાર્યા ત્યારે ત્યાં સહજપણે એકાએક એક ઘટના એવી બની જે પૂજ્યશ્રીના પુણ્યપ્રભાવની પરિચાયક હોય. સંગીતકાર દ્વારા પૂજા ભણાવાઇ રહી હતી. પૂજ્યશ્રી તથા ત્યાંના અગ્રણી શ્રાવકો પૂજા શ્રવણ કરી રહ્યા હતા. નવમી પૂજા પૂર્ણ થઇ અને ધ્વજા પર વાસક્ષેપ કરવાનો આવ્યો ત્યાં પૂજ્યશ્રીએ અગ્રણીઓને માત્ર બે શબ્દોની ટકોર કરીઃ ''સાલગિરિમહોત્સવ બાવન જિનાલયનો છે. એ ભવ્યતાથી ઉજવાવો જોઇએ.'' શ્રાવકો સમજી ગયા કે પ્રભુની સાલગિરિમાં સાધર્મિકવાત્સલ્ય હોવું જ જોઇએ એનો આ ઇશારો છે. ત્યાં જ એક મિનિટમાં પરસ્પર સંતલસ કરી સુરેશભાઇ-શશીકાંતભાઇ વગેરેએ માતબર દાનો જાહેર કરતા કાયમીસાલગિરિઉજવણીફંડ થઇ ગયું. તે પછી આજે લગભગ ત્રીશ વર્ષોથી બાવનજિનાલયતીર્થનો સાલગિરિઉત્સવ ભવ્યતાથી ઉજવાય છે, હજારો ભાવિકોથી જિનાલય ઉભરાઇ જાય છે અને ધ્વજારોપણ બાદ સાધર્મિકવાત્સલ્ય પણ અચૂક થાય છે. આ જ વૈશાખ માસમાં પૂજ્યશ્રીસહિત ચાર પૂ. આચાર્યદેવોની નિશ્રામાં ખાર જૈન સંઘમાં શિખરબદ્ધ શ્રી મુનિસુવ્રતસ્વામી જિનાલયનો અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ જાજરમાન સ્વરૂપે ઉજવાયો. સાથે દીક્ષા-વડીદીક્ષાદિ કાર્યો પણ થયાં.

શેષકાલીન આ શાસનપ્રભાવનાઓ બાદ વિ.સં. ૨૦૪૫ના એ વર્ષના ચાતુર્માસ માટે પૂજ્યશ્રીનો ભવ્ય પ્રવેશ અંધેરી-પૂર્વ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ જિનાલય સંઘમાં થયો. પ્રવચનો-તપશ્ચર્યાઓ-શિબિરો આદિથી ભર્યા ભર્યા એ ચાતુર્માસમાં મારા અભ્યાસપાઠ ઉપરાંત ત્યાંના અગ્રણી આરાધક સુશ્રાવક પાનાચંદ વીરપાર શાહ પૂજ્યશ્રી પાસે રોજ વિધિવિધાનસંબંધી ગ્રન્થોની સમજ તેમજ અન્ય અભ્યાસ માટે નિત્ય આવતા. ત્યાં અભ્યાસ સંબંધી એક રસપ્રદ પ્રસંગ બન્યો હસમુખભાઇ નામે એક જિજ્ઞાસુ યુવાનનો. એ પૂજ્યશ્રી પાસે એક વાર જૈન ભૂગોળ સમજવા આવ્યા. પૂજ્યશ્રીએ સતત અઢી કલાક સુધી ક્ષેત્રસમાસ ગ્રન્થના આધારે અઢીદ્વીપની શાશ્વતી બાબતોની નાનામાં નાની વિગતો ખૂબ સરલતાથી સમજાવી. એ યુવાને પણ અત્યંત રસથી બધી વિગતો સાંભળી. બીજે દિવસે એ ભાઇ અઢીદ્વીપનો પૂરો નકશો સ્વહસ્તે તૈયાર કરીને લઇ આવ્યો. એમાં કુલગિરિ-મહાનદીઓ-દ્રહો-વૃત્તવૈતાઢ્ય-દીર્ઘ વૈતાઢ્ય-મહાવિદેહની ૩૨ વિજયો આદિ બધી જ બાબતો યથાવત્ હતી. મેં તાજુબ થઇ જઇ એ ભાઇને પૂછ્યુંઃ ''આ નકશો તમે કોઇ નકશો સામે રાખી એના આધારે બનાવ્યો છે?'' એ કહેઃ ''ના, મેં તો ગઇ કાલે પૂ. સાહેબજી પાસેથી સાંભળેલ ક્ષેત્રવિગતોના આધારે સ્વયં તૈયાર કર્યો છે.'' મેં એમની તીવ્ર સ્મૃતિશક્તિને ધન્યવાદ આપ્યા. તો એ કહેઃ ''પૂ. સાહેબજીએ એટલું બધું સરલ અને સરસ સમજાવ્યું હતું કે એ વિના મહેનતે યાદ રહી ગયું.''

ચાતુર્માસમાં, રૂબીટિરેસ જૈન સંઘના ભાવિકોએ સર્વ પ્રથમવાર પર્યુષણામહાપર્વની ઉજવણી ચૌદ સ્વપ્ન-જન્મવાંચનાદિ સાથે કરવાની તૈયારી કરી પૂજ્યશ્રીને શ્રમણ પાઠવવાની વિનંતિ કરી. પૂજ્યશ્રીની આજ્ઞાથી મારે ત્યાં આરાધનાર્થે જવાનું થયું. પૂજ્યશ્રીના આશીર્વાદથી આરંભાયેલી પર્યુષણારાધના આજે પણ પ્રતિવર્ષ અખંડ જારી છે. રૂબીટિરેસ સંઘ આજે ય પોતાના આદ્ય ઉપકારીરૂપે પૂજ્યશ્રીને યાદ કરે છે. પૂજ્યશ્રીએ ડભોઇતીર્થે બે વર્ષ પૂર્વે બારમાસી આયંબિલખાતાનો જે પ્રારંભ કરાવ્યો હતો એને આર્થિક સદ્ધરતા બક્ષવા આયંબિલખાતાનો ટ્રસ્ટીગણ આ ચાતુર્માસમાં પૂજ્યશ્રી પાસે તેની યોજનાઓ લઇને આવ્યો હતો. પૂજ્યશ્રીએ બે શાશ્વતી ઓળીના તથા આયંબિલખાતા સાથે મુખ્ય નામાંકનના લાભો માટે દાતાઓને પ્રેરણા આપવાનું સ્વીકાર્યું.

ચાતુર્માસ બાદ વિ.સં. ૨૦૪૬ના પ્રારંભે ચેમ્બુરતીર્થે સમુદાયની નિશ્રામાં ભવ્ય ઉપધાનતપ યોજાયા. ત્યાં પૂજ્યશ્રીએ ૨૨ સાધુ-સાધ્વીજીને વિવિધ આગમસૂત્રોના યોગ કરાવ્યા. યોગવિધાનમાં પૂજ્યશ્રીનું પ્રભુત્વ એવું સરસ હતું કે સમુદાયમાં સામૂહિક યોગોદ્વહનની વાત આવે ત્યારે પસંદગી પૂજ્યશ્રી પર જ આવતી. આ ઉપધાનતપના અંતમાં ચેમ્બુરતીર્થે મહા શુદિ-૩ તા. ૨૯-૧-૯૦ થી મહા શુદિ-૧૨, તા. ૬-૨-૯૦ દરમિયાન પૂ. યુગદિવાકરશ્રીનાં ગુરુમંદિરમાં પગલાની પ્રતિષ્ઠા-અધિષ્ઠાયકપ્રતિષ્ઠા-પદપ્રદાન-દીક્ષાદિ મહોત્સવ થયો. એમાં પૂજ્યશ્રીના સાંસારિક ભગિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં ય એક મુમુક્ષુ દીક્ષિત થયા. એમનું નામ સા. શ્રી અભયધર્માશ્રીજી સ્થાપિત થયું. ત્યાંથી મહા વદિમાં કાંદિવલી-શંકરલેનના શ્રી સંભવનાથજિનાલય પાસે નિર્મિત પાઠશાળાભવનઉદ્ઘાટનાદિ કાર્યો કરાવી પૂજ્યશ્રી ભાયંદર-બાવનજિનાલયતીર્થે પધાર્યા. ત્યાં શ્રાવિકાઉપાશ્રયનો નામકરણસમારોહ-નવનિર્મિત ધર્મશાળાભવનઉદ્ઘાટન-નવ અધિષ્ઠાયકકુલિકાના સંકુલની પ્રતિષ્ઠા વગેરે કાર્યો પૂજ્યશ્રીની પ્રેરણાનુસાર પરિપૂર્ણ થયા. ઉદ્ઘાટન-પ્રતિષ્ઠાસમયે સમુદાયના વડીલ પૂજ્યોને પણ આમન્ત્રિત કરાતા તેઓ પણ પધાર્યા હતા.

શેષકાલીન આ ધર્મકાર્યો બાદ પૂજ્યશ્રી વિ.સં. ૨૦૪૬નાં ચાતુર્માસ માટે આષાઢ શુદિ દશમે ઘાટકોપર-સાંઘાણી એસ્ટેટ સંઘમાં પધાર્યા. સાત વર્ષ પૂર્વે આ જ સંઘમાં પૂજ્યશ્રીનાં થયેલ ભવ્ય ચાતુર્માસની મહેંક કેવી મઘમઘતી હતી એની ઝલક આ પ્રવેશમાં નિહાળવા મળી. ૧૦૮ શણગારેલ બેડાંયુક્ત બેનો આ પ્રવેશયાત્રામાં સ્વાગત કરવા સામેલ થયા હતા, તો જનમેદની પણ બેસુમાર હતી. આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીનાં પ્રવચનો 'શાંતસુધારસ' ગ્રન્થ તથા 'સમરાદિત્યચરિત્ર' પર યોજાયાં. પૂજ્યશ્રીની પ્રવચનધારાના પ્રભાવે સામૂહિક તપશ્ચર્યાઓ ઉપરાંત સંઘમાં છ માસક્ષમણ થયા. એથી એ પરિવારોએ મહોત્સવમાં સરસ લાભો લીધા. સંઘના અગ્રણી ટ્રસ્ટી અને પૂ. યુગદિવાકરશ્રીના પરમભક્ત શ્રી અનોપચંદભાઇ પી. શાહના પરિવારમાં થયેલ માસક્ષમણ નિમિત્તે એ પરિવારે ભવ્યાતિભવ્ય મહાપૂજા યોજતા હજારો ભાવિકોએ તેનાં દર્શનનો લાભ લીધો. આ ચાતુર્માસમાં પુરાણા ઉપાશ્રયનું માતબર ફંડ તથા આયંબિલ ખાતાનું ₹. પાંચ લાખનું ફંડ થયું, તો પૂજ્યશ્રીની પ્રેરણાનુસાર જિનાલયની બહાર પરિસરમાં શાસનરક્ષક તપાગચ્છાધિષ્ઠાયક શ્રી મણિભદ્રવીરદેવ - ઘંટાકર્ણવીરદેવ - પદ્માવતીદેવીના અધિષ્ઠાયક મંદિરોનું નિર્માણકાર્ય થયું. આ ત્રણ પ્રતિમાનું જયપુરમાં નિર્માણ થયા બાદ સંઘના કાર્યકર્તાઓ પ્રતિમા લેવા જયપુર ગયા ત્યારે, રાષ્ટ્રનાં રાજકીય ક્ષેત્રે રામજન્મભૂમિવિવાદ ખૂબ ચગ્યો હતો. એનાં કારણે મૂર્તિ લાવતી વેળાએ મુશ્કેલીઓ સર્જાઇ હતી. પરંતુ દેવ-ગુરુકૃપા અને પૂજ્યશ્રીના આશીર્વાદથી એ કાર્ય સુખરૂપ સંપન્ન થયું. તે પછી એ અધિષ્ઠાયક મંદિરોની પ્રતિષ્ઠાવિધિ માગશર વદિ દશમના પુણ્યદિને, મુંબઇથી આબુ-રાણકપુરતીર્થપદયાત્રાસંઘ પ્રયાણના પ્રથમ દિવસે સમુદાયના ચારે ય આચાર્યદેવોની નિશ્રામાં સંપન્ન થયો.

વિ.સં. ૨૦૪૬નાં ચાતુર્માસ બાદ પૂજ્યશ્રી ચુનાભઠ્ઠી સંઘના શિખરબદ્ધ જિનાલયના અંજન-પ્રતિષ્ઠામહોત્સવમાં ઉપસ્થિત રહી આબુ-રાણકપુરતીર્થના પદયાત્રાસંઘમાં પધાર્યા. મુંબઇથી આબુ-રાણકપુરતીર્થના ત્રાણું દિવસીય આ પદયાત્રાસંઘમાં પ્રેરણા પૂ. શતાવધાની આ. શ્રી જયાનંદસૂરીશ્વરજી મ.સા.ની હતી અને નિશ્રા પૂજ્યશ્રી સહિત ચાર આચાર્યભગવંતોની હતી. સતત ત્રાણું દિવસોની પદયાત્રા અને પાંચસો-પાંચસો યાત્રિકોનાં કારણે આ સંઘ શ્રી જિનશાસનના ઇતિહાસનું એક સુવર્ણ પ્રકરણ બની ગયો હતો. ગામોગામ સંઘોમાં ભવ્ય સ્વાગતો અને અનેકવિધ શાસનપ્રભાવનાઓ ધરાવતા આ પદયાત્રાસંઘમાં ત્રણ પૂજ્યોનાં નિયમિત પ્રવચનો થતા હતા જેમાં એક આપણા પૂજ્યશ્રી હતા. પૂજ્યશ્રી સતત ત્રાણું દિવસ શ્રી રાણકપુરતીર્થના રોચક-રસપ્રદ ઇતિહાસનું વિશ્લેષણ કરી એની સાથે ઉપદેશતત્ત્વોની મજાની ગૂંથણી કરતા હતા.

આ પદયાત્રાસંઘમાં પૂજ્યશ્રીએ ગુજરાત-રાજસ્થાનના અનેકાનેક પ્રાચીન-અર્વાચીન તીર્થોની ભાવપૂર્વક સ્પર્શના-યાત્રા કરી. પદયાત્રાસંઘ નવસારી-તપોવન આવ્યો ત્યારે ત્યાં બપોરની પ્રવચનસભામાં તપોવની બાળકોના સંસ્કારમહેંકતા કાર્યક્રમો-બાળસંસ્કરણની શૈલી નિહાળી, તો લાખો વર્ષ પ્રાચીન ભરુચના સમડીવિહારતીર્થની યાત્રા કરી ત્યાં તાજો જ થયેલ તીર્થજીર્ણોદ્ધાર રસપૂર્વક નિહાળ્યો. બે વર્ષ પૂર્વે જ થયેલ એ તીર્થની પુનઃપ્રતિષ્ઠા-તીર્થનિર્માણકાર્યનું પૂજ્યશ્રીએ ઝીણવટથી નિરીક્ષણ કરવા ઉપરાંત બપોરે સંઘયાત્રિકો તથા ગામના ભાવિકોની સંયુક્ત પ્રવચનસભામાં ભરૂચની પ્રાયશ્ચિત્તતીર્થ તરીકેની વિશેષતા પૂજ્યશ્રીએ મસ્ત પ્રસ્તુત કરી. સ્વજન્મભૂમિ દર્ભાવતીતીર્થે સંઘયાત્રા આવી ત્યારે ત્યાં પાંચ કલાકનું ભવ્યાતિભવ્ય સામૈયું અને તે પછી લોઢણપાર્શ્વનાથ-શાંતિનાથજિનાલયચોકમાં જ વિરાટ પ્રવચનસભા થઇ, તો નવનિર્માણ પામતા અણસ્તુતીર્થે પધાર્યા ત્યાં પૂજ્યશ્રીએ પૂર્વે એ પ્રભુ ગામમાં હતા ત્યારે પૂ. યુગદિવાકરશ્રી સાથે કરેલ યાત્રાનાં સ્મરણો તાજાં કર્યાં. પદયાત્રાસંઘ અમદાવાદ-શાહીબાગ આવ્યો ત્યાં રાજનગરના સંઘો વતી શ્રી શ્રેણિકભાઇ કસ્તૂરભાઇએ એનું સ્વાગત કર્યું ત્યારે પૂજ્યશ્રીએ પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી તથા શ્રી કસ્તૂરભાઇ લાલભાઇનો ઇ.સ. ૧૯૪૮નો એક યાદગાર પ્રસંગ કહ્યો, તો કોબાતીર્થે સંઘ આવ્યો ત્યારે ત્યાંના સમૃદ્ધ જ્ઞાનમંદિરની આધુનિક Technologyના ઉપયોગપૂર્વકની થઇ રહેલ વ્યવસ્થાની જાતમાહિતી મેળવી. આગળના વિહારક્રમમાં જયત્રિભુવન-નંદાસણ અને મહેસાણા-સીમંધરસ્વામી જેવાં નૂતન તીર્થોની યાત્રા કરી, તો વીસનગર-ખેરાલુ-તારંગા જેવા પ્રાચીન તીર્થોની યાત્રા કરી. આ એ તારંગાતીર્થ હતું કે જ્યાં પૂજ્યશ્રી દીક્ષાના બે વર્ષ પૂર્વે મુમુક્ષુપણામાં પૂ. યુગદિવાકરશ્રી સાથે આવ્યા હતા અને નિરાંતે યાત્રાભક્તિ કરી હતી. અહીં પ્રવચનમાં પૂજ્યશ્રીએ સમ્રાટ કુમારપાલની પૂર્વકાલીન દરિદ્રાવસ્થા-એનાં કારણે આ તીર્થ પર એમણે લઇ લીધેલ મૂષકની સોનામહોરો અને એનાં પ્રાયશ્ચિત્તરૂપે રચાયેલ મૂષકવિહારનો રોમાંચક વૃત્તાંત કહ્યો.

ત્યાંથી ક્રમશઃ આગળ વધતા કુંભારીયાજીની યાત્રા થઇ. આ તીર્થમાં આબુ જેવી કલાકોરણી ધરાવતા જિનાલયોની વિશેષતા નિહાળી પૂજ્યશ્રી મુગ્ધ થઇ ગયા, તો આબુગિરિરાજ પરના વિમલવસહિ-લુણિગવસહિના અદ્‌ભુત શિલ્પપરિકલિત મહાજિનાલયોનાં દર્શને એમના ભાવો વિકસ્વર બની ગયા. બપોરનાં પ્રવચનમાં પૂજ્યશ્રીએ 'વિમલવસહિ'નાં ભૂમિસંપાદન સમયે દંડનાયક વિમલશાહે ઇંચે ઇંચ ભૂમિ પર સુવર્ણ પાથરીને એનાં દાન સાટે ભૂમિ લેવાની દાખવેલ અનુપમ ઉદારતા, 'લુણિગવસહિ'ના નિર્માણસમયે શિલ્પીઓ કોતરણી સમયે જેટલી આરસકરચ કાઢે એના ભારોભાર રજત-સુવર્ણ-હીરા આપવાની વસ્તુપાલ-તેજપાલ-અનુપમાદેવીની ઉદારતા વગેરેનું આબેહૂબ વર્ણન કરતાં ભાવિકો ભાવવિભોર બની ગયા હતા. તે પછીના



મારા ગુરુવર... સૂર્યોદયસૂરિવર :

શિષ્યવૃંદનાં હૃદય મંદિરના અધિનાયક પૂજ્યશ્રીની પ્રવચનમુદ્રાની એક સાહજિક તસવીર


"तुम्हीं से ज्ञानका दीया जला है... तुम्ही से घनघोर अंधेरा मीटा है।"

મારા ગુરુવર... સૂર્યોદયસૂરિવર :

શિષ્યવૃંદનાં હૃદય મંદિરના અધિનાયક

પૂજ્યશ્રીની વિવિધ અવસ્થાની તસવીરો

"तुम्हीं से ज्ञानका दीया जला है... तुम्ही से घनघोर अंधेरा मीटा है।"



વિહારક્રમમાં પિંડવાડા જતા અજારીતીર્થ આવ્યું. અજારીતીર્થ સરસ્વતી દેવીનું પ્રાચીન સ્થાન હોવાથી, મુકામ પિંડવાડાનગરનો હોવા છતાં, પૂજયશ્રીએ ખાસ દર્શનાર્થે ત્યાં પધારીને શ્રુતદેવતાનો જાપ કર્યો. તો નાણા-રાતા મહાવીરજી-મુંડારા-સાદડી થઇ સંઘયાત્રા રાણકપુરતીર્થે આવી ત્યારે આ તીર્થના સર્જક ધરણા શાહની વંદનીય પ્રભુભક્તિ નિહાળી પૂજયશ્રી વિસ્મયવિભોર બની ગયા.

આકારના આધારે એ તીર્થ 'નલિનીગુલ્મવિમાન' રૂપે વિખ્યાત હતું, કલાનાં કારણે એ 'ત્રૈલોક્યદીપક' નામે પ્રખ્યાત હતું, તો સર્જકના સંબંધથી એ 'ધરણવિહાર' રૂપે પ્રસિદ્ધ હતું. શિખરબદ્ધ ચાર મોટી દેવકુલિકાઓ-ચાર મહાધર પ્રાસાદ અને છોંતેર અન્ય કુલિકાઓ મળી ચોર્યાશી દેવકુલિકાથી શોભાયમાન એ તીર્થની સ્પર્શના-યાત્રા કરતા પૂજયશ્રીને એવો અહેસાસ થયો કે જાણે ચોર્યાશીના ચક્કર મિટાવવા કાજે જ અહીં ચોર્યાશી દેવકુલિકાઓનું નિર્માણ થયું છે. લગભગ અડતાલીસ હજાર ચોરસ ફુટના વિસ્તારમાં પથરાયેલ એ વિરાટ મહાજિનાલયનું નિરીક્ષણ કરતાં પૂજયશ્રીને પેલી કહેવત યાદ આવી ગઇ કે 'ઊભણી તારંગાની... કોરણી આબુની... અને માંડણી રાણકપુરની'. મૂળ ગર્ભગૃહમાં ચારે ય દિશામાં ૭૨ ઇંચના વિશાલ આદીશ્વર પ્રભુ અને બીજા-ત્રીજા મજલે પણ એ જ રીતના ચતુર્મુખ આદીશ્વરદાદાનાં દર્શનથી પૂજયશ્રીનાં રોમરોમ પુલકિત થઇ ગયા. કુલ સાત દિવસ આ તીર્થે સ્થિરતા અને ભક્તિ થઇ.

તે પછીના વિહારક્રમમાં ઘાણેરાવ, મૂછાળા મહાવીરજી, શત્રુંજય-ગિરનાર નામયુક્ત પહાડી પરના જિનાલયો તેમજ અન્ય ભવ્ય જિનાલયો ધરાવતું નારલાઇ, નાડોલ, ફાલના, સાંડેરાવ, તખતગઢ, આહોર, નંદીશ્વરદ્વીપની રચના ધરાવતું જાલોર, ગઢશીવાણા, બાલોતરા, નાકોડાજી, શીરોહી, મીરપુર, દિયાણા, નાંદિયા, બ્રાહ્મણવાડા, જીરાવલાજી વગેરે રાજસ્થાનભૂમિના અનેક અદ્‌ભુત તીર્થોની યાત્રા કરી. તે પૈકી નાણા-દિયાણા-નાંદિયા તીર્થોમાં પ્રભુમહાવીરદેવની હયાતિમાં ભરાવાયેલ જીવિત સ્વામીજીની પ્રતિમાની દર્શન-ભક્તિમાં તો પૂજયશ્રીને અદ્‌ભુત આહ્લાદ પ્રગટ્યો. ત્યાંથી અમદાવાદ તરફના વિહારક્રમમાં ગુજરાતના પાલનપુર-ડીસા-સિદ્ધપુર-ઊંઝા-મહેસાણા-પાનસર-ભોયણી-શેરીસા-અડાલજ વગેરે તીર્થોની યાત્રા કરતાં કરતા અમદાવાદ નિકટના દહેગામનગરે પધાર્યા. ત્યાં પ્ર. વૈશાખ વદિ-૧૨, તા. ૧૨-૫-૯૧ થી દ્વિ.-૧૧, તા. ૨૪-૫-૯૧ દરમિયાન શ્રી શીતલનાથજિનાલયનો ભવ્ય અંજનશલાકા-પ્રતિષ્ઠામહોત્સવ ઉજવાયા બાદ અમદાવાદ-ધર્મવિહાર જૈન સંઘમાં શ્રી શંખેશ્વરપાર્શ્વનાથજિનાલયનો પ્રતિષ્ઠામહોત્સવ યોજાયો. પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયના સા. શ્રી કુમદપ્રભાશ્રીજી-કલ્પલતાશ્રીજીની પ્રેરણાથી નિર્મિત આ જિનાલયનું પ્રતિષ્ઠાસંબંધી સંપૂર્ણ માર્ગદર્શન પૂજયશ્રી દ્વારા અપાયું હતું. ત્યાંથી ક્રમશઃ વડોદરાશહેરમાં પૂજયશ્રીની પધરામણી થતાં પૂજયશ્રીની પ્રેરણા-માર્ગદર્શન અનુસાર (૧) નવપદ-મહાવીરસ્વામીજિનાલયના શિખર ભાગે શ્રી મુનિસુવ્રતસ્વામી આદિ જિનબિંબોની (૨) બાબાજીપરા સંઘમાં પૂ.આ.ભ. શ્રી મોહન-પ્રતાપ-ધર્મસૂરીશ્વરજી મ.સા.ના ગુરુમંદિરની (૩) કોઠીપોળ જૈન સંઘમાં પૂ.આ. શ્રી પ્રતાપ-ધર્મસૂરીશ્વરજી મ.સા.ની દેહપ્રમાણની વિશાલ ઊભી પ્રતિમાની પ્રતિષ્ઠાઓના ભવ્ય મહોત્સવો થયા. આ ઉપરાંત કારેલીબાગ સંઘમાં પણ અધિષ્ઠાયકપ્રતિષ્ઠા-મહોત્સવ થયો.

તે પછી આષાઢ શુદિ આઠમે શ્રી મામાની પોળ જૈન સંઘમાં પૂજયશ્રીનો મંગલ ચાતુર્માસપ્રવેશ થયો. ચાતુર્માસપ્રવેશસભામાં જ સા. શ્રી મૈત્રીકલાશ્રીજીનો વડીદીક્ષાવિધિ કરાયો. આ ચાતુર્માસમાં પૂજયશ્રીનાં પ્રવચનો 'શાંતસુધારસ' ગ્રન્થ તથા 'મૃગાવતી ચરિત્ર' પર યોજાયા. આ ચાતુર્માસમાં અનેકવિધ તપ-જપ-આરાધનાઓની રંગત જામી. પરંતુ પૂજયશ્રીનાં હૈયે તો વિ.સં. ૨૦૪૭ના શેષકાળમાં થયેલ અનેકાનેક તીર્થોની યાત્રા-સ્પર્શના-વંદનાની રંગત જામી હતી. ઘણાં વર્ષો બાદ આ રીતે શેષકાલીન વિહારોમાં સતત તીર્થયાત્રાઓ થઇ હોવાથી પૂજયશ્રી તે તે તીર્થોના પ્રભાવશાળી ભગવંતોને માનસપટ પર ઉપસાવીને જાણે કહી રહ્યા હતા કે :-

'હૈયે વસેલા નાથ ! તારી, અજબ સુંદર મૂરતિ,
જોયા કરું અનિમેષ નયને, તો ય તૃપ્તિ ના થતી...'

• • •



પ્રકરણ :
૨૮

વતનનાં રતનનું જતન...

'મત્થએણ વંદામિ, ગુરુદેવ.' વડોદરા-મામાની પોળ જૈન સંઘના ઉપાશ્રયમાં એક સલૂણી સવારે શ્રાવકોના પ્રતિનિધિમંડળે પ્રવેશ કરતાં આ ભક્તિદર્શક શબ્દો ઉચ્ચાર્યા.

'ધર્મલાભ ભાગ્યવાનો'. પોતાની પાટ પર વિરાજીને લેખનકાર્યમાં મગ્ન આપણા પૂજ્યશ્રીએ દૃષ્ટિ ઉપર કરતાં આ શબ્દો ઉચ્ચાર્યા. દૃષ્ટિ ઉપર થતાં જ પૂજ્યશ્રીને ખ્યાલ આવી ગયો કે આ તો પોતાની સાંસારિક જન્મભૂમિ ડભોઈતીર્થથી પધારેલ શ્રાવકો છે. એક સાથે આઠ-દશ શ્રાવકોને જોતાં પૂજ્યશ્રી સમજી ગયા કે સંઘ-શાસનનાં કોઈ કાર્યની વિનંતિ માટે તેઓ આવ્યા હશે. સંઘવત્સલ પૂજ્યશ્રી સંઘનાં કોઈ પણ કાર્ય માટે સદૈવ તત્પર રહેતા. એમાં વળી આ તો જન્મભૂમિનાં તીર્થથી પધારેલ શ્રાવકો હતા. એથી કાર્ય જન્મભૂમિનું જ હશે એમ સમજી પૂજ્યશ્રી વિશેષ આનંદિત થયા.

એ પ્રતિનિધિમંડળ હતું ડભોઈ શ્રી વિજયદેવસૂરિ જૈન સંઘ દ્વારા સંસ્થાપિત 'જૈન વિદ્યોત્તેજક કેળવણી મંડળ' નું. એના અગ્રણીઓ શ્રી પ્રવીણભાઈ શાહ-સુનીલભાઈ શાહ-પ્રોફેસર નટુભાઈ શાહ વગેરેની સાથે ડભોઈના શ્રી સંઘના પ્રમુખ મફતભાઈ કંસારા પણ હતા. વન્દન-સુખશાતાપૃચ્છા કરીને પ્રતિનિધિમંડળે એમનાં આગમનનું પ્રયોજન રજૂ કર્યું કે ''ગુરુદેવ ! અમારું

કેળવણી મંડળ સંપૂર્ણપણે શ્રી વિજયદેવસૂરિ સંઘ દ્વારા સંચાલિત છે અને એના ટ્રસ્ટીગણની નિયુક્તિ પણ સંઘ દ્વારા જ થાય છે. આજ પર્યંત અમે ડભોઈતીર્થના તમામ જૈન પરિવારોના વ્યાવહારિક અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કૂલના અભ્યાસક્રમના પુસ્તકો-નોટો વગેરે એકદમ સાધારણ મૂલ્યથી આપીને જૈન પરિવારોની અલગ પ્રકારની વિશિષ્ટ સાધર્મિકભક્તિ કરીએ છીએ. એનાથી ઘણા બધા મધ્યમ પરિવારોને આર્થિક દૃષ્ટિએ રાહત મળે છે. પરંતુ હવે અમારું લક્ષ્ય કેળવણીનાં જ ક્ષેત્રે મોટી હરણફાળ ભરીને જૈન સાધર્મિકસ્તરે તેમજ સાર્વજનિકસ્તરે સેવા કરવાનું છે.''

પૂજ્યશ્રી તન્મયભાવે પ્રતિનિધિમંડળની વાત સાંભળી રહ્યા હતા. કારણ કે વર્તમાનકાળમાં વ્યાવહારિક કેળવણીની દુન્યવી સ્તરે અનિવાર્યતા અને કેળવણીપ્રશ્ને જૈન પરિવારોને સહવા પડતા આર્થિક પડકારોનો ખ્યાલ પૂજ્યશ્રીને પણ કેટલેક અંશે હતો. ડભોઈનાં વિદ્યોત્તેજક કેળવણી મંડળની વાત આગળ વધી :

''ગુરુદેવ! હવેના અમારા મનોરથ એ છે કે અમારે સ્વયં એક વિશાલ શૈક્ષણિક સ્કૂલ શરૂ કરવી કે જેમાં 'Admission' માટે 'Donation'નાં દૂષણ ન હોય. આજે શિક્ષણક્ષેત્રનું એટલું વ્યાપારીકરણ થઈ ગયું છે કે વિદ્યાર્થીઓ પાસેથી તગડી ફી તો વસુલાય છે, ઉપરાંત 'Admission' માટે 'Donation'નાં નામે લાખો રૂપિયાની રકમ ઉપરથી લેવાય છે. એક તેજસ્વી શિક્ષકને અધ્યાપકની કારકીર્દિ શરૂ કરવી હોય તો એને પણ પોતાની સીટ માટે મોટી રકમ ચુકવવી પડે છે. આ સ્થિતિમાં સાધારણ અવસ્થાના સાધર્મિકબંધુને સંતાનોના અભ્યાસ માટે અને 'Service' માટે નવ નેજાં ઊતરી જતા હોય છે. અમારું સ્વપ્ન એવી સ્કૂલનું છે જ્યાં 'Donation'નું દૂષણ ન હોય. જૈન બાળકો ત્યાં ભણે અને જૈન શિક્ષકો ત્યાં અધ્યયન કરાવે. સરકારી સહાય એમાં લેવાની હોવાથી ભલે એના નિયમ મુજબ જૈનેતર બાળકો વગેરે એમાં હોય, પરંતુ કાંઈક અંશે જૈન પદ્ધતિની છાયા ત્યાં અનુભવાતી રહેશે. આપ આના માટે આશીર્વાદ અને આર્થિક સહાય કરાવો એ અમારી વિનંતિ છે.''કેળવણીમંડળે પોતાનો પ્રસ્તાવ પૂર્ણ કર્યો.

પૂજ્યશ્રીએ આ પ્રસ્તાવનું મહત્ત્વ બરાબર પરખ્યું. એમનું દૃષ્ટિબિંદુ સ્પષ્ટ હતું કે માત્ર સંઘજમણ કરવું એ જ સાધર્મિકવાત્સલ્ય નથી. જૈન પરિવારો લાંબા ગાળે સ્વનિર્ભર બને, જીવનમાં આર્થિક સ્તરે નિશ્ચિંત બને અને સંસ્કારસિંચનના પ્રભાવે ધર્મારાધનાની અનુકૂળતા પામેઃ આવી સ્થિતિનું સર્જન પણ અલગ સ્તરનું લાભકારી સાધર્મિકવાત્સલ્ય જ છે. પૂજ્યશ્રીએ આ કારણથી કેળવણીમંડળનો પ્રસ્તાવ સ્વીકારી લીધો અને એ વિદ્યાલયમાં જૈન સંસ્કારોની અસર ઝિલાય તેવા ત્રણ સૂચનો કર્યા : (૧) આ વિદ્યાલયનું નામ નવપદ રાખો. કેમ કે આ નામ શ્રી સિદ્ધચક્રજી ભગવંતનું સમાનાર્થી છે. અને છતાં સાર્વજનિક સ્તરે એમાં ક્યાંય અસ્વીકાર્યતા નહિ આવે. વળી નવપદજી સ્વયં મંગલમય છે. તેમજ આ નામમાં 'નવ' નો અખંડ અંક પણ છે. (૨) આ વિદ્યાલયનું સ્વતન્ત્ર વિશાલ સંકુલ બને ત્યારે એના મધ્યસ્થ ખંડમાં પૂજ્યપાદ ન્યા. ન્યા. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર તથા શ્રુતદેવી સરસ્વતીમાતાની પ્રતિકૃતિ સ્થાપવી અને ત્યાં નિત્ય પ્રાર્થના કરવી. આનાથી જૈન-જૈનેતર વિદ્યાર્થીઓમાં જૈન શ્રમણની એક છબી-સ્મૃતિ અંકિત થશે. (૩) સપ્તાહમાં એકાદ Period એવો રખાય જેમાં જૈન પરંપરાના-ભારતીય સંસ્કૃતિના હાર્દ સમા અહિંસાદિ તત્ત્વો સમજાવાય.

વિદ્યોત્તેજક કેળવણીમંડળે આ સર્વ સૂચનો સહર્ષ સ્વીકારી લીધા. ગુજરાત સરકાર તરફથી 'Minority School'ની માન્યતા આપવાની પ્રક્રિયા બંધ થવાની હોવાથી તાત્કાલિક ધોરણે આ નવપદ હાઈસ્કૂલનો પ્રારંભ કરી દેવાયો અને પૂજ્યશ્રી ચાતુર્માસ બાદ ડભોઈતીર્થે પધારે ત્યારે તેનો ભવ્ય ઉદ્‌ઘાટનસમારોહ યોજવાનો નિર્ણય થયો. અલગ અલગ ત્રણ ચાર સ્તરે વિસ્તરેલ આ નવપદ સ્કૂલના પ્રારંભે સંચાલકોને પૂજ્યશ્રી પાસે અપેક્ષા ₹. પાંચ લાખના દાનની હતી. એ તો પૂર્ણ થઈ જ . પરંતુ આગળ જતાં વિશાલ ભૂમિખંડ પર સ્વતન્ત્ર સંકુલનિર્માણ સાથે પૂજ્યશ્રીની પ્રેરણાથી કુલ ₹. ત્રણ ક્રોડનું માતબર દાન આ સ્કૂલને મળતાં એક હજાર વિદ્યાર્થીઓને આજે પણ શિક્ષણદાન કરવા રૂપે એ કેવો વિસ્તાર પામી એ આપણે આગળ નિહાળીશું. ડભોઈતીર્થના ઈતિહાસના સુવર્ણપ્રકરણરૂપ આ નવપદ હાઈસ્કૂલનો મંગલ પ્રારંભ પૂજ્યશ્રીના સક્ષમ આર્થિક પીઠબળથી-મંગલ માર્ગદર્શનથી વડોદરા-મામાની પોળ-જૈન સંઘનાં વિ.સં. ૨૦૪૭ ના ચાતુર્માસમાં થયો.

આ ચાતુર્માસમાં તપ-જપ-આરાધનાની સાથોસાથ બે મહત્ત્વનાં કાર્યો થયા. એક કાર્ય એટલે પૂજ્ય સિદ્ધાંતનિષ્ઠ આ.ભ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ.સા. ની જન્મશતાબ્દી-ઉજવણીનું. વિ.સં. ૧૯૪૭ માં જન્મ ધરનાર એ ચારિત્રચૂડામણિ પુણ્યાત્મા પૂજ્યશ્રીને મન સમુદાયનું જ નહિ, શાસનનું પણ ગૌરવવંતું વ્યક્તિત્વ હતા. એ પૂજ્યપુરુષના જન્મશતાબ્દીઆલંબને પૂજ્યશ્રીએ મુંબઈમાં અને વડોદરામાં એ વર્ષે મારી પાસે જે અખબારી લેખ લખાવીને પ્રકાશિત કરાવ્યો હતો એમાંનું એક વાક્ય પ્રતાપસૂરિ દાદાના આંતર-બાહ્ય વ્યક્તિત્વનો બરાબર ખ્યાલ આપે એવું હતું કે 'કીર્તિની કામના નહિ, ખ્યાતિની ખેવના નહિ, નામનાનો નેહ નહિ અને પ્રસિદ્ધિની પરવા નહિ.' અક્ષરશઃ આવું જીવન જીવનાર એ મહાપુરુષની જન્મશતાબ્દી નિમિત્તે ભવ્ય મહોત્સવ-ગુણાનુવાદસભા - 'પ' અક્ષર થી શરૂ થતાં એકસો પ્રશ્નની પરીક્ષાનું વડોદરાવ્યાપી આયોજન-તેમાં ૧૧૦૦ પરીક્ષાર્થીઓએ લીધેલ ભાગ વગેરે બાબતો બની. તો બીજું

આયોજન થયું સંઘના સ્થાયી કાર્યોનું. પૂજ્યશ્રીની પુણ્યપ્રભાવવંતી પ્રેરણા થતાં મામાની પોળના સંઘે, શ્રી સંઘના મહાવીરસ્વામીજિનાલયમાં મૂલનાયક શ્રી મહાવીર સ્વામીજીનું પરિકર-શ્રી આદિનાથ પ્રભુ આદિ જિનબિંબો તથા શ્રી સુધર્મસ્વામીજીની પ્રતિષ્ઠાનો નિર્ણય કર્યો, તો સંઘના મુખ્ય પ્રાચીન શ્રી કલ્યાણપાર્શ્વનાથજિનાલય-પરિસરમાં શ્રી ચક્રેશ્વરી દેવી- પદ્માવતી દેવી - અંબિકા દેવીની સ્વતન્ત્ર કુલિકાઓનાં નિર્માણનો નિર્ણય થયો.

ચાતુર્માસ શાસનપ્રભાવનાસભર પૂર્ણ થયા બાદ પૂજ્યશ્રી ગંભીરા જૈન સંઘની વિનંતિથી ગંભીરાનગરે પધાર્યા. ત્યાં શતાધિક વર્ષ પ્રાચીન જિનાલયની સાલગિરિનો તથા નૂતન શ્રાવિકાઉપાશ્રયનો ઉદ્‌ઘાટનસમારોહ-કાયમી વૈયાવચ્ચનિધિ વગેરે સંપન્ન કરાવી પૂજ્યશ્રી પુનઃવડોદરા થઈ ડભોઈતીર્થે પધાર્યા. અહીં પૂજ્યશ્રીની પ્રેરણાથી મુખ્ય કાર્યક્રમ યોજાયો હતો શ્રી નવપદ હાઈસ્કૂલના ઉદ્‌ઘાટનસમારોહનો. ડભોઈ સાર્વજનિક પાંજરાપોળના વિશાલ સંકુલમાં યોજાયેલ એ શાનદાર ઉદ્‌ઘાટન- સમારોહમાં ડભોઈના તેમજ વડોદરા શહેરનાં શૈક્ષણિક જગતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા, તો વડોદરાના ઉદારદિલ ગુરુભક્ત કરણસિંહજી માંડાવત વગેરે પણ ઉપસ્થિત હતા. અજૈન શિક્ષણવિદોએ પોતાનાં વકતવ્યોમાં સ્વકલ્યાણમાં રત જૈન સંતો અવસર આવ્યે સમાજકલ્યાણ માટે પણ અગ્રેસર રહી પ્રેરણા આપે છે એની નોંધ લઈ પૂજ્યશ્રીના પરોપકારી અભિગમને બિરદાવ્યો, તો ડભોઈ તીર્થના સંઘના અગ્રણીઓએ જન્મભૂમિ પ્રત્યે પૂજ્યશ્રીની લાગણીને બિરદાવી. પૂજ્યશ્રીએ એમના પ્રવચનમાં બહુ માર્મિક નિર્દેશ કર્યો કે ''વર્તમાન શિક્ષણનું સ્વરૂપ સંતોષજનક તો નથી જ. પરંતુ એનો કોઈ યોગ્ય વિકલ્પ સમાજસ્તરે વ્યાપક નથી. માટે એને અનિવાર્ય અનિષ્ટરૂપે અપનાવ્યા વિના ઉપાય નથી. પરંતુ અમારી ભાવના શિક્ષણના દૂધમાં સંસ્કારોનું મેળવણ ભેળવવાની છે. તો જ એના દ્વારા, જામી ગયેલ દહીં જેવા વ્યક્તિત્વની પ્રાપ્તિ થઈ શકશે.''

ડભોઈથી પૂજ્યશ્રી વિહાર કરી ભીલાપુર ગામે પધાર્યા. ડભોઈથી વડોદરાના વિહારમાં વચ્ચે સ્થિરતા કરવી જરૂરી હોવાથી અહીં એક ઉપાશ્રયની વ્યવસ્થા આવશ્યક હતી. દાયકાઓ પૂર્વે જ્યારે રેલવે પરના વિહારો થતા હતા ત્યારે ડભોઈના સંઘે પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની પ્રેરણાથી ઉપાશ્રય કર્યાની વાત આપણે પૂર્વે નિહાળી હતી. પરંતુ રેલવેનો વિહાર સદંતર બંધ થઈ જતા અને એ ઉપાશ્રય સાવ જર્જરિત થઈ જતા નવું સ્થાન જરૂરી હતું. સ્વયં પૂજ્યશ્રી વિ.સં. ૨૦૪૩ માં ડભોઈથી વડોદરા પધાર્યા ત્યારે એક પટેલ બંધુનાં ઘરમાં સ્થિરતા કરવી પડી હતી. ત્યારે જ પૂજ્યશ્રીએ ભીલાપુરમાં ઉપાશ્રયનિર્માણનો વિચાર કર્યો હતો. એ વિચાર સાકાર થતા ત્યાં ઉપાશ્રયનિર્માણ થઈ ચૂક્યું હતું. વિ.સં. ૨૦૪૮ ના આ પોષ માસમાં તેનું ઉદ્‌ઘાટન વડોદરાના દાનવીર ગુરુભક્ત શ્રી દીપકભાઈ જેસીંગલાલ શાહના હસ્તે થયું. પૂજ્યશ્રીની પ્રેરણાનુસાર એ ઉપાશ્રયનું નામ સ્થપાયું 'ધર્મવિહાર'.

હવે પૂજ્યશ્રીએ વડોદરા થઈને વિહાર આરંભ્યો શ્રી શંખેશ્વરજીતીર્થ તરફ. આ પ્રભાવશાલી પવિત્ર તીર્થની યાત્રાને ચૌદ વર્ષ જેટલો સમય વ્યતીત થઈ ગયો હતો. એથી એની યાત્રાની તીવ્ર તમન્ના પૂજ્યશ્રીને હતી. વાસદ-આણંદ વગેરે પરિચિત સંઘોમાં થઈ ક્રમશઃ પૂજ્યશ્રી કલિકુંડતીર્થે પધાર્યા. નવોદિત આ તીર્થના પ્રાચીન મૂલનાયક શ્રી કલિકુંડ પાર્શ્વપ્રભુની ભક્તિ દિલ ભરીને કરવા પૂજ્યશ્રીએ ત્યાં પાંચેક દિવસ સ્થિરતા કરી. ત્યાંથી તેઓશ્રી બાવળા-સાણંદ-વિરમગામ-માંડલ-પંચાસર વગેરે સ્થાનોએ થઈ શંખેશ્વરજી મહાતીર્થે પધાર્યા. દાદાના દરબારે પહોંચતા જ પૂજ્યશ્રીના નયનો હર્ષાશ્રુથી છલકાઈ ઊઠ્યા. ભાવોર્મિ એવી જબરજસ્ત ઊમટી હતી કે જાણે પૂજ્યપાદ મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરની પેલી સ્તવનાપંક્તિ ચરિતાર્થ થતી હતી કેઃ-

મૂર્તિ મનોહારિણી ભવજલધિ તારિણી, નીરખત નયન આનંદ હુઓ;
પાર્શ્વપ્રભુ ભેટીયા પાતક મેટીયા, લેટીયા તાહરે ચરણ જુઓ ...

મને બરાબર યાદ છે કે એ દિવસે અમે વિહાર વિલંબથી કરીને શંખેશ્વરતીર્થે મોડો પ્રવેશ કર્યો હતો. અગિયાર વાગ્યે દાદાના ધામમાં આવ્યા અને પૂજ્યશ્રી એક કલાક શંખેશ્વર દાદા સમક્ષ વિરાજ્યા. ન કોઈ ઉતાવળ કે ન કોઈ વિક્ષેપ. લગભગ નવેક દિવસની સ્થિરતા દરમિયાન પ્રતિદિન સવાર-સાંજ પૂજ્યશ્રીની સ્થિરતાભરી ભક્તિ થતી રહી. આ જ દિવસોમાં પૂજ્ય યુગદિવાકર ગુરુદેવશ્રીની પુણ્યતિથિ ફાગણ શુદિ તેરશ આવતા ગુરુદેવની ગુણાનુવાદસભા યોજવામાં આવી. તેમાં સ્વસમુદાય ઉપરાંત પૂજ્ય શાસનસમ્રાટશ્રીના સમુદાયવર્તી વિદ્વાન મુનિપુંગવો પૂ. પંન્યાસ શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર તથા પૂ. પંન્યાસ શ્રી શીલચન્દ્રવિજયજી ગણિવર ખાસ પધાર્યા હતા. પૂજ્યશ્રી વગેરે તો ખરા જ, ઉપરાંત આ બન્ને પંન્યાસજીઓએ પણ યુગદિવાકર ગુરુદેવ અંગે ખૂબ અહોભાવમંડિત ગુણાનુવાદ કર્યા.

ત્યાંની સ્થિરતાના દિવસોમાં આ બન્ને પંન્યાસશ્રીઓ પૂજ્યશ્રી પાસે ચર્ચા-મિલન માટે આવતા. એમાં એક વાર પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવરે રસપ્રદ વાત છેડી. તેઓ કહે : ''આપણે ત્યાં ઉપાધ્યાયજી ભગવંતોનો ગુણ વિનય દર્શાવ્યો છે. એમને વિનયગુણના ભંડાર કહ્યા છે. પરંતુ ઉપાધ્યાયનો ગુણ વિનય બંધબેસતો નથી થતો.

વિનય (=બહુમાનાદિરૂપ) તો શિષ્યો એ ઉપાધ્યાયનો કરે. ઉપાધ્યાયો શિષ્યમાં જ્ઞાનનું વિનયન - આરોપણ કરે. માટે એમનો ગુણ વિનય નહિ, વિનયન રાખવો જોઈએ. જેઓ 'વિનયન' શબ્દ સમજ્યા નથી એમણે આ 'વિનય' રૂપે શબ્દફેર કર્યો લાગે છે.'' પંન્યાસજીની આ વાત સાંભળ્યા પછી પૂજ્યશ્રીએ એના પર સરસ પ્રતિભાવ આપ્યોઃ

''મારું મન્તવ્ય એવું છે કે ઉપાધ્યાયના ગુણરૂપે 'વિનય' શબ્દ અનુરૂપ જ છે. એનું અર્થઘટન બે રીતે કરવામાં આ જ શબ્દથી તમારા અભિપ્રાયનો પણ સમાવેશ થઈ શકે છે. પહેલું અર્થઘટન એમ કરવું કે વિનયશીલ (=નમ્ર-ગુરુભક્તિવંત) વ્યક્તિ જ જ્ઞાન પ્રાપ્ત કરી શકતી હોવાથી ઉપાધ્યાયજી પણ વિશેષપણે વિનયગુણસંપન્ન હોય. તો જ તેઓ અધ્યાપન કરી શકે તેવું વિશદ જ્ઞાન પામ્યા હોય. આ દૃષ્ટિએ તેઓ વિનય=નમ્રતાગુણના ભંડાર છે. હવે બીજું અર્થઘટન કરીએ. તમે જણાવ્યો તે 'વિનયન' શબ્દ સંસ્કૃતના 'વિ' ઉપસર્ગપૂર્વકના ની ધાતુથી બન્યો છે. એને ભાવાર્થક 'અન' પ્રત્યય લાગવાથી વ્યાકરણ મુજબ વિનયન શબ્દ બને. વિનયનનો અર્થ થાય છે આરોપણ. આ જ વિ + ની ને ભાવાર્થક અ પ્રત્યય લગાવવાથી જે 'વિનય' શબ્દ બને તેનો પણ અર્થ અવશ્ય વિનયન અર્થાત્ આરોપણ થાય. આ રીતનાં અર્થઘટનમાં વિનય અને વિનયન, બન્નેનો અર્થ એક જ થાય. જેમ કે 'આવ્યો શરણે તુમારા' પ્રાર્થનાનાં ચતુર્થ ચરણમાં 'પાયો તુમ દર્શ ' શબ્દો છે. આમાંનો 'દર્શ' શબ્દ સર્વત્ર પ્રચલિત 'દર્શન' અર્થમાં જ પ્રયોજાયો છે. અહીં જેમ 'દર્શ' શબ્દ 'દર્શન' અર્થમાં છે. એમ 'વિનય' શબ્દ પણ 'વિનયન' અર્થમાં આવી શકે. આમ 'વિનય' શબ્દ બન્ને સંદર્ભમાં સાર્થક હોવાથી એને બંધબેસતો ન હોવાનું માનવું જરૂરી નથી.''

પૂજ્યશ્રીનો આ પ્રતિભાછલકતો પ્રત્યુત્તર સાંભળીને મારો પૂજ્યશ્રી પ્રત્યેનો-એમની તાત્પર્ય પકડવાની શક્તિ પ્રત્યેનો આદર અનેકગણો વૃદ્ધિ પામી ગયો. આ પ્રત્યુત્તરનું વિશ્લેષણ કરતાં મને પૂજ્યશ્રીની બે વિશેષતાઓ સૌથી અધિક નજરે તરી આવતી ભાસે છે. પ્રથમ વિશેષતા એ કે પ્રથમ નજરે બંધબેસતી ન જણાતી પરંપરાગત બાબતો ખામીભરી છે એવું માની લેવાના બદલે એને શક્ય હદે સંગત કરવામાં બૌદ્ધિક શક્તિનો-તાર્કિક શક્તિનો વિનિયોગ કરવો. બીજી વિશેષતા એ કે સંસ્કૃત વ્યાકરણ પૂજ્યશ્રી માટે એવી 'Mastery key જેવું હતું કે એના આધારે એ ભલભલી બંધબેસતી ન જણાતી બાબતોને ય સજજડ રીતે સંગત કરી આપે. સંસ્કૃત વ્યાકરણ સંબંધિત આ વિશેષતા તો અન્ય અનેક પ્રસંગોમાં પણ અનુભવી છે.

શ્રી શંખેશ્વરજી મહાતીર્થની દિલભર યાત્રા-ભક્તિ બાદ પૂજ્યશ્રી સમી-રાધનપુર-ભાભર-ઢીમા-વાવ-થરાદ-ભીલડીયાજી-ભોરોલ-ડીસા વગેરે સ્થળોએ વિચર્યા. મુખ્યત્વે યાત્રાના ઉદ્દેશથી થયેલ આ વિચરણ દરમિયાન રાધનપુર જેવા ધર્મનિષ્ઠ નગરોમાં એક સાથે અનેક જિનાલયોનાં દર્શન-વંદનનો લાભ મળ્યો, તો શ્રી ભીલડીયાજી-ભોરોલ-વાવ જેવા પ્રાચીન તીર્થ-સ્થાનોની ભક્તિનો પણ લાભ મળ્યો. તે પૈકી વાવનગરમાં એમને એક ઐતિહાસિક ઘટના જાણવા મળી.

વાત એ હતી કે જેમ સાંપ્રત સમયમાં શ્રી શંખેશ્વરપાર્શ્વપ્રભુનો પ્રભાવ વ્યાપક છે તેમ એક કાળે શ્રી ગોડીજીપાર્શ્વનાથપ્રભુનો પ્રભાવ ખૂબ વ્યાપક હતો. શ્રી ગોડીજીદાદાના નામે અનેક ચમત્કારિક ઘટનાઓ સર્જાઈ હતી, તો અનેક પદયાત્રાસંઘો - શ્રમણો ગોડીજીદાદાના તીર્થની યાત્રાએ જતા હતા. ગોડીજી દાદાના સંસ્કૃત સ્તોત્રો તેમજ સ્તવનો આદિની રચનાઓ પણ ભક્ત કવિવરોએ કરી હતી. હાલમાં પાકિસ્તાનના આધિપત્યમાં ગયેલ સિંધ પ્રદેશના નાનકડા ગોડીપુર ગામમાં એ પ્રભુનું ભવ્ય બાવનજિનાલયતીર્થ હતું. અને ગામનાં નામે જ પ્રભુ ગોડીજીપાર્શ્વનાથ રૂપે વિખ્યાત થયા હતા. રાજકીય આસમાની સુલતાનીઓમાં આ તીર્થમાંથી હાલ મૂલનાયક સહિત તમામ પ્રભુજી ઉત્થાપિત છે. માત્ર જિનાલય જર્જરિત હાલતમાં છે. ત્યાંથી ઉત્થાપિત થયેલ એ ગોડીજીદાદા ક્યાં છે એનો સ્પષ્ટ ઈતિહાસ મળતો ન હતો. પરંતુ આ વાવનગરમાં એક જિનાલયનો જીર્ણોદ્ધાર થયો ત્યારે ત્યાંના ગોડીજીપાર્શ્વપ્રભુની પ્રતિમાના સ્પષ્ટ થયેલ લેખથી નિર્ણય થયો કે ગોડીપુરના મૂળ ગોડીજીદાદા આ જ છે. એ જિનાલયમાં એવા ભાવનો શિલાલેખ પણ અંકિત થયો.

પૂજ્યશ્રીએ એ જિનાલયના ગોડીજી દાદાની ભક્તિના બાદ બપોરની ગોચરીના અંતે મને માંડલી દરમિયાન વાત કરીઃ ''ઘણા ભદ્રક જનો એમ માને છે કે મુંબઈ - પાયધુનીમાં બિરાજમાન ગોડીજી દાદા,ગોડીપુરના મૂળ ભગવાન છે. પણ એ માન્યતા સર્વથા ગલત છે. એ પ્રભુજી તો રાજસ્થાનના શિરોહીનગરથી થોડે દૂરના મીરપુરથી લવાયા છે. હવે રહી વાત આજે જેનાં દર્શન થયા એ ગોડીજી દાદાની. આ વાવનગર સિંધપ્રદેશથી નિકટ પણા છે અને મૂર્તિ પરના લેખની તિથિ વગેરેમાં સામ્ય છે. માટે આ પ્રભુ મૂળ ગોડીજીદાદા હોવાની સંભાવના વધુ લાગે. પરંતુ આમાં ય હજુ અમૂક પ્રશ્નો રહે છે. મુંબઈના શ્રી ગોડીજીદાદાની પ્રતિષ્ઠાસાર્ધશતાબ્દી પ્રસંગે જે સાર્ધશતાબ્દી ગ્રન્થ પ્રગટ થયો હતો એમાં શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે, અભ્યાસપૂર્ણ લેખ લખ્યો છે. એ લેખમાં, (૧) અંચલગચ્છીય શ્રમણોની સંઘસહિત યાત્રાની સંવત્ (૨) એક શ્રાવકે ગોડીપુરમાં મૂળનાયક દાદા સહિત બે પ્રતિમાને નજરોનજર નિહાળ્યાનો આઝાદી આસપાસનો ઉલ્લેખ (૩) રાજસ્થાનના પાલીગામે મૂળ પ્રભુજી હોવાની સંભાવના વગેરે બાબતોનો આ પ્રભુજીની અહીં થયેલ સ્થાપનાના સમય વગેરે સાથે મેળ

બેસતો નથી. આ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે.'' પૂજયશ્રીની ઈતિહાસપ્રીતિ અને દાયકાઓ પૂર્વે વાંચેલ લેખ સંબંધી આવી ઉપસ્થિતિથી મને આશ્ચર્ય અને આનંદનો અનુભવ થયો.

ત્યાંથી થરાદ-ડીસા વગેરે સ્થાનોની યાત્રા કરતા કરતા ક્રમશઃ અમદાવાદ નિકટના દહેગામમાં આગમન થયું. ત્યાં ગત વર્ષે એક અંજનશલાકા-પ્રતિષ્ઠા થઈ હતી અને આગામી વર્ષે બીજી અંજનશલાકા-પ્રતિષ્ઠા સમુદાયની નિશ્રામાં દાદાવાડીના જિનાલયની થનાર હતી. એથી થોડા દિવસ ત્યાં સ્થિરતા થઈ. ત્યાંથી પુનઃ તીર્થયાત્રા આરંભાતા પ્રાંતિજ-હિમ્મતનગર-આગલોડ-વિજાપુર-મહુડી-વકતાપુર-પોશીના-ઈડર-ટીંટોઈ વગેરે તીર્થોની તેમજ મહેસાણા-કનોડું-કંબોઈ-પાટણ-મોઢેરા-ભોંયણી-કડી વગેરે સ્થાનોની યાત્રા થઈ. આ યાત્રામાં ય કેટલાક ભૂતકાલીન સંસ્મરણો તાજાં થયાં, તો કેટલાક નવા તીર્થોની પ્રથમ વાર સ્પર્શના થઈ. હિમ્મતનગરમાં વખારીયાવાસઉપાશ્રયે બે દિવસીય સ્થિરતા થઈ ત્યારે ત્યાં પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રી હસ્તક આભાપુરતીર્થથી સુરક્ષાની દૃષ્ટિએ લવાયેલ પાંચ ભવ્ય પ્રાચીન જિનબિંબો એક રૂમમાં વિરાજિત હતા એનાં દર્શન થયા. પૂજયશ્રીએ વિ.સં. ૨૦૧૧ ના શ્રી કેશરિયાજી તીર્થપદયાત્રાસંઘનો ઈતિહાસ યાદ કર્યો, તો સાથે સાથે આવા ભવ્ય જિનબિંબો તેને યોગ્ય ભવ્ય જિનાલયમાં પ્રતિષ્ઠિત કરવા અંગે વહીવટદારોની ઉદાસીનતા પર રંજ પણ વ્યક્ત કર્યો. ટીંટોઈનગરે મુહારીપાર્શ્વપ્રભુની ભક્તિ કરતા એવા શબ્દો એમણે ઉચ્ચાર્યા કે ''ગૌતમસ્વામીજી જેવા ગણધર ભગવંતે જગચિંતામણિ સૂત્રમાં જેમનું સ્મરણ કર્યું એવા પ્રભુનાં દર્શન આ કાળે આપણને થાય એ આપણું મહાન સૌભાગ્ય સમજવું .'' તો નાનકડા કનોડું ગામે ગયા ત્યારે પૂજય મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરની એ જન્મભૂમિમાં એમની સ્મૃતિરૂપે પૂ. પં. શ્રી પ્રદ્યુમ્નવિજયજી ગણિવર દ્વારા નવસંસ્થાપિત 'યશોવિજયજી સરસ્વતીસદન' નામે સ્કૂલનું નિરીક્ષણ કર્યું. ત્યાં કરાવાયેલ પૂ. મહોપાધ્યાયજીની જીવનપ્રસંગતસવીરોની અનુમોદના ય કરી અને આમાંથી એક સંવત્ સંબંધી ક્ષતિ અંગે મારું ધ્યાન પણ ખેંચ્યું. પાટણમાં અઢી-ત્રણ દિવસમાં સવાર-સાંજ થઈ તમામ જિનાલયોની યાત્રા કરી ત્યારે પોતે મુમુક્ષુપણામાં આ જ રીતે તમામ જિનાલયોમાં કરેલ પૂજા-ભક્તિનાં સંસ્મરણો તાજાં કર્યાં.

શેષકાલીન આ વિહારયાત્રા બાદ પૂજયશ્રીએ અમદાવાદના ખાનપુર જૈન સંઘમાં આષાઢ શુદિ દશમ તા. ૯-૭-૧૯૯૨ ના દિને ભવ્ય સ્વાગતપૂર્વક ચાતુર્માસપ્રવેશ કર્યો. અમદાવાદના અનેકાનેક જૈન સંઘોમાં આ સંઘ ત્યારે વસતિની દૃષ્ટિએ બીજા ક્રમનો સંઘ હતો. અહીં પ્રવચન-શિબિરો આદિ સર્વ બાબતોમાં ભાવિકોની-નવી પેઢીની ઉપસ્થિતિ ચિક્કાર રહેતી. પૂજયશ્રીની પ્રવચનધારા અહીં શ્રી ભગવતીજી મહાસૂત્ર તથા મૃગાવતીચરિત્ર પર વહેતી રહી. અનેક સામૂહિક તપસ્યાઓમાં ૧૦૮ તીર્થોની આરાધના તેમજ અખંડ જાપ સાથે ૧૦૮ પાર્શ્વનાથની આરાધના નોંધપાત્ર રહી. આ ચાતુર્માસમાં 'ગુજરાત સમાચાર' અખબારના માલિક શ્રી શ્રેયાંસભાઈ શાહ-સ્મૃતિબેન શાહ વગેરે અટ્ઠમતપઆરાધના નિમિત્તે પૂજયશ્રીના સંપર્કમાં આવ્યા અને ત્યારથી જ મારી 'ગુજરાત સમાચાર' માંની લેખનયાત્રા આરંભાઈ. પૂજયશ્રીના સાંસારિક વડીલબંધુ શ્રી હીરાલાલ સંઘવી આ સંઘમાં વસતા હોવાથી એમણે આ ચાતુર્માસમાં ઉદાર લાભો લીધા. આ ચાતુર્માસમાં આયંબિલખાતાનું ફંડ-પાઠશાળાનું રૂપિયા ત્રણ લાખનું ફંડ વગેરે સંઘકાર્યો થયા. પરંતુ તે સર્વમાં મહત્ત્વના ઉલ્લેખનીય કાર્યો બે થયા. એક, પૂજયશ્રીની પ્રેરણાથી ઉપાશ્રયની સામેનું એક મકાન ખરીદી તેમાં સ્વતન્ત્ર વિભાગરૂપે અધિષ્ઠાયક સંકુલ કરવાનો નિર્ણય થયો. અને બે, ખાનપુર સંઘના એક અંગરૂપ ગગનવિહાર સોસાયટીના સંઘમાં 'ધર્મ' આરાધનાભવનનું નિર્માણ થયું. પૂજયશ્રીના પુણ્યપ્રભાવે ઉપાશ્રયના તમામ આદેશો સ્થાનિક ભાગ્યવાનોએ લેતાં એનું તમામ ફંડ પૂર્ણ થઈ ગયું અને ઉદ્ઘાટન પણ ચાતુર્માસ બાદ તુર્ત પૂજયશ્રીની નિશ્રામાં થયું.


આ ચાતુર્માસ બાદની શેષકાલીન વિહારયાત્રામાં સર્વપ્રથમ કાર્ય થયું અમદાવાદની નિકટમાં ચાંદખેડાનગરે માગશર શુદિ ચૌદશથી વદિ ત્રીજ દરમિયાન મુમુક્ષુ કુ. મનીષાના દીક્ષામહોત્સવનું . પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયવર્તિની સા. શ્રી કુમુદપ્રભાશ્રીજી-કલ્પલતાશ્રીજીના પરિવારમાં થયેલ એ દીક્ષામહોત્સવનું આયોજન પૂજયશ્રીના માર્ગદર્શનાનુસાર ખૂબ સરસ થયું અને મુમુક્ષુને સા. શ્રી કલ્પદર્શિતાશ્રીજી રૂપે ઘોષિત કરાયા. ત્યાંથી પૂજયશ્રી પાલિતાણાની પુણ્યભૂમિ તરફ શ્રી સિદ્ધગિરિરાજની યાત્રાર્થે પધાર્યા. લગભગ સમગ્ર સમુદાય ત્યારે સાથે હતો. પાલિતાણાસ્થિત ગચ્છનાયક પૂ.આ.ભ.શ્રી યશોદેવસૂરીશ્વરજી મ. સાથે ચૌદ વર્ષે મિલન થતાં પરસ્પરના હેત-પ્રીતની ખૂબ વૃદ્ધિ થઈ. લગભગ ચૌદ દિવસ સમગ્ર સમુદાયની સ્થિરતા સાહિત્યમંદિરમાં થઈ. એ દરમિયાન ગિરિરાજની યાત્રાઓ પૂજયશ્રીએ કરી, તો સમુદાયવ્યવસ્થાની વિચારણાઓ ય થઈ. ત્યાંથી ક્રમશઃ વિહાર કરતાં કપડવણજનગરે સમગ્ર સમુદાયની નિશ્રામાં શ્રી અષ્ટાપદજીના જિનાલયે શ્રી સરસ્વતીદેવી તથા શ્રીદેવીની પ્રતિષ્ઠા નિમિત્તે અષ્ટાહ્નિક મહોત્સવ ઉજવાયો. મહા વદિ બીજે પ્રતિષ્ઠાવિધિ સંપન્ન થયો. ત્યાંથી પૂજયશ્રી ક્રમશઃ વડોદરા પધાર્યા.

અહીં સુભાનપુરા જૈન સંઘમાં પૂજયશ્રીના સાંસારિક ભગિની સા. શ્રી વસંતપ્રભાશ્રીજીના પરિવારમાં દીક્ષિત થનાર યુવામુમુક્ષુ કુ. રૂપલનો ભવ્ય

સહુના ગુરુવર..સૂર્યોદય સૂરિવર :

હજારો ગુરુભકતોના અંતરના ધબકાર સમા પૂજ્યશ્રીની કલ્યાણક વિધાન સમયની તસવીર

''सब अंधकार मीटा दो मैया, सम्यग्दर्शन पाउ मैं''



સહુના ગુરુવર..સૂર્યોદય સૂરિવર :
હજારો ગુરુભક્તોના અંતરના ધબકાર સમા પૂજ્યશ્રીની
સામૈયાં-પ્રવચનાદિ સમયની તસવીરો
''सब अंधकार मीटा दो मैया, सम्यग्दर्शन पाउं मैं''



દીક્ષામહોત્સવ પૂજ્યશ્રીના માર્ગદર્શનાનુસાર ઉજવાયો. ચિક્કાર મેદની વચ્ચે ફાગણ શુદિ ત્રીજે મુમુક્ષુને રજોહરણપ્રદાનપૂર્વક પ્રવ્રજ્યા અપાઈ અને તેમને સા.શ્રી વિશ્વરમ્યાશ્રીજીરૂપે ઘોષિત કરાયા. વડોદરાથી પૂજ્યશ્રી ડભોઈતીર્થે પધાર્યા. જન્મભૂમિનાં આ તીર્થે પૂજ્યશ્રી હસ્તકનું મહત્ત્વનું કાર્ય હતું પૂજ્યશ્રીની પ્રેરણાથી સંસ્થાપિત કાયમી વર્ધમાનતપ આયંબિલખાતાના નામકરણ-ઉદ્‌ઘાટનસમારોહનું. અત્યાર સુધીના લગભગ દરેક કાર્યોમાં પૂજ્યશ્રી પોતાના પરમોપકારી પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની પુણ્યસ્મૃતિ કરતા હતા. પરંતુ આ કાયમી આયંબિલખાતાના નામકરણ પ્રસંગે એમણે યાદ કર્યા દર્ભાવતીશેખર સૌવીરપાયી આચાર્ય પુરંદર શ્રીમાન મુનિચન્દ્રસૂરીશ્વરજી મહારાજને. કારણ કે આ જીવનચરિત્રના પ્રારંભે નિહાળ્યું તેમ એ મહાન પૂર્વાચાર્ય દર્ભાવતીતીર્થના સપૂત હોવા ઉપરાંત દીક્ષાદિનથી યાવજજીવ આયંબિલતપ કરનાર મહાતપસ્વી હતા. આવા મહાપુરુષનું નામ કાયમી આયંબિલખાતા સાથે સ્થાપીને પૂજ્યશ્રીએ પોતાની વિવેકદૃષ્ટિનાં અને ઈતિહાસદૃષ્ટિનાં દર્શન સકલ સંઘને કરાવ્યા. નોંધપાત્ર બાબત એ છે કે આ પૂર્વે ડભોઈના જૈન ભાવિકો શ્રીમાન મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. નાં નામથી અત્યલ્પ-નહિવત્ પરિચિત હતા અને ગામમાં તેઓશ્રીનાં નામથી એક પણ સ્મારક ત્યાં સુધી હતું નહિ. પૂજ્યશ્રીએ જ આ આયંબિલખાતાનાં નામકરણ પ્રસંગે પહેલ કરીને એ પૂજ્યપ્રવરશ્રીની પ્રથમ પુણ્યસ્મૃતિ કરી. એ પછીના સમયખંડમાં તે પૂજ્યપ્રવરશ્રીની અન્ય ચાર સ્થળે સ્મૃતિ થતાં દર્ભાવતીતીર્થે કુલ પાંચ સ્થાનો પર એમની પુણ્યસ્મૃતિ થઈ. આ દરેક કાર્ય પૂજ્યશ્રી દ્વારા જ થયાં જે આપણે આગળ નિહાળીશું. આ આયંબિલખાતાનાં ઉદ્‌ઘાટનની સાથે ચાર નૂતન જિનબિંબોની તથા શાસનાધિષ્ઠાયિકા પદ્માવતીદેવીની પ્રતિષ્ઠા - આયંબિલભવનઉદ્‌ઘાટનાદિ પણ થયા.

આ મહોત્સવસમયના પ્રવચનોમાં પૂજ્યશ્રીએ શ્રીમાન મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. ને અનુલક્ષી ઘણી ઘણી નવી નવી બાબતો પ્રસ્તુત કરી. એમાં એક મહત્ત્વની બાબત હતી તે પૂજ્યપુરુષની શ્રુતસંપદાની. પૂજ્યશ્રીએ પ્રવચનમાં જણાવ્યું કે ''દર્ભાવતીતીર્થના પ્રથમ આચાર્ય અને ધુરંધર શાસનજ્યોતિર્ધર શ્રીમાન મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. માત્ર આજીવન આયંબિલઆરાધક તપસ્વીરત્ન જ કે પાંચસો શિષ્ય-પ્રશિષ્યોના ગૌરવવંતા ગુરુવર જ ન હતા. કિંતુ એ ઉપરાંત મહાન શ્રુતધર પણ હતા. એમની સ્મૃતિશક્તિ - સ્મરણશક્તિના ઝબકાર એમની તરુણાવયની ઘટનામાં સ્પષ્ટ તરી આવતા હતા. દીક્ષા એમની ચૌદ વર્ષની વયે થઈ. દીક્ષા બાદ તેઓ પાટણ પધાર્યા ત્યારે ત્યાં ચૈત્યવાસીપરંપરાના દિગ્ગજ વિદ્વાન શ્રી જીવવિચારપ્રકરણકર્તા વાદિવેતાલ આચાર્યપ્રવર શ્રી શાંતિસૂરીશ્વરજી મહારાજ એમના શિષ્યવૃન્દને બૌદ્ધદર્શનના પ્રમેયવાદનું અધ્યયન કરાવતા હતા. તરુણવયના મુનિચન્દ્રમુનિવર સંવેગીપરંપરાના હતા. એથી એમને ચૈત્યવાસીપરંપરા દ્વારા નાનકડો ય સહકાર મળે એમ ન હતો. છતાં અધ્યયનની તીવ્ર લગનથી-જિજ્ઞાસાથી એ પ્રતિદિન દૂર ઊભા ઊભા પાઠ સાંભળતા હતા. ચૌદ દિવસે એ વિષય પૂર્ણ થતા શાંતિસૂરીશ્વરજી મહારાજે પોતાના શિષ્યોને એ અંગેના પ્રશ્નો પૂછ્યા. પ્રમેયવાદ એવો ગહન હતો કે એક પણ શિષ્ય બરાબર ઉત્તરો ન આપી શક્યો. શાંતિસૂરીશ્વરજી મ. નું મન ખિન્ન થઈ ગયું. ત્યાં જ દૂર ઊભેલ મુનિચન્દ્રમુનિવરે વિનયપૂર્વક રજા લઈને તમામ ઉત્તરો કડકડાટ આપી દીધા. એમની આવી સ્મરણશક્તિ-સમજશક્તિ નિહાળીને શાંતિસૂરીશ્વરજી મ. એમના પર ખૂબ ઓવારી ગયા. પક્ષભેદ વિસરાઈ ગયો અને એમણે મુનિચન્દ્રમુનિને પ્રતિદિન પાઠ આપી વ્યુત્પન્ન વિદ્વાન બનાવ્યા. આગળ જતાં એમણે શ્રીમાન હરિભદ્રસૂરીશ્વરજી મ. ના 'ઉપદેશપદ' ગ્રન્થ પર 'પંજિકા' રચી. એમણે રચેલ અનેક ગ્રન્થો પૈકી બત્રીશ સંસ્કૃત-પ્રાકૃત ગ્રન્થોનાં નામો આજે ય મળે છે. એમના યુગમાં તેઓ શાસ્ત્રોનાં-શ્રુતનાં ક્ષેત્રે પ્રમાણભૂત વ્યક્તિત્વ ગણાતા હોવાથી એમનું એક વિશેષણ 'શ્રુતહેમનિકષ' પ્રચલિત હતું.''

ડભોઈતીર્થે ત્રણસોથી વધુ વર્ષ પૂર્વે કાલધર્મ પામેલ પૂ. મહોપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવર અને એમની ડભોઈતીર્થ સાથેની કાલધર્મકડી લોકમાનસમાં પ્રચલિત હતી. પરંતુ એની અપેક્ષાએ શ્રીમાન મુનિચન્દ્રસૂરીશ્વરજી મ. ની ડભોઈતીર્થ સાથેની જન્મસંબંધિત કડી લગભગ કોઈનાં ધ્યાનમાં ન હતી. એથી જ આ ઉદ્‌ઘાટનના દિવસોમાં એક સંયમી ભગવંતે મને અનભિજ્ઞતાથી એમ કહેલ કે ''આ ગુરુદેવ ડભોઈના હતા કે કેમ ? એની પહેલા ખાતરી કરવી જોઈએ.'' આવી અજ્ઞાત સ્થિતિમાં પૂજ્યશ્રીએ પોતાનાં સાંસારિક વતનના મહાન રતનનું જતન કરીને જે રીતે એ મહાપુરુષનું નામ-કામ 'HighLight ' કર્યું એ જોતાં એક મજાનું નિરીક્ષણ યાદ આવી જાય છે કે **'જે લોકો પોતાનો ગૌરવવંતો પૂર્વજઈતિહાસ સાચવતા નથી એ લોકોનાં નામ–કામ ઈતિહાસ પણ સાચવતો નથી.'**

• • •



પ્રકરણ : ૨૯

કદમ કદમ પર દીવાળી...

પૂજ્યપાદ સમર્થ શાસ્ત્રકાર મહોપાધ્યાય શ્રી યશોવિજયજીગણિવરરચિત 'ગુરુતત્ત્વવિનિશ્ચય' ગ્રન્થ. પ્રાકૃતભાષાનિબદ્ધ આ મહાન ગ્રન્થની બીજી ગાથામાં ગુરુતત્ત્વનો પ્રબળ મહિમા આ પ્રસ્તુત છે કેઃ-

गुरुआणाए मुक्रवो, गुरुप्पसाया उ अट्ठसिद्धिओ ।
गुरुभत्तीए विज्जा – साफल्लं होइ निअमेणं ।।

આ ગાથામાં ત્રણ વાત રજૂ થઇ છે : (૧) ગુર્વાજ્ઞાપાલનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. અલબત્ત, આમ તો જિનાજ્ઞાપાલનથી મોક્ષપ્રાપ્તિ જણાવાય છે. પરંતુ અહીં રહસ્ય એ છે કે પરમાર્થથી જિનાજ્ઞા અને ગુર્વાજ્ઞા એક સરખી જ હોય છે. ત્રૈકાલિક વ્યાપક સંદર્ભ ધરાવતી જિનાજ્ઞાને જ ગુરુ દ્રવ્ય-ક્ષેત્રાદિ ભાવોને નજરમાં રાખી શિષ્ય સમક્ષ રજૂ કરતા હોય છે અને આવી ગુર્વાજ્ઞા શિષ્યનાં કલ્યાણનું-મોક્ષપ્રાપ્તિનું પરમ કારણ નીવડતી હોય છે. માટે જણાવ્યું કે ગુર્વાજ્ઞાપાલનથી મોક્ષ પ્રાપ્ત થાય છે. (૨) ગુરુની કૃપાદૃષ્ટિથી આઠે ય પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. અરે ! આ આઠ તો માત્ર પ્રસિદ્ધ સિદ્ધિઓ જણાવાય છે. બાકી આઠ જ શા માટે ? સર્વ સિદ્ધિઓ ગુરુની કૃપાદૃષ્ટિથી ઉપલબ્ધ થઇ શકે છે. (૩) ગુરુની ભક્તિથી તમામ વિદ્યાઓમાં પારંગત થઇ જવાય છે.

ગણધરભગવંતો હો કે ચંડરુદ્રાચાર્યના નવદીક્ષિત શિષ્ય હો, માસતુષમુનિવર હો કે મહાસાધ્વી મૃગાવતીજી હોઃ ગુરુકૃપાથી ઉપલબ્ધ થતી સર્વાંગીણ સફલતાનાં આ સહુ જવલંત ઉદાહરણો છે. એટલે જ ગુરુભક્તિનું સામર્થ્ય સમજતા શિષ્યો સમર્થ હોય તો પણ ગુરુભક્તિની એક પણ તક ગુમાવે તો નહિ જ, બલ્કે એવી તક સામેથી સર્જતા રહે.

આપણા ચરિત્રનાયક પૂજ્યશ્રી આવું દૃષ્ટિબિંદુ ધરાવતા હતા. એથી જ તો એમનાં જીવનમાં ડગલે ને પગલે પૂ. યુગદિવાકર ગુરુદેવની ભક્તિ દૃષ્ટિગોચર થતી હતી. એમણે હવે એ ગુરુભક્તિનો વ્યાપ વિસ્તાર્યો વઢવાણ શહેર તરફ. વઢવાણ પૂ. યુગદિવાકર ગુરુદેવની જન્મભૂમિ હતી. એથી ત્યાં પૂ. યુગદિવાકરશ્રીનું એક ગુરુમંદિર રચાય એ પૂજ્યશ્રીનો મનોરથ હતો. આ માટે પૂજ્યશ્રીએ ત્યાંના સંઘને પ્રેરણા કરીને તૈયાર કરતા ગુરુમંદિરનિર્માણનિર્ણય થયો. પૂ. યુગદિવાકર ગુરુદેવની પ્રેરણાથી જે શિખરબદ્ધ શાંતિનાથજિનાલય દાયકાઓ પૂર્વે સર્જાયું હતું એના બહારના ભાગે આ ગુરુમંદિરનિર્માણ થયું. એમાં ગુરુમૂર્તિપ્રતિષ્ઠા ઉપરાંત નૂતનઉપાશ્રયઉદ્ઘાટન-મણિભદ્રવીરપ્રતિષ્ઠા વગેરે પ્રસંગો પણ ઉપસ્થિત થયા હતા. આથી પૂજ્યશ્રી દર્ભાવતીતીર્થથી ક્રમશઃ વિહારપૂર્વક અમદાવાદ થઇ દહેગામસંઘમાં દાદાવાડીના જિનાલયની અંજનશલાકાપ્રતિષ્ઠાપ્રસંગે અને ત્યાંથી વઢવાણનગરે પધાર્યા.

જેઠ શુદિ એકમે પૂજ્યશ્રી તેમજ સમસ્ત સમુદાયનો વઢવાણમાં ભવ્ય પ્રવેશમહોત્સવ થયો. વિ.સં. ૨૦૩૫માં પૂ. યુગદિવાકરશ્રીનું ચાતુર્માસ જ્યાં થયું હતું એ લાલચંદજીયતિઉપાશ્રયનું તો જીર્ણોદ્ધાર બાદનું ઉદ્ઘાટન આ મહોત્સવમાં હોવાથી મુનિસમુદાયની સ્થિરતા સ્થાનકમાર્ગી ઉપાશ્રયમાં હતી. નિત્યનાં પ્રવચનોમાં મંદિરમાર્ગી અને સ્થાનકમાર્ગી ઉભય સંઘોના ભાવિકો ઉપસ્થિત રહેતા. પ્રસંગ મૂર્તિપ્રતિષ્ઠાનો અને સ્થાન સ્થાનકમાર્ગી સંઘનું. છતાં પૂજ્યશ્રીની રજૂઆત એવી વિવેકપૂર્ણ અને સમન્વયભરી હતી કે ક્યાંય મનદુઃખ યા ચર્ચા-વિવાદને સ્થાન ન રહે. પૂજ્યશ્રીનું મન્તવ્ય એવું હતું કે 'ક્ષયોપશમભેદ-મતાગ્રહ જેવાં કારણોથી તે તે કાળે પક્ષના-ગચ્છના ભેદો સર્જાયા હોય. પરંતુ આપણું કાર્ય તે ભેદોની ખાઇ પહોળી કરવાનું ન હોવું જોઇએ. એનાથી તો પ્રભુશાસન વધુ ને વધુ છિન્ન-ભિન્ન થતું જશે. આપણે આપણી પરંપરાનો સદ્દહણાપૂર્વક અમલ કરતા રહીએ. પણ સાથે જ બિનજરૂરી વિવાદો-ડહોળાણ કરવાથી દૂર રહીએ'. પ્રવચનોમાં તેઓ 'કષાયમુક્તિ: કિલ મુક્તિરેવ'ની માંડણી મુખ્યત્વે કરતા અને પૂ. યુગદિવાકરશ્રીના જીવનપ્રસંગો સંલગ્ન કરતા. એમાં પ્રભુ મહાવીરદેવની પચીશમી નિર્વાણશતાબ્દી પ્રસંગે પૂ. યુગદિવાકર ગુરુદેવનાં નેતૃત્વ નીચે મુંબઇમાં યોજાયેલ ચારે ય ફિરકાના ગુરુભગવંતોનાં સાન્નિધ્ય સાથેની ઐતિહાસિક ઉજવણીનો પ્રસંગ એમણે ખૂબ વિસ્તારથી રસપ્રદ રીતે સમજાવ્યો હતો. શુદિ આઠમથી તેરશ સુધીનો મહોત્સવ યોજાયો. અગિયારશના મંગલ દિને ભવ્ય હર્ષોલ્લાસ અને વિશાલ મેદનીની ઉપસ્થિતિમાં મન્ત્રોચ્ચારોપૂર્વક પૂ. યુગદિવાકર ગુરુદેવના સાંસારિક વડીલબંધુ શ્રી ધીરજલાલ હીરાચંદ શાહ પરિવારના હસ્તે ગુરુમંદિરપ્રતિષ્ઠા થઇ અને એ જ દિવસે જીર્ણોદ્ધૃત ઉપાશ્રયનો ઉદ્ઘાટનસમારોહ થયો. મુખ્યત્વે પૂ.આ. શ્રી યશોદેવસૂરીશ્વરજી-જયાનંદસૂરીશ્વરજી મ.ની પ્રેરણાથી અનુદાન પામેલ આ ઉપાશ્રયનું નૂતન નામકરણ પૂજ્યશ્રીનાં સૂચન મુજબ 'ધર્મવિહાર' થયું. પાછળથી એ જ ઉપાશ્રયે, પૂજ્યશ્રી દ્વારા તૈયાર કરાવાયેલ પૂ. યુગદિવાકરશ્રીનું વિસ્તૃત જીવન શિલાલેખાંકિત પણ કરાયું. આ જ દિવસે વઢવાણના જૈન પરિવારો માટે કાયમી માસિક સાધર્મિકભક્તિયોજનાનો પણ શુભારંભ થયો.

વઢવાણના ગુરુમંદિરપ્રતિષ્ઠામહોત્સવ બાદ પૂજ્યશ્રી અમદાવાદ-ભગવાનનગર-ટેકરાના શ્રી વિશ્વનંદીકર જૈન સંઘમાં ચાતુર્માસારાધનાર્થે પધાર્યા. આષાઢ શુદિ-૬, તા. ૨૫-૬-૯૩ના દિને પૂજ્યશ્રીનો ભવ્ય ચાતુર્માસપ્રવેશ થયો. એ જ દિવસથી કુલ સત્તર સાધુ-સાધ્વીજીને વિવિધ આગમસૂત્રોના યોગ એમણે શરુ કરાવ્યા. કેમ કે આસપાસના કેટલાક સ્થાનોમાં પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયના શ્રમણીપરિવારોની સ્થિરતા હતી. પૂજ્યશ્રીનો યોગ મળતા એ સર્વને વર્ષોથી બાકી રહેલ યોગસાધના કરવાની ભાવના હતી. એથી એનો ત્વરિત અમલ થયો. લગભગ ચારે ય માસ યોગઆરાધના જારી રહી. આષાઢી અગિયારશથી સંઘમાં ૮૨ દિવસના સામૂહિક ધર્મચક્રતપની આરાધના શરુ થઇ, તો આષાઢ શુદિ બારશથી શ્રી ભગવતીજીમહાસૂત્રની સુવર્ણમુદ્રાઓથી પૂજા સાથે એ આગમ પર પ્રવચનધારા શરુ થઇ. ૧૦૮ શત્રુંજયનામારાધના-શૃંખલાઅટ્ઠમ વગેરે વિવિધ તપ સામૂહિક થયા, તો ૬૮-૩૦ વગેરે ઉપવાસોની વ્યક્તિગત સાધનાઓ થઇ. દ્વિ. ભાદરવા શુદિ - ૯ થી વદિ દ્વિ. ત્રીજ સુધી ભવ્ય એકાદશાહ્નિક મહોત્સવ ઉજવાયો.

ગત વર્ષ અને આ વર્ષના મળી અમદાવાદના બન્ને ચાતુર્માસો મને જરા અલગ સ્વરૂપે ફળ્યા. ગત વર્ષનાં ખાનપુર જૈન સંઘ-અમદાવાદનાં ચાતુર્માસમાં પૂજ્યશ્રીની પ્રેરણા થતા મારે 'ગુજરાતસમાચાર' અખબારમાં પર્યુષણામહાપર્વમાં આઠ દિવસની લેખમાળા આલેખવાનું બન્યું. જે પ્રતિવર્ષ નવી લેખમાળારૂપે આજે સત્તાવીસ વર્ષોથી અખંડ જારી છે. એ જ રીતે આ ભગવાનનગર સંઘના ચાતુર્માસપ્રવેશના પંદર દિવસમાં તે જ 'ગુજરાતસમાચાર'માં પ્રતિસપ્તાહે 'અમૃતની અંજલિ' વિભાગરૂપે લેખો લખવાનું આરંભાયું જે આજે સળંગ છવીસમા વર્ષે ય અખંડ જારી છે. મારી પુસ્તકલેખનની પ્રવૃત્તિ પણ તે પૂર્વે ત્રણ વર્ષથી નિયમિત શરુ થઇ. આ બન્ને બાબતો માત્ર ને માત્ર પૂજ્યશ્રીની

કૃપા-પ્રોત્સાહન-માર્ગદર્શનનું પરિણામ હતું. આ લેખનનાં અનુસંધાનમાં પૂજ્યશ્રીની ગજબનાક સ્મૃતિશક્તિનો ઓર એક મસ્ત અનુભવ આ ચાતુર્માસમાં મને થયો. ઘટના એ આમ હતીઃ

આ ચાતુર્માસમાં મારે પૂજ્યશ્રી પાસે તત્ત્વાર્થમહાસૂત્રની સિદ્ધસેનીયટીકાનું વાંચન ચાલતું હતું. એક દિવસ બપોરે પાઠ પૂર્ણ થયો ત્યાં Postનાં પત્રો આવ્યાં. એ પૈકીનો મારો એક પત્ર મેં વાંચ્યો. વાગડસમુદાયના મિત્રમુનિવરો પૂ. મુક્તિ-મુનિચન્દ્રવિજયજી મ. (હાલ આચાર્યો)નો એ પત્ર હતો. એમાં મારાં પુસ્તકોની પ્રશંસા સાથે એક મીઠી ટકોર હતી કે ''તમે લેખનવેળાએ અર્થસૌંદર્ય તરફ ઓછું ધ્યાન આપો છો અને શબ્દસૌંદર્ય (પ્રાસ) તરફ વધુ ધ્યાન આપો છો.'' મેં હસતા હસતા પૂજ્યશ્રીને એ પત્ર વંચાવ્યો તો તેઓએ એનાં અનુસંધાનમાં તુર્ત 'ઉત્તર- રામચરિત'નો શ્લોક ફરમાવ્યો કે :-

लौकिकानां हि साधूनां, अर्थं वागनुगच्छति ।
ऋषीनां पुनराद्यानां, वाचमर्थोऽनुधावति ।।

ભાવાર્થ કે સામાન્ય સાધુની વાણી અર્થની પાછળ પાછળ ચાલે છે એટલે કે એને અર્થાનુસાર વાણીપ્રયોગ કરવો પડે છે. જ્યારે અસામાન્ય પ્રાચીન ઋષિ-મુનિઓની વાણી એવી વિશિષ્ટ હોય છે એની પાછળ પાછળ અર્થને ખેંચાઇ આવવું પડે છે. ધ્યાનાકર્ષક બાબત એ હતી કે આ 'ઉત્તરરામચરિત' ગ્રન્થનું વાંચન પૂજ્યશ્રીએ વિ.સં. ૨૦૧૦માં કર્યું હતું. એ માત્ર વાંચન હતું, કંઠસ્થીકરણ ન હતું. છતાં એ પછી ઓગણચાલીશ વર્ષે પ્રસંગોપાત્ત શ્લોક અક્ષરશઃ અને અસ્ખલિત ઉપસ્થિત થઇ જાય એ સ્મૃતિશક્તિની ગજબની કમાલ જ કહેવાય ને ?

આ ચાતુર્માસ બાદ પૂજ્યશ્રીની પુણ્યનિશ્રામાં શાસન પ્રભાવનાઓની શ્રેણી રચાઇ ગઇ. એમાં સર્વ પ્રથમ શાસનકાર્ય ઉપસ્થિત થયું મહુધામાં શ્રી અજિતનાથપ્રભુજી આદિ જિનબિંબો-ગૌતમસ્વામી તથા પદ્માવતીદેવીની પ્રતિષ્ઠાનું. ગામના પરમ ઉપકારી અને પૂ. યુગદિવાકરશ્રીના સમુદાયના તત્કાલીન સર્વોચ્ચ વડીલ સા. શ્રી સુનંદાશ્રીજી તેમજ સા. શ્રી ચન્દ્રયશાશ્રીજીની પ્રેરણાથી સંઘે આ પ્રતિષ્ઠા પૂજ્યશ્રીની નિશ્રામાં કરાવવાનું આયોજન કર્યું હતું. મુહૂર્ત નિકટનું હોવાથી પૂજ્યશ્રીએ ચાતુર્માસપરિવર્તનદિન કાર્તિકી પૂર્ણિમાએ સાંજે જ વિહાર કર્યો અને દોઢ દિવસમાં ૪૬ કિ.મી. પસાર કરી દઇ કાર્તિક વદિ બીજે મહુધામાં ભવ્ય સ્વાગત સાથે નગરપ્રવેશ કર્યો. મહોત્સવ તો છેલ્લા છ દિવસોથી આરંભાઇ ગયો હતો. પરંતુ પૂજ્યશ્રીનાં પદાર્પણથી એની રોનકમાં જોરદાર વૃદ્ધિ થઇ. નાનકડા ગામને એક છેડાથી બીજા છેડા સુધી સજાવાયું હતું, તો તે સમયે અમેરિકા રહેતા ગામના વતની શ્રી જિનદાસભાઇ જેવા શ્રાવકો આ મહોત્સવ માટે ખાસ અમેરિકાથી આવ્યા હતા. મુંબઇ-અમદાવાદ-નડિયાદ વગેરે શહેરોમાંથી ભાવિકો માદરેવતનમાં ઊમટ્યા હતા. સ્વાગત-પ્રવચનસભાઓ-મહાપૂજનો-ભક્તિસન્ધ્યાઓ વગેરે દરેક કાર્યક્રમ ભાવોલ્લાસથી સંપન્ન થવા સાથે કાર્તિક વદિ ચોથે શુભ મુહૂર્તે મન્ત્રોચ્ચારોપૂર્વક શ્રી જિનબિંબો આદિની શાનદાર પ્રતિષ્ઠાવિધિ થઇ. પ્રતિષ્ઠા બાદ જિનાલયના ચોકમાં મંડપમાં પ્રવચન યોજાયું ત્યારે એક હૃદયસ્પર્શી ઘટના સર્જાઇ.

એ સભામાં દ્વારોદ્ઘાટનની ઉછામણી થવાની હતી. પૂજ્યશ્રીએ પ્રવચનમાં એની મજબૂત ભૂમિકા કરતા ફરમાવ્યું કે ''ધર્મપ્રવૃત્તિ કઇ છે એ બાબત જેટલી મહત્ત્વની છે એના કરતા એમાં તમારી પરિણતિ-ભાવોલ્લાસ કેવો તીવ્ર છે એ બાબત વધુ મહત્ત્વની છે. એવું પણ બને કે એક વ્યક્તિને પ્રતિષ્ઠામાં જેટલો ભાવોલ્લાસ પ્રગટ્યો હોય એના કરતાં અન્ય વ્યક્તિને દ્વારોદ્ઘાટનમાં જોરદાર ભાવોલ્લાસ પ્રગટે. આવી સ્થિતિમાં એ વ્યક્તિ માટે પ્રતિષ્ઠા કરતા ય દ્વારોદ્ઘાટન વધુ મહાન ધર્મકરણી પુરવાર થઇ જાય. આ દૃષ્ટિબિંદુ કેળવીને જો તમે ઉછામણી બોલશો તો તમને દ્વારોદ્ઘાટનવિધિ જરા ય સામાન્ય નહિ લાગે. અને... બીજી વાત એ કે તમારા સંઘમાં આવો પ્રતિષ્ઠાસંબંધી દ્વારોદ્ઘાટનપ્રસંગ પુનઃ આવવાની શક્યતા પાંખી છે. માટે તમારે તો આ જ પહેલો-છેલ્લો પ્રસંગ સમજી લહાવો લેવો જોઇએ.'' પૂજ્યશ્રીની પ્રેરણા પૂર્ણ થઇ અને ઉછામણી શરુ થઇ. નાનકડું ગામ અને દ્વારોદ્ઘાટન જેવી નાના સ્તરની ઉછામણીઃ લગભગ પચીશ વર્ષ પૂર્વેના એ માહોલમાં ઉછામણી દશ-બાર હજાર અંદાજથી આરંભાઇ. પરંતુ પૂજ્યશ્રીની પ્રેરણા-પ્રભાવની કમાલ એ થઇ કે ઉછામણી પંદર હજાર... પચીશ હજાર... પંચોતેર હજાર... લાખનો અંક ઓળંગીને ક્રમશઃ સવા લાખ... દોઢ લાખ... પોણા બે લાખ... અને અંતે બે લાખ ₹. સુધી પહોંચી ગઇ. સમગ્ર સભા વિસ્મયવિભોર બની ગઇ. પરંતુ ખરો Climax આદેશ અપાયા બાદ આવ્યો.

એક લાખ એક્યાશી હજારની રકમ જે ભાગ્યવાન બોલ્યા હતા તે બાબુભાઇ શામળદાસ શાહ મૂળ મહુધાના અને તે સમયે મુંબઇ-બોરીવલીમાં વસતા હતા. એ ગદ્ગદ્ હૈયે ઊભા થઇને બોલ્યાઃ ''પૂ. સાહેબજીએ જ્યારે પ્રવૃત્તિ અને પરિણતિની વાત કરી ત્યારે મારો ભાવોલ્લાસ જાગી જતાં મેં મનોમન વિચાર દૃઢ કર્યો હતો કે આ લાભ મારે જ લેવો. પરંતુ ઉછામણી મારી ધારણા કરતાં સાત-આઠગણી વધી જતા મારે અટકવું પડ્યું. જેમણે આ લાભ લીધો છે એમની મારાં અંતરમાં ભરપૂર અનુમોદના છે. પણ સાથે જ હું પરિગ્રહની પકડ છોડી ન શક્યો એનો મારાં હૈયે રંજ પણ ઘણો છે. માટે અત્યારે હું ગુરુદેવ પાસે બાધા-પ્રતિજ્ઞા માંગુ છું કે મને આજીવન એક પણ સોનાનું આભૂષણ અંગ પર ધારણ ન કરવાની પ્રતિજ્ઞા આપો. આજની ઘટનાને મારે આ રીતે સ્મૃતિમાં જીવંત

રાખવી છે.'' સભાની આંખોમાં અનુમોદનાનાં અશ્રુ ઊમટ્યા. બાબુભાઇને એ બાધા જાહેરમાં અપાઇ. એમણે ત્યાં જ સોનાની ચેન-વીંટી વગેરે ઉતારી દીધા.

આ જ સભામાં, સંઘમાં યાત્રિકભવનનું આયોજન પૂજ્યશ્રીની પ્રેરણાનુસાર કરવાનું જાહેર કરાયું. બીજે દિવસે હાથીની અંબાડીએ દ્વારોદ્‌ઘાટનનો વરઘોડો યોજાયો અને ભાવિકોએ મન મૂકીને એ દીપાવ્યો. મહુધાના આ મહોત્સવમાં એક અન્ય નાની પણ નોંધપાત્ર ઘટના બની શ્રી અનિલભાઇ ચંદુલાલ શાહની. સા. શ્રી ચન્દ્રયશાશ્રીજીના ભાણેજ એ યુવાન ભાગ્યવાન પૂજ્યશ્રીના પ્રથમ પરિચયમાં આવ્યા. એમણે 'કાંઇક' કરવાનો ઉત્સાહ દર્શાવતા પૂજ્યશ્રીએ મજાની પ્રેરણા કરી કેઃ- ''સમય સતત ગતિશીલ છે અને સંયોગ સદા ય પરિવર્તનશીલ છે. માટે એ બન્ને વચ્ચે ય કર્તવ્યશીલ રહેવાનું લક્ષ્ય રાખવું. તો જ શાસનસેવાનાં ક્ષેત્રે તમે 'કાંઇક' કરી શકશો.'' બાકી ભાવના શુભ હોય તો ય વ્યક્તિઓ ઘણી વાર વંચિત રહી જાય છે. અનિલભાઇનાં હૈયે આ સહજ-સરલ પ્રેરણા વસી ગઇ. એ પછી તેઓ પારિવારિક જવાબદારીઓ વચ્ચે ય શાસનસેવામાં જોડાઇ ગયા. તેઓ નડિયાદના જૈન સંઘ ઉપરાંત ત્રણ-ચાર વિહારધામોમાં અને અન્યાન્ય શાસનકાર્યોમાં સરસ સેવા આપી રહ્યા છે.

મહુધાથી વિહાર કરી પૂજ્યશ્રી અમદાવાદ-પાલડીના ધર્મવિહારસંઘમાં પધાર્યા. ત્યાં શ્રી શંખેશ્વરપાર્શ્વનાથજિનાલયમાં સા. શ્રી કુમુદપ્રભાશ્રીજી-કલ્પલતાશ્રીજીની પ્રેરણાથી પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીની મૂર્તિ-પગલાં તથા તપાગચ્છાધિષ્ઠાયક શ્રી મણિભદ્રવીરદેવની પ્રતિષ્ઠાનો પંચાહ્નિક મહોત્સવ યોજાયો. તે પછી પૂજ્યશ્રીની નિશ્રામાં બહિયલ નિવાસી સોમાભાઇ બાલાભાઇ શાહ પરિવારે અમદાવાદ-વિજયનગરથી પોતાની જન્મભૂમિ બહિયલતીર્થનો પદયાત્રાસંઘ યોજ્યો. પરિવારનું ઔદાર્ય અને પૂજ્યશ્રીની પ્રેરણાઓ-પ્રવચનોનાં કારણે યાત્રિકોનો ઉમંગ ખૂબ રહ્યો. માર્ગમાં વહેલાલગામે પદયાત્રાસંઘની એક દિવસીય સ્થિરતા હતી. ગુણાનુરાગી પૂજ્યશ્રીએ તે દિવસે એ વહેલાલના મૂળવતની શ્રી ચંદુલાલ શકરચંદ શાહની પ્રેરક ઘટનાનો પ્રવચનમાં ખાસ ઉલ્લેખ કર્યો કે ''આ ચંદુભાઇ વ્યવસાયી શ્રાવક હોવા છતાં ગુરુભગવંતોના તથા સદ્‌વાચનના યોગે પ્રભુ અને પ્રભુનાં શાસન પ્રત્યે ઊંડા અનુરાગી બની ગયા હતા. એક વાર એમણે પૂર્વાચાર્યરચિત 'અર્હન્નમસ્કારાવલિકા' નામે પ્રાકૃત ગદ્ય ગ્રન્થ વાંચ્યો. એમાં કરાયેલ અરિહંત પરમાત્માનું અદ્‌ભુત વર્ણન એમને એવું અનહદ પસંદ પડી ગયું કે હર્ષાવેગમાં તેઓ એ ગ્રન્થ મસ્તકે મૂકી નાચી ઉઠ્યા. એ ગ્રન્થ એમનાં મન-મગજમાં રમવા માંડ્યો. એ અરસામાં તેઓ ભોંયણીતીર્થે હતા. રાત્રિના નવ વાગ્યે મનમાં એ ગ્રન્થઆધારિત ભાવોને સ્તુતિમાં ઢાળવાની એમને ઊર્મિ પ્રગટી અને જિનાલયની બહાર બેઠા બેઠા રાત્રિના બે વાગ્યા સુધીમાં એમણે ઓગણપચાશ સ્તુતિની 'અરિહંતવંદનાવલિ'નું સર્જન કર્યું !! એ વિખ્યાત રચનાની પ્રત્યેક સ્તુતિની ચતુર્થ પંક્તિ 'એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું' જૈન સંઘમાં ખૂણે ખૂણે પ્રચલિત છે. આ પદ્યરચનામાં શ્રી અરિહંત પ્રભુનું સમગ્ર જીવન ખૂબ ભાવવાહીરૂપે પ્રસ્તુત કરાયું છે.'' એ સાંજની ભક્તિસંધ્યામાં પૂજ્યશ્રીની ભાવનાનુસાર 'અરિહંતવંદનાવલિ'નું જ સમૂહગાન કરાવાયું. બહિયલમાં તીર્થમાળની સાથે જ ઉપાશ્રયઉદ્‌ઘાટન પણ પૂજ્યશ્રીની નિશ્રામાં ભવ્યરૂપે થયું.

ત્યાંથી વિહાર કરી પૂજ્યશ્રી વડોદરા થઇને બોડેલી વિસ્તારના પાવી-જેતપુર નગરે પધાર્યા. આ ગામમાં પૂર્વે નાનકડી ધાતુપ્રતિમા સાથેનું ગૃહજિનાલય હતું. એનાં સ્થાને આરસના પ્રભુજીઓ યુક્ત ભવ્ય જિનાલયનાં નિર્માણની ભાવના સંઘને થતાં સંઘે પ્રો. શ્રી નટુભાઇ પી. શાહ દ્વારા પૂજ્યશ્રીનો સંપર્ક કર્યો. શ્રી નટુભાઇ આ સમાજના હતા અને પૂજ્યશ્રી દ્વારા સંસ્થાપિત ડભોઇતીર્થના નવપદ - High Schoolમાં અગ્રેસર સેવા આપતા પુણ્યાત્મા હતા. એક વર્ષ પૂર્વે તેઓએ પાવી-જેતપુર સંઘને લઇ પૂજ્યશ્રીને જિનાલય અંગે વિનંતિ કરતા પૂજ્યશ્રીએ તેનો સ્વીકાર કર્યો હતો. તે પછી ત્વરિત જિનાલયકાર્ય-દહેગામની અંજનશલાકામાં પ્રતિમાજીઓની અંજનવિધિ આદિ થયા બાદ હવે તેના પ્રતિષ્ઠામહોત્સવ માટે પૂજ્યશ્રીની પધરામણી પાવી-જેતપુરનગરે થઇ રહી હતી. પોષ વદિ-૧૨ થી મહા શુદિ-૫ સુધી નવદિવસીય શાનદાર પ્રતિષ્ઠામહોત્સવ વિશાલ સાધુ-સાધ્વીવૃંદની નિશ્રામાં યોજાયો. નાનો સંઘ અને નાનું ગામ હોવા છતાં આ પ્રતિષ્ઠામહોત્સવનો રંગ ગામના જૈન-જૈનેતર સહુ કોઇને અજબપણે લાગી ગયો હતો. નવે ય દિવસ સ્થાનીય પત્રકારો દ્વારા ગુજરાત સમાચાર-સંદેશ જેવા અખબારોમાં પ્રતિષ્ઠામહોત્સવના અને પૂજ્યશ્રીના પ્રવચનાંશોના વિસ્તૃત સમાચારો પ્રગટ થતા હતા, તો નવે ય દિવસ સંઘસાધર્મિકવાત્સલ્યો સાથે મહાપૂજનાદિ અનુષ્ઠાનો યોજાયા. ગામના ઇતિહાસમાં પ્રથમ વાર જ આવા ઉમંગનો માહોલ જામ્યો હતો. આ પ્રતિષ્ઠામહોત્સવની ચારેક ઘટનાઓ નોંધપાત્ર હતી :

(૧) પૂજ્યશ્રીની નગરપ્રવેશસ્વાગતયાત્રા આગળ વધી ત્યારે ત્યાંની ગ્રામપંચાયતના મુસ્લિમ સભ્ય ફારુક માલાએ પોતાનાં ઘર પાસે પૂજ્યશ્રીનાં વધામણાં-નમસ્કાર કરી સ્વાગત કરતા કોમી એખલાસનો મસ્ત માહોલ બન્યો. પૂજ્યશ્રીએ પ્રસંગોચિત માર્મિક વાક્ય કહ્યું કે ''વાદળાં જેમ નગર કે જંગલનો ભેદ રાખ્યા વિના જલ વરસાવે છે, તેમ સંતો પણ નાત-જાતનો ભેદ રાખ્યા વિના કરુણા વરસાવે છે. જેની યોગ્યતા વધુ, એની પ્રાપ્તિ વધુ''. ફારુકભાઇ ખુશ થઇ ગયા પૂજ્યશ્રીના શબ્દોથી.

(૨) ગામમાં ઉત્સાહનું વાતાવરણ જબરજસ્ત હોવાથી પ્રતિષ્ઠાની રથયાત્રા-વરઘોડા માટે ખાસ અમદાવાદથી હાથી બોલાવાયો હતો. એની ઉછામણી પણ સૌથી મોટી થઇ હતી. પરંતુ પૂર્વદિને અર્ધે સુધી આવી ગયેલ હાથીને નાનો શો અકસ્માત્ નડતા મહાવત એને પરત અમદાવાદ લઇ ગયો. Mobilephoneનો યુગ હજુ શરુ થયો ન હતો. એથી સંઘને આના કાંઇ સમાચાર ન મળ્યા. વરઘોડાની સવારે હાથી ન પહોંચતા દોડધામ શરુ થઇ ગઇ. દશ વાગ્યે પાકા સમાચાર મળ્યા કે હાથી પરત ગયો છે. સંઘમાં ચિંતા થઇ ગઇ કે 'મોટી બોલી બોલનાર પરિવાર નિરાશ થઇ જશે... હાથી જ નથી આવવાનો તો મોટી બોલીની રકમ ભરવાનો અર્થ શું' ઇત્યાદિ વિચારશે.' પૂજ્યશ્રીએ ત્વરિત પગલું લઇ ઉત્સાહનું વાતાવરણ ન ડહોળાય કે આદેશ અંગે મનઘડંત વાતો ન ફેલાય માટે સંઘના અગ્રણીઓ તથા દાતાપરિવારને રૂબરૂ બોલાવ્યા. સૌને એ મુદ્દો સરસ સમજાવ્યો કે 'અણધારી પરિસ્થિતિ આપણા હાથની વાત નથી, પણ ઉત્સાહભંગ ન થવા દેવાની મનઃસ્થિતિ આપણા હાથની જ વાત છે.' એ જ ઉત્સાહ-જુસ્સો જાળવી રાખવાની પ્રેરણા કર્યા બાદ પૂજ્યશ્રીએ વ્યવહારુ ઉકેલ આપ્યો કે ''સંઘ તત્કાલ અન્ય વૈકલ્પિક વ્યવસ્થા કરે ને દાતાપરિવાર એમાં બેસે. અથવા દાતાપરિવારનું મન ઉત્સાહિત ન થતું હોય તો આ આદેશ રદ થાય. આમ પણ હાથી આવ્યો નથી. એથી ફરજિયાત બંધનકર્તા બાબત કોઇ નથી. ફક્ત ભાવનાત્મક રીતે આ બાબત વિચારીને દાતાપરિવાર ઇચ્છે તો આ આદેશ ચાલુ રાખી શકાય.'' પૂજ્યશ્રીની પ્રેરણા એવી અનાગ્રહી હતી કે દાતાપરિવારે હૃદયની વિશાલતા સાથે સમજદારીની પરાકાષ્ઠાભર્યો નિર્ણય ત્યાં જ જાહેર કર્યો કે ''હવે મારે એક પણ વાહનની જરૂર નથી. હું પૂરો વરઘોડો ગુરુભગવંતની સાથે જ ચાલીશ. આમ છતાં બોલીની રકમ પૂરેપૂરી ભરી દઇશ. ખરેખર તો હાથીની અંબાડી કરતાં ય ગુરુમહારાજનાં ચરાણો મહાન છે. એ જ મારું કલ્યાણ કરશે !!'' સહુ હર્ષવિભોર થઇ ગયા. આ સમગ્ર અનુમોદનીય ઘટનાક્રમમાં એ ભાગ્યવાનની હાર્દિક વિશાલતા તો ધ્યાનાકર્ષક છે જ. એથી ય વિશેષ એ વિશાલતાને ઉજાગર કરનાર પૂજ્યશ્રીની પ્રેરણા-સમજાવટશક્તિ ધ્યાનાકર્ષક છે.

(૩) ભારે હર્ષોલ્લાસ સાથે પ્રતિષ્ઠા-રથયાત્રાનો વરઘોડો શરૂ થયો. ગામના મધ્યચોકમાં એ વરઘોડો આવ્યો ત્યારે ત્યાંના વિધાનસભ્ય અને વનમન્ત્રી મોહનસિંહ રાઠવા વગેરે રાજકીય અગ્રણીઓ રથયાત્રા અને પૂજ્યશ્રીનાં દર્શનાર્થે આવ્યા. સંઘે એમને હાર પહેરાવી બે શબ્દ બોલવાનું કહ્યું તો મન્ત્રીએ પ્રતિષ્ઠાને બિરદાવવા ઉપરાંત વધારામાં સોય અને કાતરનું નાનું ઉદાહરણ કહ્યું. તુર્ત જ તક ઝડપીને પૂજ્યશ્રીએ એકદમ હળવાશભરી શૈલીમાં રાજકારણીઓને સમજાવવા જેવું સત્ય પરખાવી દીધું કે ''સંતો સોયની ભૂમિકા ભજવીને સમાજને જોડે છે, જ્યારે રાજકારણી વ્યક્તિઓ મત ખાતર કાતરનું કાર્ય કરી ઘણી વાર સમાજને તોડતા હોય છે.'' ઉપસ્થિત વિશાલ મેદનીમાં, આ સ્પષ્ટ સત્ય સાંભળીને રમૂજ ફેલાઇ ગઇ-હસાહસ થઇ ગઇ. જો કે એ સત્ય સ્પષ્ટ છતાં એવી સ્વાદિષ્ટ શૈલીથી-હળવાશથી જણાવાયું હતું કે મન્ત્રીએ પણ એ વાત હસીને સ્વીકારી લીધી. (૪) મહા શુદિ ચોથના મંગલદિને શ્રી ધર્મનાથ-શાંતિનાથ-પાર્શ્વનાથપ્રભુ અને શ્રી મણિભદ્રવીર-પદ્માવતીદેવી આદિની પ્રતિષ્ઠા-શાંતિસ્નાત્રવિધાન થયું ત્યારે એકાએક દીપકની જ્યોત કેસરવર્ણી બની ગઇ. જ્યોતની ઉપર મેંશના બદલે પીળાશ જામવા માંડી. ગામમાં આ સમાચાર પ્રસરતા લોકો ચમત્કાર જોવા ટોળે ઊમટ્યા. પૂજ્યશ્રીએ ત્યારે એ ઘટનાને ચમત્કારનો નહિ, પ્રભુકૃપાનો વળાંક આપી નિત્ય પ્રભુપૂજાદિ સંકલ્પો કરવાની પ્રેરણા કરી.

ત્યાંથી વડોદરા તરફ જતાં પૂજ્યશ્રી ડભોઇતીર્થે પધાર્યા. સંઘ તરફથી ભવ્ય સ્વાગત-પ્રવચન-સંઘપૂજનો આદિ થયા. એ અરસામાં ડભોઇનો વિશાલ આલીશાન ઉપાશ્રય જર્જરિત થઇ ગયો હોવાથી એના પાયામાંથી સંપૂર્ણ પુનરુદ્ધારની આવશ્યકતા હતી. આ મુદ્દે સંઘ સમક્ષ આર્થિકથી લઇને અન્ય ઘણા વિકટ પ્રશ્નો હતા. એથી આગળ વધવું આસાન ન હતું. પૂજ્યશ્રીએ જન્મભૂમિ પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરતા જાહેરમાં પ્રવચન દરમિયાન કહ્યું કે ''જો સંઘની તૈયારી હોય તો અમે આ સંપૂર્ણ ઉપાશ્રયની આર્થિક પ્રેરણાની જવાબદારી સ્વીકારવા તત્પર છીએ.'' સંઘપ્રમુખ મફતભાઇ કંસારાએ પૂજ્યશ્રીની જન્મભૂમિ પ્રત્યેની લાગણીની અનુમોદના કરી આ અંગે યોગ્ય સ્તરે આગળ વધવાની ભાવના જાહેર કરી... ત્યાંથી પૂજ્યશ્રી વડોદરા-બાબાજીપરા સંઘમાં પધારતા ત્યાં પાંચસોથી અધિક વર્ષ પ્રાચીન શ્રી ગોડીજી પાર્શ્વનાથજિનાલયનો ધ્વજદંડપ્રતિષ્ઠામહોત્સવ તથા તેની સાથોસાથ સંવર્ધિત ઉપાશ્રયનો ઉદ્ઘાટનસમારોહ ભવ્ય સ્વરૂપે નવ દિવસના કાર્યક્રમો સાથે ઉજવાયો. ત્યાંનાં શ્રાવકઉપાશ્રયનો જીર્ણોદ્ધાર ૧૯ વર્ષ પૂર્વે પૂ. યુગદિવાકર ગુરુદેવની પ્રેરણાથી થયો હતો. પરંતુ તે ઉપાશ્રય ખૂબ નાનો હતો. તેમાં સંઘના ત્રણ મકાનો જોડીને તેને દ્વિગુણથી પણ વધુ વિશાલ કરવાનો નિર્ણય સંઘે કરી પૂજ્યશ્રીને તેનાં આર્થિક યોગદાન માટે વિનંતિ કરતા પૂજ્યશ્રીએ તે સ્વીકારી હતી. વિવિધ ગુરુભક્તોના સહયોગથી એ કાર્ય પરિપૂર્ણ થતાં સંઘનો હર્ષોલ્લાસ નિઃસીમ બની ગયો. જો કે, સંઘને ત્યારે ખ્યાલ ન હતો કે આ જ પૂજ્યશ્રી આગળ જતાં શ્રાવિકાઉપાશ્રયપ્રણેતા અને તીર્થસ્વરૂપ જિનાલયના આમૂલચૂલ ઉદ્ધારક બનવાના હતા.

બાબાજીપરા જૈન સંઘના આ મહોત્સવ બાદ પૂજ્યશ્રી આમોદનગરે પધાર્યા. ત્યાં સંઘના મુખ્ય શ્રી અજિતનાથ જિનાલયે પ્રાચીન શ્રી મણિભદ્રવીરદેવ તથા પદ્માવતીદેવીની પ્રતિષ્ઠાનો મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં યોજાયો હતો. ગામમાં ત્રણ





વાલકેશ્વરમાં વહાલેશ્વરની ભવ્યાતિભવ્ય અંજન-પ્રતિષ્ઠા





વાલકેશ્વરમાં વહાલેશ્વરની ભવ્યાતિભવ્ય અંજન-પ્રતિષ્ઠા













પૂજ્યશ્રીના પ્રૌઢ પુણ્યપ્રભાવના પ્રબળ પુરાવા સમા વાલકેશ્વર–લીજેન્ડપેલેસના શિખરબદ્ધ શ્રી આદિનાથ જિનાલયના આ શાનદાર અંજનશલાકા–પ્રતિષ્ઠામહોત્સવની ત્રણ મહત્ત્વની વિશેષતા એ હતી કે (૧) આ અંજન–પ્રતિષ્ઠા અંગે કોઇ વિચાર સુદ્ધા પૂજ્યશ્રીને ન હતો. ટ્રસ્ટીગણ સ્વયંસ્ફૂર્ત ભાવનાથી પૂજ્યશ્રી પાસે આવ્યો હતો. (૨) વાલકેશ્વર જેવો વિસ્તાર અને ચિક્કાર ગરમી છતાં નિત્ય વિરાટ મેદની ઉભરાતી હતી અને (૩) પ્રભુપ્રતિષ્ઠાના પ્રભાવે જિનાલયનિર્માતા પરિવારના કેટલાય વિઘ્નો સત્વર દૂર થઇ ગયા હતા. પેજ–૨૨૮ની સૌથી ઉપરની તસવીરમાં પૂજ્યશ્રી વાસક્ષેપ કરે છે જિનાલય નિર્માતા શ્રી ભરતભાઇ શાંતિલાલ શાહને. બાજુમાં છે શ્રી વિપુલભાઇ શાહ (એશિયન સ્ટાર).



વાલકેશ્વરમાં વહાલેશ્વરની ભવ્યાતિભવ્ય અંજન–પ્રતિષ્ઠા









જિનાલયો હતા અને ત્રણે ય નો વહીવટ અલગ અલગ હતો. એથી થોડા વિચારભેદો પણ હતા. પરંતુ પૂજ્યશ્રીની પુણ્યવંતી નિશ્રા અને ગામમાં એકતાલીશ વર્ષો બાદ પ્રતિષ્ઠાનો અવસર ઉપસ્થિત થયો હોવાથી ખૂબ ઉલ્લાસ અને ધારણા બહારની ઉછામણીઓ આદિથી મહોત્સવ સવાયો ઉજવાયો. સંઘના તત્કાલીન પ્રમુખ કાંતિભાઇ કાપડિયાએ પ્રતિષ્ઠા બાદની ભરચક સભામાં હૃદયોદ્‌ગાર વ્યક્ત કર્યા કે ''મારા આટલા વર્ષોનાં જીવનકાળમાં મેં આમોદમાં આવો ભવ્ય મહોત્સવ ક્યારેય જોયો નથી,'' તો સંઘના યુવાન ભાઇ-બેનોએ આ જ વર્ષમાં પૂજ્યશ્રીની અનુકૂળતા મુજબના દિવસોમાં આમોદથી વણછરાતીર્થનો છ'રી'પાલક પદયાત્રાસંઘ યોજવાની જય બોલાવી. અહીં પ્રતિષ્ઠાસમયે જિનાલયમાં અમીઝરણાં થતા પૂજ્યશ્રીએ પાવી-જેતપુરની જેમ જ ચમત્કારનું નહિ, પ્રભુકૃપાનું વલણ રાખવા ભાવિકોને પ્રેરિત કર્યા હતા. તો સંઘમાં એકતા જાળવવા જાહેરમાં પ્રવચનસભામાં હૈયાંને સ્પર્શી જાય તેવી વાતો કરી હતી કે ''સળી જ્યારે સાવરણીમાંથી વિખૂટી પડી જાય છે ત્યારે ખુદ પોતે કચરારૂપ ગણાઇને ફેંકાઇ જાય છે. એ જ સળી જો સંપ રાખીને સાવરણી સાથે સંલગ્ન રહે તો પૂરા મકાનનો કચરો રોજ સાફ કરી શકે છે અને ઘરમાં સલામત સ્થાન પામી શકે છે. આપણે ફેંકાઇ નથી જવાનું, બલ્કે સંઘને સહાયક થઇ સલામત સ્થાન પામવાનું છે.''

આમોદની પ્રતિષ્ઠા બાદ પાનોલી-ધર્મવિહારધામનાં કેટલાંક શેષ કાર્ય કરાવી પૂજ્યશ્રી વડોદરા મામાની પોળ સંઘમાં પધાર્યા. અહીં પૂજ્યશ્રીની નિશ્રામાં સામૂહિક ચૈત્રી ઓળી-પ્રભુ મહાવીરદેવના જન્મકલ્યાણકની મહાપૂજાદિ સહિત ભવ્ય ઉજવણી-સમસ્ત વડોદરાના સંઘોની રથયાત્રાનું મામાની પોળે આગમન-વિ.સં. ૨૦૪૭ના પૂજ્યશ્રીનાં ચાતુર્માસમાં નિર્ણીત થયેલ મૂળનાયકપરિકર આદિનાથપ્રભુ સુધર્માસ્વામી તથા ત્રણ અધિષ્ઠાયક કુલિકામાં પદ્માવતીદેવી ચક્રેશ્વરીદેવી અંબિકાદેવી પ્રતિષ્ઠા-મુમુક્ષુ કુ. વિમળાની દીક્ષા આદિ શાસનકાર્યો ભવ્ય મહોત્સવપૂર્વક ઉજવાયા. આ પ્રસંગે વડોદરાસ્થિત સમસ્ત યુગદિવાકરસમુદાયને આમન્ત્રિત કરાયો હતો. ચૈત્ર શુદિ તેરશથી ચૈત્ર વદિ આઠમ સુધીના એકાદશાહ્નિક મહોત્સવમાં ચૈત્ર વદિ સાતમે સવારે મુમુક્ષુનો દીક્ષાવિધિ યોજાયો. દીક્ષાપ્રદાનના અંતે તેમને સા. શ્રી વિરાગરસાશ્રીજીરૂપે ઘોષિત કરાયા. તે પછી પ્રતિષ્ઠાવિધાન સમસ્ત સંઘના ઊછળતા ઉમંગે થયું.

પ્રતિષ્ઠામહોત્સવના આ દિવસોમાં, વીશ વીશ શ્રી તીર્થંકરભગવંતોની પવિત્ર નિર્વાણભૂમિ શ્રી સમેતશિખરજીમહાતીર્થના વહીવટ અંગે શ્વેતાંબર-દિગંબરવિવાદ સર્વત્ર વ્યાપ્યો હતો. વડોદરામાં પણ તેના પ્રત્યાઘાત સર્જાતા સમસ્ત વડોદરાના સંઘોની સામૂહિક વિરાટ રેલી યોજાઇ હતી. પૂજ્યશ્રીએ આ પ્રશ્નના મૂળ સમાન બિહારસરકારના સૂચિત અન્યાયી વટહુકમ અને સમેતશિખરજીતીર્થના પૂર્વઇતિહાસ અંગે એક અભ્યાસપૂર્ણ અખબારી નિવેદન કરતા વડોદરાના જૈનોને અખબારી માધ્યમે નક્કર સત્ય હકીકતોની વિશદ માહિતી મળી. નિવેદનના પ્રારંભે જ પૂજ્યશ્રીએ એ બાબત પર ભાર આપ્યો કે ''૭ જુલાઇ-૧૯૯૩ના આ જ બિહાર-સરકારે Court-Affidavit કરીને જણાવ્યું છે કે શ્વેતાંબરોની આ તીર્થ પરની માલિકી-વહીવટ યા કબજાને પડકારવાનો પોતે ઇરાદો ધરાવતી નથી અને વટહુકમ એવો લાવી રહી છે કે જે આનાથી વિપરીત હોય.'' તે પછી શ્વેતાંબરોને આ તીર્થની માલિકી આપતા અકબર બાદશાહનાં ફરમાન - તીર્થ પરનાં મંદિરો ટૂંકો ધર્મશાળાદિ સ્થાનો શ્વેતાંબરોની માલિકીના હોવાનો ગિરિડીહકોર્ટનો ચુકાદો-તીર્થની ૨૧ દેરી પરનાં પગલાની પ્રતિષ્ઠા શ્વેતાંબરાચાર્ય ધર્મસૂરીશ્વરજી મ.ના હસ્તે થયાનો ઇતિહાસ-કોર્ટે એ પગલા શ્વેતાંબરના હોવાનો આપેલ ચુકાદો વગેરે બાબતો પૂજ્યશ્રીએ પ્રસ્તુત કરીને જૈન સંઘોને મૂલ્યવાન માર્ગદર્શન આપ્યું હતું. અનેક વિચારશીલ અગ્રણીઓ-શ્રાવકો એનાથી પ્રભાવિત થયા હતા...

ત્યાંથી પૂજ્યશ્રી આમોદનગરે વણછરાતીર્થના પદયાત્રાસંઘ માટે પધાર્યા. એ સંઘ સંપન્ન થયા બાદ ચાતુર્માસ માટે પૂજ્યશ્રીએ મુંબઇ તરફ વિહાર આદર્યો. ગુજરાત-રાજસ્થાનના લગભગ ત્રણ વર્ષ ઉપરાંતના વિચરણ દરમિયાન અનેકાનેક પ્રાચીન-અર્વાચીન તીર્થોની યાત્રા ઉપરાંત જે આ શાસનપ્રભાવનાઓ પૂજ્યશ્રીની પ્રેરણા-નિશ્રાથી સર્જાઇ એ નિહાળતા યાદ આવી જાય પેલી પંક્તિ કે :-

પુણ્યશાલી કે કદમ કદમ પર, હરદમ હોતી દીવાલી...

• • •